છાપનાર મઢુભાઈ ભાઈદાસ

છાપવાનું ઠેકાણું ધી સુરત "જૈન" પ્રીન્ટીંગ પ્રેસ, ખપાટીઆ
ચકલા—સુરત.

પ્રસિદ્ધ કરનાર ઇંદિરાગૌરી (વ્હાલીબ્હેન)
રા. બા. સુકુંદરાય મણિરાયની પુત્રી
અને
રા. સા. રતિરામ મોતીરામ ઇન્સ્પેક્ટરની સ્ત્રી.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું ગોપીપુરા—સુરત.

રીતિદર્પણ.

સુરતના વડનગરા નાગરની ન્યાતમાં જનોઈ, લગ્ન, સીમંત
વગેરે પ્રસંગોમાં ચાલતી રીત,
એવે પ્રસંગે ગવાતાં ગીત, કેટલાક ગરબા
તથા

પાકવિધિ.

તૈયાર કરી પ્રસિદ્ધ કરનાર
ઇંદિરાગૌરી (વ્હાલીબ્હેન)
રા. બા. મુકુંદરાય મણિરાયની પુત્રી
અને
રા. સા. રતિરામ મોતીરામ ઇન્સ્પેક્ટરની સ્ત્રી.
સુરત.

આવૃત્તિ ૨ જી.
સંવત્ ૧૯૭૦

કીંમત રૂ. ૧-૦-૦

સુરત ખપાટીઆ ચકલાપર આવેલા ખુ. અ. ના

ધી સુરત જૈન પ્રીન્ટીગ પ્રેસમાં મદુભાઈ ભાઇદાસે છાપી

અર્પણપત્રિકા.

મારા સદ્‌ગત પરમ પુજ્ય પિતાશ્રી રા૦ બા૦

મુકુંદરાય મણિરાય.

જેઓ સર્વ કુટુંબજન પ્રતિ અનુપમ વાત્સલ્ય
ધરાવવા ઉપરાંત જ્ઞાતિ તથા શહેરની
ઉન્નતિ માટે સદા ઉત્સુક હતા
તેમને આ ગ્રંથ
અર્પણ કરૂં છું.

પ્રસ્તાવના.

દહાડે દહાડે લોકોના આચાર તથા વિચારમાં ફેરફાર થતો જોવામાં આવે છે, અને જુના જમાનાની રૂઢિ વિષે ઉછરતી પ્રજાનું અજ્ઞાન વધતુ જાય છે. ઘણે પ્રસંગે તો પરિપક્વ ઉમરે નહિ પહોચેલી સ્ત્રી ઉપર ગૃહકાર્યનો ભારે બોજો આવી પડે છે અને પોતાની સંતતિના લગ્ન વગેરે ટાણે તેને પોતાનું ગૃહિણીપણું સાચવતાં ઘણી મુઝવણ પડે એ સ્વાભાવિક છે જેમને અનુકૂળતા હોય તેઓ એવે પ્રસંગે વૃદ્ધ, અનુભવી સ્ત્રી અથવા પુરૂષની વારંવાર સલાહ લઇ કામ કરે છે. પરંતુ એવી સલાહ સહુને સુલભ નથી તેમજ એમ કરવાથી કાલાંતરે ભ્રાંતિ તથા મતભેદ થવાનો સંભવ રહે છે. આ કારણથી જુદી જુદી ન્યાતના આચાર, રૂઢિ અથવા રીતભાતનો સંગ્રહ તે તે ન્યાતના લોકોને ઘણોજ ઉપયોગી થઇ પડયા વિના રહે નહી એમ માની મારી અલ્પમતિ પ્રમાણે મેં આ 'રીતિદર્પણ' નામનું પુસ્તક તૈયાર કર્યું છે, જેમાં સુરતનિવાસી વડનગરા નાગર ગૃહસ્થની ન્યાતની રીતભાતનો સમાવેશ કરેલો છે. જનોઇ, લગ્ન, સીમંત વગેરે પ્રસંગે થતી રીતભાત તથા ગવાતાં ગીતના સંગ્રહ ઉપરાંત એમાં ગરબાઓનો સારો જથો આપેલો છે. અને તરૂણ સ્ત્રીને વિશેષ કરી ઉપયોગી પાકવિધિનું પણ છેવટનું પ્રકરણ રાખવામાં આવ્યું છે. માટે આશા છે કે ખાસ જે ન્યાત માટે આ પુસ્તક રચ્યું છે તે ઉપરાંત બીજી જ્ઞાતિઓના લોકોને પણ એ રૂચિપાત્ર થશે અને એમાંથી તેમને કંઈ કંઈ પણ ગ્રહણ કરવા યોગ્ય લાગશે. પુસ્તકમાં જે કાંઇ ખામી હોય તેને સુજ્ઞ વાંચનાર દરગુજર કરશે એવી આશા છે.

ગ્રંથકર્ત્રી.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

સંવત ૧૯૫૫ માં છપાયલી આ પુસ્તકની પહેલી આવૃત્તિની તમામ નકલ ખપી જવાથી તેની બીજી આવૃત્તિ આજે કાઢવાનો યોગ આવ્યો છે. આ આવૃત્તિમાં રીતભાતમાં કેટલાક જરૂરી સુધારા કર્યા છે અને પાકવિધિના પ્રકરણમાં કેટલોક ઉમેરો પણ કરવામાં આવ્યો છે. પાકવિધિની બાબતમાં મને મૂળથીજ ગં વિમળાગૌરીના પરીપકવ અનુભવનો લાભ મળ્યો હતો. અમારા નિકટ સંબંધને લીધે એઓ એમની હયાતી દરમ્યાન મને ઉપકારનું નિવેદન કરવા દે એ અસંભવિત હતું. હવે દુર્ભાગ્યે એઓ વિદેહ થતાં મારા અંત:કરણની તીવ્ર લાગણી આ પ્રસગે જાહેર કરૂં છું.

સુરત.
આષાઢ સુદી પડવો ૧૯૭૦
તા ૨૪ જુન ૧૯૧૪.

ગ્રંથકર્ત્રી.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

પ્રકરણ ૩ જું.

લગ્નમાં વર તરફથી કરવાની રીત.

લગ્નમાં કન્યા તરફથી કરવાની રીત.

પ્રકરણ ૪.

પ્રકરણ ૫.

પ્રકરણ ૬.

પ્રકરણ ૭.

પ્રકરણ ૮.

પ્રકરણ ૯.

પ્રકરણ ૧૦.

પ્રકરણ ૧૧.

શુદ્ધીપત્ર.

પાનું.	લીંટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪	૧	મોગવેણુ	મોગવેસણુ
૯	૨	પદર.	પંદર.
૧૬	૨૨	મોકલર્વા	મોકલવો.
૨૫	૧૪	એક	બે
૨૮	૬	આવ્યા.	આપ્યાં.
૩૪	૧૮	વળાવવા રીત.	વળાવવાની રીત.
૩૬	૧૨	સુંસર.	સુતર.
૪૨	૧૮	છોકરીની	છોકરીને
૬૪	૨	તેળવા છે.	તોળવા છે.
૬૭	૧૬	બ્હેન	બ્હેનડ.
૭૨	છેલ્લી લીટી	ઇશ્વર.	ઇશ્વર
૮૯	૧૪	વાસુદેવનો.	વસુદેવનો.
૯૧	૧૫	ચચવા	યાચવા.
૫૩	૧૦	કમાન	કમાડ.
૧૨૭	૬	મોર.	મોડ.
૧૪૪	૯	તેવી.	તેની.
૧૪૯	૧૪	કહે	કહે.

૧૫૪	૧૧	કયા વેડે ફુલ.	કયા ભાઇવેડે ફુલ.
૧૬૨	૩	વધારીઆં.	વધારીઆં.
૧૬૨	૧૩	નયને શું.	નયનાસું.
૧૬૯	૧	જાબનીયાનું.	જોબનીઆનું.
૧૭૨	૧૨	દેખાઇ તારે.	દેખઇતારે.
૧૯૪	૧૨	ભેળીરે.	ભોળીરે.
૨૦૨	૧	ફલ.	ફાલ.
૨૦૩	૧	અ દાલીઓ.	ચાંદલીઓ.
૨૦૬	૩	જાય મંગળ કરી.	ચાર મગળ ફરી.
૨૦૭	૬	મોહેરે.	મોહે.
૨૦૯	૪	વેદે વાણ્યાં	વેદ વાચ્યા.
૨૧૬	૮	મારગે.	મારગ.
૨૨૧	૨	મ્હોઇને	મ્હોઇને.
૨૨૧	છેલ્લી લીટી	રાખવું.	નાખવું.
૨૨૬	૧૬	શીખડ.	શીખ ડ.
૨૨૯	૧૧	સુરબ્બાની.	મુરબ્બાની.
૨૩૫	૧૩	મીઠું.	માઠું.
૨૩૯	૯	મણ.	પણ,

॥ શ્રી ગણેશાય નમઃ ॥

રીતિ દર્પણ.

અનુષ્ટપ્.

શારદામાત આરાધું, યાચના કરૂ સાધ્વની ॥
વિશ્વવિષે રહી વ્યાપી, વાણી દે વરદાયની ॥

ગીતિ.

દર્પણ કરમાં જોતાં, મુખાકૃતિ જેમ ભાસે છે સ્પષ્ટ,
આ રીતિદર્પણ જોતાં, રીતિ સહુ જાણો વ્હેન વિના કષ્ટ.
ભુલ ચુક જો કાંઈ ભાસે, તો સ્વમતિથી સંભાળી લેજો,
વિચારીને નિજ સ્થિતિ, ઘટીત રીતિએ લગ્ન સમે વહેજો.

પ્રકરણ ૧ લું.

છોકરાનું ચુડકર્ણ હોય તો આગળ જનોઇની પીઠીની રીત લખી છે તે પ્રમાણે મોસાળથી પીઠી લઇ જવી ને તે દહાડે જનોઈની પેઠે મોગવેસણ ઝાડકવાં અને મોસાળના ચાંલ્લા, જનોઈ વખતે મોસાળના ચાંલ્લાની રીત લખી છે તેથી અર્ધા, કરવા.

છોકરાને છાનું મુંડણ કરવાની રીત હોય તો છોકરાને મોસાળથી લુગડાં અથવા રોકડા રૂ. ૧૦)થી ૪) સુધી શક્તિ પ્રમાણે આપવા.

છોકરાનો વિવાહ મળે ત્યારે છોકરા તરફથી કરવાની રીત.

છોકરી તરફથી વિવાહ મળ્યાની હા લઇને આવે તેને રૂ ૧૧) થી રૂ. ૪) સુધી આપવા.

સારો દહાડો જોઇને વિવાહની ધુમ ઉરાડવી તે વખત ગીત ગવડાવવાં તેડયાની રીતનાં લૂગડાં ઘરેણાં કરવાં અને ખાવાનું તથા પતાસાંનો પડો શેર ૧૧ નો આપવો. તથા મોસાળ સાસરાથી રૂ ૨) આપવા છોકરાના વડીલે વહુને તેડવા જવું.

દરવર્ષે હોળી બળેવે શક્તિ પ્રમાણે વહુને લૂગડા કરવાં તથા ખાવાનું મોકલવુ. દીવાળીએ ખાવાનુ તથા આતશબાજી મોકલવી. સક્રાંતે એકલું ખાવાનું મોકલવુ. વાડી ભરાવે તો ખાવાનુ મોકલવું. બળેવે બરફીની માટલી તથા રાખડી મોકલવાં.

નીચે લખેલે દિવસે હારપાન મોકલવા.—

અલુણાં, દિવાસો, કાજળી, ધરભસુ, તથા અમકારીઆં સાતેમ એ દીવસોએ હારપાનમાં ફુલનો હાર, પાન, સોપારી, તજ, લવિંગ, એળચી, જાયફળ, જાવંત્રી અને કેવડીયો કાથો મોકલવા તથા વહુ અલુણાં કરતી હોય તો ફરાળ પણ મોકલવો.

છોકરી તરફથી કરવાની રીત.

છોકરીના ભાંડુને હા કહેવા મોકલવું અથવા બે તરફનું સગું હોય તે જાય.

સાસુસસરા છોકરીને તેડવા આવે તેને દરેકને રૂ ૪) અથવા રૂ, ૨) આપવા. બીજાં જોડે આવે તેને દરજ્જા પ્રમાણે આપવું.

સારો દિવસ જોઈ જમાઇને ઘેર તેડી રીતનાં લૂગડાં કરવાં

અથવા રોકડા રૂપીઆ આપે તો રૂ ૯) થી રૂ. ૧૫) સુધી શક્તિ પ્રમાણે આપવાં. ખાવાનું તથા પતાસાનો પડો શેર ૧નો આપવો. મોસાળ સાસરેથી રૂ. ૨ આપવા.

હોળી, બળેવે લુગડાં તથા ખાવાનું.

દીવાળીએ ખાવાનું તથા આતશબાજી.

સક્રાંતે ખાવાનું.

છોકરીને સાસરેથી અલુણાંનો ફરાળ આવે તો તેના બીડાંનો રૂ ૧) આપવો.

હારપાન લાવે તેમાં પાવલી અથવા બે આની મુકવી.

દરેક વખતે ખાવાનુ લાવનારને અડધો આનો આપવો.

પ્રકરણ બીજું.

જનોઈમાં કરવાની રીત.

પ્રથમ સૌ સગાંને તેડીને જનોઈનું મુહૂર્ત દેખાડવુ તે વખત જોશીને રૂ ૧) તથા ઘઉ શેર સવા આપવા

જોશી મુહૂર્ત આપે તે દિવસે વીણવું તથા ઘરના લાડકાલાડુ કરવા ત્યાર પછી મહિયારીએ લાડકાલાડુ કરવા ને તે લાડકાલાડુ જેટલી કિમતના હોય તેથી બમણા રૂપીઆ બીડાંના મહિઆરીને આપવા.

ઘરની કુવારી છોકરીને સાસરેથી લાડકાલાડુ આવે તે ન રાખતાં રૂ. ૧) બીડાંનો આપવો. પરણેલી છોકરીને ત્યાના રાખવા. જનોઈ દેવડાવવાવાળું ભાડું મોટું હોય તો બીડું આપવું.

મોગવેસણની રીત.

મોગવેસણના મુહૂર્તને દિવસે મોસાળથી પીઠીમાં છોકરાને લાડકાલાડુ, સગાવહાલાંમાં વ્હેંચવાનો ઘસોટીયો લાડુ તથા વધામણું લઇ જવાં.

વધામણાના સમાનની વિગત–પીઠી, કુંકું, ભાત, તેલ, સોપારી સાત, નાળીએર એક, ચોખા શેર ૧) અત્તર, ગુલાબજળ, મોગરેલ, વાનો, ઈંઢીપીંડી તથા હાર કલગી.

મોગવેસણ ઝાડકવાની રીત.

વાંકસાથીઓ કહાડેલાં સુપડાં સાત. તે દરેક સુપડામાં મોગ તથા સાજી તથા હળધના ગાંઠીયા લઇને દરેકે સાત વખત ઝાડકવાં પછી તે મોગ દળીને તેના ચાર પાપડ કરવા અને તે પાપડ ચાચરીયાંને દિવસે ચકલે મૂકવાં.

મોગવેસણ ઝાડકવા આવનાર દરેક સગાંને સોપારી સાત તથા ગોળ, ધાણા તથા પૈસા ત્રણ આપવા ને મામી તથા મહિયારીએ છોકરા પાસે દળાવવાની રીત કરાવવી. મામીને રૂ. ૦॥ આપવો અને મહીઆરીને બે વખત તેલ ઘાલવાનો રૂ. ૧ આપવો. એકવાર ઉપર તેલ ઘાલવું.

મોગવેસણ ઝાડકયા પછી તેજ દહાડે તેજ વખત મંડપમુહુર્ત કરવું. તેમાં ઘઉં શેર એક, નાળીએર એક, બીગોળના દડિયા, નાડું, સોપારી, છલ્લો, મીંઢળ, આંબાનાં પાંતરાં, સમીનું લાકડું તથા ન્હરાજ એટલો સામાન જોઇએ.

મંડપમુહુર્ત થયા પછી પ્રથમ મામીએ પીઠીનો ચાંલો કરવો. પછી ચાર જણે પીઠી ચડાવવી.

મોસાળથી આવેલું વધામણું જનોઇને દીવસે વાનો ઉતારવા માટે રાખવું.

પીઠી ચઢી રહ્યા પછી મહિયારીએ પહેલાં આપેલા રૂપીઆએ બીજીવાર તેલ ઘાલવું. પીઠી ચઢી રહ્યા પછી લુણુ ઉતારી હાથે છલ્લો પહેરાવવો. બડવો કઢવાનો હોય તો છોકરાનાં સાસરીયાને ગીત સાંભળવાને તેડવાં. લાડુ લ્હવા જવું ત્યારે થાળીમાં ઘસોટીઓ લાડુ તથા રૂપીઓ મૂકવાં. તથા મોસાળ સાસરાનો લાડુ ને રૂ. ૦ાા મુકવાં.

મુહૂર્તને દિવસે વૃદ્ધશ્રાદ્ધ તથા ગણુપતિપૂજન કરવાં.

વૃદ્ધશ્રાધના સામાનની વિગત.

ચોખા શેર સત્તર, રેશમી લાલ કકડો ગજ સવા, નાળીએર પાંચ, ઘી તથા ગોળના દડિઆ, સોપારી, પાન ચાળીસ, જનોઈનો જોટો એક, પીંડ ઉપર ઓઢાડવાનો મુગટો, બોર તથા પૂજાપો અને પૈસા પચીસ. ચટદક્ષણા બેવડી રૂ. ૩). સમાપ્તિનો રૂ. ૧) પંજવાર માટે બે આના અથવા ચાર આના મુકવાં.

ગણુપતિ પુજનના વધામણાની વિગત.

ઘસોટીયો લાડુ શેર સવા પાંચના લાડુ પાંચ, ચોખા શેર (પા,) તથા દડિયામાં ઘી, ગોળ, કંકુ, ભાત તેલ, સોપારી સાત, પૈસા સાત, પાન સાત, તથા નાળિએર એક, આ સામાનને તણુસલું કહે છે, તે તથા શક્તિ પ્રમાણે રૂપીઆ મહિઆરીને આપવા. તેમાં ઉત્તમ રૂ. ૧૧), મધ્યમ રૂ. ૯) કે રૂ. ૭) ને કનિષ્ટ રૂ. ૫).

જનોઇ વખત વાંનો ઉતારવો તે પીઠીને દહાડે મોસાળથી વધામણું આવેલું હોય તેમાંથી ઉતારવો.

ત્યારપછી વાળ લેવડાવવા, છાબડીમાં લાલ રેશમી કકડો

પાથરી તેમાં લેવડાવવા ને તે છાબડી તથા કકડામાં શક્તિ પ્રમાણે નાણું મૂકીને મહિયારીને આપવુ અને જનોઈવાળા છોકરાને બીજા ચાર છોકરા સાથે છોકરાની માએ દહી ભાત ખવડાવવાં

ત્યાર પછી દહી દૂધ અને પાણીથી અંગોળડી કરાવવી.

મોસાળુ આવ્યા પછી માએ ઘરની ભિક્ષા પીરસવી તેમાં થાળી એક કાંસાની, પીત્તળની કડછી એક, લાડુ પાચ વાનીનાં, તથા કેળાં દસ, શેરડી પાંચ, નાળિયેર પાચ, ચોખા શેર ૧ તથા સાત વાનીની સુખડી, દરેક ૦ાા શેર તથા રૂપીઓ એક રોકડો—આ ટલાંવાનાની ભિક્ષા પીરસવી અને તે ગોર લઈ જાય.

છોકરાને મોસાળુ કરવાની વિગત.

ઉત્તમપક્ષે જણુસ અથવા રોકડા રૂ ૧૦૦) અથવા રૂ ૭૫) મધ્યમ પક્ષે રૂ. ૫૦) અથવા રૂ. ૪૦) કનિષ્ટ પક્ષે રૂ ૨૫) અથવા રૂ. ૧૫) સુખડીની વિગત—બદામ શેર સવા, દરાખ શેર સવા, પસ્તાં શેર સવા, ચારોળી શેર સવા, ખારેક શેર સવા, શાકર શેર સવા, સોપારી શેર સવા, પતાસાંનો પડો એક શેર સવાનો, નાળિયેર પાંચ, શેરડી દશ. કેળાં પંદર, લાડુ પાંચ વાનીના (તેની વિગત–ઘસોટીયો લાડુ ૧, ગોળપાપડીનો લાડુ ૧, ચણાનો લાડુ એક, સીરોટાનો લાડુ એટલે ચોખાના લોટનો એક, મોગનો લાડુ એક, એ દરેક લાડુ શેર સવાનો) કાંસાની થાળી એક, કડછી પીત્તળની એક, ચોખા શેર સવા પાંચ, રોકડો રૂ. ૧), ગોર દક્ષણા રૂ. ૪). એ ભીક્ષા ઘરમાં રાખવાની છે.

એ રીતે છોકરાને મોસાળાંનો ચાંલ્લો કરી તેના માબાપ

દરેકને ચાંલ્લો કરવો. તેમાં ઉત્તમ રૂ. ૯) અથવા રૂ. ૭), મધ્યમ રૂ. ૫) અથવા રૂ ૪), અને કનિષ્ટ રૂ ૨) ને એ શિવાય બીજાં સગાંને પરચુરણ સબંધ પ્રમાણે આપવું. બેઠો ચાંલ્લો કરે તો ગોર દક્ષણા નહીં. કનિષ્ટ પક્ષે કરવુ હોય તો એકલા જનોઇવાળા છોકરાનેજ ચાંલ્લો કરવો

મોસાળું લાવે તે વખતે મામીને રૂપીઆ આપવા. તેમાં ઉત્તમ રૂ ૧૧) મધ્યમ રૂ. ૯) કે રૂ. ૭) અને કનિષ્ટ રૂ ૫) મોસાળામા આવેલા સર્વે પુરૂષોને એક એક નાળીએર આપવુ અને બઇરાંઓને ૭ ૭ પાઇ આપવી.

જનોઈ વખતે ગોરને આપવાની વીગત.

ઋગ વેદવાળાને રૂા. ૧૫) યજુર્વેદવાળાને રૂા. ૨૫) થી રૂા. ૩૦) સુધી. શામવેદનુ યજુર્વેદ પ્રમાણે.

મોસાળું વાજતે ગાજતે આવ્યું હોય તો પોતાના ગોરને રૂા. ૨) તથા મોસાળ ગોરને રૂા. ૧)

જનોઈને દીવસે માતા માંડવાં.

માતા માંડવાનો સામાન કુંભારણ લાવે તેને ઘી, ગોળ, તેલ, કાચો કંસાર, કાચી મોગની દાળ, એ દરેક વાનાં દડિયામાં આપવાં અને આ જમવાનું પીરસી આપનારે નાહી જવુ અને માતાનો સામાન ભાતે વધાવી લેવો.

જનોઇને દહાડે ચાચર પૂજવાં.

બડવો ઉઠવાનો હોય તો વહુને તેડવા વરઘોડા પહેલાં નણંદને મોકલવી.

ભંડારાને દિવસે જમાઇઓને ચાંલ્લાનો રૂ. ૧) અથવા રૂ. ાા કરવો.

જનોઈની ધીમની રીત ફાગણ શુદ ૧૨ ને દિવસે મોસાળથી મોકલવી તેની વિગત નીચે પ્રમાણે:—

કળશીયો એક પીત્તળનો, સીરોટાનો લાડુ એક શેર અડધાનો, રોકડો અર્ધો રૂપીઓ, ખાવાનું, કંકુ, ભાત, આંબાનો મોર તથા દહીં દુધ કળશીમાં નાખવાં.

એ દિવસે આવેલા અર્ધાથી મહિઆરી પાસે છોકરાને તેલ ઘલાવવું અને તે અડધો મહિઆરીને આપવો.

ફાગણ વદ ૧ ને દિવસે છોકરાને મોર દેવડાવવો એટલે કળશીઆમાં જે મોર આવ્યો હોય તે છોકરાને લમણે ચારવાર મહિયારીએ અડકાવવો ગીત સાંભળવા તેડે તો જમાઈ માટે ફુલનો હાર અને ખાવાનું લઇ જવું.

કન્યા તરફથી બડવામાં કરવાની રીત.

પીઠી ચઢે તે દિવસથી રોજ સાંજરે જમાઇને ફુલનો હાર મોકલવો.

લાડુ લ્હાવા આવે તે વખતે કરવાની રીત.

સાસુને ચાંલ્લો રૂ. ૪) અથવા રૂ. ૨), દરેક વડસાસુને તેથી અડધું, કાકીસાસુ, માસીસાસુ, મામીસાસુ, ફોઇઆણુસાસુ, નણદ મોટી, જેઠાણી જો હોય તો તેને દરેકને બે આના, બીજાં સગાંને સંબંધ પ્રમાણે. રીતમાં આવેલાં બીજાંઓને ત્રણ ત્રણ પૈસા આપવા.

વધામણુ લાવનાર ગોરને ૧ આનો તથા નોકરને આનો ાા આપવો.

જનોઈને આગલે દિવસે બરફીની માટલી તથા ફૂલનો હાર લઈને જમાઈનું પીઠીવાળું મ્હોં જોવા જવું.

જનોઇને દિવસે સગાંની સાથે ભિક્ષા લઇને જવું. ભિક્ષામાં દશ શેરડીનો ભારો, કેળાં પંદર અને ચોખા શેર અઢી. એટલું લઇ જવું.

નણંદ તેડવા આવે તેને રૂ. ૧) આપવો.

અડવાના વરઘોડા વખત કરવાની રીત.

જમાઇને ચાંલ્લો ઉત્તમ રૂ. ૫૦), મધ્યમ રૂ. ૨૫), કનિષ્ટ રૂ. ૧૫) તથા દંડ રૂપાનો.

કન્યાના સાસુસસરાને દરેકને ઉત્તમ રૂ. ૬, મધ્યમ રૂ. ૪) અને કનિષ્ટ રૂ. ૨), બે વડસસરાને અને બે વડસાસુ એ દરેકને તેથી અડધું.

પ્રકરણ ૩ જું.

લગ્નમાં વરને ત્યાં કરી રાખવાનો સામાન.

વરને ત્યાં ઉપર પ્રમાણે સામાન કરવો તેમાં મ્હોટાં કોડીઆં તથા વરસચાની તામડી નહીં. કરવડી વરમાને લેવાની તે તથા ૭ નાંનાં કોડીઆં તેનાં સાંપટ ઉપર પ્રમાણે રાખવાં અને બેઉ જગ્યાએ થોડી હડીપીડી તથા તલના કાકરીઆં કરી મૂકવાં.

સોપારીની રીત

સગાંવ્હાલાં સૌએ મળી કન્યાને ત્યાં રીત લેવા જવું અને સાડી એક કસબી, ચણીઓ એક, ડગલી એક, વાટવો એક તેમાં ખાંગડાંકોડાના રૂ. ૫), પતાસાનો પડો, વધામણું તથા મોસાળ સાસરા તરફના રૂ ૪ અથવા રૂ ૨. તથા ખાવાનું એટલું કન્યાને ચાંલો કરીને આપવું અને કન્યાને ઘેર તેડી લાવી ગીત ગવડાવવાં.

મોગવેસણુ તથા મંડપમુહુર્તની રીત મુહુર્તને દિવસે જનોઇના પ્રકરણમાં લખ્યા પ્રમાણે કરવી કન્યાને ત્યાં ગીત સાંભળવા તેડે ત્યારે ખાવાનુ તથા ફુલનો હાર લઈ જવાં.મોસાળ સાસરાનું પણ ખાવાનું તથા ફુલનો હાર લઇને જવુ.

પાપડનાં ગીત સંભળાવે તે વખત સઘળાને સોપારી આપવાં.

ગણુપતિપૂજાની રીત જનોઈનાં પ્રકરણમાં લખી છે તે પ્રમાણે ગણુપતિપૂજા કરવી.

વૃદ્ધ શ્રાધની રીત જનોઇના પ્રકરણમાં લખી છે તે પ્રમાણે કરવી.

પીઠી ચઢે તે દિવસથી રોજ વહુને સવારમાં સુરજપાઠી અને સાંજરે ફુલનો હાર મોકલવો ને સુરજપાઠીના બ્રાહ્મણુને ચાંલો કરી દરેકને સાત સોપારી આપવાં.

૫૨૩૨ ૧૧

લાડુ લ્હાવાની રીત.

થાળીમાં ઘસોટીએ લાડુ તથા રોકડો રૂ. ૧) તથા વધામણું, મોસાળસાસરાની થાળીમાં લાડુ તથા રોકડો રૂ ૦॥ એટલું કન્યાને ત્યાં લઈ જવુ. અને તે રૂપીઆથી કન્યાને લાડુ ખવાડવો.

સગાના પૈસા લેવા તે પેડી ઉતરતી જાય તેમ થડે લેવા એટલે ઘર દીઠ એક જણાના લેવા; જમાઈ છેક નજીકના સબંધના હોય તેના લેવા

એ રીત થયા પછી છોકરાને મોસાળાનો ચાલ્લો કરવો. તેમાં ઉત્તમ રૂ. ૫૦), મધ્યમ રૂ. ૩૦) તથા કનિષ્ટ રૂ, ૧૫) ,અને તેના પ્રમાણમાં માબાપને ચાલ્લો કરવો અને સગાને પૈસા વહેચવા ને ગોરદક્ષિણાના રૂ. ૩) .આપવા. કન્યાને મોસાળસાસરા તરફનું મોઝાણું કરવુ, તેમાં ઉત્તમ રૂ ૨૦), મધ્યમ રૂ ૧૫) અને કનિષ્ટ રૂ. ૧૦). કનિષ્ટ પક્ષે મોસાળુ કરવું હોય તો એકલા પરણનાર છોકરાને ચાંલ્લો કરવો.

કન્યાનું પીઠીવાળુ મ્હો જોવા સાસુએ બરફીની માટલી તથા ફુલનો હાર લઈને જવુ.

પોંખી વેતરવાની રીત—દીયર, સોની, દરજી ને વાણિયો એટલા માણસને કન્યાને ત્યાં પોંખો વેતરવા મોકલવાં. કન્યાને ત્યાં દરજી લુગડાંના ચાર ચાંલ્લા આપે.

ઝાંણાંની રીત.

ઝાંણામાં લઇ જવાની છાબમાં કકુ શેર બે, ગુલાલ શેર એક, અબીલ શેર ૦॥, સિંદુર શેર ૦।, કપૂર શેર ૦।, અગરબત્તી

નંગ દશ, ચુવો, મોગરેલ, નાડું શેર પાંચ, નાળીએર નંગ પાંચ, બદામ શેર અઢી, શાકર શેર અઢી, ખારેક શેર અઢી, કોપરાંની વાટીઓ શેર અઢી, સોપારી શેર અઢી, ચારોળી શેર અઢી, દરાખ શેર અઢી અને સાડી, મોડધાટડી તથા નામણુદીવો એટલું પુરવું.

ઘરેણાનો દાબડો પણ સાથે લઈ જવો. વરમાએ ઝાંણાંમાં જવું નહિ. ન્યાતની રીત પ્રમાણે રૂ. અગીયારસેંનું માંડવના ચાંલ્લા સાથે પલ્લું કરવુ

કન્યાને ત્યાં જઇ પ્રથમ લંગરનો ચાંલ્લો કરી ચાર બૈરાંએ કન્યાને ચાંલ્લા કરવા. પછી બસરી પહેરાવીને મોડધાટડી માથે મૂકવાં ને છાબ તથા દાબડાનો ચાલ્લો કરવો.

છાબ ઉચકનારને ચાર આના આપવા.

કન્યાને ત્યાંથી નાહાણું આવે ત્યારે કરવાની રીત.

કન્યાની મહિયારીને તોરણે રૂ ૧૫) આપવા અને બીજાં બૈરાં આવેલાં હોય તેને સોપારી, મોડીઆ તથા ફુલમાળા આપી સેંથીમાં સિંદુર પૂરવું છાબ ઉંચકી લાવનારને આના ચાર આપવા. વરસંચાની તામડી ગણપતિ આગળ મૂકાવી વરની માએ કન્યાની માને બાજઠ ઉપર બેસાડવી અને પગે કંકુ લગાડી દૂધે પગ ધોવા ને કુખે કકુ લગાડી કપૂરની આરતી કરવી. વરનું બદલેલું જનોઈ કન્યાને સારૂ આપવું.

વાંનો ઉતારી અંગોલડી કરાવવા બાબત જનોઈના પ્રકરણમાં જે રીત લખી છે તે પ્રમાણે કરી છોકરાને નાહાણામાં આવેલું પાનેતર પહેરાવવું ને ગણપતિ આગળ ઉભો રાખી માએ પસલી ભરાવવી એવી રીતે કે બંને હાથમાં કંકું લગાડી તેમાં પાન સાત, સોપારી સાત, પૈસા સાત, રૂપીઓ એક, નાળીએર એક એટલું આપવું. તે છોકરાએ મહિયારીના ખોળામાં આપી દેવું. પછી

મામાએ ઘોડે બેસાડવો. તથા બ્હેને સુપડામાં ભાત લઈ તે માથે ઉતારી નાંખી દેવું. પછી લુણ ઉતારી પાણીઆરે મૂકવું. અને લગામ પકડવી. તેને રૂ. ૨) આપવા. ઘોડાવાળાને અખ્યાણું આપવું. પછી વરમાએ કરવડીમાં દહીં, દૂધ તથા પાણી લઈ ચાર વાર ઘોડાની આસપાસ ધારા કરવી. તે ધારા દેતી વખત નામણદીવો સાથે રાખવો તથા લુગડાં ઉપર બાટડી પહેરવી. અને કરવડી વરમાએ હાથમાં રાખવી.

વરને સારૂ ફુલની ટોપી લઈ જવી.

પરણી ઉઠયા પછી વહુવર સગા વ્હાલાને પગે લાગે ત્યારે વહુને સગાંવ્હાલાંએ સંબંધ પ્રમાણે આપવું.

વહુવર આવ્યા પછી વહુ પાસે સાસરાનો તથા મોસાળસાસરાનો મોભ કુંકું તથા ભાતે વધાવવો. તે રીતનાં સાસરા તરફથી લુગડાં અથવા રોકડ રૂપીઆ તથા પતાસાંનો પડો આપવાં. અને મોસાળ સાસરેથી રૂ. ૪) અથવા રૂ. ૨) આપવા. સાસરેથી પેટીમાં હાથ ઘલાવી રૂ. ૫) અથવા રૂ. ૪) આપવા. જડ દબાવવા ના રૂ. ૨) આપવા.

કાંચળીની રીત–કાંચળી, પહેરામણી, ત્રીજ તથા જેડોળાંના નોતરાં કરવાં આવે તે બઈરાંને સોપારી આપવી. લગ્નને ચોથે દિવસે સર્વેએ કાંચળી પહેરાવવા જવું. કન્યા તરફનો દરજી કાંચળી સીવે તે પર પોંખી વેતરવામાં ચાંલા આવેલા હોય તેને કાંચળીપર સીવે અને નણંદે કાંચળી પહેરાવવી. વર તરફની મહિયારી વહુને તેલ ઘાલે. પછી લટ પલાળી રેશમી પાનેતર પહેરાવવું. તે દિવસે વરવાળાએ કન્યાવાળાને પાંચ અડધા આપવા તેમાં એક દરજીનો,

એક રસોઇઆનો, એક માથું ચોળનારનો, એક હોળીનો અને એક બહારવાસણીનો. તે મધ્યેથી અડધો તથા સવાશેર ઘઉં તથા નાળીએર એક કાંચળી સીવનાર દરજીને આપવાં.

માંડવની રીત—પહેરામણી પહેરવા જતાં પહેલાં નણંદ પાસે વહુને તેડાવવી. તે લઇને પહેરામણી પહેરવા જવું વહુને સુકનનો ચાંલો કરવો અને મોસાળસાસરા તરફથી વહુને માંડવના ચાંલાના રૂ. ૪) અથવા રૂ ૨) આપવા.

વરઘોડા પાછળ ખાટલો ઉચકી લાવનારને રૂ ૪) વરવાળાએ આપવા.

માંડવનું જમણ લેવા જાય ત્યાં સોપારી શેર પાંચ તથા રૂ ૧) રાંધનારને વરવાળાએ આપવો અને વહુ પાસે બઇરામા પાનનાં બીડાં અપાવવાં અને પુરૂષોમા વર પાસે બીડાં અપાવવા.

લગ્નને આઠમે દિવસે માતા માડવાં. કાંકણદોરા છોડવા તથા ચાચર પૂજવાં. અને એ દિવસે વરવહુને પૈસા તથા સોપારી વતી એકીબેકી રમાડી જે જીતે તે પૈસા તથા સોપારી લઇ જાય કાંકણ દોરા છોડયાનું વહુને લુગડું અથવા રોકડ રૂપિયા તથા પતાસાનો પડો આપવો. તથા નીસાતરાને ચુનેવતી ધોળેલો હોય તે વહુવર એક બીજાનું નામ દઈ આપ લે કરવાની રમત રમે છે. કાંકણ દોરા છોડતી વખત વહુનુ નામ પાડવુ.

કન્યાના ગોરને વરવાળાને ત્યાંથી આપવાની વીગત.

લગ્નનું મુહુર્ત કહેવા આવે ત્યારે રૂ. ૧) સોપારી લઈને આવે ત્યારે રૂ. ૨) તથા મોસાળસાસરાના ગોરને રૂ. ૧) ન્હાણા

વખતે સુનૈયા પામરીના રૂ. ૨૮) લગ્નોતરી વાંચ્યાનો રૂ. ૧), નહાવાનો રૂ. ૧) તથા મોસાળસાસરાના ગોરને રૂ. ૪) **લગ્ન વખતે** કન્યા લાભનો રૂ ૧) **પરણી** ઉઠયા પછી રૂ. ૨) તથા મોસાળસાસરાના ગોરને રૂ. ૧) **કાંચળીને દિવસે** ચોરી બંધામણી રૂ. ૨) તથા દક્ષણાના રૂ. ૨) અને પીત્રાઈ ગોરને રૂ. ૧) તથા પડપીત્રાઈ ગોરને રૂ. ૦॥ તથા મોસાળસાસરાના ગોરને રૂ. ૨) તથા કન્યાની માના મોસાળના ગોરને રૂ ૧) **માંડવને** દિવસે ઉપરામણીના રૂ. ૨) **ભેટ** ભેટામણીના રૂ. ૨) **ગોર**દક્ષણાના રૂ ૨) તથા મોસાળસાસરાના ગોરને રૂ. ૧).

પોતાના ગોરને વરવાળા તરફથી આપવાની વિગત.

લગ્ન વખતે ગૌદાનના રૂ. ૨) પૂર્ણપાત્ર બ્રહ્માનુ રૂ. ૧) **કાંચળી વખતે** સ્વસ્તિ વાચનનો રૂ. ૧) સુરજપાઠીનો રૂ. ૧) ગૌદાનના રૂ. ૨), પૂર્ણપાત્રનો રૂ. ૧)

ઉભા વર્ષની રીત.

અખાડ ત્રીજના હાર ઘલાવે તો વહુને લુગડુ તથા ખાવાનું આપવું.

આણાની રીત-પેટી એક તેમાં રૂ. ૧) રોકડો તથા પાનસોપારી, તજ, જાવત્રી, જાયફળ, એલચી, લવેગ, કેવડીયો કાથો મૂકવાં તથા તે સિવાય રકાબી બે, આરસી બે, ધુપેલની કસલી બે, કાંસકી દાંતની બે, દરેક રકાબીમાં દાબડી ત્રણ ત્રણ અને તે દાબડી મધ્યે એકમાં ચાંલ્લો, એકમાં હીગળોક ને એકમાં કાજળ એ રીતે મૂકવું. તેમાં એક દાબડીમાં મીનાનો ચાંલ્લો મૂકવો અને તે ન મૂકે

તો તે બદલ અડધો આપવો તથા રેજા પાંચ, ચણીયા બે, લુગડું એક, સપાટ અથવા તે બદલ અડધો રોકડો, રમકડાં અથવા રોકડું, નાળીએર પાંચ, સુખડી સાતવાનીની ઝાંણાં પ્રમાણે, પતાસાનો પડો, લીલો મેવો, તથા સુકો મુવો વગેરે ખાવાનુ એ રીતે આણાંની રીતમાં આપવું. એ રીત ન આપે તો શક્તિ પ્રમાણે રોકડા રૂપીઆ આપવા. તેમાં ઓછામાં ઓછા રૂપીઆ પચીશ આપવા. વહુને સાસરે તેલ ઘલાવી શણગારવીને નણંદે તેને પીયર રીત લઇ મૂકવા જવું. આણાં જેઠ મહિનામાં વદ પાંચેમ સુધીમાં જોશી મુહૂર્ત આપે તે દિવસે વાળવાં. વહુને તેડવા બે છોકરા આવે તેને એકેકું નાળિયેર આપવું.

જેઠ શુદ બારસને દિવસે કરવડા બારસની રીત–તેમાં કરવડી ઠીકરાંની એક, કોપરાંની વાટી ખાંડ ભરેલી એક, કેરી નંગ પચીશ, કુંકું તથા ભાત એટલા વાનાં વહુને પીયર મોકલવાં.

જેઠ વદ અમાસને દિવસે વડસાવિત્રીની રીત–એ દિવસે વહુને લુગડું, કાંચળી ચણીયો અથવા રોકડું તથા પતાંસાનો પડો એટલાં વાનાં વડ પૂજી આવીને વહુ પીયર જાય ત્યારે આપવાં. વડ પૂજવાં જતાં પહેલાં વડને ચઢાવવા સારૂં ચણાના હાર બે લઈ જવા. છોકરીને પીયરથી કલેડાં વગેરેની રીત આવે તેમાં આવેલા અડધા વતી છોકરાની મહિયારી પાસે વહુને તેલ ઘલાવી તે અડધો મહિયારીને આપવો. પછી વહુને નવાડી પીએરથી આવેલો પાટો આંખે દઈ ઘીના દીવાના દર્શન કરાવવાં. પછી વડ પૂજવા મોકલવાં.

અખાડ શુદ તેરસથી અખાડ વદ બીજ સુધી અલુણાં તેની રીત–વહુ અલુણાં કરે તો પહેલે દહાડે ફરાળ મોકલવો ને અલુણાં

કીધાં હોય અથવા ના કીધાં હોય તો પણ છેલ્લે દહાડે હારપાન તો મોકલવાં.

અખાડ વદ અમાસને દિવસે દીવાસો-તે દહાડે જેવંત્રીની રીત-વહુ પાસે જેવંત્રી પૂજાવવી અને વહુને કસબી કોરનું કસુંબું તથા કાંચળી અથવા રોકડા રૂપીઆ આપવા અને વહુને હારપાન મોકલવાં. તેલ ધલાવવા તથા પારો દેવાની રીત વટસાવીત્રી પ્રમાણે કરાવી પછી ભીંતે પૂતળાં કહાડયાં હોય તેની પૂજા કરાવવી.

વાડી ભર્યાની રીત—સાસરાની વાડીના વહુને રૂ ૨) અને મોસાળસાસરાની વાડીના રૂ. ૨) અને નણંદની વાડીના રૂ ૨) અને પીયરની વાડીના રૂ. ૨) વાડી ભરે અથવા ન ભરે તો પણ વહુને આપવા. તથા વહુને ખાવાનું મોકલવું.

શ્રાવણ શુદ પુનેમને દિવસે બળેવની રીત—તે દિવસે સુંદડી, કાંચળી, રાખડી અને બરફીની માટલી વહુને આપવી. વેવાઇને ત્યાંથી રાખડી બાંધવા ગોર આવે તેને રૂ. એક તથા મોસાળ સાસરાના ગોરને રૂ ૦ાા આપવો.

શ્રાવણ વદ ત્રીજને દિવસે કાજળીની રીત-તે દિવસે ફરાળ તથા હારપાન મોકલવાં.

ભાદરવા શુદ ત્રીજને દિવસે ધરભસુની રીત—તે દિવસે બરફીની માટલી તથા હારપાન વહુને મોકલવાં.

ભાદરવા શુદ સાતેમને દિવસે અમકારીયા સાતેમની રીત-તે દિવસે રકાબી એક, આરસી એક, કાંસકી દાંતની એક, ધુપેલની પવાલી એક, દાબડી એક, તેમાં ટીલી અથવાં તેના વતી રોકડો અડધો, રકાબીમાં રૂ. ૧), સૌભાગ્ય દાબડો એક તથા હાર-

૨

પાન એ પ્રમાણે રીત લઇ સર્વે સગાંવ્હાલાંએ એકઠાં થઇ વહુને પીયર જવું અને ત્યાં વહુને અમકારીયું કહાડવું. અમકારીયું કહાડવાને એક ચલાણીમાં હિંગળોક તથા એક ચલાણીમાં લીલો રંગ પણ લેતાં જવું અને એ સઘળી ચીજ વહુને આપવી.

આસો સુદ પૂનેમે (માણેકઠારી) ને દિવસે ધોબાની રીત–તે દિવસે પઉંઆ શેર દશ, નાળીએર પાંચ, પતાસાંનો પડો અને રોકડો રૂ ૧), એટલું વહુને મોકલવું.

આસો વદ અમાસને દિવસે દિવાળીની રીત—તે દિવસે વહુને જણસ અથવા રોકડા રૂપીઆ આપવા. તેમાં ઉત્તમ રૂ. ૧૫), મધ્યમ રૂ. ૧૩), અથવા રૂ, ૧૧) અને કનિષ્ઠ રૂ. ૯) અથવા રૂ. ૭) એ શિવાય આતશબાજી તથા ખાવાનુ પણ વહુને આપવુ.

સંક્રાંતને દિવસે ગોએતું કોસણાવવાની રીત–ગોએતું લઇને વહુ આવે તેને હેમ ગદી એક અથવા રોકડું આપવું ને ગોએતામા આવેલો દેહપિંડ વ્યવહારવાળાં સગાંમાં વહેચવો.

ફાગણ શુદ બારસને દિવસે છોકરાની ધીમ–તે દહાડે વહુને આપવાની રીત–પીચકારીના રૂ. ૪ અથવા રૂ, ૨), ગલાલ, અબીલ, હારડા વગેરે ખાવાનું, લુગડું કસબી તથા કાંચળી એટલું વહુને આપવું.

બીજા વર્ષની રીત.

હોળીને દિવસે વહુને લૂગડું આપવું, બળેવને દિવસે વહુને લૂગડું આપવું. દિવાળીને દિવસે વહુને શકિત પ્રમાણે રોકડું આપવું.

લગ્નમાં કન્યાને ત્યાં કરી રાખવાનો સામાન.

કોઠીઆં ૪ મ્હોટા, ચોરીમાં મૂકવાનાં, કોઠીઆં ૬ નાનાં સાંપટ માટે; કરવડી ૧ ગણપતી આગળ બીને ટાંગવા માટે, એટ વાના ચુનથી ધોળી, મુકવાથી કુંકુના ચાંદલા કરવા.

ન્હાણામા લઇ જવાની વરસઆની તામડી ૧ તથા બીજી એમાની પાચ તામડીને ચાંદલા કરવા, ઉપલા ત્રણ સાંપટ લગ્ન ના માંડવને દિવસે પોંખવાના સામાનમા મુકવા તથા માડાને દીવ[illegible] જે વધામણું બદલવાનું તેમાં ૧ મૂકવું.

વહુ કાળો થર પહેરે ત્યારે વહુને આપવાની રીત–લૂગડાં અથવા રોકડા રૂપીઆ શક્તિ પ્રમાણે આપવા.

વહુને ઘેર રાખ્યાની રીત–રોકડા રૂ. ૪) વહુને આપવા.

વહુ પાસે રંધાવ્યાની રીત–સારો દહાડો જોઇ સસરાને વહુ પાસે કંસાર પીરસાવવો અને સસરાએ કડછીમા રૂ. ૨) મૂકવા.

પછીની દરેક દિવાળીએ .શક્તિ પ્રમાણે રૂપીઆ અને હોળી બળેવે લુગડું તથા કાંચળી આપવાં.

લગ્નમાં કન્યા તરફથી કરવાની રીત.

પ્રથમ સારો દિવસ જોઇ સગાંને તેડી જોશી પાસે લગ્નનું મૂહુર્ત દેખાડવું. જોશીને ધઉં તથા રૂ ૧) અખ્યાણાનો આપવો.

સારો દહાડો જોઇ ગોર સાથે વહેવાઇને ત્યાં લગ્નનું મૂહુર્ત કહેવાડવું.

જનોઇના પ્રકરણમાં લખ્યું છે તે પ્રમાણે છોકરીને ત્યાં લાડકા લાડુ તથા વીણવાનું કરવું

ઘાઘરી નવાડવાની રીત.

સંક્રાંતને દિવસે કન્યાને માથું ચોળી શણગારી તાપીએ તેડી જવી, અને કન્યાની મહિયારી પાસે છોકરીના માથાની લટ પલાળાવવી તે ચાકળીમાં દહી, દૂધ, તાપીનું પાણી તથા આંબાના પાતરાં નાખી તેણે વતી પલાળાવવી. તે ચાકળીમાં ચોખા ભરી તેમાં બે આની મૂકી એક નાળીએર સાથે તાપીએ બ્રાહ્મણ હોય તેને આપવી ઘેર આવી જ્યાં ચોરી બાંધવી હોય ત્યા બાજઠ ઉપર કન્યાને બેસાડી મહિયારી પાસે અડધેવતી તેલ ઘલાવવું અને તે અડધો મહિયારીને આપવો

.`લીમાં પાણી, દહી, દૂધ તથા આંબાનાં પાતરાં નાખી મહિયારીએ તે પાણીથી કન્યાની લટ તેર વખત પલાળવી પછી પતેલીમાં ચોખા, તલનું કાંકરયું, તથા એક પૈસો મૂકી જ્યાં જ્યાં વ્યવહાર હોય ત્યાં એકેક પાતેલી વહેંચવી.

સોપારીની રીત.

કન્યાનું નાનું ભાંડુ, તથા ગોર તથા મોસાળગોરસાથે સોપારીની રીત મોકલવી. તે રીતમાં વધામણામાં કંકુ, ભાત, સોપારી સાત, છડીપીડી તથા વરના જન્માક્ષર મોકલવા. એ દિવસે જમાઇને જમવા તેડી તેને ચાંલ્લો કરવો. તેમાં ઉત્તમ રૂ. ૧૫) મધ્યમ રૂ ૧૩) અથવા રૂ. ૧૧) અને કનિષ્ઠ રૂ ૯) અથવા રૂ. ૭).

વરને ત્યાંથી સોપારી લેવા આવે ત્યારે સાસુને ચાંલ્લો કરવો. તેમાં ઉત્તમ રૂ. ૧૧), મધ્યમ રૂ. ૯) અથવા રૂ ૭) અને કનિષ્ઠ રૂ. ૫) અથવા રૂ ૪) બે વડસાસુને તેથી અર્ધા રૂપીઆના ચાંલ્લા કરવા. મામીસાસુ વગેરેને રીત પ્રમાણે પાવલી અથવા બે આની આપવી અને સગાને સંબંધ પ્રમાણે પૈસા આપવા.

સોપરમીંડાની રીત.

વરવાળા સોપારીની રીત લઇ જાય પછી કન્યા તરફનાંએ એકઠાં થઇ સંક્રાંતની રીત અપાવવા જવું. તેમાં પાતેલુ એક ચોખા ભરીને, તલનુ ઢાંકણું એક, રૂ. ૧) રોકડો, શેરડી નંગ ૧૦, રૂપાનું કોડીયું તેમાં રૂ. ૧) મોસાળસાસરે આપવા. ત્રાંબાનું કોડીયું તેમાં અડધો એટલું સાથે લઇ જવું. અને વરને ત્યાં બારણામાં બાજઠ ઉપર વરઆ બેસે તેને ઉતમ રૂ. ૬) કે ૪) અને કનિષ્ઠ રૂ. ૨) આપવા. બે વડસાસુને તેથી અડધું આપવું. કોડીયાંપર સાસુને ચાંલ્લાના રૂ. ૨) આપવા.

૪ મોગવેસણુ તથા મંડપમૂહૂર્તની રીત જનોઇના પ્રકરણમાં લખી છે તે પ્રમાણે મુહૂર્તને દિવસે કરવી.

છોકરીને સાસરેથી સુરજપાઠી આવે તે દરેકને સાત સોપારી ચાંલ્લો કરીને આપવાં. ચોરી બાંધવાની જગ્યાએ કન્યાને બાજઠપર બેસાડી સુરજપાઠી સંભળાવવી, તે સાંભળી રહ્યા પછી માથેથી લુગડું ઉતારી પાણીઆરે મૂકવું.

ગણપતીપૂજા તથા વૃદ્ધશ્રાધની રીત જનોઇના પ્રકરણમાં લખી છે તે પ્રમાણે કરવી.

પીઠી ચઢે ત્યારથી જમાઇને રોજ સાંજના ફૂલનો હાર મોકલવો.

વહેવાઇનાને અનુકુળતા પ્રમાણે ગીત સંભળાવવાં અને પાપડનાં ગીતને દિવસે સર્વેને સોપારી આપવાં.

કન્યાને ત્યાંના વહેવાઇને ત્યાં ગીત સાંભળવા જાય ત્યારે જમાઇને સારૂ ખાવાનું તથા ફૂલનો હાર લઇ જવો ને મોસાળ સાસરા તરફનું ખાવાનું તથા ફૂલનો હાર પણ લઇ જવો.

કન્યાને ત્યાંથી લાડુ લ્હાવા જવાની રીત.

જમાઇને સારૂ થાળીમાં લાડુ તથા રૂ. ૧) મોસાળ સાસરા તરફથી પણ થાળીમાં લાડુ તથા અડધો તથા સર્વેને વહેંચવા ધસોટીયો લાડુ તથા વધામણું એટલું લઇ જવું અને ત્યાં જમાઇને રૂપીએવતી તથા મોસાળસાસરાવાળાએ અડધેવતી લાડુ ખવાડવો.

વરવાળા તરફના લાડુ લ્હાવા આવે ત્યારે સાસુને ઉત્તમ રૂ. ૯), મધ્યમ રૂ. ૭), અને કનિષ્ઠ રૂ. ૪) એ રીતે શક્તિ પ્રમાણે આપવું અને બે વડ સાસુને એથી અડધું આપવું. અને કાકીસાસુ વગેરેને સોપારીની રીતમાં આપવાનું લખ્યું છે તેથી અડધું આપવું અને બીજાં સગાંને પૈસા આપવા.

લગ્નને આગલે દિવસે કન્યાનું તથા કન્યાની માનું માથું ચોળવું અને કાંચળીના દિવસ સુધી કન્યાનું માથું કોરૂં રાખવું.

મોસાળાંની રીત.

કન્યાને સારૂ થર, કાંકણુ, ખારેકકોપરાંનો હાર, સુતરાઉ પાનેતર ચાર, તથા જનસ અથવા રોકડ શક્તિ પ્રમાણે મોસાળ તરફથી આપવું. બીજાં સગાંને મોસાળાના પ્રમાણમાં અને સબંધ પ્રમાણે વાજતેગાજતે કાઢયું હોય તો ગોર દક્ષિણા રૂ.૪) કનિષ્ટ પક્ષે કરવું હોય તો ફક્ત પરણનારનેજ ચાલ્લો કરવો.

થર પહેરાવવાની રીત.

કન્યાને ઉમરા ઉપર બેસાડી બલગરી પેહેરાવવી. પછી ગણપતિ આગળ અથવા જ્યાં થર પહેરાવવાનો ધરનો ધારો હોય ત્યાં કાંકણી સાથે થર પહેરાવવો. કન્યાના મોસાળનો સોની થર પહેરાવે તેને ઘઉં શેર સવા, નાળીએર એક તથા રોકડો રૂ. ૧) એટલાં વાનાં આપવાં. કાંકણી તથા બલગરી કાંકણદોરા છોડતા સુધી કહાડવાં નહિ.

જમાઇને ત્યાં ત્યારપછી પીઠીવાળું મ્હોં જોવા જવું. તે વખતે બરફીની માટલી તથા હાર લેઇ જવો.

કન્યાનું પીઠીવાળું મ્હોં જોવા આવે તેને રૂ. ૨) અથવા રૂ ૧) આપવો.

પોંખી વેતરવા આવે તેની રીત—પોંખી વેતરવા આવનાર દિયરને રૂ. ૨) અથવા રૂ. ૧) આપવો. સોની વગેરેને પીરસણું અથવા બરફીના દડિયા આપવા.

ઝાંપ્યુંમાં આવનાર વૈરાંને સોપારી આપવાં અને છાબ ઉંચકનારને ચાર આના આપવા.

અંગોલડીની રીત—ચોકમાં કથરોટમાં માચી મૂકી તે ઉપર કન્યાને બેસાડવી અને પીઠીના દહાડાનો વાંનો રાખેલો હોય તે

ઉતારવો. કન્યાના પગ આગળ પાત્રડાં મૂકવાં અને કુંડી, કળશીઓ ધોળેલાં હોય તેમાં પાણી તથા દૂધ, દહીં નાંખી તે વડે કન્યાને અંઘોલડી કરાવવી. નાહી રહ્યા પછી મોસાળામાં આવેલું પાનેતર પહેરાવવું અને કુંકાની પીયળ કાઢી ગણપતિ આગળ ગોર પૂજવા બેસાડવી તે ગોર એવી રીતે કરવા કે એક વાસણમાં થોડું ઘી નાંખી તેને ગરમ કરી તેમાં ગોળ નાંખવો અને તે પીગળે એટલે તેમાં તલ નાંખી તેની થાબડી કરી તે ઉપર મહાદેવના પાંચ બાણુનો આકાર કરવો ગોરમાં આગળ ઘીનો તથા કપૂરનો દીવો કરવો તથા ધૂપસળી સળગાવવી. ગલાલ, અબીલ વગેરે ઝાણુામાં આવેલું હોય તે સઘળુ એકઠું કરી છોકરીએ ગોરમાને ચઢાવ્યાં કરવું. કન્યાએ પલાળેલું પીળિયું રહેવા દેવું. ઉપર લખેલુ પાનેતર કાંચળી પહેરે ત્યાં સુધી બદલવું નહિ.

નાહણાંની રીત—કન્યાનું નાહેલું પાણી કથરોટમા હોય તે ચાર તામડીમાં ભરવુ અને તેમાં આંબાનાં પાતરાં નાંખવાં.

ઝાણુાની છાબમાં સુખડી આવી હોય તેમાંથી અડધી કહાડી લેવી અને નાડું બધું કહાડી લેવુ. પછી તે છાબમાં માચીપાવડાં તથા મોસાળથી આપેલાં પાનેતરમાથી એક પાનેતર મૂકવાં. વરપાટલો તથા માચીપાત્રડાં સમીનાં લાકડાંનાં કરાવવાં. નામણુ દીવો તથા પૂજાપો બધો કાડી લેવો.

ઉપર લખેલી ચાર તામડી સ્ત્રીએ લેવી અને પાંચમી એક તામડી ઉપર નાળીએર રેશમી લાલ રેંજાએ લપેટી મૂંકવું તે તામડીને વરસચાની તામડી કહેવાય. તે કન્યાની માએ લેવી. પલ્લામાં આવેલી એક જનસ કન્યાની માએ પહેરવી અને પલ્લાની સાથે આવેલી સાડી કન્યાની માએ પહેરેલાં લૂગડાં ઉપર ઓઢવી. એ

અર્વે તથા માચીપાવડા સાથેની છાબ લઇ ઓયોએ વરને ત્યા નાહાણે જવું. નાહાણામાં કન્યાના બાપને જવાનો ધારો નથી.

વરને ત્યાં કન્યાની મહિયારીએ તોરણે ચાંલો કરાવવો. જમાઇને બાજઠ ઉપર બેસાડીને છાબનો ચાંલો કરવો. તે વખતે તંબોળા તંબોળના ચાંલ્લામાં અબોટિયું અથવા રોકડા રૂ ૧૩) કે રૂ ૧૧) અથવા રૂ ૯) જમાઇને આપવા ચાર તામડીમાંથી ચાર ઓયે વરને નવાડયાની રીત કરવી. વરસંચાની તામડી વરના ત્યાંના ગણપતિ આગળ મૂકવી અને વર જનોઇ બદલે તે લઇ આવી કન્યાને કેડે બાંધવું.

વર પરણવા આવે ત્યારે કરવાની રીત.

વરઘોડો ચઢે ત્યારથી એક માણસને ગણપતિ આગળ માપરી ઓરવા એટલે બરફી ખાવા બેસાડવો અને મોસાળથી આવેલાં એક પાનેતરે વરઘોડો આવે ત્યારે કન્યાનું મ્હોં ઢાંકી દેવું. ચૂલા ઉપર એક માટલી મૂકી તેમાં થોડું ભાત તથા તલનું કાકરિયું નાંખી કન્યાના ભાઇભોજાઇ પાસે લાંઝાં શેકવાની રીત કરાવવી

વરને પોંખવાની રીત—આગલાં બારણાંના ઉમરા ઉપર બાજઠ મૂકી તે ઉપર જીરાનો વાંકસાથીઓ કહાડવો વર તોરણે આવે તે વખત પ્રથમ કન્યાના મામાએ ઢાંકેલે મ્હોએ કન્યાને લાવી વરને ચોંટી દેવાડવી. કન્યાના ભાઇએ વરને ગલાલ છાંટવું. કન્યાંની માએ કન્યાના પલાળેલાં પીળીઆએ વરનું મ્હો લૂછવું. વરને કાનેથી ભરવાડું કહાડી લેવું. અને ભરવાડું કહાડયાનો રૂ ૧)આપવો. કન્યાની માએ જમાઇને કુંકાંનો ચાંલો કરવો. કાંસાના થાળામાં ખાંડ તથા કોપરાની વાટીમાં નાડાંની વાટ મૂકેલી હોય તેમાં દીવો કરી

તે થાળો જમાઇને ચાર વાર ઉતારી આપી દેવો. કાંસાની બે થાળીનું સાંપટ ચાર વાર ઉતારી તે પણ આપી દેવું. ઝુંસળ, મુશળ, રવૈ અને ત્રાગ એ દરેકે કન્યાની માએ જમાઇને પોંખવો. સરીઆએપોંખી તે ભાંગીને ફેંકી દેવા. ધસોટીઓ લાડુ તથા દહીં, રૂપિયે વતી ચાર વાર જમાઇને ખવાડી તે રૂપીઓ આપી દેવો. લાલ રેશમી કપડે જમાઇનું મ્હોં લૂછવું અને જમાઇનું નાક આમળવાની રીત કરવી. પછી ધોળેલાં બે કોડિયાં નાડાવતી લપેટેલાનું સાંપટ ચાર વાર ઉતારી જમાઇના પગ આગળ મૂકવુ. તે તેણે ભાંગી નાંખવુ. કન્યાની માના લુગડાનો છેડો જમાઇને ગળે નાંખી તેને ઘરમાં તેડી લાવવો.

તોરણે વરમાનાં ચાંલા સોપારીને દિવસે કર્યા હોય તેટલા કરવા. વરમાની કરવડી તથા નામણદીવો ગણપતિ આગળ મૂકાવવો.

વરના પગ કન્યાના બાપે ધોવડાવવા.

કન્યાદાનમાં જોઈતો સામાન—કાંસાની બે થાળીનું સાંપટ તેમાં મધુપર્ક એટલે થોડું દહીં, મધ અને ઘી નાખવું, ત્રાંબટ ત્રાંબાનું એક, અરઘીયું ત્રાંબાનું એક, કમંડળ ત્રાંબાનું એક, તેના નાળવાના મ્હોંપર રૂપાની ખોલી સાથે, ખાંડ ખાવાની કાંસાની થાળી એક, કન્યાદાનમાં જમાઇને વીંટી એક શક્તિ પ્રમાણે તથા કુંકું ભાત, અને ચંદન કન્યાદાનમાં છોકરીને આપવાનું ઘરેણું શકિત પ્રમાણે પહેરાવેલુ તેના અંગ ઉપર રાખવું.

કન્યાદાન થયા પછી વરકન્યાને ગણપતિ આગળ કન્યાનું મ્હોં ઉઘાડવા લઇ જવાં. ત્યાં તલ, ચોખા, રાઇ, મીઠું, જીરૂં માપરી, આરસી, કાજળની દાબડી, મીંઢળ, છલ્લા તથા ઠીકરાંની કરવડી તેમાં કાંકરિયું તથા ભાત તથા બે પાતેલાં ચૂને ધોળેલાં પાણી સાથે ઘડી

માંડવા સારૂ એટલાં વાનાં તઇયાર રાખવાં. તેનો વિધિ ગોર કહે તે પ્રમાણે કરવો. ગણપતિ આગળ કોપરાંની બે વાટીમાં નાડાની વાટ મૂકી દીવા કરવા અને તે દરેક વાટી ઉપર અકેકેકી કથરોટ ઢાંકી તે દીવા હોલવી નાંખવા. તે બે કથરોટ ઉપર વરકન્યાને બેસાડવાં અને ગોર વિધિ કરી કન્યાનું મ્હોં ઉઘડાવે પછી કન્યાને મોડબાટડી બાંધવાં અને શોભ ગાવો. હસ્તમેળાપ થયા પછી ઘડીવાળા વાડકામાં ચોખા ભરી તે ઉપર રૂ. ૧) મુકી કન્યાવાળાએ જોશીને આપવો.

ગણુપતિ આગળ વિધિ થઇ રહ્યા પછી વરકન્યા ચોરીમાંઆવે ત્યાં ઘોળેલાં નીસા તથા નીસાતરો તે ઉપર થોડું ભાત તથા જવનું કાંકરીયું ૧ તથા સુપડુ તથા લાંઝાં શેકેલો ભાત તથા પિત્તળની કડછી તથા કન્યાનું પાળેલું પીળિયુ એટલું તૈયાર રાખવું. ચાર મીઢળ તથા ચાર છલ્લા ચોરીએ બાંધવા સારૂ રાખવા સાવધાન વખત બે વર તરફની અને બે કન્યા તરફની સ્ત્રી ચોરી ઝાલી ઉભી રહે તેને આપવા સારૂ ચાર કાંકરિયાં તઇયાર રાખવાં.

પરણી ઉઠયાનો જમાઇને ચાલો રૂ. ૧૫) અથવા રૂ. ૧૩)અથવા રૂ. ૧૧) અથવા રૂ. ૯) એ રીતે શકિત પ્રમાણે કરવો અને શાલના ચાંલા સસરાને તથા બે વડસસરાને તોરણે વરમાને ચાંલા કર્યા હોય તેટલા કરવા. વર તરફથી થડના સગામાં વિધવા આવ્યાં હોય તેને દરજ્જા પ્રમાણે આપવું.

પરણ્યા પછી જમાઇ ચાર દિવસ ખાંડ ખાવા આવે તેને જમવાનું કહેવું. ખાંડ ખાવા ચોરીની જગ્યાએ વરપાટલો માંડી ચાર જુવારાની ટોપલી તથા ચાર કોડીયામાં દીવા મુકી વરપાટલા ઉપર વર તથા કન્યાને મોડબાટડી પહેરાવી બેસાડવી-

કાંચળીની રીત—કાંચળીને આગલે દીવસે સગાંવ્હાલાંએ એકઠાં થઇ છોકરીને સાસરે તથા મોસાળસાસરે કાંચળીનાં નોતરાં કરવા જવું.

નણંદ કાંચળી પહેરાવે તેને રૂ. ૨) આપવા.

વર તરફની મહિયારી છોકરીને તેલ ધાલે તેને અડધો આપવો. સાસુને રૂ. ૨) અને બે વડસાસુને રૂ. ૧) આપવો. કાકીસાસુ, માસીસાસુ વગેરેને તથા સગાંવ્હાલાંને પૈસા લાડુ લાણાની રીત પ્રમાણે આપવા. એ દિવસે માગ્યા પૈસા આપવા નહિ.

છોકરીને મોસાળથી જમાઇને ચાંલ્લો રૂ. ૪) અથવા રૂ. ૨)નો કરવો. છોકરીને છોકરાના મોસાળથી રેશમી પાનેતરનો ચાંલ્લો કરવો. છોકરીને મોસાળથી ગોરદક્ષિણાના રૂ. ૩) આપવા.

એજ દિવસે માતા માંડવાં અને ચાચર પૂજવાં માતા ઉઠે તે દિવસે માતાની ચાર ચાકળીમાંનું પાણી એક ચાકળીમાં એકઠું કરી જેનું અધરણી આવતું ન હોય તેના માથા પર ઢોળવું. અને તેને ચાંલ્લો કરી ખોળામાં નાળીએર એક આપવું,

માંડવને દિવસે પહેરામણીની રીત.

છોકરીને નણંદ તેડવા આવે તેને રૂ. ૨) અથવા રૂ. ૧) આ-પવો. તોરણે જમાઇને પોંખી લઇ વરમાને ચાંલ્લા કરવા, તેમાં સાસુને રૂ. ૪) અથવા રૂ. ૨) અને બે વડસાસુને તેથી અડધું. પોંખતી વખતે લાડુ ખવાડેલો રૂપીઓ વરવાળાને આપવો નહિ.

માંડવ મેહેલ્યાના ચાંલ્લા—પ્રથમ બીજા જમાઇઓને શક્તિ પ્રમાણે ચાંલ્લા કરવા. પછી સાસુ તથા બે વડસાસુને સોપારીની રીત

પ્રમાણે ચાંલા કરવા. હાથા દેવડાવવા બેસે ત્યારે સસરા તથા બે વડસસરાને તેજ પમાણે ચાંલા કરવા અને ચોથું જે બેસે તેને રૂ. ૨) અથવા ૧) નો ચાંલો કરવો.

છોકરીને મોઝાણું આવ્યું હોય તેમાં મોસળ સાસરાનાં મોઝાણાં શિવાય બાકીના મોઝાણાનાં અડધા રૂપીઆ કન્યાના વડીલે પોતાના ગીરોથી પાછા આપવા. એ દિવસે સ્ત્રીપુરૂષોમાં પહેરામણીના પૈસા આપવા. તેમાં જેનાં મોઝાણાં પાછાં આવ્યાં હોય તથા જેને ઉપર મુજબ ચાંલા થયા હોય તે શિવાયનાં સગાંને દરજ્જા પ્રમાણે પૈસા આપવા.

પહેરામણી અપાઇ રહ્યા પછી વરની માને બાજઠ ઉપર બેસાડી છોકરીની માએ હાથમાં નામણુદીવો લઇ વરકન્યાને તેની આસપાસ ચાર ફેરા ફેરવી પગે લગાડવા. ફેરા ફરી રહ્યા પછી નામણુ-દીવો વરની માને આપી દેવો.

✓**વહુવર વિદાય કરતી વખતની રીત**—લાડુ ભરેલો કાંસાનો વાડકો એક તેમાં રૂપીઓ એક રોકડો મૂકી છોકરીના હાથમાં આપવો અને છોકરી તરફના એક છોકરાને જોડે બેસાડવો. તથા ખાટલો પાટી ભરેલો તથા તે ઉપર મશરૂની તળાઇ, તકિયો તથા ગાલમસુરિયાં તથા ચારસો, ગોળો એક તાંબાનો, ચરૂ એક તાંબાનો, કુંડી એક તાંબાની, તામડી એક પિત્તળની, થાળી એક કાંસાની હાથા મારવાના કુંકા સાથેની, વરપાટલો, ચોરીની ટોપલી ચાર જુવારાવાળી, તથા ગોરમા પત્રાવળ ઉપર પૂજેલાં હોય તે પૂજાપા સાથે તથા ગાયના રૂ. ૫) અથવા ૪) એટલું મૂકી વરઘોડા પાછળ મોકલવું. વરવહુને ફુલનો હાર પહેરાવવો.

વરઘોડા ઉતર્યા પછી છોકરીની માએ છોકરીને તેડવા જવું અને લગ્નને દહાડે ગણપતિ આગળ કરવડી મૂકેલી હોય તે તથા વધામણાં

સાથે લઇ જવું. વધામણામાં તલના કાંકરિયાં સાત, ગોળની ઇંડીપીંડી ચાર, ઠીકરાંના કોડીયાંનું સાંપટ એક, સોપારી સાત પૈસા સાત, કુકુ અને ભાત એટલું લઇ જવું અને એ વધામણું વેવણના વધામણા સાથે બદલી લેવું. વરને ત્યાં ગણપતિ આગળ કરવડી મૂકી વરસંચાની તામડી મૂકેલી હોય તે લઇ લેવી અને છોકરીને ઘેર તેડી લાવવી.

માંડવાના જમણની રીત—તોરણે સાસુને રૂ. ૨), બેવડસાસુને તેથી અડધું આપવું સાસુના ઠામ નીચે સાથીઓ પૂરવો. તથા સૂપડું, ઘઉં શેર પાંચ, કુંકાવટી એક, વેલણ એક તથ. રૂ ૧) રોકડો ચાંલ્લો કરી છોકરીની સાસુને આપવું. છોકરી પાસે ન્યાતમા બીડાં અપાવવાં.

વર તરફના ગોરને કન્યાવાળા તરફથી આપવાની વીગત.

ઝાણા વખતે રૂ. ૧) **લગ્ન** વખતે રૂદ્ર કળશનો રૂા. ૧) કન્યાદાનનો રૂા. ૧), **સપ્તપદીનો** રૂા. ૧) પરણી ઉઠયા પછી ગોર દક્ષણાના રૂા. ૨) તથા મોસાળ ગોરને રૂા ૧) **કાંચળી વખતે** રૂદ્રકળશનો રૂા. ૧) સૂરજ પાઠીનો રૂા. ૧) કાંચળીના બીડાનો રૂા. ૦ાા. કન્યાના મોસાળ તરફથી વરવાળાના ગોરને રૂા. ૨) તથા મોસાળ ગોરને રૂા. ૧) **માંડવને દીવસે** ગોરદક્ષણા રૂા. ૨) તથા મોસાળ ગોરને રૂા. ૧)

જોહાળાંના જમણની રીત—સાસુને ચાંલ્લા રૂ ૨) અને બે વડસાસુને તેથી અડધું. જેઠને રૂ ૨) અથવા રૂ ૧) એ પ્રમાણે આપવું. એ દિવસે બીજાં સર્વેને પરસુરણ તથા પૈસા આપવા નાહ.

ત્રીજના જમણની રીત—સાસુને રૂ. ૨) બે વડસાસુ ને તેથી અડધું આપવું અને માસીસાસુ વગેરેને કાંચળીને દિવસે આપ્યું હોય તેટલું આપવું. સસરાને રૂ. ૨). વડસસરાને તેથી અડધું અને બીપુરૂષોમાં દરજ્જા પ્રમાણે પૈસા આપવા.

ધીમના જમણની રીત—ફાગણ વદ પડવાને દિવસે એ જમણ આપવું અને તેની રીત ત્રીજના જમણની રીત પ્રમાણે. તે દિવસે સમી સાંઝે વરકન્યાને ગણપતિ આગળ બેસાડી છોકરા તરફની મહિયારી પસે તેલ ઘલાવવું. તેલ ઘાલ્યાનો અડધો છોકરીને ત્યાંનો હોય તે મહિયારીને આપવો અને મોર દેવો. અને જમાઇને રીત મોકલવી તેમાં લુગડાં, રોકડા રૂ. ૨) પીચકારીના રૂ. ૪) અથવા રૂ ૨) કળશીઆ ચાર અથવા બે તેમા દહીં, દુધ તથા આંબાના પાતરાં સાથે, સીરોટાનો લાડુ એક તે ઉપર રૂ.૦૧) ખાવાનું, ગલાલ, અબીલ, એટલું મોકલવુ.

છોકરીને વાડી ભરે ત્યારે સાસરાની વાડીનું બીડુ રૂ ૧) મોસાળ સાસરાની વાડીનો અડધો, નણંદની વાડીનો અડધો, ઘરની વાડીનો અડધો, એટલાં બીડાં છોકરીને સાસરે આપવાં.

વૈશાખ શુદ ત્રીજને દિવસે અખાડ ત્રીજના હાર ઘલાવવાની રીત.

છોકરીને ત્યાંથી એક બે સ્ત્રીએ એ રીત અપાવવા જવુ અને સાસુ વગેરે ત્યાંના ઘરની સ્ત્રીઓને અકેકી ફૂલમાળા આપવી તથા સાસુને રૂ. ૧), બે વડસાસુને તેથી અડધું, ઘરનાં સઘળાં બઇરાંને સંબંધ પ્રમાણે તથા બીજાં સગાંવ્હાલાંને વ્યવહારના પૈસા આપવા ને શક્તિ પ્રમાણે થડે થડે અથવા બધાંના આપવાં.

આણાંને દિવસે છોકરીને તેડવા બે છોકરાને મોકલવા.

છોકરીને મૂકવાને તેની નણદ આવે તેને રૂ. ૨) અથવા રૂ. ૧) આપવો.

છોકરીને માથું ચોળીને સાસરે મોકલવી.

જેઠ સુદ બારશને દિવસે કરવડા બારસની રીત છોકરીને સાસરેથી આવે તેને બીડાનો રૂ. ૧) આપવો.

સોળવણુની રીત—સાસુને ચાંલ્લો રૂ. ૨) અને બે વડસાસુને તેથી અડધો કરવો. જમાઇને પચાસ કેરી, સાસુસસરાને ત્રીસ, વડસસરા તથા વડસાસુને વીસ, અથવા શકિત પ્રમાણે આપવી.

જેઠ વદ અમાસને દિવસે વડસાવિત્રીની રીત—ટોપલામાં ઘઉં શેર દશ, મોગચણા શેર પાચ, ગોળ શેર પા. કલેકું એક, પાટો એક રેશમી રાતો, અડધો રૂપીઓ રોકડો એટલુ છોકરીને સાસરે મોકલવુ. વડ પૂજવા જાય ત્યાં જમાઇને રૂ. ૪) અથવા રૂ. ૨) નો ચાંલ્લો કરવો અને છોકરીને લૂગડું કસબી કોરનું આપવું. તે લૂગડુ પાનેતર તથા મોડધાટડી ઉતારીને પહેરવુ. વડ પુજવા જતાં પહેલાં છોકરીનું માથું ચોળીને સાસરે મોકલવો.

અખાડ વદ અમાસને દિવસે જેવંત્રીની રીત—વડસાવિત્રીની રીત પ્રમાણે છોકરીને સાસરે ઘઉં વગેરે મોકલવું અને છોકરીનું માથુ ચોળી સાસરે મોકલવી.

કાજળી વગેરેનો ફરાળ છોકરીને સાસરેથી આવે તે દરેક ફરાળ વખત રૂ ૨) અથવા રૂ. ૧)નું બીડું આપવું.

શ્રાવણ સુદ પુનેમે બળેવની રીત. જમાઇને લુગડાં તથા રૂ. ૨) તથા બરફીની માટલી એટલું આપવુ

હારપાન આવે ત્યારે આના ચાર અથવા આના બે આપવા.

ભાદરવા સુદ સાતમને દિવસે અમકારીઆ સાતેમની રીત—એ રીત લઇને આવે ત્યારે સાસુને રૂ. ૧) અને બે વડસાસુને અડધો અને સર્વેને સંબંધ પ્રમાણે પૈસા આપવા.

આસો સુદી પુનેમને દિવસે ધોબાની રીત આવે તેનાં બીડાનો રૂ. ૧) આપવો. છોકરીને સાસરે મોકલતાં પહેલાં માથું ચોળી સણગારવી.

દીવાળીના રીતનું જમાઇને ખાવાનું તથા આતશબાજી મોકલવાં.

સંક્રાતને દિવસે ગોએતું કોસણવાની રીત—દેહપિંડ આપવા. તેમા ગોળપાપડી ભરેલું પાતેલું એક, કાંસાનો વાડકો એક ઘી ભરેલો. તામડી એક દુધ ભરેલી, સોનાના દેહપિંડના રૂ. ૨), રૂપાનાં દેહપિંડનો રૂ. ૧, તાંબાના દેહપિંડનો અડધો, ગોળ શેર પાંચ સોપારી શેર પાંચ. બદામ શેર પાચ, ખારેક શેર ૫, ખાંડ શેર પાંચ, કેળા નગ પંદર, શેરડી નંગ દશ, એ રીતે તેર દેહપિંડ આપવા તે મધ્યે પાતેલામાં રૂ. ૧), વાડકામા અડધો, અને તામડીમાં પાવલું મૂકવું સોના, રૂપા તથા તાંબાના દેહપિંડમાં કંઇ મૂકવું નહિ અને તે સિવાય બાકીના સાત દેહપિંડમાં બબે આના મૂકવાં. પાતેલું સાસુને, વાડકો દિયરને અને તામડી મોસાળ સાસરે આપવી. સંક્રાતની રીતનું જમાઇને ખાવાનું મોકલવું

ગોએતું ન કોસણાવે તો દેહપિંડ આપવો, તેમાં કેળાં નંગ પચીસ, નાળીએર એક તથા રૂ. ૧) આપવો.

બીજા વર્ષની રીત.

હોળી તથા બળેવે જમાઇને પાઘડી આપવી.

બીજા વર્ષની સંક્રાંતથી દર વર્ષની સંક્રાતે એક દેહપિંડ ગોળ સોપારી વિગેરે વસ્તુનો અપાવવો. તેમાં રોકડો રૂ. ૧) અથવા અડધો આપવો.

પ્રકરણ ૪થું.

છોકરીને કાળો થર પહેરાવવાની રીત

પરણ્યાથી એકીના વર્ષે છોકરીને કાળો થર પહેરાવવો અને સાસુ સસરા જે મોટાં હોય તેને પગેલાગણું અપાવવું. તેમા સાસુસસરા દરેકને રૂ ૧) કાકાસસરા, મામાસસરા, જેઠ, કાકીસાસુ, મામીસાસુ, ફોઇઅણુસાસુ, જેઠાણી તથા મોટી નણદ વગેરે મોટાને અડધો, પવલી, અથવા બે આની એ રીતે દરજા પ્રમાણે આપવુ

પ્રકરણ ૫ મું.

સીમંતની રીત આગળ પ્રમાણે થતી નથી તેથી ટુંકામાં લીધી છે

છોકરીના પિયર તરફની—રાખડીને દહાડે છોકરીના પિયરીઆંએ છોકરીને શણગારવા તેને સાસરે સગાને તેડીને જવુ.

રાખડી વખત લુગડું, કાંચળી અથવા રોકડા રૂપીઆનો છોકરીને ચાંલો કરવો.

કર્માન્તર વખતે જમાઇને રૂ. ૧૧) કે ૩ ૯) કે રૂ ૭) કે રૂ. ૫) નો ચાંલો કરવો અને છોકરીને રાખડી કરના હલકા લુગડા કાચળીનો ચાંલો કરવો. દિયરને બુસટ મારવાના રૂ. ૨) અથવા રૂ ૧) આપવો. ગોરદક્ષિણાના રૂ. ૩) આપવા. પણુજવારનો અડધો આપવો.

બીજે દિવસે સવારે છોકરીને તેડવા બે છોકરાને મોકલવા.

છોકરા તરફની રીત.

રાખડીને દિવસે વહુનો ખોળો ભરવો તેમાં રૂ. ૫૧) અથવા શક્તિ પ્રમાણે આપવું. કસુંબું કસબી તથા લીલી ચોળીનો ચાંલો વહુને કરવો. અને નણંદ પાસે રાખડી બંધાવવી

રાખડી, બે મણકા તથા માદળિયું મોતીએ, પોવડાવી રેશમી રાતે દોરે ગંઠાવી તે તથા કાળા રેશમી કકડામાં ચાર ચકલાની ધૂળ, હરમાનની મળી તથા બીલબીભૂતી મૂકી તેને ચોખંડું સીવી લેવું. તેને રાતા રેશમને દોરે ગાઠવુ. એ રીતની બે રાખડી વહુના જમણા હાથને કાડે બાધવી તેમાં હરમાનની મળીવાળી રાખડી અગીઆરમે વાસે નાહતી વખત છોડી નાંખવી. ત્યાંસુધી છોડવી નહિ.

વૃદ્ધશ્રાદ્ધ તથા ગણપતિપૂજન મુહુર્તના દિવસે જનોઇના પ્રકરણમાં લખેલી રીત પ્રમાણે કરવાં તથા માતા માંડવાં.

કર્માન્તર વખત સાસરીઆંએ વહુને તેડવા જવું અને સાથે પાટ તથા મોડ તથા પસલીનો સામાન લઇ જવો. પાટનો ચાંલો કરી તે પાટ પહેરાવવો તથા પસલી ભરાવવી. પસલીનો સામાન લગ્નના પ્રકરણમાં લખ્યા પ્રમાણે.

બીજે દિવસે વહુને પિયરથી બે છોકરા વહુને તેડવા આવે તેને એકેકું નાળિએર આપવું અને વહુને વાસી મોહે પિયર મોકલવી.

વહુને વળાવવા રીત.

વહુને નવમો મહિનો બેઠા પછી વળાવવાની રીત કરવી. તે વખત ચાંલો કરી તેને રૂ. ૪) અથવા રૂ. ૨) આપવા.

પ્રકરણ ૬ ઠું.

છુટા છેડા થયેથી કરવાની રીત.

છોકરા તરફની.

છુટાછેડા થયાની વધામણી લાવનારને છોકરો આવ્યો હોય તો રૂ ૧) અને છોકરી આવી હોય તો અડધો આપવો. છોકરો આવ્યો હોય તો છોકરાના બાપને કુંડીએ નવડાવવો. કુંડીમાં પાણી તથા દહીં, દૂધ નાંખી છોકરાની બહેન નવાડે તેને શક્તિ.પ્રમાણે આપવું. એ દિવસે ગીત ગવાડવા.

વેવાઇને ત્યા જોના તેડે તો સર્વ સગાવ્હાલાને તેડીને બૈરાંએ જવું.

વધાવ્યાની રીત.

પાંચમે વાસે વધાવવા તેડે તો સર્વ સગાંવ્હાલાંએ એકઠાં થઇ જવું અને સાથે સુંઠ, ખારેક, કોપરાં, બદામ, પસ્તાં, ચારોળી અને ગોળ એટલું શક્તિ પ્રમાણે લઇ જવું. છઠ્ઠીનો સામાન પણ તેજ દિવસે લઇ જવો. તે સામાનમાં નાળિએર એક, પૈસા સાત, પાન સાત, સોપારી સાત, રાતો ગજીનો કકડો ગજ સવા, રોકડો રૂ. ૧) એટલું લઇ જવું. સોનારૂપાનાં ફૂલ તથા દ્રોમોગરાંએ બાળકને વધાવવું અને એ દિવસે પણ ગીત ગવાડવાં.

છઠ્ઠીની રીત.

એ દિવસે જે છોકરૂં આવ્યું હોય તેની ફોઇએ છઠ્ઠી પુજવા જવું. અને રાત્રે જનમરાસ ગવાડવો. છોકરૂં આવ્યું હોય તેના મામાને જનમરાસ વખતે ચાંલો કરી રૂ. ૨) અથવા રૂ. ૧) આપવો અને

જનમરાસ ગાનાર બ્રાહ્મણુનાં આવ્યા હોય તે ગાઇ રહે ત્યારે મુખ્ય ગાનારીને ચોખા શેર પાંચ, નાળિયેર એક અને રોકડા રૂ. ૨) આપવા. તે ગાનાર બે જણુ હોય તો દરેકને એકેક રૂપીઓ આપવો.

અગીઆરમે વાસે છોકરાના બાપે ઉપર લખ્યા પ્રમાણે કુંડીએ નાવું અને પોતાને ઘેર ગીત ગવાડવાં તથા કંસાર કરવો. મહિનાની અંદર સારો દિવસ જોઇ વહુને પગ ઘાલવા તેડવી અને તે દિવસે કંસાર કરવો.

ઝોળીની રીત.

બારમે વાસે સર્વેએ મળી ઝોળી કરવા જવુ. ફોઇ વગેરે સંબંધીએ છોકરાને સારૂ શકિત પ્રમાણે લુગડાં તથા ઘરેણુ લઇ જવું. અને બીજાં સગાંએ પણુ વ્યવહાર પ્રમાણે લુગડાં લઈ જવાં તે શિવાય હાથેપગે, કેડે તથા ડોકમાં બંધાય તેવા સુંસુરના બાર તારના દોરા કુંકાએ ખરડીને લઇ જવા અને ઘરેણું પહેરાવતાં પહેલા તે દોરા અડકાડવા અને આગળ સીમંતના પ્રકરણુમાં મળીની રાખડી લખીછે તેવા બાળારખી લઇ જઇ છોકરાના ડોકમાં ઘાલવી.

વહુ ઘેર આવે ત્યારે એકલુ ઘોડિયું હોય તો તે ઉંચકી લાવનારને આના બે, અને ઘોડિયું પારણું બે વાના હોય તો આના ચાર આપવા.

પહેલે ખોળે છોકરી આવે તો ગીત, જનમરાસ, તથા કુંડીએ નાવાની રીત કરવી નહિ. એ શિવાયની રીત કરવી.

છોકરીને ત્યાંની રીત.

છોકરીના છુટાછેડા થાય ત્યારે તેને સાસરે વધામણી મોકલવી. સાસુ જોવા આવે તેને માદરસાડીના ચાંલાના રૂ. ૪) અથવા રૂ. ૨) આપવા.

જોવા તેડવાની રીત કરીને જોવા તેડયાં હોય તે વખત સાસુને ફરી આપવું નહિ પણ જે બીજાં જોવાં આવ્યાં હોય તેને બે આની વગેરે સંબંધ પ્રમાણે તથા બીજા સગાં જે આવ્યા હોય તેને પૈસા આપવા.

વધાવવાની રીત.

પાચમે વાસે સૌને વધાવવાં તેડવાં. તે વખત સાસુને ચાલાના રૂ. ૨) અથવા રૂ. ૧) અને બીજા સગાને ઉપર લખ્યા મુજબ પૈસા આપવા. સોનારૂપાના ફૂલ તથા દ્રો મોગરાથી છોકરાંને વધાવવું તથા ગીત ગવાડવાં.

છઠ્ઠીની રીત.

છઠ્ઠી પૂજવાનો પાટલો ચીતરાવવો અને છોકરો આવ્યો હોય તો છોકરીના સાસરીયંને જમવા તેડવા. જે છોકરૂં આવ્યું હોય તેની ફોઇ છઠ્ઠી પૂજે તેને રૂ. ૨) અથવા રૂ. ૧) આપવો. જનમરાસ ગવાય તે વખતે જાગરણ ઉઠયાનો સાસુને ચાંલો રૂ. ૨) અથવા રૂ. ૧) નો કરવો.

અગીઆરમે દહાડે જમાઇ કુડીએ ન્હાય તેને રૂ. ૨) અથવા રૂ. ૧) ચાલો કરવો.

ઝોળીની રીત.

બારમે વાસે છોકરીના સાસરીઆને ઝોળી કરવા તેડવાં. તે સર્વે ને પહુંવા, પતાસાં અને કોપરૂં આપવું. ઝોળી કરવી તે શાલની કરી તેમાં આવેલાં બાળકની ફોઇએ તે છોકરાંને સુવાડવું. અને તે ઝોળી ચાર છોકરાએ ઝાલવી અને નામ પાડયા પછી તે છોકરાંને તેની માએ લઇ ઝોળીમાં છઠ્ઠીપૂજામાં નાળીએર હોય તે નાળીએર મુકવું અને તે નાળીએર તે છોકરાંની ફોઇએ લઇ લેવું. છોકરાંને ઘરના લુગડાં કરે તેના રૂ. ૨) અથવા રૂ. ૧) આપવે. અને ફેઇ વગેરેનાં લુગડાં હોય તે દરેકને અડધો આપવો.

વળાવવાની રીત.

છોકરીને વળાવે ત્યારે ઘોડિયુ, પારણું, ગોદડિઓ, તકિયો, ગાલ અસુરીયાં તથા ઝોળી વાલીઆ સાથે, છોકરાને લુગડાં તથા ઘરેણાં શક્તિ પ્રમાણે તથા છોકરીને લૂગડું સાધારણ એટલું સાથે આપવું. છોકરીની સાસુને પગે લાગ્યાનો રૂ ૧) છોકરીની પાસે અપાવવો.

પહેલી છોકરી હોય તો પારણુ આપવું નહી.

પ્રકરણ ૭ મું.

બોટણુની રીત.

છોકરાંના બાપના તરફની.

આવેલાં છોકરાંને મોસાળથી રૂ. ૧) અથવા અડધો આવ્યો હોય તેણે વતી રોકા પાસે છોકરાંને બોટણુ કરાવવું અને તે રૂપીઓ અથવા અડધો રોકાને આપવો.

મોસાળ તરફની.

થાળી એક કાંસાની, વાડકી એક કાંસાની, કસલી એક, રૂ. ૧) અથવા અડધો રોકડો, લુગડાં અથવા રોકડું એટલું છોકરીને સાસરે મોકલવું

ઘીમની રીત.

છોકરાંના બાપ તરફની.

ફાગણ શુદ બારસને દિવસે છોકરાંને મોસાળથી આવેલા અડધાવતી ફોઇ પાસે છોકરાને તેલ ચલાવવું. તે અડધો ફોઇને આપવો.

ફાગણ વદ પડવાને દિવસે ફોઇ પાસે છોકરાને મોહોર દેવાડવો.

છોકરાંના મોસાળ તરફની.

ફાગણ શુદ બારસને દિવસે ખાવાનું, સીરોટો, તે ઉપર અડધો રૂપીઓ, કસલી એક, તેમાં દહી, દૂધ તથા આંબાનાં પાતરાં તથા છોકરાંને લુગડાં અથવા રોકડું એટલું મોકલવું.

પ્રકરણ ૮ મું.

પરચુરણ બાબતો.

કુંવારૂં જમણ આપવાની રીત.

લગ્ન, જનોઈ હોય એવે પ્રસંગે જે છોકરીનો વિવાહ મળ્યો હોય અને પરણી ન હોય તેને સાસરે કુંવારાં જમણનાં નોતરાં કરવાં. જમણ લેવા આવે ત્યારે ચાંલા કરવા, તેમાં

સાસુને રૂ ૨), સસરાને રૂ. ૨), વડસાસુ હયાત હોય તો તે દરેકને રૂ. ૧), જમાઇને રૂ. ૨), કાકીસાસુ, મામીસાસુ વગેરેને બે બે આની, અને જમવા આવ્યાં હોય તે બીજાં સગાંને પૈસા. એ દિવસે માંગ્યા પૈસા આપવાનો ધારો નથી.

વેહેવાણું આપવાની રીત.

લગ્ન, જનોઇ વગેરે પ્રસંગે પરણેલી છોકરીને સાસરે વેહેવાણું આપવાના નોતરા કરવામા આવે છે તે વખતે ચાંલા કરવા, તે કુંવારાં જમણની રીતમા લખ્યા પ્રમાણે કરવા

ખારેકકોપરાંનો હાર કરવાની રીત

એક હાર કરવો હોય તો તેને સારૂ નાનામાં નાની નાળીએરની ગોટી એક, ખારેક બાર, સોપારી તેર, લેવાં અને કોપરાના કકડા છોલી ગોળ કરી તેના સાંપટ બાર કરવાં અને ધોળા, રાતા, પીળા તથા લીલા કાગળની ચકતી ગોળ કાંગરાવાળી કરાવી મંગાવવી. મહુડા, જવ, જનોઈના જોટા બે, સેઇઆ બે, મોટી સેયબે, એટલો સામાન તયાર કરી તે મધ્યેથો ગોટી, સોપારી, ખારેક અને સાંપટને વિંધાવવાં અને જવને હાર પોવાને આગલે દહાડે પલાળી મૂકવા. ગોટીને ગુંદરવતી સુનાના વરખે મઢવી, સોપારી સાત સુનેરી વરખે અને ૭ રૂપેરી વરખે મઢવાં, ખારેક તથા સાંપટ ૭ સુનેરી અને ૭ રૂપેરી વરખે મઢવાં. મહુડાં અઠયાસી સુનેરી, અને એકસો છોતેર રૂપેરી વરખે મઢવાં, અને જવ એકસો છોતેર રૂપેરી વરખે મઢવા. જનોઇના જોટામાંથી ચાર સેર કરવી પહેલી મધ્યમાં મઢેલી ગોટીચારે સેર એકઠી કરી તેમાં

પરોવવી. તેની પાસે બન્ને બાજુએ ચાર સેર એકઠીમાં ચાર રંગની ચકતી પોવી. તેમજ ચાર સેર એકઠીમાં ખારેક સુનેરી, તેની પાસે ચારે રંગની ચકતી, તેની પાસે સાંપટ સુનેરી, તેની પાસે ચાર રંગની ચકતી, તેની પાસે સોપારી સુનેરી, તેની પાસે ચાર રગની ચકતી, પછી ચાર સેર છુટી પાડી તે દરેક સેરમાં રૂપેરી મહુડાં અગિયાર અ-ગીયાર પરોવવાં. પછી પાછી ચાર સેર એકઠી કરી તેમાં ચાર રંગ-ની ચકતી પોવી. પછી ઉપર લખ્યા પ્રમાણે રૂપેરી ખારેક તથા સાંપટ તથા સોપારી અને દરેકની વચ્ચે ચાર રગની ચકતી એ પ્રમાણે પોવું. પછી ચાર સેર છુટી પાડી દરેક સેરમાં રૂપેરી જવ નવ નવ પોવા પછી ચાર સેર એકઠી કરી ચાર રંગની ચકતી પો-ઇ ઉપર પ્રમાણે સુનેરી ખારેક વગેરે ચાર રંગની ચકતી સહિત પોવાં. પછી ચાર સેર છુટી પાડી દરેક સેરમાં સુનેરી મહુડાં અગી-આર અગીઆર પોવા. પછી ચાર સેર એકઠી કરી ચકતી પોઇ ઉપર પ્રમાણે ખારેક વગેરે રૂપેરી સામાન પોવો. પછી ચાર સેર છુટી પાડી દરેકમાં રૂપેરી મહુડાં અગીઆર અગીઆર પોવાં પછી સેર એકઠી કરી તેમા ચકતી તથા ઉપર પ્રમાણે સુનેરી સામાન પોવો. પછી ચાર સેર છુટી પાડી દરેકમાં રૂપેરી જવ નવ નવ પોવા. અને પાછી સેર એકઠી કરી તેમાં ઉપર પ્રમાણે ચકતી તથા રૂપેરી ખારેક વગેરે પોવાં. એ પ્રમાણે ગોટીની બન્ને બાજુએ પોઇ રહેથી બે છેડા એકઠા કરી તેમા મેર તરીકે બાકી રહેલું સોનેરી સોપારી પોવું તે ઉપર જનોઇના છેડાની ગાંઠ વાળી તે ગાઠને વરખે મઢવી.

શુભ્ર કાર્ય કરવાની સઘળી જગ્યાએ સાથીઆ પુરવા. પરણ્યા પછીની પહેલી બળેવે વરનો ગોર છોકરીને રાખડી બાંધવા આવે

ત્યારે ગોરને અડધો અને મોસાળગોરને પાવલું દક્ષિણા આપવી. અને કન્યાને ત્યાંના ગોર છોકરાને રાખડી બાંધવા આવે ત્યારે ગોરને રૂ. ૧) અને મોસાળ ગોરને અડધો દક્ષિણા આપવી.

પરણ્યા પછી છોકરીને સાસરે પહેલું શ્રાદ્ધ કરવામાં આવે ત્યારે છોકરી પાસે પણુજવારમાં અડધો કરાવવો અને મોસાળસાસરાના શ્રાદ્ધમાં ચાર આના કરાવવા.

વધામણું લઇને જે ગોર આવે તેને દરેક વખતે એક આનો અને રીત લઇને ચાકર આવે તેને દરેકને અડધો આનો આપવો.

લગ્ન તથા જનોઇના પ્રસંગે પાપડ વણવા. વડસાવિત્રી ગયા પછી વરવાળાએ છોકરીનાં ત્રણે પાનેતર મંગાવી લઇ વહુને પહેરવા સારૂ રંગાવી આપવાં.

ચાંલાવ્રત કરાવે તો તેની રીત.

પરણ્યા પછી પહેલી સંક્રાંતે ગોએતું કોસણે તે દીવસથી દરરોજ બીજા વર્ષની સંક્રાંત સુધી તેર સોવાસણ ઓને છોકરીએ ચાંલા કરવા. કોઇ કારણથી ચાંલા પડે તેટલા ચાંલા બેવડા કરવા પછી બીજા વર્ષની સંક્રાંતે કુંકાવટામાં કુંકું અને રૂ ૧) અથવા અડધો મૂકી સાસરે આપવું અને લાકડાની અથવા કાચની તેર ચલાણીમાં કુંકું તથા એકેક ચાલો મૂકી તેર પરણેલી છોકરીની આપવી

પ્રકરણ ૯ મું.

છોકરાનાં લગ્ન તથા જનોઈનાં ગીત
પીઠી તથા ભોગવેસણ વખત.
કુંકુંના છડા.

૧

કુંકુંના છડારે દેવાડીએ, મોતીના ચોક પુરાવો,
કુંવર[1] પરણાવીએ.
સેવના પાટ મંડાવીએ, લીલડે નેત્ર ઓછાડો. કુ
ઘીઅના દીવા અજવાળીએ, નાળીએરે અરઘ દેવાડો. કુંવર
મોધરડારે તમે...........દેશી તે દેશજ ચાર. કુવર
ઉત્તર દક્ષણ પુરવ, પશ્ચિમ સોતજ ચાર, કુવર
મોધરડારે તમે........દેશી તે દેવ છે ચાર, કુવર.
વિશ્વનાથ ત્રંબકનાથ ગદાધર, ભોળેશ્વર સોતજ ચાર. કુંવર.
ઇત્યાદિ.. કુંવર.
તમારીરે પાઘડી,[2] બાંધી છે રક્ષા ચાર. કુંવર.
ધર્મ રક્ષા, કર્મ રક્ષા, પુત્ર રક્ષા, આયુષલખ્યારે લેલાટ કુંવર.

મંડપ મુહુર્ત વખત ગાવાનું.

૨

સુકેડનારે વૃક્ષ વ્હેડીએ રે, એને માંડવે કોણ કોણ તેડીએરે
એને માંડવે ગણપતિ તેડીએરે, ગણપતિ સર સાથે સિ

તેઓ સર સાથે લક્ષ લાભ લાવશેરે

---

૧ છોકરી હોય તો કુંવરને ઠેકાણે 'લ
'લાડકડોરે મુજીયો,' ૨ કન્યા હોય તો 'ચાટ

પીઠી વખત ગાવાનું.

૩

કુંકાનો છોડ, સોહેરે રાતોરે મેં તો નિરખીઓ.
..તમને ચાંલ્લો કરેશ, આજ મારે ઘેર સોહેળો.
ર અળધીનોરે છોડ, સોહેરે પીળો મેં તો નિરખીઓ.
..તમને પીઠી ચોળેશ, આજ મારે ઘેર સોહેળો
નાને નાગરવેલીનો છોડ, સોહેરે ધોળો મેં તો નિરખીઓ.
........તમને બીડલાં આપેશ, આજ મારે ઘેર સોહેળો.
ળો ધોળોરે મોગરાનો છોડ, સોહેરે ધોળો મેં તો નિરખીઓ.
ગોરા.........તમને હાર ઘાલેશ, આજ મારે ઘેર સોહેળો
મ્હોટા મ્હોટારે નાળીએરીનો છોડ, સોહેરે મ્હોટારે મેં તો
નિરખીઓ.
ગોરા તમને પસલી ભરેશ, આજ મારે ઘેર સોહેળો.
સોહેળડોરે શીળા માડવા હેઠ, આજ લાડકડાએ આણીઓ.

૪

નગર ભલાંરે ત્રંબાવતી, કેળ બીજોરાની વાડીરે.
સીંઘાસણ રૂડાંરે વિશ્વનાથ તણાં, ચોપાસ રચી પરવાળીરે.
રને રૂડાંરે જે ઘેર મીઠાં બોલી નારરે
તમે ભાગ્યશાળી છો, લાખેણા પહેરજો ચીરરે.
યુ આસન બેસશે, સુરત નગરીના રાયરે.
ણુ કોણુ રાજીઆ, કોણુ રાયની વરતે છે આણુરે.
...રાજીઆ,.........ની વરતે છે આણુરે.
પંભાતની, ગોળ મોઘો ગુજરાતરે.
માળવે, જીરૂં તે દખણીને દેશરે.

કુંવર મોધારે......તણા, પરમર્યા પનોતીનાં પેટરે.
તેલ આણોરે વડાગરા, તેના ચુકાવજો દાણરે
સુનારૂપાંના કંચોળડા, માંહેરે મોગરેલનાં તેલરે.
બાપ પનોતારે... ..,માડી ચડાવે છે તેલરે.
સુનારૂપાનાં કંચોળડાં, માહેરે ગુલાબનાં તેલરે.
મામા પનોતારે......,મામી ચડાવે છે તેલરે,
સુનારૂપાનાં કંચોળડાં, માંહેરે જાવંત્રીનાં તેલરે.
ફુઆ પનોતારે......,ફોઇ ચડાવે છે તેલરે.
સુનારૂપાનાં કંચોળડા, માહેરે એલાએચીના તેલરે.
બનેવી પનોતારે......,બ્હેન ચડાવે છે તેલરે.
નાગફેણરે અંબોડલા, નવગ્રહે જડીયા છે ખાપરે.
જાતાને રાયરાણે પુછ્યું......,ના બાપરે,
નાગફેણારે અંબોડલા, નવગ્રહે રચી પરવાળીરે,
જાતા ને રાય રાણે પુછીઉં... ..માડીરે.
ઇત્યાદિ........ .. ..

અળધી.

૫

બાઇરે સરશત સામને વિનવું, બાઇરે ગણપતિ લાગવું પાય,
કુંવરકું અળધી ચઢે.
કુંવર મારો લાલ ગુલાબ, કુંવરકું અળધી ચઢે.
બાઇરે અળધીરે અળધીરે અળધલી.
બાઇરે અળધીનું મોઘું છે મુલ, કુંવરકું અળધી ચઢે
કુંવર મારો બાળેવેશ કુંવરકું અળધી ચડે
બાઇરે અળધી તે કોણેને મુલવી, બાઇરે કોણેને ખરચ્યાછે દામ કુંવરકું
કુંવર મારો ચતુર સુજાણ, કુંવરકું અળધી ચડે.
બાઇરે અળધી તે[૧] .....મુલવી, બાઇરે... ખરચ્યાં છે દામ કુંવર.

---

૧ મામાનું નામ ગાવું.

કુંવર મારો કોડીલો કહાન, કુંવરકું અગાધી ચડે.

પીઠી.

૬

પીઠી ચોળોને પંચકલ્યાણી, પીઠી કયેરે મુલકથી આણી.
પીઠી અમદાવાદથી આણી, પીઠી સુરતમાં વેચાણી.
પીઠી પાવલાની પાશેર, પીઠી અડધાની અચ્છેર.
પીઠી રૂપિયાની શેર, પીઠી આણી અમારે ઘેર.
પીઠી સમરથ મામા અણાવે, પીઠી મામીને માસી ચડાવે.
પીઠી કેળવી કીધીરે ધાડી, પીઠી ચોળે લાડેકડાની માડી.
પીઠી કુંકાકેરી જેણ, પીઠી ચોળે લાડેકડાની બ્હેન.
પીઠી રૂપા વાડકે ઘોળાએ, ગોરા......ને અંગે ચોળાએ.

પ્રભાતીયાં.

૭

રંગરાતી મદમાતી માળેણુ મહારા વચન સુણો.
તમને......બોલાવેરે માળેણુ બોલડા દોની.
રૂડાં ચાંપલીઆં ચુંટીનેરે, માળેણુ ચોસેર ગુંથો.
રૂડાં મોગરડાં વેડીનેરે. માળેણુ ગજરાં ગુથો.
રૂડાં દીવાને અજવાળેરે, બેસીને ચોસેર ગુંથો.
રૂડાં ચાંદાને ચાંદરણે, બેસીને ચોસેર ગુંથો.
વચ્ચે જાળી પરવાળીરે, મુકીને ચોસેર ગુંથો.
મારા લાડેકડાની સાસુરે, ચોસેર જોવાને આવી.
મારા ચોસેરને શું જોશોરે, ચોસેરે રચીઆ છે ખાપ,

ચોસેર હોંસેને લઈ આવ્યા લાડેકગના...બાપ.
મારાં ચોસેરને શું જોશોરે ચોસેરે ખીલી છે વાડી,
ચોસેર હોંશેને લઇ આવ્યા લાડેકડાની...માડી.
ચોસેર સોહીએરે...વહાલાને ચોસેર સોહીએ,
ચોસેર સોહીએરે... બ્હેનના વીરાને ચોસેર સોહીએ.

૮

સુરજ ઉગ્યારે કેવડીઆની ફુણગે કે વ્હાણુલાં ભલે વાયાંરે.
સુતા જાગોરે જસુદાના નંદ કે વ્હાણુલાં ભલે વાયાંરે.
તમ જાગેરે જાગે સહુ દેવ કે વ્હાણુલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે દાતણ ઝારી કે વ્હાણુલાં ભલે વાયાંરે.
દાતણ કરજોરે તુળસીને કયારે કે વ્હાણુલાં ભલે વાયાંરે.
મુખ લ્હોજોરે પામરીઆને છેડે કે વ્હાણુલાં ભલે વાયાંરે.
લેજો લેજોરે શ્રી રામનાં નામ કે વ્હાણુલાં ભલે વાયાંરે.
(આના પછી ઘરના છોકરાનું તથા જમાઇનું નામ ગાવું.)

પોપટો.

૯

ઉંચો ચોરોરે ચોતરો, ત્યાં ઉગ્યો ચંદનનો છોડકે,
કદળી વનનોરે પોપટો.
ત્યાં આવી પોપટજીરે બોલીઆ,
જગાડયા ચારજ દેવ, કદળી વનનોરે પોપટો.
કાશીમાં વિશ્વનાથ જાગીઆ, ગયામાં ગદાધર દેવ,

કે કદળીરે વનનો પોપટો.
સિધનાથમાં સિધ્ધેશ્વરરે જાગીઆ, સુરતમાં હાટકેશ્વર દેવ,
કે કદળીરે વનનો પોપટો.
ચારોએ જાગીને શું કર્યાં, રાખ્યો રૂડો દ્રવ્યનો રંગ,
કે કદળીરે વનનો પોપટો.

કુકડો

૧૦

જીરે મેરે કુકડો વાર વાર્યો, સવાર વાર્યો,
મ્હારૂં વાર્યું નવ કરે.
પરભાતે ઉઠી મારે મંદિર આવે. સુતા વીર જગાડવા.
જીરે પહેલેને—રે જાગીઆ, જીરે બીજેને—વીર, ભલોરે
રણછોડ રાયનો કુકડો.
જીરે અગણેને—જાગીઆ, જીરે ચોથેતે—રે વીર, ભલોરે.
જીરે ચારોએ જાગીને શું કીધું, જીરે રાખ્યા રૂડાં મંડપના
રંગ, ભલોરે.

૧૧

જીરે માણેક ચોકમાં ચાંપલો, તેની ડાળ નમી નમી જાય,
એ ડાળે રામચંદ્ર બેસશે
જીરે બેઠા બેઠા એ તો એમ ભણે, જીરે કોઇ મને લંકા દેખાડે.
તેરે સીતાજીને મેળવે.
જીરે નહી મ્હારે સગું ને સાથવું, જીરે નહી મ્હારે માડીજાયો વીર,
તેરે સીતાજીને મેળવે.
તમારે હનુમંત સગા ને સાથવા, તમારે લક્ષ્મણ માડીજાયા વીર,
તેરે સીતાજીને મેળવે.

૧૨

રૂડે પ્રભાતને પહોર ,દેવકીએ દાતણ માગીઆં.
માગ્યાં માગ્યાં તે વાર બે ચાર, રૂક્ષ્મણીએ શબ્દ ન સાંભળ્યા.
રૂડાં પાનનાં બીડલાં હાથ, મેડીએથી શ્રીકૃષ્ણ ઉતર્યા.
મ્હારા વ્હાલા ઓ બળીભદ્ર વીર, ગંગાને તીરે ઘર કરો.
ત્યાં તો રાખોને રૂક્ષ્મણી નાર, જેણે આપણી માતાને દુભવ્યા.
સ્વામી શો રે અમારો વાંક, શારે કારણે અમે જુજવાં.
ગોરી તું મહારો હૈયાનો હાર, તેં મહારી માતાને દુભવ્યાં.
રેહેજો રહેજોરે માસ બે ચાર, ત્રીજે માસેરે આણા મોકલું.

ગજરો.

૧૩

માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો.
        તારા ગજરાનો માનીશું મજરો—માલણ.
તારા ગજરાનું આપીશું મુલ, માંહે ગુંથજે ગુલાબનાં ફૂલ,
જે તું કહીશ તે કરશું કબુલ—માલણ.
જેવી હોય તારી ચતુરાઇ,
તેવી કરજે તેની સરસાઇ,
        કાંઇ બાકી ન રાખીશ બાઈ—માલણ.
એવી કરજે કારીગીરી એમાં,
મુહિત હોય જોવા જેવી જેમાં,
        મોહ પામે મુનીવર તેમાં—માલણ.

વર લાડકડાનેરે કાજે,
એવો ગુંથજે ગજરો તું આજે,
    જેવો છત્રપતિ ને છાજે—માલણુ.
ગજરો મૂલ પામે મૂલતાન,
સારો સારો કહે સુલતાન,
    થાય ગુણીજન જોઈ ગુલતાન—માલણુ.
એમાં યુકિત જોવા જોગ જાણી,
જુવે અંગમાં ઉમંગ આણી,
રીઝે રાજા અને વળી રાણી—માલણુ.
તને આપીશ હીરાનો હાર,
વળી સોળ સારા શણગાર,
    ઉપર હેમની મ્હોર હજાર—માલણુ.
કવીતાની કીંમત ઉર આણે,
એજ ગજરાનું મૂલ પ્રમાણે,
    દાખે દલપત બીજું શું જાણે—માલણુ.

૧૪

આવો માળેણુ બેસો બેસણેરે, કરો તમારી વાડીઓનાં મુલ
માળેણુ રાણી એમ ભણેરે.
લાખે બે લાખે મહારો મોગરોરે, અધ લાખે ચાંપલીઆનો છે
માળેણુ રાણી એમ ભણેરે.
લાખ ખરચીને લ્હાની......રે, લાડેકડારે......ને કાજ.
માળેણુ રાણી એમ ભણેરે.

લટકાળીરે માળેણુ લટકેરે આવે, લટકે લાવેરે ચાંપા ચોસેરાં,
લટકાળારે શ્રીકૃષ્ણ ગામ પધાર્યા, કોણ હોરેરે ચાંપા ચોસેરાં,
લટકાળારે રૂક્ષમણી મહીયર પધાર્યાં, કોણ પહેરેરે ચાંપા ચોસેરાં.
લટકાળીરે માળેણુ લટકેરે આવી, લટકે લાવીરે ચાંપા ચોસેરાં.
લટકાળારે શ્રીકૃષ્ણ ગામથી આવ્યા, તેણે હોર્યાં રે ચાંપા ચોસેરાં.
લટકાળારે રૂક્ષમણી મહીયરથી આવ્યાં, તેણે પહેર્યાં રે ચાંપા ચોસેરાં.

૧૫

ઉગતા સુરજની રજ ખરીરે, એનીરે રજે કાંઇ શ્રીકૃષ્ણ ઘડીઆરે.
અતિરે ગોરાને અતિ ફુટડારે.
હુંએ તમને પુછું મહારાં દેવકીજી, વણજારાંરે તમે કેમ
શ્રી કૃષ્ણ જનમીઆરે.
ઘડીએ એ ઘડીએ ઘડીઆળાં તો વાગેરે, પહોરે એ પહોરે જશ
આરતીરે.
આરતી કરો દેવકીજીની કુખેરે, જેની કુખે શ્રીકૃષ્ણ જનમીઆરે.
ઓરડીએ ઉભાં પરસાળે અજવાળાંરે, કુળને અજવાળ્યાં વસુદેવ
તણારે.

૧૬

આણી તીરે ગંગા ને પેલી તીરે જમનારે વચમાં સરસ્વતી નદી વહે છે.
સુનાનું બેડું ને રૂપા ઉંઢાણીરે, સીતાવેલ પાણીલાં સંચર્યાં.
રાસડી ન પહોંચે ઘડુલો ન ડુબેરે, કુવાને કાંઠે ઉભાં રહ્યાં.
સુનાની ગેડી ને રૂપા દડુલોરે, રામચંદ્ર રમવાને નીસર્યાં.

રમતાં રમતાં આવ્યા કુવાની પાસે તો અન્યોઅન્ય સામું જોઇ રહ્યાં.
કોણ રાયનો બેટોરે, કોણ છે નામરે, કઇરે નગરીના ગરાસીઆ.
દશરથનો બેટોરે રામચંદ્ર નામરે, અજોધ્યા નગરીનો ગરાસીઓ.
કોણ રાયની બેટી ને કોણ છે નામરે, કઇરે નગરીની ગરાસણી.
જનકની બેટીરે સીતાવેલ નામરે, હજીએ શેં બાળ કુંવારડી
પાનનાં બીડલા ને સાત સોપારીરે, લગન નિરધારી વહેલા આવજો.

૧૭

સાટીનારે કંઇ ચોખારે કંકુવરણા, બાંધ્યારે મારા—ને છેડે કે
જાય ગોરાં......બ્હેનને નહોતરે.
બ્હેનીરે તમે સુતેલાં કે જાગો, કે તમારે તે મહીયેર પગરણ માડીઆ
વીરારે તું તો કોણ રાયનો બેટો, કઇ મા પનોતી ઉદર વસ્યો.
બ્હેનીરે હું તો—નો બેટો—માડીને ઉદર વસ્યો
વીરારે મને છોરૂડે સંતાપી કે, આંગણે આવ્યો વીર ના ઓળખ્યા.
બ્હેનીરે મારી ગરથની ઘેલી કે, આંગણે આવ્યો વીર ના ઓળખ્યા.
વીરારે મેં તો ઘોડીએ ને પારણે, દીઠાકે રથ ઘોડલીએ વીર ના ઓળખ્યા.
વીરારે મેં તો ઝબલે ને ટોપીએ દીઠા કે, પાઘડી પોશાકે વીર ના ઓળખ્યા.
આગળરે માહારા—ભાઇના ઘોડા, બ્હેનને તેડો વીરા આવીયા.

સાંજી.

૧૮

હાથીદાંતની ચોરીરે રતન જડાવ જડી, તેમાં બ્હેન બેઠાંરે.
......ને અરજ કરે.

અને એ વર જોજોરે,—ભાઇ જોવારે ચાલ્યા.
સામા—વ્હેવાઇ મળીઆરે, તેણે પુછ્યું ક્યાંરે ચાલ્યા,
અમ ઘેર—બ્હેન કુંવારીરે, ઝાઝાં સુના લેવારે જઇએ.
તમે પાછા વળજોરે, ઝાઝાં સુનાં અમેરે લીધાં.

બાજઠડો.

૧૯

અમદાવાદી ઘડયોરે બાજઠડો, સુરત શહેર ચીતર્યો રે.
મુકયો છે માંડવા હેઠ. દીસે રળીઆમણો રે,
વ્હેવાઇને લાગી છે રહાડ બાજઠ કોણે ચિતર્યો રે.
ચીતર્યો મારી—બ્હેન મહોસાળ, મામાજીએ મોકલ્યોરે.
કુંઆરી ચડીરે કમાન, સુંદર વરને નિરખવારે.
——લાગેછે પાય——ને વિનવેરે.
——મને એ વર પરણાવો, એ વર ઘણો લાડકોરે.
કહો બ્હેની કયાં જતાં દીઠો, શેણે તારા મન વશ્યાંરે.
ઇસ્કોલ જતાં મે દીઠો, ચોપડીએ મારાં મનમાં વશ્યાંરે.

કોયલ.

૨૦

સુડલા કોયલડાંને વિનવુંરે, આવી રૂડી આંબલીઆની ડાળ.
સરોવરની પાળ મુકીને કોયલ ક્યાં ગયાતાં.
રૂડારે—ભાઇના માંડવારે, જ્યાં રૂડા મંડપ રચાએ,
જોવાને અમે ત્યાં ગયાતાં.

સુડલા કોયલડી ને વિનવું રે, આવી રૂડી આંબલીઆની ડાળ,
સરોવરની પાળ મુકીને કોયલ કયાં ગયાંતાં.
રૂડારે વ્હેવાઇના માંડવારે, જમણ અપાય રૂડી રીત,
જોવાને અમે ત્યાં ગયાંતાં.
ખાજાંનાં વાળ્યાં છે ખડકલારે જલેબીએ બાંધી છે પાળ,
જોવાને અમે ત્યાં ગયાંતાં.

૨૧

તો બોલનીરે મારી વનની કોયલ તારા ને શબ્દ સોહામણા,
યલ કેમ કરીરે તમે આ વન વાસ્યાં કેમ કરી ભમર ભોળાવ્યો.
મે વનફળ ચરીચરી આ વન વાસ્યાં, ટહુકે તે ભમર ભોળાવ્યો.
મે બોલનીરે મારાં—વહુ ગોરાં, તમારા ને શબ્દ સોહામણા.
કુઅર કેમ કરીરે તમે આ ઘર વાસ્યાં કેમ કરી-ભાઇ રીઝવ્યા.
મે પુત્ર તે જાઇ જાઇ આ ઘર વાસ્યાં, લટકે તે નાવલો રીઝવ્યો.
મે આવોનીરે મારાં-બ્હેન ગોરાં તમારેને મહીઅર પગરણ માંડીઆ,
તો આવીશરે વિરા મોટે મંડાણે આવીશ હસ્તિને ઘોડલે.
ેક લળીલળીરે બહેનના વિરાજી પુછે, ગણેશ પુજામણી બ્હેની શું રે લેશો.
ારે પહેરણુરે વિરા ઝાલને ઝુમણાં, હાથે તે હસ્તિ દંત ચુડલો.
ારે બેસણુરે વિરા સાગાને માચીઓ, ઓઢણુ નવરંગ ચુંદડી.
તો રીઝાશરે વિરા લાખ બે લાખે. ગામ લઇ મારે ગોઠતાં.
ેટલું તો લઇ મારે સાસરે જઇશ હું છું સંતોષણ બ્હેનડી.

૨૨

છોરે અણાવો ને મેડીઓ ચણાવો, બારસાખ બારી મુકાવોરે.
પીયુડાજી આજ મ્હારે પગરણુજી.
ધઉંરે અણાવોને ધઉં રે ધોવાડો, પકવાનના પેણા મંડાવોરે.
પીઉડાજી આજ.
સાસુ તેડાવો ને નણુદી તેડાવો જેઠાણી ને તમે તેડવા જાઓરે.
પીઉડાજી આજ.
સાસુ ને વ્હેલને નણુદી ને ગાડી, જેઠાણીને ભમર પાલખડીરે.
પીઉડાજી આજ.
સાસુ ને સાડી નણુદીને સાળુ, જેઠાણીને દખણીના ચીરરે.
પીઉડાજી આજ.
સાસુ ખાઇ જાશે ને નણુદી લઇ જાશે, જેઠાણીના પાડ પાછા વળશેરે.
પીઉડાજી આજ.

૨૩

જીરે ઇંટ ચણું ને ઘર નીપજે.
નીપજે નીપજેરે રૂડા મેડીને મહોલ, વધાવો મેં સુણ્યો.
જીરે ઓરડાનું માંડણ દીવડો, દીવડાનુંરે મંડણ રૂડી જ્યોત વ૦
જીરે પરસાળનું માંડણ પારણું, પારણાનું માંડણ રૂડો પુત્ર, વ૦
જીરે મેડીનુ માંડણ ઢોલીયો, ઢોલીયાનું માંડણ રૂડો કંથ, વ૦
જીરે પુરૂષનું માંડણ પાઘડી, પાઘડીનુંરે માંડણ રૂડું ફુલ, વ૦
જીરે સ્ત્રીનું માંડણ રૂડી કંચુકી, કંચુકીનુંરે માંડણ રૂડો હાર, વ૦
હુંતો વારીરે—ભાઇની વાડીને વાડીમાં નીપજેરે રૂડો કંકુનો છોડ, વ૦

જીરે કંકુ ઘોળુને રસ નીપજે, ચાંલ્લાં કરશેરે મારી બાળુડી બ્હેન, ૧૦
હું તો વારીરે—વહુના લટકાને, ઘણું ડાહીરે થોડા બોલીરે તારૂં
ઘરેણું દેખાડ, ૧૦
મારે ઝાલને ઉપર ઝુમણાં, ઘરેણું ઘડાવશેરે—બ્હેનના વિર, ૧૦

૨૪

ઉંચી ઉચી મેડી મારા ઘરરે વસંતા, તો પાડોસે નણુદી વસેરે.
વીરાની મેડીએ રૂડા કાચ ઢળાવું, ત્યાંને ઢાળું ભમર ઢોળીઆરે.
ત્યાં ચઢી પેઢે મારી માડી જાયો વીર, વાયુ ઢોળે ભાભી ફુટડીરે.
વાયુ ઢોળતાં ભાભી ગોઠડીએ બેઠાં. પાડોસે નણુદી ન રાખીએરે
દીકું અણુદીઠું નણુદી સરવસ માગે, નીત ઉઠીને કયાથી આપીએરે.
ઘરની ઘણીઆણી તમે એવુ શુ બોલો, બ્હેન વિના વીહા કોણ મ્હાલશેરે,
સાત સોપારી મારી પડોસણને આપું, તો તે મારે વીહા મ્હાલશેરે.
ઘરની ઘણીઆણી તમે એવુ શુ બોલો, બ્હેન વીના ગણેશ કોણ પુજશેરે,
ચોખા ને લાડુ મારી ગોરાણીને આપું, તો તે મારે ગણેશ પૂજશેરે.
ઘરની ઘણીઆણી તમે રાંધો ને સીધો, જમવાને બેસે મારી બેનડીરે,
ઘરની વહુઆરૂ તમને હેરા ને ફેરા, તો પકવાનને ઓરડેમારી બેનડીરે.
માડીના જાયા તુને દઉ આશીશ, સાત દીકરે હીંડજો મલપતારે.

બનડા.

૨૫

બનાજી દીલ્લીને દરવાજે નોબત વાગેજી, સવાઇ ડંકા વાગેજી. બાંકાબનાં.
બનાજી સીરકા ચીરા દેખન આઇજી, કલગીમે જોત સવાઇ. બાંકાબનાં.

બનાજી કાનકા મોતી દેખન આઇજી, લાલોમેં જોત સવાઇ જી. બાંકાબનાં.
બનાજી અંગકાનીમાં દેખન આઇજી, બઘોમે જોત સવાઈજી. બાંકાબનાં.
બનાજી પાંઉકા મોજાં દેખન આઇજી, મેદીમે જોત સવ ઇજી. બાંકાબનાં.
બનાજી કેડકી કટારી કામણગારીજી, કંઇ એક કામણ કીધાંજી. બાંકાબનાં.
બનાજી હાથકી અંગુઠી રગકો મુંદીજી, મેલ્લામેં મામણ રૂઠીજી. બાંકાબાનાં

૨૬

હાકેમકે છડીદાર, મોર છગ ફેર બજાવેરે.
રાનોમે મોર નચાવેરે, જંગલમે ધુમ મચાવેરે, હાકેમકે છડીદાર.
બના તેરા ચીરા ભેજુંગી, બનો મેરા પેર ન જાણેરે.
છબીલો છેલ ન જાણેરે, રંગીનો હોડ ન જાણેરે. હાકેમકે છડીદાર.
બના તેરા નીમા ભેજુગી, બનો મારો પેર ન જાણેરે.
બના તેરા મોજા ભેજુંગી, બનો મારો પેર ન જાણેરે.
બના તેરા મોતી ભેજુંગી, બનો મારો પેર ન જાણેરે.

૨૭

હારે બનાં કાએકું રીસાય, કંગના મુલ લીઓરે વારી
સીર તેરે જરકસકા ચીરા, કલગીમે લાલ ગુલાલ. કંગના મુલ•
કાન તેરે દરીયાકા મોતી, દો મેતીની બીચ લાલ. કંગના મુલ•
અંગ તેરે જરકસકા નીમા, બઘોમે લાલ ગુલાલ કંગનાં મુલ•
પાંઉ તેરે સકલાતી મોજાં, મેદીમે લાલ ગુલાલ. કંગન મુલ•

આંબો.

૨૮

મારે આંગણેરે અમુલખ આંબો મોરીઓરે,
મોર્યો મોર્યો કંઇ ચોળને મજીઠ,
રંગાવોરે રાયા ચુંદડીરે.
જીરે કોણેને મુલવીઓ ને કોણે સાટવ્યોરે.
જીરે કોણને ખરચે છે દામ, જીરે કોણ પનોતા પહેરશેરે.
ભાઇના કાકાએ મુલવીઓ, મામાજીએ સાટવ્યોરે.
ભાઇના બાપાજી ખરચે છે દામ, જીરે લાડેકડા પનોતા પહેરશેરે.

ઉથલો.

એકલોધર કેરે ચુંદડ બાઇ, કોણ તમારી જાતરે
જાત જુગતને નામ ચુંદડ, ઝાઝે ને હીરે નીપજું.

રાગ પ્રથમનો.

મારો વણનારો ચતુંર સુજાણ, મુને વણી તે ઝાઝા હીરરે.
મારો રંગનારો ચતુર સુજાણ, મુને રંગીરે ઝાઝા રંગમાંરે.
મુને પ્હેરનારો ચતુર સુંજાણ, મુને પ્હેરે તે બ્રાહ્મણ વાણીઆરે

નગારાં.

૨૯

ડોસીડાને હાટે ઘોડો અટકી ઉભો, ચુંદડી વસાવતાં લાગી વારરે,
નગારાં વાગે ઝીણાં ઝીણાંરે.

મારો નાયક છેજી ગુજરાતનોરે, કેસરીઆનો બીનોબીનો જાયરે.
નગારાં વાગે ઝીણાં ઝીણાંરે.

સુની, ગાંધી, માળી
ઝાંઝર, શ્રીફળ, ચોસેર } ઇત્યાદિ

ઘોડી.

૩૦

ખડ ખાઓ ખડ ખાઓરે ઘોડી પાણીડાં પીઓની,
મદ પીઓ મદ પીઓરે તેજલડી, જાવુ છે પરદેશ.
તમારેને જાવું રે ઘોડી, લંકાગઢને છેડે,
લંકાગઢનો રાજા રે સુખીઓ, સુતેલો કે જાગે.
આવે છે—તે તો ઝાઝાં સુનાં માંગે
ઝાઝેરાં સુનાં મે'તાજી, કાહો કાજ કરત હે.
પરણે છે ઘેર લાડકડો, તેની મુદ્રિકા ઘડત હે.
મુદ્રિકા ઘડંતા, નવી વહુની બલધરી ઘડત હે.

હડમતગઢ, સીગડ.
હીરા, મોતી | ઇત્યાદી.

જનોઈ મોટું.

૩૧

ગગારે જમનાં વચે ખણાવોરે ખાઇ
ત્યાંરે બેસીને માતા દેવકીરે નાહી.
ન્હાઇ અંઘોળીને પ્હેર્યાંરે સૂત્ર.
વસુદેવનેરે ઘેર જનમ્યા છે પૂત્ર.

ન્હાઇ અધોળીને પ્હેર્યાંરે ચીર.
વસુદેવનેરે ઘેર જનમ્યા છે વીર.
ન્હાઇ અંધોળીને પ્હેરીરે સાડી.
તોરે તમને ત્રુઠાં છે ગોત્રજ માંડી.
ન્હાઇ અધોળીને પ્હેરીરે ચોળી.
તોરે તમને ત્રુઠાં છે ભરાડીરે ભોળી.
ન્હાઇ અધોળીને પ્હેર્યાં પીતાંબર.
તોરે તમને ત્રુઠાં છે કાશી વીશ્વેશ્વર
ન્હાઇ અધોળીને પુજ્યો છે મરૂઓ.
તોરે તમને ત્રુઠો છે ગણુપતી ગરૂઓ.
ગંગારે જમના વચ્ચે ઘડાવોરે વ્હાણુ
વ્હાણુ ઘડાવ્યું ને ખેતર ખેડાવ્યું
દુધીયા ખેતરમાંહે વાવ્યોરે કપાસ
રામેરે વાવ્યો ને લક્ષમણે ખેડયો.
સતીરે સીતાજીએ દુધડે સીચાવ્યો.
ન્હાની સમ ઘુટી સમ ઉગ્યોરે કપાસ.
સોનાં કોદાળીએ ખાણ્યોરે કપાસ.
સાત વણુજારાએ વણુજયોરે કપાસ.
સાત વેપારીએ હોરયોરે કપાસ
વાસુદેવે મુલ દઇ આણ્યોરે કપાસ.
રૂપાને તે ગાડે ઘાલી લાવ્યારે કપાસ.
રામેરે ટુંપ્યો ને લક્ષમણે પીંજ્યો.
સતીરે સીતાજીએ પુણી વણી આપી.

કુંઓરીને માટે વ્હેલ મોકલાવી
વ્હેલેરે બેસીને કુંઆરીરે આવ્યાં.
આવોરે કુંવારી ને બેસોરે સાંગામાચી.
કોકડાં તે વણુજોરે તાણીરે ઠાંસી.
સુનાનોરે રેંટીયો ને રૂપાની તરાક,
હીરનીરે દોરી ને લાત જડાવ
કાંત કુંઆરી તું ઝીણલા સૂત્ર.
જનોઇ પ્હેરે રે મારો વસુદેવનો પુત્ર.
કાંત કુંઆરી તું ઝીણલા તંત.
જનોઇ પ્હેરે રે રાણી રૂકમણીનો કંથ.
કાંત કુઆરી તું ઝીણલો દોરો.
જનોઇ પ્હેરે રે મારો શ્રી કૃષ્ણ ગોરો.
કાંતીરે કુંતીને મુકયારે નેવ
ત્યાંથીરે હરી ગયા તેતરીશ કોડ દેવ.
આપોરે જનોઇ દેવ ના કરોરે ભેદ.
જનોઇ વનારે મુજિયો કેમ ભણે વેદ.
આપોરે જનોઇ દેવ ના કરોરે સાસો.
જનોઇ વનારે મુજિયાનો ઉઘાડોરે વાંસો.
આપોરે જનોઇ દેવ ના કરોરે અન્યા,
જનોઇ વનારે મુજિયાને કોણ આપે કન્યા.
આજ મુજિયને આવ્યો ચૂડકણુ કેરો કાળ.
હવે તારા લેવાડીએ સુનાં છરે વાળ.
વાળ લેવડાવ્યા ને કુંએર નવડાવ્યા.

કુંકાનો તે સાથીયોરે કીધોરે સાર.
કોટમાં ઘાલ્યો મોગરડાનો હાર.
પીળી ને અરચા કીધીરે લલાટ.
કુંકાનો તે ચાદલોરે કીધોરે કોડે.
મંત્ર ઉપદેશ વેળા પામરીરે ઓડે.
મત્ર ઉપદેશ આપે મુજિયાના બાપ.
બ્રહ્મચારી થયો ભોળો બીનલે વાન.
ડંડ તે સોઇયેરે જમણીરે ખાંધ.
મોસાળામાં સોઇયેરે તાસનારે જામા.
મોસાળું લઇ આવેરે—મામા.
મોસાળામાં સોઇયેરે સાનવાનીની સુખડી
મોસાળું લઇ આવેરે—મામીરે ખડી.
સાકેર સરડી ને મોગનારે લાડુ.
આચારીને માથે રેડયા ઘીનારે ધાડુ.
કેડેરે કૃષ્ણાજિન મુજ કેરી દોરી.
ભીક્ષા પીસેરે માતા દેવકીરે ગોરી.
કેડેરે કૃષ્ણાજિન મુજ કેરી સુતળી.
ભીક્ષા તે પીસેરે મામીરે પુતળી.
ભીક્ષા તે કડછીએ પીસેરે માડી.
ભીક્ષાન દેહી કરે બાળો બ્રહ્મચારી.
આજ મારે ઘેર હસ્તીરે ડોલે.
ઘોડારે ઘોડારમાં હણુ હણુ બોલે.
બડુઆ વેળારે કુંએર ચડયા વરઘોડે.

બહુએ તે વાગેરે નોબત નીશાન.
બહુએ તે ચડયારે શ્રી ભગવાન.
આજ મ્હૈયારીનાં લેણુંરે લાગે.
કુંએર ગદિયાણા મ્હૈયારીરે માગે.
માગોરે મ્હૈયારી ને ન કરોરે સાંસો.
પટોળું લઇ તમારો ઢાંકોરે વાસો.
ખોળારે ભરાવ્યા ને મ્હૈયારી સંતોષ્યાં.
કૃષ્ણબાઇ કહેરે મેંતો એટલારે ગોખ્યાં.

જનોઈ દેતી વખતે ગાવાનાં.

૩૨

પહેરોરે જનોઇ મ્હારા જસોદાના પુત્ર, જનોઇ વણાવ્યું મેંતો બ્રહ્મજ સૂત્ર.
પહેરોરે જનોઇ મ્હારા–ના વીરા, જનોઇમાં જડીઆ છે બસરારે હીરા.
પહેરોરે જનોઇ મ્હારા, બાળજ મિત્ર, જનોઇ વનારે તને કોણ કહે પવિત્ર.
પહેરોરે જનોઇ મારા સજ્જન સ્નેહી, જનોઇ વનારે તું તો બ્રાહ્મણ નહીં.
પહેરોરે જનોઇ મારા સમરથ સાથી, વસુદેવને ઘેર ઝુલે છે હાથી.
પહેરોરે જનોઈ મારા શ્રી જગદીશ, જનોઇ લઇ આવ્યાછે ઉમિયા ને ઇશ.
દેવકીએ જાયા ને જશોદાએ ગાયાં, નંદ તણે ઘેર દુંદભી વાગ્યાં.
દુદભી વાગ્યાં ને દેવતારે ડોલે, આજ મ્હારે ઘેર મંગળ બોલે.
કારારે ગ્રહમાં હુ તો હતીરે નિરાશ, પહેરોરે જનોઇ પુત્ર પહોંચીરે આશ.
પહેરોરે જનોઇ મારા–રે ન્હાના, જનોઇ વેળારે મારા કરવાછે વાંના.

પહેરોરે જનોઇ વિપ્ર દીજેરે દાન, ત્યારે થાશે વસુદેવનાં પૃથ્વીમાં નામ.
પહેરોરે જનોઇ મારા—ના બાળ, આજ મારે તે ળવાછે સુનૈએરે વાળ.
કુંવર ગદીઆણો મહીઆરીરે માગે, આજ મહીઆરીના લહેણારે લાગે.
આગોરે મહીઆની ન કરશોરે મ્હેર, આજ વેળારે આવી—ને ઘેર.
આર્યારે ખોળા ને મહીઆરી સંતોખ્યા, કૃષ્ણ બાઇ કહેરે મેતો
એટલારે ગોખ્યાં.

૩૩

સંજા (ઉપદેશ વખતે)

ગંગાના ત્રટ રળિઆમણારે, વસેરે વિશ્વેશ્વર દેવ સંજારે રળિયામણીરે
કાશીમાં સંજા બાંધી વિશ્વનાથેરે, ગયામાં ગદાધર દેવ, સંજા૦
ગોદાવરીમાં સંજા બાંધી ત્રંબક નાથેરે, સુરતમા હાટકેશ્વર દેવ સંજા
દેરાસરમાં સંજા બાધી—એરે, તેમ તમે બાંધો બ્રહ્મચાર સંજા.
જપોરે ગાયત્રીના મંત્ર. સંજા રે.
પ્રાતઃકાળે સંજા બાંધી—એરે, તેમ તમે બાધો બ્રહ્મચાર સંજા,
જપોરે ગાયત્રીના મંત્ર, સંજા
મધ્યાન કાળે સંજા બાંધી—એરે, તેમ તમે બાંધો—સંજા-જપોરે.
સાયંકાળે સંજા બાંધી—એરે, તેમ તમે બાધો—સંજા-જપોરે.
તાપી ત્રટે સંજા—બાંધીએરે, તેમ તમે બાંધો—સંજા-જપોરે.

મોસાળું આવે ત્યારે.

૩૪

જનોઇ પહેરોરે નંદ નાધડીઆ, જનોઇ પહેરો રે કુંવર કોડીલા.
જનોઇ સાવ સુનાનું રે ઘડીઉં, જનોઇ મુકતા ફળેરે મ્હડીઉં.
જનોઇ મામા મોસાળામાં લાવે, જનોઇ માડી ને માસી મ્હલાવે.
જનોઇ જોય જસોદારે રાણી, આનો સારૂં ને સારંગપાણિ.
જનોઇ સ્હોઇએ તે સામળે રંગે, જનોઇ પહેરો રે જમણે અંગે.
પહેર્યાં પીળાં પીતાંબર સાર ઘાલ્યો મુકતાફળનો રે હાર.
જનોઇ વિપ્ર વિધિથી પહેરાવે, જનોઇ માતા જશોદા મ્હલાવે.
ભિક્ષા કડછીએ પીસે રે માડી, ભિક્ષાદિહિ કરે વનમાળી.
બ્રહ્મચારી થયા ભગવાન, દંડ લીધો તે જમણીરે ખાંધ.
સંધ્યા બ્રહ્માજીરે ભણાવે, ઋષિ સહસ્ત્રઅઠયાસી રે આવે.
દે મંગળ આશીરવાદ, જે જે બોલે બંદીજન ભાટ.
સંધ્યા ત્રણે કાળની સાધી, એક લટ શીખાનીરે બાધી.
નાક સાહીને ધરીઉંરે ધ્યાન, આસનવાળી બેઠા ભગવાન.
સંધ્યા બાંધી ને લીધીરે તાળી, હસવા લાગી તે બ્રીજની નારી.
આ તો કૌતુક સરખુંરે લાગે, કાળો દાણ દધિનુંરે માંગે.
વાગે નોબતને રે નિશાન, બહુએ વ્હડીઆ તે શ્રી ભગવાન.
દેવ ધાઇને જોવારે જાય, ગુણ દાસ કૃષ્ણબાઈ ગાય.
જોયો નંદ નાધડીઓરે નરખી, ગુણ ગાઈ કૃષ્ણબાઇ હરખી.

કંકોતરી. (મ્હોસાળું લઇ જતી વખત.)

૩૫

સુભદ્રા સંદેશોરે કહાવે, કોડે કંકોતરીરે લખાવે.
મ્હારા વીરાજી અવસરે આવે, કંકોતરી મોકલોરે મહીયરમાં.
વસુદેવને કહેજોરે વાત, આવે શ્રી કૃષ્ણ બળીભદ્ર ભ્રાત,
જદુવીર જાદવકુળ સાથ. કંકોતરી.
મ્હારી માતાને કહેજોરે છાનું, આવું ફરી ફરી આવે ન ટાણું
આતો સાચું કે છેરે સાણું કંકોતરી.
મારા સસરાનું મન મનાવો, લક્ષ રૂપૈયા રોકડા લાવો.
મારા વીરાને હાથે અપાવો. કંકોતરી.
મારી સાસુનું મન મનાવો, વીરા સાડી તે કસબીરે લાવો.
મારી ભાભીને હાથે અપાવો. કંકોતરી.
જેઠ સારૂ પામરી લાવો વીર, જેઠાણીને દખણીનાં ચીર.
નણદી સારૂ સેલાં લાવો વીર. કંકોતરી.
દિયર સારૂ તે પાઘડી લાવો, દેરાણીને સાળુ પહેરાવો.
વીરા અવસરે વહેલારે આવો. કંકોતરી.
વીરા એટલું મ્હોસાળું લઇ આવો, મ્હારૂં પગરણ હોંસે મ્હલાવો.
મ્હારા વીરા સહોદર આવો. કંકોતરી.

વધાવો.

૩૬

પહેલો વધાવો રે મેં સુણ્યો, મેં તો સુણીઓરે મ્હારા બાપ અવાસ,
નવરંગ સોહેળો.

બીજો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીઓરે મ્હારા માડી અવાસ. નવ.
અગણો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીઓરે મ્હારા વીરા અવાસ. નવ.
ચોથો વધાવોરે મેં સુણ્યો, મેં તો સુણીઓરે મ્હારાં ઘરબ્હાર. નવ.
સાથીઓ પુરાવું મારા ચોકમા, વાંકસાથીઓરે મ્હારાં ઘરબહાર. નવ.
ઉંચી ચડુંરે ઉંચેરડી, બેન જુએરે એના વીરાની વાટ. નવ
દિયરે તે માગી વધામણી. ભાભી આવ્યારે તમારા રે વીર નવ
મેં જાણ્યું દિયેર જુઠાબોલા, સાચા બોલીરે મ્હારી સાસરવેલ. નવ.
રણના તે ભાલારે ઝળકીઆ, હવે ઝળકયાંરે ધોરીડાના શીંગ. નવ.
ઝળકયાં તે વીરા માથે મ્હોળીઆં, હવે ઝળકયારે મ્હારી ભાભીના ઘાટ. નવ.
સસરાને કાજે વીરા શું લાવ્યા, બ્હેની લાવ્યોરે પામરીઓની જોડ નવ.
સાસુને કાજે વીરા શું લાવ્યા, બ્હેની લાવ્યોરે દખણીનાં ચીર. નવ.
ઈત્યાદિ—

મ્હોસાળું.

૩૭

મોહનજીરે મોકલો રે મ્હોસાળું, બ્હેન વીરા મોકલોરે મ્હોસાળું.
માડીજાયા મોકલોરે મ્હોસાળું, સહોદર મોકલોરે મ્હોસાળું.
મ્હોસાળું તે મલપતું આવે, મેઘાડંબરની પેઠે ગાજે. મોહનજી.
મ્હારા વીરાજી આવ્યારે શેરી, મે તો ફુલડાં નાખ્યાં છે વેરી. મોહનજી.
મ્હારા વીરાજી આવ્યારે ખડકી, મ્હારી દુઝણી ભેંસો ભડકી. મોહનજી.
મ્હારો વીરો સહોદર આવે, મનગમતાં મ્હોસાળાંરે લાવે. મોહનજી.
મ્હારો માડીનો જાયોરે ભાઇ, મ્હારે અવસરે આવ્યોરે ધાઇ. મોહનજી.
ઈત્યાદ—

આર મહ. . . (ગીત સંભળાવતી વખતે.)

૪૮

સરસત સામને વિનવું, ગણપત લાગું પાયરે.
સકુખેરે તમે અવતર્યા, સગરણે માડીના જાયારે.
સહામેરે પરણાવીને, હમેરે લડાવીને ગાયારે.
મેં તુંરે—વ્હેવાઇ વારીઆ, જેઠનાં લગ્ન ના લેશોરે.
નહી મળે ખોળ કપાસીઆ, નહી મળે ચાર ને પાણીરે.
—આવતા જાણીને,—વ્હેવાઇએ વાવ ખણાવીરે.
વાવ ખણાવીરે તો ભલે ડગે ડગે સાળ રોપાવીરે.
સાળ રોપાવી કેમ જાણીએ, પરએ ભરાવ્યા છે પાણીરે.
પાણી ભરાવ્યાં રે તો ભલે, ભુખ્યાંને ભોજન કરાવ્યારે.
ભુખ્યાંને ભોજન કરાવ્યાંને, તરસ્યાની તરસ છીપાવીરે.
નહી તૃષા છીપેરે દુધડે, નહી તૃષા છીપશે પાણીરે.
અમ તૃષા છીપેરે વહુવરે, તેરે બહુ સજનાએ આણીરે.
નાધડીઓરે વર લુકશે, મુકશે મુખનાં તંબોળરે.
લીલીરે આંગીરે રજ ભરી, તડકલે કળી કરમાયરે.
નીસર હેલીરે વ્હેલડી, માણેક ઉભલું બારરે.
માણેક કહીએરે—ભાઇ, માણેક તેના પુત્રરે.
માણેક જાયુંરે—વહુએ, અમેરે લડાવીને ગાયુંરે.

વાના વખત.

૩૯

વાન સોભાગીરે——તો વાનલો કયાં હવોરે.
કોણે તહારાં નયણાં તો, કોણે તારી સેસ ભરીરે.
આ દિત્યે નયણાં સમાર્યાં તો, રાણી રાદેલે સેસ ભરીરે.
લે લાડેકડા સુનૈયાની મુઠ, રૂપઇયા તહારે ભામણેરે.
ભામણુલાં તો લેશે તહારી માડી તો, માસી કરે ઓવારણાંરે.

અંગોળડી વખત.

૪૦

સુખડનાં વૃક્ષ વ્હેડાવો, લાડકડા અંગોળડીરે.
તેના રૂડા બાજઠ ઘડાવો, લાડેકડા અંગોળડીરે.
અંગોળડી તાપીના નીરરે, લાડેકડા અંગોળડીરે.
અંગોળડી થાયરે અસુરરે, લાડેકડા અગોળડીરે.
અંગોળડી માડીને હાથરે, લાડેકડા અગોળડીરે.

ઘોડે ચઢતી વખત.

૪૧

કુંએર પાવડે પગ દઈ ચઢીઆરે, ત્હારાં વ્હાલા તે જોવાને મળીઆંરે.
કુંએર દહીયનાં ગોરસ ખાટારે, ત્હારાં વેરીનાં હૈડાં ફાટયાંરે.
કુંએર દહીયનાં ગોરસ મીઠારે, ત્હારાં વ્હાલાએ અચરત દીઠાંરે.
કુંએર દહીયનાં ગોરસ ગળીઆંરે, ૮

૪૨

શુકન જોઇને સંચરજોરે, શુકનમાં મળીઓ છે માળીડોરે.
ચોસર આપીને પાછો વળીઓરે,
શુકનમાં મળીઓ છે ગાંધીડોરે, શ્રીફળ આપીને પાછો વળીઓરે.

૪૩

શેરી શેરી ઘુઘરડા વાગે છે, કોઇ ઉમરાવજાદો આવે છે.
કોઇ જાણ કરો પીછાણ કરો, પેલા—વ્હેવાઇને જાણ કરો.
એની શેરી છે સુગાળીરે, એની ઘરઘણીઆણી કાળીરે.
વેવણ લેજેરે તુ સાપારી, તારે બારણે આવ્યો વેપારી.
વેવણ લેજેરે તુ સુપડલું, તારા ભવનું તે ભાગ્યું દુખડલું.

પોંખતી વખત.

૪૪

તોરણ ત્રટની તાટલી, માંડવે આવડો શો સ્હોર.
કન્યાએ બાપ જગાડીઓ, વાગે છે ઢોલ નિશાન.
કહેરે આવ્યો રાણો રાજીઓ. કહેરે આવ્યોરે સુલતાન.
કહેરે આવ્યોરે હાકેમ શહેરનો કહેરે આવ્યોરે મુલતાન.
નથીરે આવ્યોરે રાણો રાજીઓ, નથી આવ્યોરે સુલતાન.
નથી આવ્યોરે હાકેમ શહેરનો, નથી આવ્યોરે મુલતાન.
પુત્ર આવ્યોરે—તણો, લેવાને કન્યાનાં દાન.
જાયો આ[illegible]—વડ તણો, તે અવસરે આવડો શો સ્હોર.
[illegible]ગો, વાગેછે ઢોલ નિશાણ.

૪૫

મ્હાવર તોરણે આવ્યારે, ઇશ્વર તોરણે આવ્યારે,

——તોરણે આવ્યારે——વહુએ ફુલડેને વધાવ્યારે.

છાંટેછે કન્યાનો ભાઇરે, પોંખવાની કરોની સજાઇરે.

પોખણુ—વહુ હાથરે, સોભાગવંતી સજોને સણગારરે.

ઝુંસળ મુસળને રવાઇરે,—વહુએ પોંખ્યાછે જમાઇરે,

સરીઓ સાંપટને ત્રાકરે, પોંખીને તાણ્યા છે નાકરે.

—વહુ લ્હેજે તારા હાથરે, તાણજે મારા લાડેકડાનું નાકરે.

જોજે મારો હીરો ઝાંખો ન થાયરે, જોજે મારા મોતીનું આપ ન જાયરે.

હરખીને નાંખી છે ઇંડીપીંડીરે,—વહુ હરખે તેડીને હીંડીરે.

—વહુ મ્હોટું છે તારૂં પુન્યરે, જમઈ પામી છે તું રતનરે,

મંડપ માહેરાંમા આવ્યાંરે,—વ્હેવાઇએ પુજ્ય કરી પધરાવ્યાં રે.

હાથ મળે ત્યારે

૪૬

ઢોલી ઢમકયારે વરવહુના હાથ મળ્યા, પારવતીની સહીઓ સાથ મળ્યા.

જેમ ઈશ્વર પારવતીના હાથ મળ્યા, તેમ—ભાઇને—નવી વહુના હાથ મળ્યા.

પારવતીની સહીઓ સાથ મળ્યા.

મંગળ ફેરા ફરતી વખત.

૪૭

પહેલૂં ને મંગળ વરતીઉંરે, હજીએ છે બાપની બેટી તો

સજન સાહેલડી રે.

બીજું ને મંગળ વરતીયું રે, હજી એ છે માડીનાં પેટ તો સજન.

અગાણું ને મંગળ વરતીઉ રે, હજી એછે બાળકુંવારી તો. સજન.
ચોથુંને મંગળ વરતીઉંરે, આવીરે હમારડે ગોત્ર તો. સજન.
કુંમકુંમ કળસડા ચાર તો, સુવર્ણું માટલી રે,
નાગજ કેરડા પાસતો, રત્ન હીરે જડીરે, કાષ્ટ ચંદન કેરી કુલડી રે.
વેદમંત્ર રચ્યો રે કંસાર આરોગે વરકામનીરે,
રામ જમાડે છે સીતાનેરે, સીતા જમાડે છે રામ તો. સજન.
—જમાડે છે નવી વહુનેરે, નવી વહુ જમાડે—તો. સજન.
નવી વહુ કંસાર નહી જમેરે, તેડો એના—વહુમાડી તો વાહીને રીઝવેરે,
માડીનાં વાહાયાં તો નહીં જમેરે, તેડો એના—વહુ સાસુ તો આપીને રીઝવેરે.
નવી વહુ માગે છે વીટલી જોડીરે, જો સંપત હોય તો આપો તો બેહુને જમાડીએરે.
—ભાઈ કંસાર નહી જમેરે, તેડો એના—બાપ તો વાહીને રીઝવેરે,
બાપનાં વહાયા તો નહી જમેરે, તેડો એના–સસરા તો આપીને રીઝવેરે.
—ભાઈ માગે છે સાંકળી જોડીરે, જો સંપત હોય તો આપો તો બેહુને જમાડીએરે,
અન્યોરે અન્ય જમાડતાંરે, વાળ્યા છે ઉછીના કોલ તો, મોહન વેલડીરે.

રાગ ધોળ. (સપ્તપદી.)

૪૮

સાત પગલા ભરે છે સુભામણી એમાં અર્થ છે ઉંડો અનેક.
ઇશ્વર એમાં સાક્ષી છે.

પગલે પગલે પ્રતીજ્ઞા પતિ કરે, જેહું બોલું તે પાળીશ બોલ,
ઇશ્વર એમાં સાક્ષી છે,
પ્હેલે પગલે પ્રિયાને પતિ કહે,
ખાનપાન પોષણ હું કરીશ— ઇશ્વર.
બીજે પગલે કહે કંથ કોડથી, મારે ઘેર તું પામીશ માન—ઇશ્વર.
ત્રીજે પગલે કહે તને ત્યાં થશે, વ્રત ઉત્સવ, હરખ, અથાગ—ઇશ્વર.
ચોથે પગલે કહે ચતુરા સુણો, મારા વૈભવમાં તારો ભાગ—ઇશ્વર.
પછી પાંચમે પગલે પતિ કહે, મારાં ઢોર ઢાંખર તું સંભાળ—ઇશ્વર.
છઠ્ઠે પગલે કહે તારો અંશ છે, મારાં જેજે કાંઇ ધનમાલ—ઇશ્વર.
વળી સાતમે પગલે સ્વામી કહે, ધર્મ, કર્મમાં કરજે સહાય—ઇશ્વર.
તેથી ધર્મમાં તારો ભાગ છે, મારી અર્ધાંગના તું સદાય—ઇશ્વર.
પછી હસ્તગ્રહણ સ્વામીએ કર્યો, માંગી ઇશ્વર પાસે આશીશ—ઇશ્વર.
દશ પુત્ર પ્રભુ આને આપજે, સુખ પામજો દિવસને નીશ—ઇશ્વર.
મારાં માતપીતા, ભાઇ, બેનને, થજે રંજનકારી સદય—ઇશ્વર.
મારી મરજી પ્રમાણે તું ચાલજે, તારી પૂર્ણ કરીશ ઇચ્છાય—ઇશ્વર
ધ્રૂવ તારો દેખીને કન્યા કહે, જેવો અચળ ઠર્યો તું આ ઠામ—ઇશ્વર.
પતિકુળમા અચળ એવી હું થઇ, દેખી રીઝયા દલપતરામ—ઇશ્વર.

પરણી રહ્યા પછી.

૪૯

ડાબડે કુંકાં તું ઘોળ ઘોળરે, તને આછી પીયેળ કડાવું.
તારા બાપનાં ઘર તું મુક મુકરે, માહારા—ના અવાસ દેખાડું.

તારી માડીનાં લાડ તું મુક મુકરે, મારાં—વહુનાં લાડ દેખાડું.
તારી બ્હેનની રમત તું મુક મુકરે, મારી—બ્હેનની રમત દેખાડું.

૫૦

જીરે ગીણીરે બ્હેલે ગાદી ઢળાવો, નવલા વ્હેવાઇ, અમને ઘેર વળાવો.
વહુવરને વળાવોરે માહરા નવલા વ્હેવાઇ.
જીરે સાજન સઘળું ખોટીરે થાએ, જાદરણીનાં પગ તળવાએ.
સાબેલાના મુખ કરમાએ, ઇસ્કોલીઆને વળાવોરે.
મ્હારા હોંસીલા વ્હેવાઇ.
જીરે ચલાણુંમાં ચારરે મોતી, બે આપો બે રાખોરે. મ્હારા.
જીરે વ્હેવાઇને ત્યાં ચારરે ગણો, બે આપો બે રાખોરે.
જીરે આપ્યાં ને મુકયા સર્વસ્વ પહોંચ્યાં, અમને તમારી બેટીરે પહોંચી.
નાધડીઆને વળાવોરે, મહારા કોડીલા વ્હેવાઇ.

૫૧

અમને દરાખ ચારોળીના મેવારે, અમે આવ્યાં તે વહુવર લેવારે.
અમે વહુવર લઇ ઘેર જાશુરે, એની માડીના મ્હોં વીહલાં થાશુરે.
અમને દરાખ ચારોળીની ખીચડીરે, અમે લઇ જઇશું તમારી દીકરીરે.
અમને દરાખ ચારોળી ઘણુ ભાવેરે, અમારે ઘણી હોંસે નવી વહુ આવેરે.

૫૨

અમે છડરીઓ ઘડ જીત્યારે, આનંદ ભયો.
અમે આવ્યાં વહુવર લેવારે, આનંદ ભયો.

અમે વહુવર લઇ ઘેર જાશું રે, આનંદ ભયો.
એની બ્હેનના મ્હોં વ્હીલાં થાશું રે, આનંદ ભયો.
લોક કહેતા—જુઠારે, આનંદ ભયો.
એનો દીકરો પરણાવીને ઉઠયારે, આનંદ ભયો.
લોક કહેતા—સાચારે, આનંદ ભયો.
એનો દીકરી પરણાવીને નાઠારે, આનંદ ભયો.

૫૩

માંડવે ફટક અજવાળાં કે દીવડી કયાં ગઇરે
આવ્યો હતો—નો પુત્ર, લાખેણી લાડી લઇ ગયોરે.
વ્હેવાઈ તારો માંડવો સંભાળ, તારી બેટી કયાં ગઇરે.
આવ્યો હતો—નો જાયો, લાખેણી લાડી લઇ ગયોરે.

વહુવર આવે તે વખત.

૫૪

ધન ધન દહાડોરે આજનો, કંઇ સુનાના સુરજ ઉગ્યારે.
કંઇ મોતીડે મેહુલા વરસ્યારે, ધન ધન.
કંઈ——પરણીને આવ્યારે, ધન ધન.
કંઇ નવી વહુ પરણીને લાવ્યારે, ધન ધન.

૫૫

પુંછડલું ક્યાં વળગ્યુંરે, મ્હારા કુંએર કોડીલા.
વાટેને જાતાં——મળીઆ, તેણે પુંછડલું વળગાડયુંરે, મ્હારા.
એરે પુછડલાને ચાક જોઇશું, ચમરીરે જોઇશું.
ગોફણુલાને દોરીરે, મ્હારા.

સોહેવર વીઠલો (વર પરણવા જાય તે વખત.)

૫,

દુંદભી વાગ્યાં દેવનારે, ઢમક્યા ઢોલ નિશાન,
પંચ શબ્દ સોહામણા, જુગ જોવા મળી હરિની જાન, સોહેવર.
તેલ કંચોળાંને આમળારે, ઉગ્ટ્રાહક અતિ સાર.
મર્દન કરે સહુ માતુની, છરે ન્હાયા શ્રીભગવાન, સોહેવર.
ત્રાંબાકુંડી જળે ભરીરે, રૂપા મચી સાર,
પગે પાવડાં શોભતાં, જીરે બેસણુ સુવર્ણ પાટ, સોહેવર.
ન્હાઈ ધોઇ વર ઉઠીઆરે, અંગુછે લ્હોયા દીલ,
લીલાં પીતાંબર પ્હેરણે, પીળાં ટીલાં કાઢ્યાંરે લલાટ, સોહેવર.
ઈરિકોલીઆને સ્હોઇએ વેડ વીંટીઓરે, સાંકળીનો નહી પાર,
હાથે તે પોંચી શોભતી, એનું નવ ગ્રહ્યું રત્નજડાવ, સોહેવર.
માથે તે પાઘડી શોભતીરે, કલગી તોરા સાર,
કાનમાં મોતી ઝળકતાં, દુગદુગીમાં ઝળકે લાલ, સોહેવર.
અક્ષત કર શ્રીફળ ગ્રહીરે, માતાએ ભરી સેસ,
પ્રભુને પીડી એ.વારણે, સુભદ્રા કહે ભામણા લેશ, સોહેવર.
જરી જામા પ્હેરણેરે, મસ્તક બાંધ્યા ખુંપ,

—ભાઈ વરઘોડે ચડયા, એનું અતિરે અનુપમ રૂપ, સોહેવર.
ઋષિ વંદન દેવે કર્યાંરે, ગોત્રજ કીધારે જુહાર,
પાગડે પગ દઇ ચડયા, એવા ત્રિભૂવન પતિ અશ્વાર, સોહેવર.
સાવ સુનાના પાવડારે, જડિત્ર લગામ સોરંગ,
મણિ માણેકના મોરડા, પલાણે તે જડીયાં નંગ, સોહેવર.
હળધર દહી ગોરસ ભર્યારે, પુષ્પની વૃષ્ટિ થાએ,
કુંકુમ કર શ્રીફળ ગ્રહી, જીરે કરવડી ઝાલે માત, સોહેવર.
હેલા દઇ ઘોડે ચડયારે, હાટકેશ્વરને કીધારે જુહાર,
માડીએ લીધા ભામણા,—બ્હેન તું લુણ ઉતાર, સોહેવર.
અબાને દઉ વધામણુંરે, મહોળેશ્વરને લાગું પાય,
આજે—પરણ્યાં, તે તો માત તમારી સાહ્ય, સોહેવર.
—તોરણે આવ્યારે, ત્રિભુવન જેજેકાર,
સાળો છાંટે છાટણાં, સાસુજી લો સોળ શણગાર, સોહેવર.
—મંડપે આવીઆરે, વરત્યો જેજેકાર,
જાળીએ ઝાંખે નવી વહુ, વ્હેલા આવો શ્રી ભરથાર, સોહેવર.
હાથમા ત્રાંબટ ધર્યાંરે, પડીરે પાનેતરે ગાંઠ,
કન્યાએ કાંકણુ પ્હેરીઆં, જીરે હોઇરે તબોળડે છાંટ, સોહેવર.

મોહનનું મામેરૂં. (લગ્ન વખત)

૫૭

મોહન સરખુંને માહેરડું રે, એહુ છે સકળ તણું સાસરડું રે.
મંડપ હેઠ રચ્યું માહેરડું રે, ત્યારે એઠું વહુવર લાડેકડું રે.
વર દેખી હરખ્યું છે સાસરડું રે, વરવહુ સરખેને સરખી જોડરે.

એક મળ્યાં એને અંગે ન ખોડરે, વાળી પાનતણી કર બીડીરે
એઉ મળ્યાં અન્યોને અન્ય કર બીડીરે, બાઈ તું તો પુન્યવની મેં જાણીરે
પુરણ પુન્યથી એ વર પામીરે, ત્રીકમ ત્રીભુવનનાં સ્વામીરે.
બાઇ તારો કમળાનો અવતારરે, કૃષ્ણજીએ ઝાલ્યો જમણો હાથરે.
કાંકણ ખળકે ને ચુડી ચળકેરે, જોઇને હૈયું હરખેરે.
કાંકણ છોડેલાં નવ છુટેરે,—હીડે ને નવી વહુ પુંઠેરે.
બાઇ તુતો પતિનું કરજે જતનરે, જેમ ચડે રાંકને હાથ રતનરે.
કંસાર ખાધો તે પુરણ પ્રીતેરે,—પરણ્યા તે ઉત્તમ રીતેરે.
વહુવર પરણીને આવ્યું ઘેરરે,–વહુએ પોંખી લીધા રૂડી પેરરે.
વહુવરે ચરણે નમાવ્યાં શીશરે, સૌ મળી આપે છે આશિશરે.

-

આંદ્દા. (પરણી રહ્યા પછી વહેવાઇને ત્યાં.)

૫૮

પેરે ઉગ્યો ને કુકડ વસ્યો, તપેરે ભરાડીનો સુરરે.
મોકલો વહેવાઈ તમે દીકરી, જાનને થાયરે અસુરરે.
હવે હતું હવે હતું હોઇ રહ્યું, પડીરે પાનેતરે ગાંઠરે.
હોઇરે તંબોળડે છાંટરે.
ઝબકીને વાણલું વાયુ, ને ચોપાસ થયું અજવાળુરે.
મોકલો વહેવાઇ વિદ્દાય કરો, ઇસ્કોલીઆને થાય અસુરરે.
પાછલી રાતે અરૂણ ઉદે, પૂર્વે પ્રકટ્યો છે સુરરે.
મોકલો વહેવાઇ તમે દીકરી, નાયકીઆને થાયરે અસુરરે.
મીઠું તે મોઘુંરે માળવે, જીરૂં તે દખણીને દેશરે.

કુંવર મોભારે—તણાં, પસર્યાં પનોતીના પેટરે.
સાંઢીઆ કોટરે ઘુઘરી, બળદીઆ કોટે ચંગરે.
નાનારે—પરણીઆ, વાધ્યા છે—તેનો વંશરે.
ડોસીએ સાંચ્યાંરે કાપડાં, ગાંધીએ સાંચ્યાં સિંધુરરે.
—સાચ્યાંરે—,જેમરે દાબડીએ કપુરરે.
આ શુરે વહુવર નિરમળું, પાનેતરે બાંધ્યું છે જીરૂંરે.
આઠ દહાડા લગી ધીરૂં ને, હવે અધ ઘડી ન ધીરૂંરે.
મીઠીરે મીઠીરે મીઠડી, મીઠી તે દાડેમ દ્રાક્ષ રે.
મીઠી મારા—ની જીભડી, રીઝવી સાસરવેલ
ઓરપાડમાં સિધ્ધેશ્વર દેવના, સુરતમાં અંબાજી દેવી રે.
—વ્હેવાઇએ આપી દીકરી, જાણે ચંદ્રમા જેવી રે.
આ શું રે મોતિરે નિર્મળું ઝળહળું જોઇને લીધું રે.
માણેક પારખ્યારે—વ્હેવાઇએ, હીરો તે ઝડપીને લીધો રે.
નાણાવટી પારખે રૂપૈયા ને,—વેવણે પારખ્યા જમાઇ રે,
—આપી રે દીકરી,—કુળ હું કહેવાઇ રે
નાનું રે વહુવર લાડકું, પાનેતરે બાંધ્યું છે મીઠું રે.
આજે—પરણીયા,—અચરત દીઠું રે
બાંખડી બાંધીને બેઠા ને, પલવટ વાળીને ઉઠયા રે.
શેરડી ગાઇને બેઠાં ને, ચાંદલો ગાઇને ઉઠયાં રે.
દેરાસરે મૂકયો છે દીવો ને, પાણીઆરે મૂકી છે કલસી રે.
એરે હોંસીલારે-વેવાઇએ, રૂપૈયે ભરાવી છે પસલીરે.
ઓરડીએ સુનાની સાંકળ, ડણુચે મોતીનું તાળુંરે.
આજ-પરણીયા કુળમાં થયું અજવાળુંરે.

ચાંદો બીજો.

(વહુવરના તથા ભડવાના વરઘોડા વખત)

૫૯

ચાંદો રે પ્રેહદઇ ઉગીયો, ઉગ્યો ઉગ્યો મંઝમ રાતરે.
ચાંદાએ કીધુ રે ચંદરણું, ઓરડો ને પરસાળરે.
—કુળ અજવાળીયું, પોતાતણેરે મોસાળરે.
મે તુંરે ચાંદલો વારીયો, સુરત નગરીમાં ઉગરે.
સુરતમાં—ચાંદલો, તુંરે ઉગે કેસલાં હોયરે.
મે તુંરે માળેણુ વારણી, એણી વાટે ડમરો ન રોપરે.
એણી વાટે વહુવર આવશે, પાય રોળંતલો જાશેરે
એકીરે ડાળે બે નારંગી, મેરે માળી ઘેર દીઠાંરે.
——ભાઇને——ભાઇની જોડલી, મેરે——ઘેર દીઠીરે.
એકીરે સાળે બે ચુંદડી, મ્હેંરે સાળવાઇ ઘેર દીઠી.
નવી વહુને—વહુની જોડલી, મ્હે રે ઘેર દીઠીરે.
અમદાવાદ પાટણુ પાસં ને સાળવાઇ લીધા છે સાથે.
એરે હોંસીલા—વહેવાઇએ, પટોળે પડાવી છે ભાતરે.
ચીર તો ચીથરાં થાયને, પટોળાં તો ફાટીને જાયરે.
—વેવણે આપીરે દીકરી, શેર સાહેર—વપરાયરે.
નવી વહુ તમારેરે ચંદલે, કરકરીઆળકું ફુલરે.
સસરા પટોળીરે મુલવે, લાખ ટકાનું છે મુલરે.
લાખ ટકા હમ ગાંઠેને, લાખેણો છે ઘેર દીવોરે.
પુત્ર પરણ્યોરે——લાડકા તે——જીવોરે.
હાથીએ વહુવર બેસાડીને, વહુવર લાવીશું ઘેર.
નાનારે——પરણીઆ, લુણુ ઉતારોની બ્હેનરે.

કન્યાનાં લગ્નમાં ગાવાનાં ગીત.

શોભ.

૬૦

જેમ આજ ગણપત વરાઇએ, તેમ શોભ સારો ગાઇએ.
જેમ શોભ સારો ગાઇએ, તેમ આજ ગણપત વરાઇએ.
પ્રથમે શ્રી ગણપતિનાં નામ લઇએ,—બ્હેનના વિવાહના—
આરંભ કરીએ

વિવાહે વિઘ્ન ન હોય લેશ, બારસાખે આવી બેઠા ગણેશ.
શુભ કામ સિદ્ધ કરાવો, ગણપતિ ઘરમાં પધરાવો.
નિર્વિઘ્ને નામ વિવાહનાં જાણી, ગણેશને તેડયા છે પાટ માંડી
ગણેશને બેસાડોરે પાટ, નિર્વિઘ્ને કરીએ વિવાહના કાજ.
ચોરંગી ભીત ધોળાવો, સીંદુરના ગણપતિ કડાવો.
આળેખો સીંદુરને સુંદર, ગણેશને વાહન ઉંદર.
ગોર પાસે પ્રતિષ્ઠા કરાવો, માહે સત ગણપતિના અણાવો.
સમસ્ત પૂજાપો અણાવો, મહીઆરી ગણેશ પૂજવા આવો.
તેની પાસે ગણપતિ પૂજાવો, વ્હેવારના મહીયારાં અપાવો.
મહીયારીને આપોનીરે ઘાટ, પ્હેરાવશે-બહેનના બાપ.
પહેરાવોની મહીયારીને સાડી, આપશે—બહેનની માડી.
અબીલ ગુલાલને સીંદુર, ગણપતિ પૂજ્યા ઉગમતે સુર.
ગણેશને ચડાવો ચંદન, ઘણું જીવો-વ્હેવાઇના તન
ગણેશને ચડાવોરે કુંકું, બહેન માગે હેવાતન ટિકું.
ગણેશને ચડાવો કરેણા, બહેન ગમતાં ઘાલો ઘરેણા
ધુપદીપ નૈવેદ ને કસ્તુરી, ગણપતિ પૂજે ભાએગની પૂરી.

લક્ષ લાભ જોડી રહ્યા છે હાથ, સિદ્ધ બુદ્ધિ ચમર કરે ચોપાસ.
—ને ગળ્યેરે કંસાર ઘણો ભાવે,—વ્હેવાઈ નિત્યે માગાં કહાવે.
—વ્હેનણે આરત ઘણીરે કીધી, તો અમે કુળવંત કન્યા દીધી.
બહેનને આઠ દહાડા પીઠી ચોળાય, અંબાજીના આશીરવાદ
ભણાય.
—બહેન સુરજ પાઠી સાંભળીને ઉઠ્યાં,—એ લુણ ઉતારીને મુક્યા
—ના મંડપ છેરે રૂડા, મામાજી શોભતા લાવોની ચૂડા.
મોસાળું લાવે—વહુમામી, તેને આપોની કસબી સાડી
મોસાળું લાવીને બારણે ઉભી,—વહુએ છાબ વધાવી લીધી.
બહેનને ઉંબરે બેસાડો, બલગરી ઘાલીને થર પહેરાવો
કાંકણ ઉપર કાંકણી સોહે, ભરાડીમાં અમી ભરી દષ્ટે જોએ.
વ્હેવાઈની મોટીછે રે જાન,—મોકળા આપો મુકામ.
—દોની આદરમાન,—આપો ફોફળ ને પાન.
મડપમાં આવીછેરે જાન,—આપોની કન્યાદાન
—બહેનને અંગોળડી કરાવો, કોરાં પાનેતર પહેરાવો.
ગોર પૂજે—બ્હેનરે બાળી, હાથમાં વરમાળારે ઝાલી
ડાબે હાથે ઝાલી છે વરમાળ, જમણે હાથે પૂજે છે ગોરમાત.
—બ્હેન ગોરમાની પૂજા કરે, હૈયામાં ધ્યાન—નું ધરે.
પૂજજો શિવશક્તિ બે જોડ, માતા તું પૂરજે મનના કોડ.
—સેરીએરે આવ્યા, ત્યાં અમે ફુલડે વધાવ્યા.
ગુલાલ છાંટે કન્યાનો ભાઇ, પોખવાની કરોની સજાઈ.
—તોરણેરે આવ્યા,—એ પૂજ્ય કરી પધારાવ્યાં.
—એ દીધાં છે કન્યાદાન, વહુવરનું હોજો સદા કલ્યાણ.

અમે તો કુંકુને કન્યા આપી, ...નને-વ્હેવારણુને માગે થાપી.
રાંકથી ના ઉપડેરે ભાર, ચંદ્રમા ...ગે શુક્રનો તાર
અમારૂં લીલું શ્રીફળ માની લે...—વ્હેવાર ...ો ત્રણેરૂં કહેજો.

રાબડી.

કડવુ ૧ લું.

૬૧

જીરે રૂક્ષરેમણી શ્રી કૃષ્ણુજી સાથે, બોલે છે મર્મજીરે
કર્યાંને કર્મરે અમ પરણ્યા પછી રે જીરે.
જીરે પહેરતા ધાબળી, હોડના કામળી,
વાંસ તણી વાંસળડીરે વાતા.
મહીઆરીના મહીઅરે ચોરીને ખાતારે, જીરે.
જીરે જુઆરની રાબડી પીસંતાં માવડી,
તે વારે તમે ચારતા ગાવડીરે જીરે.
જીરે ચીનીરે નહોતા ચલાણારે નહોતાં, ઉપર ચલાણીરે નહોતી,
તેવારે તમે મરદન કરતાં કોડીએરે જીરે.
જીરે ચરૂરે નહોતાં, કડાઇઆરે નહોતાં ઉપર તાંબાકુંડીરે નહોતી,
તેવારે તમે અંગોળ કરતા અંગોળીએરે જીરે.
જીરે ચીરરે નહોતાં પટોળાંરે નહોતાં, ઉપર પીતાંબર નહોતાં,
તેવારે તમે પહેરતા ધાબળીરે જીરે.
જીરે થાળીરે નહોતી કંચોળારે નહોતાં, ઉપર વાડકારે નહોતા,
તેવારે તમે ભોજન કરતા બાજમાંરે જીરે,
જીરે સાળરે નહોતી ને દાળરે નહોતી, ઉપર કડેયાં દુધરે નહોતાં.
તેવારે તમે ભોજન કરતા રાબડી જીરે.

જીરે ઝારીરે નહોતી કમંડળ નહોતાં, ઉપર કળસીઆરે નહોતા.
તેવારે તમે પાણીરે પીના કરવડેરે જીરે.
જીરે પાનરે નહોતા સોપારીરે નહોતા, ઉપર લવંગ એળચીરે નહોતાં,
તેવારે તમે મુખવાસ કરતા પાંદડે જીરે.
જીરે બાજઠ નહોતા સોગઠડાંરે નહોતાં, પરવાળીના પાસારે નહોતા,
તેવારે તમે રમત રમતા કાંકરે જીરે
જીરે ઢોલરે નહોતા તળાઇ રે નહોતી,
ઉપર અસીસાં રે નહોતા,
તેવારે તમે પહોડતા સાથરેરે જીરે.
જીરે જાળીરે નહોતી, જરૂખા રે નહોતા, ઉપર અગાસીરે નહોતી.
તે વારે તમે બેસતા ઓટલે રે જીરે

૬૨

કડવું. રજું.

આ બાર પાછળ દેવકી, સાંભળે વહુની વાત રે,
હું જીવતાં તું આશું બોલે, પછી તે કેવી વાતરે.
કાલ કાગળ લખી કરી, મોકલું વીદ્રભા મોઝાર રે,
આ તેડાવી તારા તાતને તને, મોકલું મહીયર સાર રે.
બરો તે બારે ગામનો, હેઠો ન મુકે શ્વાસ રે.
નિર્લજવેડા આદર્યાં, અ કોશ નહીં લગાર રે.
કીડીપર શું કટક કરોછો, તરણા ઉપર શો ભાર રે.
એમ કહીને રૂક્ષમણી પાય લાગ્યાં, સુણો મ્હારી માય રે,
કેડે ચડાવ્યાં રાણી રૂક્ષમણી, મુકયાં તે મંદીર માંહે રે.
તારા ધણી સરસાં રાજ કરજે, જીવો તે વરસ કરોડ રે.

(શંકરવર.)

૬૩

આજ મારે ઘેર મોહેળો રે, શંકર આવ્યા બાર,
ઉમિયાએ તપ માડીઓ, વરૂં શિવશંકર ભરથાર,
શંકરવર સજ કરો.
ઉમીયા ઉભા તપ કરેરે જોવા આવ્યા ઇશ,
મહાવનમાં તપ માડીઉં, તેને વહી ગયા જુગ રે પચીસ, શંકર
મેં તમને વર આપીઓરે, ઉમીયા જાઓની ઘેર,
મેનાને મંદીર વસો, મારે કરવી છે કંઈ એક પેર, શંકર.
ઉમયા ઉઠીને આવીઆંરે, માને લાગ્યાં પાય,
મેના મા મે વર વર્યો, જેને ચાૈદ ભુવન મુખમાંય, શંકર.
મેના મુખથી બોલીઆરે, સાંભળ ગવરી વાત,
ભીખારીને શું વર્યાં, એની કોઇ નથી જાણતું જાત, શંકર.
ઘરડો જોઇ લાજ્યા નહીંરે, બોલ્યાં મુખથી વાણ,
બીજો વર હું નહીં વરૂં, શિવ શંકર વિના જાણ, શંકર.
વૃદ્ધ વૃષભે ચડી આવીયોરે, જોગી સરખું રૂપ,
એ વરને તું શું વરી, બીજા છેરે ભૂતળમાં ભૂપ, શંકર.
વાઘાંબર શિવ હોડણેરે, મસ્તકે બ્રહ્મ કપાળ,
નાગહાર હારાવળી, શિવકંઠે સોહીયે રૂંઢમાળ, શંકર.
જટા જુથ ભસ્મે ભર્યોરે, અંગે વીંટયા નાગ,
મેના મનમાં લાજીઆં, એને નથીરે દેવાંના લાગ, શંકર.
મેના મૂર્છાગત હવાંરે, પડયાં ધરણી હેઠ,
ઉમીયાંએ મન વીમાસીઉં, મારે કરવી તે કંઇ એક પેર, શંકર.

ઉમીયાં કહે સુણો નાથજીરે, મેના થઇ છે મૂઢ,
તુજને કો જાણે નહીં, તારૂં આદ અંતર અતિ ગૂઢ, શંકર.
ઉમીયા કહે સુણો નાથજી રે, કરોની રૂપ પ્રકાશ,
પુરમાં સહુ જોવા મળ્યાં, તારી થાય રે જગતમાં હાસ, શંકર.
વચને રૂપ પ્રકાશીઉં રે, કોટી સૂર્ય પ્રકાશ,
સોળ કળા શશી ઝગમગે, ગંગ મસ્તકે લીધો વાસ, શંકર.
શંકર નામે સાંભળ્યો રે, વસે તે વાસ કૈલાસ,
કાને કુંડળ જળહળે, ઉર કૌસ્તુભમણિનો હાર, શંકર
મેં તુજને જાણ્યો સદા રે, ઓળખીઓ આણી વાર,
વચને વિશ્વંભર થયા, જોઇ હસવાને લાગી નાર, શંકર.
શંકડ સજ થઈ આવીઆ રે, ઉભા તોરણ બ્હાર,
મેના મનમાં હરખીઆં, હવે છેરે દીધાનો લાગ, શંકર.
પોંખી લીધા પદમની રે. પીડી નાંખી ચાર,
નાક સાહી વર નીરખીઆ, જીરે બેસણ સુનાના પાટ, શંકર.
કન્યાએ કાંકણ પેરીઆંરે, પડી પાનેતરે ગાઠ,
અંતરપટ આડે ધર્યા, જીરે હેઇરે તંબોળડે છાંટ, શંકર.
ઉમીયા શંકર પરણીઆં રે, પોતા મનના કોડ,
કૃષ્ણાબાઇ ચરણે નમે, મળી સરખે ને સરખી જોડ, શંકર.

રામજીનો વરઘોડો.

૬૪

માતાજીશું વાત કરે છે સીતા કે,
માડી મને લાડ લડાવે પિતા કે.

માડી શણગાર ઘડાવો શોભીતાકે.
આજને આનંદરે પરણવાનો દહાડલો જો,
માડી મને પરણવું ઘણું ગમે કે,
માડી મને પરણાવોની તમે કે,
માડી મારૂં મન રામજી શું રમે કે. આજને.
માડી મને કુંવારી કુંવારી સહુ કહે છે કે,
માડી મારી સહીયરો તે મેણા દે છે કે,
માડી મારી લોક હસારત થાશે કે. આજને.
માડી મારો સસરો તે દશરથ કહાવે કે,
માડી કૌશલ્યા સાસુ લડાવે કે
માડી એવાં લાડ ઘણેરાં ભાવે કે આજને.
માડી મ્હારે અંગે તે સોહીએ પીઠી કે,
માડી પરણવાની વાત ઘણી મીઠી કે,
માડી રખે દુષ્ટની નજરે પડુ દીઠી કે. આજને.
માડી મારે હાથે તે રાતો ચુડો કે,
માડી દરશરથનંદન વર રૂડો કે,
માડી એને નહીંરે ભજે તે ભુંડો કે. આજને.
માડી મને શોભતાં ઘરેણાં પહેરાવો
માડી મારે સેંથે તે સીદુર પુરાવે
માડી રૂડાં પાનેતર અણાવો કે. આજને.
માડી મારી આંખ આંજો અણીઆળી કે,
માડી મને લટકતી ઘાલો વાળી કે,
માડી મને ટીલડી ચ્હોડો ઘણી સારી કે. આજને.

સખી જોને ઉતાવળ મંડાઇ કે,
સખી જોની લોક આવ્યા સહુ ધાઇ કે,
સખી રામજી સહુના સુખદાઈ કે,
આજને વરઘોડેરે રામજીને નીરખીએરે.
સખી મારા લગન આજનાં લીધાં કે,
સખી જોની મોટા સામાન કીધા કે,
સખી નોતરાં ઠામો ઠામ દીધા કે. આજને વરઘોડેરે.

સખી મંડપમા માહેરૂં રચાવો કે,
સખી ત્યાતો સુનાની ચોરી બંધાવો કે,
સખી ત્યા તો પ્રાણજીવનપધરાવો કે. આજને વરઘોડેરે.
સખી નોબત વાગે દરવાજે કે,
સખી સંભળાય નહિ બોલ્યા અવાજે કે,
સખી એવા નિત્ય નિત્ય મંગળ છાજે કે આજને વરઘોડેરે.
સખી રામજીને અંગે સોહીયે વાઘા કે,
સખી જોતાં રામજી મીઠડા લાગ્યા કે,
સખી એના ચરણકમળે ચિત્ત લાગ્યાં કે આજને વરઘોડેરે.

સખી વરઘોડા ં કરૂ વખાંણુ કે,
સખી દીસે અગ નોબત નીશાણુ કે,
સખી સરણ નફર ન કે, આજને વરઘોડે રે.
સખી મોડ સોહીયે તે કૌશલ્યા માથે કે,
સખી કહાડી પીયળ તે કુંમકુંમ સાથે કે,
સખી ઝાલ્યો નામણુ દીવો હાથે કે. આજને વરઘોડે રે.
સખી દશરથના પોંતા કોડ કે,

સખી મળી રામ સીતાજીની જોડ કે,
સખી એણે ખરચ્યાં કોટી કરોડ કે,   આજને વરઘોડે રે.
સખી દશરથની ધન્ય કમાઇ કે,
સખી મળ્યા સરખે ને સરખા વેવાઇકે.
સખી એની કીર્ત્તિ જગમાં ગવાઇ કે.   આજને વરઘોડે રે.
સખી પોંખી લીધાં તે દશરથ રાણી કે,
સખી નિજ જનમ સફળ થયો જાણી કે,
સખી એની પરિબ્રહ્મે લીલા વખાણી કે. આજને વરઘોડે રે.

રૂક્ષ્મણી હરણ.

૬૫

શુકદેવજી કહે છે વિવાયરે, તમે સાભળો પરીક્ષત રાય રે.
હવે રૂક્ષમણીને શું થાય કે, વયે થઇ વ્યાકુળી રે.
ત્યાતો સખીઓ મળી સહુ સંગરે, રૂક્ષમણીએ માંડયો પરપંચરે.
વરૂ તો વાસુદેવનો નંદ નીકર મારી દેહ તજું રે.
રૂક્ષમણીએ તેડાવ્યા વિપ્રરે. સ્વામી જાઓ દ્વારીકાં શીઘ્ર રે.
મારૂં કારજ કરીને સિદ્ધ કે, વ્હેલા પધારજોરે.
દીન થઇને તે લાગ્યા પાયરે, પછી વિપ્ર કીધોરે વીદાયરે.
વાટે શુકન સારા થાય, હરિ ભટ હરખીયારે.
રૂખમૈયાને થઇ ત્યાં જાણરે, બોલ્યો મુખેથી મિથ્યા વાણરે.
રૂક્ષમણી પરણાવું કમાણુ કે, હૂં શીશુપાળનેરે
મેં તો ભાંજી સરોવર પાળરે, મેં તો ધાવતાં વછોડયાં બાળરે.
કોઇને કુડાં ચડાવ્યાં આળકે, આડે આવીયારે.

મેંતો પાડી સહીઅરમાં હોડરે, પારવતી કરૂં કરજોડરે.
રખે પૂજતાં પડી કંઈ ખોટ, અંબાજી રૂઠડારે
મારાં પુરવ જનમનાં પાપરે, મારા અવળા તે બાંધવ બાપરે.
મારી માતા એ ના કરૂં ત્યાગ, હવે હું શું કરૂંરે.
રૂક્ષમણી ઉંચું ચડી ચડી જોયરે, રામ કૃષ્ણ કરી કરી રોયરે.
ક્ષણ સુખ શરીરે ન હોયકે, વિનતા વલવલેરે.
એટલે આવ્યાં જનુની માતરે, પુત્રી કયાં ગયો સહીયર સાથરે.
મુને માંડીને કહોની વાત, રૂઓ કા રૂક્ષમણીરે.
પીઠી પેઠી તે આખ મોઝારરે, થઇ વ્યાકુળ હુ નિરધારરે.
તેણે આંસુ પડયાં રે અપારકે, મા મને ખરખરેરે.
મારૂં ફરકેરે ડાબુ લોચનરે, ફુલે હરખ થકી મુજ મનરે.
વામાગે થાય શુકન, હરિહ'ર આચરેરે.
હરી વ્હેલાં આવોની આજરે, પ્રભુ પ્રકટ થાઓની મહારાજરે.
નહીં તો પ્રાણ તજીશ નિરધાર, ત્રિકમ તુજ કારણેરે.
રૂક્ષમણીએ કીધો વિચાર રે, તેડવું તે વિપ્રની નાર રે.
તેને પૂછું સમાચાર, હરિભટ કયા હશે રે.
એવે આવ્યાં તે વિપ્રની નારી રે, તમે સાંભળો રાજકુમારી રે.
તેને ગયે થયા દિન ચાર, હુંઓ જોઉં વાટડી રે.
રૂક્ષમણી ચડી જોય છે જાળીરે, હજી શે ના આવ્યા વનમાળી રે.
દીઠી ચાર દિશા અજવાળી, દીવાળી કયાં હશે રે.
એટલે વિપ્ર તે દીઠો દુર રે, હદે આવ્યાં તે સાહેર પુર રે.
ધસી આવી ઉરાઉરકે, વિપ્રને પુછીકું રે
વિપ્ર બોલ્યો તે મુખથી વાણુ રે, શ્રી કૃષ્ણ આવ્યા નિરવાણુ રે.

સાથે સૈન્ય સહુ શુભ જાણુ, વાડીમાં ઉતર્યા રે.
એક હાર હતો રે અમુલ રે, માણેક મોતી જડયાં જડાજુડ રે.
તેનું ત્રિલોકમાં નહી મુલ, તે વિપ્રને આપીઓ રે.
રૂક્ષમણી અંબિકા પૂજવા જાય રે, સહુ માનુની મંગળ ગાય રે.
ત્યાં તો કૃષ્ણુ હરણુ ગુણુ ગાય રે, રૂક્ષમણી પરણીઆં રે.

સીતાજીનો સોહેળો.

કડવુ ૧લું.

૬૬

ત્રંબક તોડે બાંધીયા, કંકોતરી રે લખાય.
રાજા જનક રાયે જગ મંડીઆ, ચોપાસ વધામણી જાય.
સીતાજીનો સોહેળો.
મંડપ રચીઓ મોકળો, સુવર્ણસ્તભ વિશાળ.
જાળી જરૂખાને ગોખ બારી, ત્યાં જડીઆ છે લાલ પરવાળ. સીતાજી.
પરી રચીરે પુરતી પુતળી ત્યાં કનક ખુરસી ને પાટ,
મંડપ છાયો મોગરે, બહુ યચવા મળીઆ ભાટ. સીતા.
ત્યાં દેવ દાનવ જક્ષ કિંનર, રાજકુળ છત્રીસ,
ચોદિશાએ આવરી, જીરે જાન જોજન દસવીસ. સીતા.
ધોધાટમા તો માંડવો, બેટે ભલેરા રાય,
છાજતાંરે આસન છત્ર ચંમર, રાજા જનકને હરખ ન માય. સીતા.
મગમગેરે માતી માળણી, ચોસેર ચંપા ચાર
મંડપ ઓલે છાગનાં ત્યાં તો થેઇ નાટારગ થાય, સીતા.
મોગરેલ તેલને ચુવાચંદન, અરગજા ને અબીલ,
કેસર ગુલાબના છાંટણા, સંતોષ્યાજી બાાન વીર, સીતા.

સાંતિક સારીને ગોખબારી, કાંકણુ પહેર્યાં હાથ,
પીઠી કરે સહુ પદમની, ગુજરી સહુ ગોરી ગાય. સીતા.
ચોપાસ ભાળે જાનકી, મારો કંથ શ્રી રઘુરાય,
નહી અવર રાણુરાય ભાળ્યા, આભુષણ અંગ સોહાય. સીતા.
સીતા મન શોચના કરે, મારૂ કમળ કોમળ ઇશ,
રાજા જનક પણ પારખી રહ્યા, બીજાં શેનાં કીધાં પણ ઇશ સીતા.
ત્રંબક ધનુષને સજ કર્યું, કોઇ વીર વરશે શીર,
ધિકધિક પડો મુજ તાતને, મારો મુરખ તાત અધીર, સીતા.
દશ વદન રીસ ચડી ઘણી, ધસીને ઝાલ્યો હાથ,
ભુજ ચંપાણા નવ નીસરે, બળવંત ભરાયો શ્વાસ. સીતા.
તાળી લીએ સહુ તારૂણી, સુર લોક જોવાને જાય,
લંકેશ્વરના વદન લાજે, ત્યા તો હસે સકળ સુરરાય. સીતા.
મહીપતિરે ઉઠયા મુછ મરડી, ધીર વીર સુજાણ,
નહી શર તળે ત્રંબક તોડે, હારીને તજીયાં માન સીતા.
રૂષિ સભામા રઘુવીર લક્ષ્મણ સાથે બાંધવ જોડ,
વશિષ્ઠ આજ્ઞા દો મુજને, આ ત્રંબક ભાજવા કોડ. સીતા.
રૂષિ કહેરે બાળક બોલ મા, શું થયો બુદ્ધિ અજાણ,
હારીઆરે સુરીનર સુભટ સહુ, હવે ખોઇશ બ્રાહ્મણનાં માન સીતા.
મુખ હસે ને કર સંપુટ કરે, દો આજ્ઞા મુજ ઇશ,
તમ પ્રતાપે વરૂ સીતાને, જો સરજ્યું હશે જગદીશ સીતા.
એણી પેર કહી હરખે ધસી, આવ્યા જેમ અષાડી મેહ,
ત્રંબક ધનુષને સજ કરૂં, એવું એક રહ્યું ચિત્ત તેહ. સીતા.
કયાં કામ કોટીક પાંડવોરે, ચંદ્ર છો રઘુરામ,

મુરખપણે એ મા કરી, કસ્તુરી કદમને ઠામ. સીતા.
કયાં મેરૂ આગળ માણુસ, કયાં હસ્તિ આગળ બાળ,
કયાં કેળ સાથે બાથ ભરવી, એ કઠણુ કંટાળાની જાત. સીતા.
સીતા તે મન શોચના કરે, બાઇ શો કરૂંરે ઉપાય,
રઘુવીર વિણુ હું નહી વરૂં, મારે કંઠે હું ધાલીશ પાશ. સીતા.
છોટી કછોટી ને સીસ છોટી, કમળ કોમળ વાન,
કેસરીરે લંકે લટકતા, રઘુનાથજી ભીનલે વાન, સીતા
તું ભવોભવ ભરથાર વર, ભૂધર કરજો સ્હાય,
હવે લગન વેળા સજ થઇ, ક્ષણુ એક ન લાગે વાર. સીતા.

કડવું ૨ જું.

૬૧૭

સીતા કહે સહીયર રે મહીયર માહેરૂં, આ જોની થાશેરે.
કારજ ઓ રહ્યું.
મુજનો પ્રાણલોરે, કો નરશુ કહેશે, સુરી નર દેવતારે, સહુ કોઇયે હશે.
અપજશ જનકનેરે, જોતાં છે ઘણો, મ્હારે શીર લાગશે રે, ભવનું મહેણલું.
કોણુ ત્રંબક ભાંગશેરે, તાત હરયું થાશે, જો રામ રીસાવસેરે, તો, ભવ કેમ જાશે.
મેના કહે માવડીરે, તપ તેં શું કર્યો, આ કયા કાળનોરે, બાઈ તે વર વર્યો.
કાળો ને કુબડોરે, કુટુંબ દયામણો, અંગે વસ્ત્ર વિનારે, દીશે ભજનમણો

ઝોળી ને ટોપીરે, રાખ ચોળી ઘણી, એ સુખી માયરીરે, ઉમીયાનારે ઘણી.
ઉમીયાને દુખમાંરે. સહીઅર શી માગુ, અક્ષર લખજોરે, સ્વામી નિર્મળા.
પ્રભુજી તું સાંખજોરે, અવગુણ અમ ભણી, ભવોભવ ભૂધરારે સીતા તમતણી.

સોહેળો.

૬૮

એક મન જાણ્યું સીતાનું, પછી ધનુષ્ય ધર્યું શીશ
લીલા કરી લટકાળીયું, કીધા કડકા તે વીસ પચીસ સીતાજીનો સોહેળો
દુંદુભીરે વાગ્યા દેવનાં, ફૂલડે વરસ્યા મેહ,
વરમાળ ઘાલે જાનકી, ત્યાં તો પૂરણ પ્રકટયા સ્નેહ. સીતાજીનો.
એ સીતા ગીતને પ્રીતે પુરણ, ગાઓ માનુની મન,
એણી પેરે તે હરખે વદે, બ્રહ્માનંદ રઘુકુળ ધામ. સીતાજીનો.

સીતાવેલ.

૬૯

ઇશ્વરથી ઉત્પન્ન હવારે, બાઇ બુધબુધ નાથ ને દેવ.
ઉમીયાને અંગી થકી ઉપન્યા તે, વરણવું આદ્ય ગણેશ.
જનક તનયા કુંવારીરે, વર વાંચ્યો શ્રી રઘુરાય.
ત્રંબક બાંધ્યા ત્રોડવા, કંકોતરીરે લખાય.

ઉથલો.

રાય ત્રંબક ત્રોડવા બાપ્યારે, સુર ઘેર સુરાન વાધ્યારે
પાતાળના પંડિત તેડયારે, નવ ખંડના નરપતિ રેલ્યારે.
ત્યાં ઇશ્વિરે ઇંદ્ર જગાડયારે, હંસ માન સરોવરે આવ્યારે.
ઋષિ સાથે તે રામ પધાર્યારે, પાય લાગી પ્રણામજ કીધારે.
રાય જનકે તે આદર દીધારે.

રાગ પ્રથમનો.

૭૦

સીતાએ સ્વરૂપ ઓળેખીયુંરે, બાઇ વિનતા કરેરે વખાણુ.
કંકણ ચુડી ને મુદ્રિકા. સીતા પ્હેરે ચોળીને ચીર
નવખંડ નરપતિ નીરખતારે, બાઇ આવ્યાં મંડપ હેઠ.
નેપુર ઘુઘરા રમઝમે, જાણે ગાય ગાંધર્વ ગાન.

ઉથલો.

સીતા હંસા તે ગમની હરણીરે, સીતાપાની તે કુંકમ વરણીરે.
છત્રપતી મળ્યા સભા માહેરે, કાને કુંડળ લલિત માદળીઆંરે.
અજ ઇશ શરણ જેને આવેરે, તે તો કમરે ચીર વીંટલાવેરે.
રામ તાણી કરીને બંધાવેરે, ગોર સુંદરી બોલ સુણાવેરે.
બળીઆ બહુ બાથે આવેરે, તો એ ત્રંબક તસુએ ન હાલેરે.
હઠ મુકાની રાવણ રાણારે, ગત ભાંગીને હાથ ચંપાણારે.
મોટા ગયારે સભામાં હારીરે, ત્યાતો જાનકી રહીરે કુંવારીરે.

રાગ પ્રથમનો

જ્યા નો ભાંગી ગઈરે, હવે સ્તંભ ઉપર ભાર.
પૂર્વ જનમની પ્રીતડી, તમે શેં ન સંભારો નાથ

ઉથલો

આપણી પૂર્વની પ્રીત સંભારોરે, એનો મહિમા મંડપમાં વધારોરે
એહા થાઓની બળવંત બળીયારે, તમને જોવા ભોવન ચૌદ મળીયાંરે.
ગુરૂ કહો તો હું ત્રબક ભાંગુ રે, લઘુ વેશે હું કહેતાં લાજુ રે.
સહુ દેખતા શત ખંડ કીધારે, રામે જીત્યાના જશ લીધારે
રામ હાથે તે તાળી લેવાએરે, સીતા માથે તે મોડ બંધાએરે.

રાગ પ્રથમનો

મોડ બંધાવે હરખીરે, બાઈ વરવા ત્રિલોકનો નાથ.
સીતાએ મન વાંચ્છીઓ, તે પામીયાં શુભ નાથ

ઉથલો.

વિશ્વામિત્ર તે ચોરી બંધાવે રે, કડવા મિત્ર તે ચોરી બંધાવે રે.
ગાયેત્રી સાવિત્રી વધાવે રે, વરને પોખીને માંહે પધરાવે રે
સીતા હીંડે તે સજન સાહેલા રે, સીતા મંગળ વરતે પ્હેલું રે.
બીજે મંગળે હવા અતિ સ્નેહરે, સીતા ત્રીજું તે મંગળ વરતે રે
કાંકણચુડી તે હાથે ખળકે રે, સીતા ચોથું તે મંગળ વરતે રે.
સીતા ગયાં રે પરાયે ગોત્ર રે.

(રાગ પ્રથમનો)

સીતાનો હાથેવાળો મેળવ્યોરે, બાઈ સાથ સારંગપાણ,
સહુ રાયરાણા દેખતા દીધાં તે કન્યાનાં દાન.

(ઉથલો.)

કન્યાદાન દીધાં દેવરાયે રે, કન્યાદાન લીધા ગુરાયે રે.
તે તો જુગ સઘળે રે ગવાએ રે, વાત દૈ ચાં વખણાયે રે.

વધામણું દેતી વખત ગાવાનું.

અંબા માનો સરો રે સોરંભતો ા પૂજા કોણે કરી રે.
——ને રે ઘેર નવી વહુ તો અ. માપૂજા, તેણે કરીરે.

૭૨

મા પીતળ ઘંટા વાગે રે મન મોહનીયા.
મા કયા ભાઇ તમારા સેવક રે મન મોહનીયા.
મા——પૂજને આવે રે મન મોહનીયા.
મા નવી વહુ પાયલે લાગે રે મન મોહનીયા.
મા વળી વળી હેવાતન માગેરે, મન મોહનીયા.

૭૩

એમ ન જાણશો માત પૂજીને પાછા વળ્યા રે.
પૂરી તેવ પૂરો મનની આશ હરખે ને દીધાં વધામણાં રે.
————ની પોંતી રે આશ——વહુના પોતા મનોરડા રે.

રન્નાદેવ વળાવતી વખતે ગાવાનાં ગીત.

૭૪

અમી રે સંજયાર્ગે નીસર્યાં દેવ, કયાં જઇ વસશો.
વસીશું તે આંબાં આમલી વસીશું સરોવરની પાળે.
વસીશું તે ચાચર ચઉટે, માતા કરો રે કલ્યાણ.
વસીશું તે——ને ઓરડે ઘર મીઠા બોલી નાર.
મીઠડા બોલે ને મન વસે ... વળી લાગે છે પાય.
પાય લાગીને શું માગીયાં માગ્યાં ધણીયનાં રાજ.
અખંડ હેવાતન ધાટડી માગ્યા પુત્રપરિવાર.

૭૫

રાંદેલ માનો સરો રે સોરભતો રાદેલ પૂજા કોણે કરી રે.
——ને ઘેર નવી વહુ તો રાંદેલ પૂજા તેણે કરી રે,

૭૬

રાંદેલ રહો રહો રે તમને કયા ભાઇ મનાવે.
રાંદેલ રહો રહો રે તમને કઇ વહુ પાયે લાગે.
રાંદેલ રહો રહો રે તમને ચીરના ચંદરવા.
રાંદેલ રહો રહો રે તમને મોતીના અખ્યાણાં.

૭૭

રહો રહો રન્નાદે પરોણુઆંરે રહો રહો આજનો દીન,
રહીને તે કરો રળીયામણાંરે.
રહો તો રંધાવું ઝીણી સેવ, જાઓ તો રંધાવું કડી લાપસીરે.

૭૮

એમ ન જાણુશો માત પૂજીને પાછા વળ્યાંરે,
પૂરી તેવી પૂરો મારી આશ, હરખેને રદિલ તેડીયાંરે.
—પહોંચીરે આશ,—વહુનાં પહોંચ્યાં મનોરડાંરે.

ચાચર પૂજતી વખતે.

૭૯

ચાચર માનો સરોરે સોરંભતો, ચાચર પૂજા કોણે કરીરે.
—નેરે ઘેર નવી વહુતો ચાચર પૂજા તેણે કરીરે.

૮૦

એમ ન જાણુશો દેવ પૂંજીને પાછા વળ્યાં રે.
પૂરી તેવી પૂરો મારી આશ, હરખેને ચાચર પૂજીઆરે.
—પહોંચીરે આશ— વહુનાં પહોંચ્યાં મનોરડાંરે.

સીમન્તમાં ગાવાના ગીત.

૮૧

નરસિંહ મેહેતાનું મામેરૂં.

કડવું ૧લું.

શ્રી ગુરૂ ગણપતિ શારદા, સમરૂં તે સુકદેવ સર્વદા;
આ મનમોહાદિક મામેરૂં, મહેતાતણું કહેવાયરે.
મામેરૂં મેહેતાતણું, પદબંધ કરવાની આશરે;
આ નરસિંહ મેહેતો ભક્ત બ્રાહ્મણ, જુનાગઢમાં વાસરે.
ભાભિએ એક વચન કહ્યું, મેહેતાને લાગી દાઝરે;
પરિત્યાગ કીધો ઘરતણો, મેહેતો ચાલ્યા વન તપ કાજરે.
તે વન વિષે એક દેરૂં દીઠું, અપુજ્ય શિવનુ લિંગરે.
આ મેહેતે તેની પૂજા કીધી અંતર માહિં ઉમંગરે;
ઉપવાસ સાત મેહેતે કર્યા, ત્યારે રીઝયા શ્રી મહાદેવરે;
આ કમળની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવરે.
કર્પુર ગૌર સ્વરૂપ ઉમયા, ધર્યાં ડાબે પાસરે;
ઝાઝી જટામાં તે જહાનવી, લલાટે ચંદ્ર પ્રકાશરે.
છે રૂંઢમાળા સર્પ ભુષણુ, વાઘાંબર મૃગચર્મરે;
વાગે ડાક ડમરૂ શંખ શીંગી, મહેતે દીઠા શ્રી પરિબ્રહ્મરે.
મહેતો ઉઠીને પાયે લાગ્યા, ત્યારે મસ્તકે મૂકયો હાથરે;
માગ માગ વર કૃપાળ છું, એમ બોલ્યા ઉમીઆ નાથરે.
મેહેતો કહે મહાદેવજી, એક માગું છું સ્વામિન્રે;
આ તમારૂં દર્શન પામ્યો, પામું વિષ્ણુનું દર્શન...

ધન્ય ધન્ય સાધુ શિવ કહે, તને ભક્તિની છે આશરે;
આ અંખડ વ્રજમાં તેડી ગયા, જ્યાં હરિ રમે છે રાસરે.
રાસ મંડળતણી રચના, શી વખાણે કવિતરે;
આ નરસૈયોં કૃતારથ થયો, તે કૃપા શ્રી હરિની હવી.

કડવું ૨ જું.

મહારાજ શિવ મહારાજજીએ, ગ્રહ્યો મેહેતાનો હાથરે;
તે સદાશિવને જોઇને, સામા આવ્યા વૈકુંઠનાથરે.
હરિહર હરખીને મળ્યા, નમિ ગોપી શિવને પાયરે;
નરસૈયો જઇ નમ્યો નાથને, તવ પૂછે ગોકુળ રાયરે.
કહો સદાશિવ આ કોણ છે, તમે દેખાડયો આ ઠામરે;
મહાદેવ કહે એ દાસ તમારો, વિપ્ર નરસિંહ નામરે.
ભકિત ઇચ્છે તમતણી, કીર્તન કરે ગુણ ગાયરે;
કરૂણા કરો શ્રી કૃષ્ણજી, તવ બોલ્યા વૈકુંઠરાયરે.
હાથ ગ્રહી તમે તેડી લાવ્યા, સદાશિવ ભગવાનરે;
એ નરસૈયોં મે ભક્ત કીધો, ઓધવ વિદુર સમાનરે.
મસ્તક ઉપર હાથ મુકી, કહે શ્રી ગોપાળરે;
દુ:ખ વેળા મને સંભારજે, હું ધાઇ આવિશ તત્કાળરે.
કરજે કીર્તન ભક્તિ મારિ, તરિશ ભવ સંસારરે;
આ દીઠી તેવી લીલા ગાજે, કેવળ રસ શ્રણગારરે.
પછી રાસ મંડળ તણી રચના, દેખાડી તેણિવારરે;
નરસિંહ મેહેતા પ્રત્યે બોલ્યા, સ્વામી શ્રી ત્રિપુરારરે.
રખે લોકાચાર મનમાંહિ ગણતો, મસ્તક સાટે ભક્તિરે;
રાધા કૃષ્ણનો વીહાર ગાજે, જુએ તેવી જુગ્તિરે.

અંતરધ્યાન થયા એમ કહિને, ભોળા શંકર દેવરે,
પળ માત્રમાં નરસિંહને મુકયો, જુનેગઢ તતખેવરે.
થઇ નરસૈયાની નિર્મળ વાણી, કવિ શક્તિ ભક્તિ અપારરે;
રાધા કૃષ્ણ શું રંગ લાગ્યો, ગણ્યો ગૃણાવત સંસારરે.
પછિ તાલવાતા ગીત ગાતા, પધાર્યા પુર માહેરે;
નરસિંહ મેહેતો જઇને નમિયો, ભાભિ કેરે પાયરે.
તમે ગોરાણી મેં પ્રમાણી, કહ્યું કડણુ વચનરે,
આ હરિહર મુજને મળ્યા, તે ભાભિ તમારૂ પુન્યરે
પુન્ય તમારૂંને માત મારિ, મને મળ્યા પરિબ્રહ્મરે;
છે સાધવી સ્ત્રી મેહેતા તણી, તેણે માંડયો ગૃહસ્થાશ્રમરે.

કડવું ૩ જું.

મેહેતે માંડયારે ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા ઘેર નારી પર્મ,
દામોદરની સેવા કરે, છાપા તિલકને માળા ધરે.
સાધુ વેરાગી વૈષ્ણવ સંગ, શંખ તાળને વાગે ચંગ;
ચોક માહી તુળસીના વન, અહરનિશ થાએ કિર્તન.
નહી ખેતી ઉદ્યમ વેપાર, હરિ ભક્ત મહેતો તદાકાર;
જે આવે તે વૈષ્ણવ જમે, ગુણગાઈ દાડા નિરગમે.
વિશ્વંભર પુરૂં પાડે અન્ન, વિશ્વાસ ઘણો મેહેતાને મન;
બે સંતાન આપ્યાં ગોપાળ, એક પુત્રિને એકજ બાળ.
સામળદાસ કુંવરનું નામ, તે પરણાવ્યો રૂડે ઠામ;
કુંવરબાઇ નામે દીકરી, પરણાવ્યાં રૂડો વહીવા કરી.

મરણ પામ્યા પત્ની ને પુત્ર, મેહેતાનું ભાગ્યું ઘરસૂત્ર.
પતિવ્રતારે વહુ વિધવા થઇ, સુરસેના પછે એકલી રહી.
સ્ત્રી પુત્ર મરતે રોયારે લોક, મેહેતાને તલમાત્ર નહિ શોક.
ભલું થયુંરે ભાગો જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.
કુંવરબાઇ જ્યારે મોટી થઈ, આણું આવ્યું ત્યારે સાસરે ગઇ.
સસરો શ્રીરંગ મેહેતો નામ, મોટાં ઘર કહાવે ને ભાગ્યવાન.
સાસરિયાને ઘણુ ધન અભિમાન, વાંકી દષ્ટે કરેરે સાન.
નણંદ જેઠાણી વાંકુ ભણે, કુંવરબાઇને દુર્બળ ગણે.
આવોરે વૈષ્ણવની દીકરી, સાસરવેલ સહુ પાવન કરી.
કરે ચેષ્ટા સાસુ ગર્વે ભરી, કુંવરબાઇ નવ બોલે ફરી.
છે લઘુવેષ નાનો ભરથાર, તે નવ પ્રીછે કંઇ વિવેક વિચાર.
કુંવરબાઇને આવ્યુ સીમંત, સાધર વાત ન પુછે કંથ.
રૂપ દેખીરે કઈ વહુઅરતણું, સાસરીયાં મન હરખે ઘણું.
કહે મેહેતો છે હરીનો દાસ, મોસાળાંની શી કરવી આશ.
વહુનોરે ઓરીઓ વીતે ખરો, તો મોસાળુંરે કઈ ઘેરથી કરો.
છે દુર્બળની પુત્રી રાંકડી, આચાર કરી બાંધો રાખડી.
ન કહાવ્યું પીયર ન કોઇને કહ્યું, પંચમાસીરે એળે ગયું.
રહ્યા સીમંતના થોડા દિન, થઇ ચિંતા કુંવરબાઇને મંન.
ઓશિયાળીરે દીસે દયામણી, વહુઅર આવી સાસુ ભણી.
બોલીરે અબળા નામી શીશ, રખે બાઇજી કરતાં રીસ.
આપણો ગોર પંડયો બોખલો, જુનાગઢ સુધી મોકલો.
મોકલો લખાવીને કંકોતરી, સાસુ બોલ્યાં ગર્વે ભરી.

વહુઅરરે તુંને ઘેલું લાગું, મા મોહ એટલે મહિઅર ભાગું.
તાળ વજાડીને ગાતો ફરે, નાચી ખુંદીને ઉદર ભરે.
દારિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંથી કરે;
જે સગાંથી અરથ નવ સરે, તેને શુ જાયે નોતરે.
મેહેતાને વ્હાલુ રે હરીનું નામ, જોવા મળશે આખું ગામ.
તમને પિતા મળવાનું હેત, અમોરે નાતમાં થઇએ ફજેત.
સસરો તમારો લાજેરે બઇ, શે અરથે આવે વેવાઇ.
કુંવરબાઇ તવ આસુ ભરી, સાસુ પ્રત્યે બોલી ફરી.
બાઇજીરે બોલતા શું ફગો, દુર્બળ પણ પોતાનો સગો.
ઠાલોરે આવશે ને જાશે ફરી, તો એ મસે મળીશું પીતા દીકરી.
સાસુને મન કરૂણા થઇ, એકાંતે જઇ સ્વામીને વારતા કહી.
રહ્યા સીમંતના થોડા દહાડા, કુંવરવહુએ માંડયા રાડા.
લખી મોકલોરે વેવાઇને પત્ર, જેમ તેમ આવ્યા જોઇએ અત્ર.
શ્રીરંગ મેહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તત્કાળ.
સ્વસ્તીશ્રી જુનાગઢ ગામ, હરીજન વૈષ્ણવનો બિશ્રામ.
નાગરી નાતતણા શણુગર, સાધુશિરોમણી પરમઉદાર.
ભકતનાયક વૈષ્ણવના ધણી, સદા કૃપા હોય કેશવતણી,
સર્વોપમાં જોગ કરૂણાધામ, મેહેતા શ્રીપાંચ નરસૈ નામ;
અહીં છે સરવે કુશળક્ષેમ, તમો પત્ર લખજો આણી પ્રેમ.
એક વધામણીનો સમાચાર, અમારા ભાયગતણો નહિ પાર.
કુંવરવહુને આવ્યું સીમંત, અમ ઉપર ત્રુઠા ભગવંત.
છે માધશુદ સપ્તમી ને રવિવાર, અમે મુહુર્ત લીધું નિરધાર.
તે દાહાડા ઉપર આવજો, સગાં મિત્ર સાથે લાવજો.
ન ધરશોરે મન આસંકા, તમે આવે પામશું લાખ ટંકા.

ઉજળો સગો આવે બારણે, તો સુનાનો મેરૂં કીજે વારણે.
જો મેહેતા નહિ આવો તમે, તો ખરેખરા દુભાઈશું હમે.
આપ્યોરે પત્ર ગોરના કરમાંય, પંડ્યો ખોખલો કીધોરે વિદાય.
કુંવરબાઈએ તેડયા રૂષિરાય, એકાંતે બેસીને લાગી પાય,
બે દહાડારે તમો પરોણા રહેજો, મેહેતાને સમજાવીને કહેજો.
સંપત હોય તો અહીં આવજો, ને મોસાળું સારૂં લાવજો.
કંઇ નામ થાય આ પૃથ્વી તળે, તો સાસરિયાનું મેણું ટળે.
જો આ અવસર સુનો જાશે, તો ભવનું મેણું મારે થાશે.
બોલ બાણુ નણદી મારશે, શત્રુનું કામ દીયર સારશે.
રખે નાગરી નાતમાં કૌતુક થાય, તમારે માથેછે વૈકુંઠરાય.
પંડયો ખોખલો કીધોરે વીદાય, શીઘ્ર પહોંચ્યો જુનાગઢ માંય.

કડવું ૪ થું.

ખોખલે પંડ્યે પત્રજ આપ્યુ, મેહેતાજીને હાથજી.
વધાંમણી કાગળમાં વાંચી, સમર્યા તે વૈકુંઠનાથજી.
મામેરૂં પુત્રીને કરવું, ઘરમાં નથી એક દામજી.
ત્રીકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામજી.
ભોજન કરાવી દક્ષણા આપી, મેહેતાજી લાગ્યા પાયજી.
મોસાળું લેઇ અમેરે આવીશું, પંડયો કીધોરે વીદાયજી.
નરસૈ મેહેતે ઘેર તેડાવ્યા, સગા તે સાધુ સંતજી.
મોસાળું લઈ આપણે જાવુંછે, કુંવરબાઈનું સીમંતજી.
જૂની વેહેલને ધુંસરિ વાંકી, સાંગી તે સાલમાં ભાંગીજી.
કોના તળાવા ને કોની પિંજણિયો, બળદ આણ્યા બે માગીજી.
મેહેતાજી મામેરે ચાલ્યા, સમરયા તે શ્રીજુગદીશજી.

ત્રણ સખી સંઘાતે લીધી, વેરાગી દશ વીશજી.
દાબડી તાંબાની સંપુટ, તેમાં તે બાળમુકુંદજી,
કંઠે હાર કરી સોવડાવ્યા, શ્રી દામોદર નંદાનંદજી.
વેહેલની પુંઠે કોથળો બાંધ્યો, માંહિ ભર્યાં વાજીત્રજી.
ગાંસડી એક ગોપીચંદનની છે, તુળશી કાષ્ટ પવિત્રજી
મોસાળાની સામગ્રીમાં, તિલક ને તુળશી માળજી
નરસૈયાને નિર્ભય છે જે, ભોગવશે ગોપાળજી.
બળહીણા બળદિયા શું હીંડે, હેલે તે વૈષ્ણવ સાથજી.
શોર પાડે ને ઢાળ ચઢાવે, જે જે વૈકુંઠનાથજી.
એક બળદ ગળિયો થઇ બેઠો, આમલો તાણી જાયજી
પડયાને પુંછ ગ્રહીને ઉઠાડે, કૌતુક કોટીક થાયજી.
સાલે સાલ જૂજવાં દીસે, રથ તણા બહુ વક્રજી.
સાંગીનો બહુ શોરજ ઉઠે, ચુંચું બોલે બે ચક્રજી.
ચડે બેસે ને વળી ઉતરે, લે રામકૃષ્ણનું નામજી.
મધ્યાને મેહેતા જઇ પહોંચ્યા, જોવા મળ્યું ઉના ગામજી.
શુ જાણે વૈષ્ણવનો મારગ, ત્રિપચી પુરના લોકજી.
કોડ પહોંચશે કુંવર વહુનાં, મામેરૂ છે રોકજી.
રોક મામેરૂં મહેતાજી લાવ્યા, વૈષ્ણવની વિખ્યાતજી.
અકેકી માળા આપશે તો, પહેરશે નાગરી નાતજી.

કડવું ૫ મું.

શ્રીરંગ મેહેતા આવ્યારે ધાઇ, ભાવે ભેટયા બેઉ વેવાઇ.
મળ્યો જમાઇ જમાઇનો ભ્રાત, મળ્યોરે સહુ નાગરનો સાથ.
કપટેરે ભેટીને આઘા ખસે, સામગ્રીરે જોઇ જોઇને હસે.

ઉતરવા ઘર આપ્યું એક, મચ્છર જુવા જીવ અનેક,
ખાડા ખબોચીયાં વસમો ઠામ, ઉપર નળિયાનું નહિ નામ.
કોહીરે છાજ ને જુની વળી, ભીત દિસેરે જાણે ખેવડ વળી.
વેવાઇ ગયારે ઉતારો કરી, છે રસીલી ઘણી નાત નાગરી.
કુંવર વહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઇયે પાપ.
મેહેતાને જોવા હરખે ભરી, ઘેરઘેરથી ચાલી સુંદરી.
મન વિનારે મેહેતાને નમે, સારૂં થયું જે આવ્યા તમે.
માંહોમાં એમ કહે નાગરી, મેહેતો દીઠે દીઠા હરી.
જુઓરે સાથ કેવો ફુટડો, પરમેશ્વર બાઇ એને ઢુંકડો.
કુંવરવહુનુ ભાગું દુખ, એમ કહીને મરડે મુખ.
બળદ જુઓરે મેહેતજી તણા, બગાઇ શબ્દ કરે છે ઘણા
મંડપમાં વગાડશે ચગ, નાગરી નાતમાં રહેશે રંગ.
જુઓરે આ ગાંસડી લટકે, તાળ જોડારે બાંધ્યા પટકે,
આ જુઓ તુળસીકાષ્ટનો ભારો, હવે મામેરાનો શો ઉધારો.
છાબમાં તુળશી પત્ર મુકશે, ઉભો રહીને શંખ ફૂંકશે.
વેરાગીરે સહુ પુઠે ગાશે, એટલે મોસાળું પુરૂં થાશે,
નાગરીઓરે એમ કૌતુક કરે, ટોળ કરીને પાછી ફરે.
કુંવરબાઇએ જાણી વાત, મોસાળુ લઇ આવ્યા તાત.
ઉતાવળીરે મળવાને ધસી, નણુદી બોલ્યાં મરમે હસી.
આ શું પિતા પુત્રીને હેત, હમેરે નાતમાં થઇએ ફજેત.
લજાવ્યુંરે સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું હતું કામ.
શું મળવા ચાલ્યાં એકલાં, એ બાપથીરે નબાપા ભલાં.
મર્મ વચન એવા સાંભળી, કુંવરબાઇ બોલી પાછી વળી.
નણુદીરે મત્સર છે આવડો, પાછળથીરે બાઇ શું બડબડો.

સુખી પિતા હોય પુત્રીતણો, તે દીકરીને લાભજ ઘણો.
જેનો પિતા લખેશ્વરી કહાવે, તે મારે કંઇ અરથ ન આવે.
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું રે સુનાનો મેર.
તમારે મન માને તે કહો, જેવો તેવો તાત મારો જીવતો રહો.
મર્મ વચન નણદીને કહી, ને પિતા પાસે પુત્રી ગઇ.
દુર થકી દીઠી દીકરી, મેહેતાએ સમર્યા શ્રીહરિ.
અન્યો અન્ય બેઉ આંસું ભરી, ભાવે ભેટયા પિતા દીકરી.
મેહેતે મુસ્તક મુકયો હાથ, પાસે બેસાડીને પુછી વાત.
કહો કુંવરબાઇ કુશળ ક્ષેમ, સાસરિયાં કેવો રાખે પ્રેમ.
રૂડો દિવસ આવ્યો દીકરી, તો મોસાળું કરશે શ્રીહરી.
કુંવરબાઇ બોલી વિનની, સામગ્રી કંઇ દીસતી નથી
કેમ કરી નાતમાં રહેશે લાજ, ધન વિના આવ્યા શે કાજ.
નિરમાલ નિરધનનો અવતાર, નિરધનનું જીવ્યું ધિકાર.
નિરધનને સહુ ઘેલો ગણે, કોઇ નવ રાખે ઉભો આગણે.
લોક બોલાવે દુર્બળ કહી, એથી માઠું બીજું નહી.
પિતા કઇ ન કર્યાં ઉદ્યમ, આ અવસર સચવાશે કેમ.
નથી લાવ્યા રે તાત નાડાછડી, નહિ રે મોડ કુંકાની પડી.
નહિ માટલી નહિ ચોળી ઘાટ, એમ શું આવ્યા બારેવાટ.
કેમ કરી લજ્જા રહેશે તાત, હું સેં ન મોઇ મુજ મરતે માત.
ગોળ વિના મોળો કંસાર, મા વિના સુનો સંસાર.
જે દીકરીની મા ગઇ મરી, બાપની સગાઈ સાથે ઉતરી.
જેવું આથમતા રવિનું તેજ, મા વિના તેવું બાપનું હેત.
સુરભી મરતાં જેવું વચ્છ, જળ વિના જેમ તલપે મચ્છ.
ટોળાં વિછુટી જેમ મૃગલી, મા વિના પુત્રી એકલી.

લવણ વિના જેમ ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન.
કીકી વિના જેવું લોચન, મા વિના તેવું બાપનું મન.
ઘડો ભાંજે ને રઝળે ઠીકરી, મા વિના તેવી દીકરી.
શું કરવા આવ્યા આ ઠામ, સાથે વેરાગીનું શું હતું કામ.
શંખ તાળ માળા ને ચંગ, એ મોસાળુ કરવાના ઢંગ.
પિતાજી જાઓ પાછા ફરી, એમ કહીને રોઇ દીકરી.
મેહેતે મસ્તક મુકયો હાથ, મોસાળું કરશે વૈકુંઠનાથ.
પેહરામણી જોઇએ જેટલી, આસામી લખી લાવો તેટલી.
લખજોરે સાસરિયાં સમસ્ત, વિસરશો મા એકે વસ્ત,
એવાં વચન પિતાના સુણી, વહુઅર આવી સાસુ ભણી.
મારા પિતાએ મોકલી હું, લખાવો કાગળ જોઇએ શું.
મુખ મરડીને બોલ્યાં સાસુ, કાગળ શું ચિતરાવો ફોસુ.
ઉભો રહીને શંખ ફુંકશે, છાબમાં તુળશીપત્ર મુકશે.
વેરાગી સહુ પુડે ગાસે, એટલે મોસાળું પુરૂં થાશે.

કડવું ૬ ઠું.

વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં તે મર્મ વચન વહુજી.
વડી વહુઅર તમે કાંઇ નવ જાણો, મેહેતાજી વૈષ્ણવ જન વહુજી
જેને સ્નેહ શામળીયા સાથે, તેને તે શાની ખોટ વહુજી.
પેરામણી મનગમતી માંગો, કરોની નાગરી ગોઠ વહુજી.
કાગળ લઇ કુંવર બાઇને આપ્યો, લખો લખાવું જેમ વહુજી.
રૂડા વેવાઇ આંગણે આવે, તો કોડ ન પોંચે કેમ વહુજી.
લખો પાંચશેર કુંકાં જોઇશે, શ્રીફળ લખો સેંસાત વહુજી.
વીશમણ વાંકડિયાં સોપારી, મળશે તે મોટી નાત વહુજી.

પાંચ વસ્ત્રના પચવિશ વાધા, ચાર ચોકડી તાસ વહુજી.
લખો પીછોડી પંદર કુંડી, પટોળી પંચાસ વહુજી.
સાઠેક મુગટા ને સોએક સણિયાં, ચીર લખો ચાળીશ વહુજી.
ધોતિયાં બ્રાહ્મણને જોઇશે, લખોની કુંડી ત્રીશ વહુજી.
જરકસીની સાડી રેશમી, લખો તે કુંડી બાર વહુજી.
સાડી સાદીયો લખો ત્રણસેં, છાયલ લખો સેંચાર વહુજી.
ઘરસાડી લખો દશવિશ કુંડી, સોળ કુંડી લખો ધાટ વહુજી
છીંટ મોરવી ટુકડી સોએક, નવ કુંડી લખો નેટ વહુજી.
મશરૂ ગજીઆણી દરીયાઇ, લખો થાન પંચાસ વહુજી.
હજાર બારસેં લખો કાપડાં, લોક કરે બહુ આશ વહુજી.
સોગનેં લખો સેલાંસાળુ, તેલ પાનનો શો આંક વહુજી.
એ આસરા પડતું અમોએ લખાવ્યું, બાપ તમારો રાંક વહુજી.
તમને સોળ શણગાર પહેરાવે, બાપ લડાવે લાડ વહુજી.
ઘટે જમાઇને સુનાની સાંકળી, તેમાં તે અમને શો પાડ વહુજી.
સહસ્ત્ર મહોર સુનાની રોકડો, કહેનાં પામુ ક્ષોભ વહુજી.
અમે ઘરડાં થઇ ઘટીત લખાવ્યું, ના ઘટે ઝાઝો લોભ વહુજી.
એ લખ્યાથી અદકું કરો તો, તમારા ઘરની લાજ વહુજી.
મુખ મરડીને નણદી બોલ્યાં, સિદ્ધ થયા સહુ કાજ માજી.
વળી લખાવો એ પહાણુજ મોટા, મેહેતાથી અપાય માજી.
ડોસી કહે શું શોર કરોછો, લખવામાં શું જાય બેની.

કડવું ૭ મું.

ડોસીએ દાટ વાળ્યોરે.
વડસાસુ વેરણ થઇ મારી, હરખ હઇયાંનો ટાળ્યોરે, ડોસીએ.
ચોડારે બોલી ને મીંઠા વચની, હીંડે હરીગુણ ગાતીરે,

પરમારથી થઇ પત્ર લખાવ્યું, મનમાં મોટી કાંતીરે, ડોસીએ.
કાગળ લઇ કુંવર બાઈ ચાલ્યા, પીતાજી પાસેરે,
વડસાસુએ વીપરીત લખાવ્યું, હવે મારા તાત શું થાશેરે, ડોસીએ.
લખેશ્વરીથી ના પડે પુરૂં, એટલું લખાવ્યુંરે,
સાધુ પિતાને દુઃખ દેવા મારૂ સીમંત શાને આવ્યુંરે, ડોસીએ.
સહસ્ત્ર મોહર સુનાની રોકડી, વસ્ત્ર તણું નહિ લેખુંરે,
પિતાજી તમારી પાસે કોડી એક ન દેખુંરે, ડોસીએ.
પીતાજી તમે ઘેર પધારો, અહિં રહે ઇજત જાશેરે,
રાત દીવસ મ્હારે મ્હેણું થાશે, તો એ દુઃખ કેમ સ્હેવાશેરે. ડોસીએ.
મેહેતાજી કહે પુત્રી મારી, તમે રહો વિશ્વાસેરે,
ડોસીએ સારૂં કીધુંરે, મારૂં સાધન કરવા દીધુંરે,
ડોસીએ સારૂં કીધુંરે.
સામળિયો અવસર નહી ભુલે, તું કાં આંસુડાં ઢાળેરે,
દામોદર નથી દોહીલો, તેતો કરજ કોડીનું ન કાડેરે, ડોસીએ.
કુંવરબાઇ તમે ઘેર પધારો આપણું શું જાશેરે,
જો મામેરૂં હરી નહિ કરે તો, વ્હાલાને ઉપહાસ થાશેરે, ડોસીએ.
પાંચાળીના પટકુળ પુરયાં નવસેં ને નવાણુંરે,
તે રીતે મામેરૂં કરસે, તું થાત્રા દેની વહાણું રે, ડોસીએ.
વિશ્વાસ રૂદેમાં રાખો પુત્રી, છે વૈષ્ણુવની બાળરે,
આપણું પ્રતિપાલન કરશે, ત્રિભુવન ધણી ગોપાળરે, ડોસીએ.
હઇએ હેત દિકરીને આવ્યું, સુણી તાતની વાણીરે,
કુંવરબાઇ પછી મંદિર પધાર્યા, વિશ્વાસ રૂદેમાં આણીરે. ડોસીએ.

કડવું ૮ મું.

વૈષ્ણવની ચેષ્ટા થાય, કૌતુક કળજુગનાં.
વાંકા બોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાય રે, કૌતુક૦
ભોજન કરવા મેહેતાજી ઉઠયા, સાથે બહુ વેરાગીરે,
ટોળે મળી સહુ નાત નાગરી, જોઇ જોઇ હસવા લાગીરે, કૌતુક૦
ઉભાં તિલક તુળસીની માળા, છાપા અંગ બિરાજેરે,
વેવાઇનાં કંઇ રૂપ જોતાં, કંદર્પ સરખા લાજેરે, કૌતુક૦
મલાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાદરે,
ભોજન વેળા થાળ ગાશે, જમશે જાદવનાથરે, કૌતુક૦
નાહી કરી નાગર સહુ બેઠા, જેને જેશું મળતુંરે,
મેહેતાજીને નાવાને કંઈ, જળ મુકયું ખળખળતુંરે કૌતુક૦
કઢા ઉકાળી તેલની જેમ, સુધન્વાને તળવારે,
તેમ વેવાઇએ જળ ઉકાળ્યું, મેહેતાજીને છળવારે, કૌતુક૦
ઉષ્ણોદક ઉનું દેખીને મેહેતે, માગ્યું ટાઢું પાણીરે,
મર્મ વચન મુખ મરડીને બોલી, કુંવરની જેઠાણીરે, કૌતુક૦
માગ્યા મેહ વરસે મેહેતાજી, તો અમ પાસે શું માગોરે,
બાજઠે બેઠા તાળ મંગાવી, બોલ રૂદેમાં વાગ્યોરે, કૌતુક૦
સમરણ કીધું સામળીયાનું, અલાપ્યો રાગ મલારરે,
નાગર લોક સહુ જોવા આવ્યા, બોલે વ્યંગ ઉચ્ચારરે, કૌતુક૦

કડવું ૯ મું.

મેહેતાજી બેઠા બાજઠે, સમર્યા તે શ્રી ગોપાળરે,
આ મલાર ગાયો ન્હાતી વેળા, હાથે વજાડી તાળરે.
ઉપહાસ થાય તારા દાસને, સામળિયા કરજે સહાયરે,

આ ઉષ્ણોદક ઉકાળિયું, નાંખ્યું શ્રીફળ ફાટી જાયરે.
જેમ કઢા ઉકાળી તેલની, કોપ્યો તે હંસધ્વજરાયરે,
આ તારી કૃપાથી તેલ ટાઢું થયું, કીધી સુધન્વાને સ્હાયરે.
તેં હુંડી સ્વીકારી શામળા, આપ્યા રૂપૈયા સેં સાતરે,
આ તે વિશ્વાસ મુજને ઘણો, વ્હાલા મોકલની વરસાદરે.
જો સમોવણ નહી આપો શામળા, મામેરૂં કરશો કેમરે,
એવી સ્તુતિ મેહેતાની સાભળી, ઘન પ્રેર્યો શ્રીપરિબ્રહ્મરે
પળ માત્રમાં અભ્ર ઘટા થઇ, દિન થયો અંધકારરે,
ઘણું ગાજે ને ઘણું ગડગડ, થાય વિજતણા ચમકારરે.
કોરણ ઉડે બહુ કાંકરા, મેઘ વરસ્યો મુશળધારરે,
આ વેવાઇના ઘરમા જળ ઘસ્યાં, પકવાન તણાયાં જાયરે
નાગર સહુ પાયે પડે. સ્વામી ક્ષમા કરો અપરાધરે,
અમે અજ્ઞાની ઓળખ્યા નહિ, તમે સાધુ શિરોમણી સાધરે.
શ્રીરંગ મેહેતો સ્તુતિ કરે, વેવાણ માગે માનરે,
વરસાદ વીસરજન થયો, મેહેતાએ કીધુ સ્નાનરે.
ઠગ નાગર કહે માવઠું ગજ્યું, એમ વરસે છે બહુ વારરે,
આ પ્રત્યક્ષ દીઠે પ્રતીત ન આવે, જુઓ કળજુગનો મહિમાયરે.
ભોજન કરવા મેહેતાજી બેઠા, કરમાં ગ્રહીને તાળરે,
સાથે ટોળું વૈષ્ણવ વેરાગીનું ગાવા લાગે થાળરે

કડવું ૧૦ મું.

મેહેતેરે ગાઇ પરસાદની થાળી, પછી આરોગ્યા શ્રીવનમાળી,
પ્રભુએ પરસાદ લીધો પ્રીતે, હવે શું થાશેરે રજની વીતે.

ઢાળ.

વીતીરે રજની કીર્તન કરતાં, થયો પ્રાતઃકાળરે,
આ કુંવરબાઇ કહે તાતને, કરો મોસાળની ચાલરે.
મેહેતો કહે સુણુ પુત્રી મારી, સગાને તેડાં કરો,
આ વિશ્વાસ આણી મંડપ માહિ, ઠાલી છાબ આણી ધરો.
કુંવરબાઇ કહે તાતજી, મને કેમ આવે વિશ્વાસરે,
આ ઠાલી છાબ હુ કેમ ધરૂ, થાય લોકમા ઉપહાસરે.
મેહેતાજી કહે પુત્રી મારી, છો વૈષ્ણવની દીકરી,
આ તારે મારે ચિંતા શાની, મોસાળું કરશે શ્રીહરિ.
એવાં વચન સુણી તાતનાં, સાસુ કને આવી વહુ,
મારો પિતા મોસાળુ કરે છે, બાઇ સગા મિત્ર તેડો સહુ.
ખોખલે પંડયે તેડા કીધાં, મળ્યું આખું ગામરે,
આ વેવાઇઓ આણીપેર વદે, મેહેતો મુકી જાશે મામરે.
મંડપમા મેહેતાજી આવ્યા, હથમાં ગ્રહીને તાળરે,
આ નાગર સહુ ઉભા થઇ, કહે મેહેતાને જેગોપાળરે.
મંગાવી એક છાબ ઠાલી, મંડપમાં આણી ધરી,
આ મેહેતાજીએ શંખ ફુંકયો, વિનતી શ્રીહરીની કરી.

કડવું ૧૧ મું.

મેહેતાજી વગાડેરે શંખ, સમર્યા વનમાળી,
લાગી હસવા ચારો વર્ણ, માંહોમાંહી દે તાળી.
મોસાળું કરવાના ઢંગ, વેવાઇએ માંડયા,
કંઈ નાગરના વહેવાર, તે સરવે છાંડયા.
જુઓ છાપાં તિલક ને તાળ, તુળશીની માળા,

નરસૈયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા.
જોવા મળી નાગરી નાત, બહુ ટોળે ટોળાં,
મુખ મરડી કરતાં વાત, આપશે ઘરચોળાં.
બહુ નાની મોટી નાર, મંડપમાં મળી,
કરે વાંકી છાની વાત, સાકરથી ગળી.
મેહેતાને કરે જેશ્રીકૃષ્ણ, હસી પરૂં જોતી,
છે અધર લળકતાં સાર, વેસરનાં મોતી.
કોઇએ સજ્યા સોળ શણગાર, ચરણા ને ચોળી,
કોઇ જોબન માતી નાર, કરે બહુ ઠીઠોળી.
કોઇને કાને ત્રોટિ જડાવ, ગળસ્થળ ચળકે છે,
કોઇને જડાવ ચુડલો હાથ, કાંકણુ ખળકે છે.
કોઇ હોડે ચીર, સણગટ વાળે છે,
કોઇ અણિઆળે લોચન, કટાક્ષે ભાળે છે.
કોઇ છુટે અંબોડે નાર, વેણી લાંબી છે,
કોઇને ઝાંઝર ઝમકે પાય, કલ્લાં કાંબી છે.
કોઇએ કેશર તિલક વિશાળ, કીધાં છે,
કોઇ એ રમવા સરખાં બાળ, કેડે લીધાં છે.
કોઇ જોવા ઠાલી છાબ, અબળા ઉડે છે,
કોઇ વહુઆરૂ આગળ, નણુદી પુડે છે.
કોઇ શીખવી બોલાવે બાળ, વારી રાખે છે,
કોઇ વાંકાબોલી નાર, વાંકું ભાખે છે.
બાઇ કુંવરવહુનો બાપ, કરશે મામેરૂં,
હું તો પ્હેરીશ પટોળી સાર, સાડી નહિ પહેરૂં.

વૈષ્ણવને શાની ખોટ, કંઠે માળા છે,
એને વેહેવારીયાં દશવીસ, ટોપીવાળા છે.
બાઇ કુંવર વહુ ધન્ય ધન્ય, પિયર પનોતી છે,
એના બાપે વગાડયો શંખ, સાધર પ્હોચી છે.
એમ વાંકા વેણ વિપરીત, બોલે સહુ ઉપહાસે,
મુકો છાબમાં ભારે પહાણ વાયે ઉડી જાશે.
મુકયો દીકરીએ નિશ્વાસ, આવી પિતા પાસે,
મેહેતાએ કાધી સાન, બાઇ રહે વિશ્વાસે.

કડવું ૧૨ મું.

ઠાલીરે છાબમાં કાગળ ધરી, નરસેં મેહેતે સમર્યા હરી.
વેરાગીરે સહુ પુંઠે ગાય, નાગરને મન કૌતુક થાય.
વાંકાં વચન બોલ્યે વેદિયા, મેહેતારે માધવસુ ભેદિયા-
જુઓરે છાબ ને મુકો શોર, એ દિસે કમખાની કોર.
તે બોલ અંતર નવ ધરે, મેહેતો સ્તુતિ માધવની કરે
જય દામોદર બાળમુકુંદ, નરકનિવારણ નંદનાનંદ
વિશ્વેશ્વર વૃંદાવનચંદ, દેવકીનંદન આનંદકંદ
ગોપીનાથ ગોવિંદ ગોપાળ, છો દિનબંધુ દિનદયાળ
હું સેવકની લેજો સંભાળ, મોસાળાની કરજો ચાલ.
વદન કીર્તન હાથે તાળ, નાત નાગરી બોલે આળ.
છે દોહલો ઘણો લોકાચાર, લજ્જા રાખજો આણીવાર.
મારો શેઠ તુ નંદકુમાર, શું કરશે પાપી સંસાર.
તમે પ્રતિપાળ પોતાના દાસ, તે માટે મુજને વિશ્વાસ.
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યારે પ્રભુ ગર્ભવાસ.

પ્રથમ લીધો મચ્છાઅવતાર, શંખાસુર કીધો સંહાર.
કમઠ રૂપ ધર્યું મોરાર, ચૌદ રત્ન કાઢ્યાં સમુદ્ર બહાર.
માર્યો હિરણ્યાક્ષ મહા પાપી, ધરણી સ્થિર કરી સ્થાપી.
અજામેલ નામે મહા પાપી, પુત્રને નામે પદવી આપી.
પ્રલ્હાદનીરે પ્રભુ વારે ધસ્યા, લક્ષ્મીવર લાકડમાં વસ્યા.
ધ્રુવનો જન્મ મરણ ભય હર્યો, અવિચળ પોતા સરખો કર્યો.
પોપટ ભણાવતી ગુણકા તરી, વિમાને બેસી ગઇ વૈકુંઠપુરી.
નમે ઉચ્ચીષ્ટ આરોગ્યા બદરી, તો પરમગતિ પામી શવરી.
સહજ ચરણ નમાવ્યું શીશ, વિભીષણ કીધો લંકાધીશ.
કુટુંબ સહીત તાર્યો માછી, નવ તે પામ્યો પીડા પાછી.
છો દોહલી વેળાના સાથી, તમે ગ્રાહથી મુકાવ્યો હાથી.
બટુક વેષ થયા વામન, જાતું રાખ્યું ઇંદ્રાસન.
પ્રભુ પાંચાળીનું દુઃખ જાણ્યું, પુર્યાં પટકુળ નવસેં નવાણું.
કૌરવથી જીતાડ્યો પાર્થ, કુરૂક્ષેત્રમાં હાંક્યો રથ.
રૂકમાંગદ તાર્યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વાર.
શંખ પુજતો રાજકુમાર, ચંદ્રહાસ રાખ્યો ત્રણવાર
સુધન્વાને બળતો રાખ્યો, જો પિતાએ કઢામાં નાખ્યો.
વેહેરતાં નત્ર રોયો રજ, પરમ મુકતી પામ્યો મુરધ્વજ.
ખાંડવ વન ખગ લીધાં રાખી, ગજ ઘંટા તે ઉપર નાંખી.
વિદુરની આરોગ્યા ભાજી, તેની પ્રીતે તમે થયા રાજી.
સુદામાના લીધા તાંદુલ, આપ્યું દાન અંતરિક્ષ અમૂલ.
મદ મઘવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન ધર્યો,
દાવાનળ પીધો વનમાંય, બળતાં ઉગાર્યાં ગોપી ને ગાય.

કુબ્જાની લીધી અરચા, તમે લોકતણી સહી ચરચા.
અનાથ બંધુ દિનદયાળ, હું સેવકની લેજો સંભાળ.
તમે છો દામોદર દક્ષ, હું સરખા સેવક છે લક્ષ.
મારે એક તમારી પક્ષ, પરમેશ્વર થાજો પ્રત્યક્ષ
મારે માંથે ઉગ્યાં દુખનાં ઝાડ, તમે મને લડાવ્યા લાડ.
છે ધનવંત નાગરની નાત, દુર્બળમાં મારી એક જાત.
જો ભુખે દમાય તેત્રીસ ક્રોડ, તો કલ્પવૃક્ષને લાગે ખોડ.
જો શોભા વૈષ્ણવની ગઇ. તો કળા તમારી ઝાંખી થઇ.
મને સગાં થઇ વળગ્યાં જમ, તો તુને નિંદ્રા આવે કયમ.
સર્ગા સહુ બેસાડર્યા આણી, પુત્રોના કરમા પિંગાણી.
છે કુંકાવહોણી કુંકાંવટી, કુંવરીને થાયે ચટપટી
મધ્યાન્હ ઉપર થઇ બે ઘડી, વેહેલો થારે વેળા વટી.
છે કુંવરબાઇ તમારે આશરે, હું દુર્બળથી કાઇ નવ સરે.
શું સુતો વૃંદાવન માય, શુ રાધાજી ચાંપે પાય
લલિતા વિશાખા ચદ્રાવળી, નાતમ નાર કો તુજને મળી.
લંપટને વ્હાલી સુંદરી, તે માટે ભક્ત ગયો વીસરી.
જાગ જાગરે જાદવપતિ, સાભળ સેવકની વિનતી
કબીરને તમે કરૂણા કરી, સમરે દર્શન દીધું હરી.
ભક્ત એક દામોદરજી, તેનુ પય પીધું હરજી.
ત્રિલોચનનુ મહાદુઃખ હર્યું, સેવક થઇને પાણી ભર્યું.
સેના માટે નાપિક થયા, વતું કરવા વિઠલ ગયા.
હું તમને નવ સંભારતો, લાગતો ઘાસ મહિષી ચારતો.
ને જાણુતો ધોળાપર કાળો, અને ભાભીએ દીધો ગોવાળો.

સદાશિવે મને કીધો દાસ, દેખાડયો મને અખડ રાસ.
જોયા તારા વિવિધ વિલાસ, તેવો મે કીધો અભ્યાસ.
નાગરી નાત કરે ઉપહાસ, છે મુજને તારો વિશ્વાસ.
જેને બોલાવીએં પોતાનો કહી, તેને ત્રિકમ તજીએં નહી.
ખીચડો જમાડવા આવ્યા અવિનાશ, હું માટે કીધા પંચઆસ.
મધરાતે મને તરસ્યો જાણી, ઝારી ભરીને પાયું પાણી.
મને સાચો કીધો કોટીવાર, હુંડી સ્વીકારી શ્રીગોપાળ.
તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સુનૈએ ભરો.
જો નહિ આવો સુદરસ્યામ, તો છે નાગર સાથે કામ.

કડવુ ૧૩ મું.

ભકત નરસૈયો દોહિલો જાણીરે, ઉઠી ધાયા તે પુરૂષ પુરાણીરે.
થયા શેઠ તે સારગપાણીરે, સાથે લક્ષ્મી થયા શેઠાણીરે
નંદ સુનંદ ગરૂડ છે સાથેરે, વસ્ત્ર ગાંસડા તેને માથેરે.
રથે બેઠા તે શ્રીગોપાળરે, ધોરીને ધમકે તે ઘુઘરમાળરે
લોક ઓળખ્યા નહિ જુગદીશરે, સાથે વાણોતર દશ વીશરે
સહુ જોઇને વિસ્મય થાયરે, પ્રભુ આવ્યા તે મંડપમાયરે.
છડીદાર તે વાટ મુકાવેરે, નાગરી નાત જોવાને આવેરે.
આ વેહેવારિયો કોણ આવ્યોરે, સાથે ગાંસડા શેના લાવ્યોરે.
કોઇ ન જાણે ત્રિભુવન ભુપરે, વીઠલે લીધું વણિકનુ રૂપરે.
પ્રભુ રથેથી ઉતરીઆરે, હરી સભામાં સંચરિઆરે,
ખટદર્શને ખોળ્યો ન લાધેરે, જેને ઉમિયાપતિ આરાધેરે.
ન જડે જ્ઞાન ધ્યાન બહુ જોગેરે, હરિ હીંડે તે પાળા પાએરે.
ચૌદ લોકતણો મહારાજરે, મેહેતા માટે થયા બજાજરે.

શોભે વાગો તે કેશર છાંટેરે, બાંધી પાઘડી અવળે આંટે રે.
કાને કુંડળ હીરે જડિયાંરે, નેત્રપત્ર તે શ્રવણે અડિયાંરે.
એક લેખણુ કાને ખોસીરે, ધરયું નામ દામોદર દોસીરે.
ઝીણા જામાને પટકા ભારેરે, હરિ હળવે સભામાં સીધારેરે.
સાદી પીછોડી હોડી નાથેરે, બેહુ છેડા ગ્રહ્યાછે હાથે રે.
વેડ વીંટી તે કર આંગળીએરે, સાદાં મોજાં પેહેરયાં સામળીએરે.
ઘણા વાણોતર છે સાથેરે, કોણે ઝોળો ગ્રહયો છે હાથે રે.
સેવક સેવામાં સજરે, ઓધવજીનાં હાથમાં ગજ રે.
પ્રભુ પુઠે તે કમલા રાણીરે, સભા મોહી જોઈ શેઠાણીરે.
ઉતરયાં નાગરીનાં અભિમાનરે, જાણે ઉગ્યા તે કોટિક ભાણરે.
ભલું ભાળ ભમર રૂડી રાજેરે, રત્ન જડિત્ર રાખડી છાજેરે.
વિશાળ લોચન ચચળ ચાલેરે, કે શું ખંજન પડિયાં જાળેરે.
છે અધરબિંબ પરવાળીરે, મસ્તક ઉપર વેણુ વિશાળીરે.
બાજુબંધ ગળુબધ માળરે, નવસેરો હાર ઝાકઝમાળરે.
કટી ધમકે ક્ષુદ્ર ઘંટાળી રે, નાકે શોભતી વેસરવાળીરે.
ઝમકે ઝાંઝર ઉજવળ પાએરે, અણુવટ વિછુવા તે બહુ વાગેરે.
જડાવ ચુડલો કર ખળકાવેરે, માયા મેહેતી રૂપે આવે રે.
પહેરી પચરંગી પટોળીરે, જુએ નયણાં તે ધોળી ધોળીરે.
મોહી સભા અંબાને નિરખીરે, દેવી દિસે તે વાણિએણુ સરખીરે.
લલિતા વિશાખા બે ખવાશીરે, છે ભક્તિ મુક્તિ ચારે દાસીરે.
આવ્યા સજોડે દેવાધિ દેવરે, મેહેતે હરિ ઓળખ્યા તતખેવ રે.
ભલે આવ્યા શેઠ શામળિયારે, મેહેતાજીને માધવ મળીઆરે.
મળતાં બોલ્યા તે સુદર શામરે, મારૂં પ્રગટ ન લેશો નામરે.

રખે વાત અમારી ચરચોરે, તમારે જે જોઇયે તે ખરચો રે.
પુરો કુંવરબાઇના કોડરે, એમ કહીને બેઠા રણછોડરે.
પછે સભા સહુ સાંભળતાંરે, હરિ વચન બોલ્યા એમ વળતારે.
જાઓ શેઠાણી દુખ કાપોરે, કુંવરબાઇને રૂદિયાંસું ચાંપોરે.
એવું કહેતામાં કમળા હીડયાંરે, કુંવરબાઇને રૂદિયાસું ભીડયાંરે.
મારી મીઠી ન ભરશો આંસુરે, કયાં છે તેડો તમારી સાસુરે.
મળી નાગરિયો સેં બેચારરે, જોઇ રૂપ મેલ્યો અહંકારરે.
વેવાણુ કમળાને પુછેરે, મેહેતા સાથે તે સગપણ શુ છેરે.
કોકીલા સરખી વાણીરે, ત્યારે હસીને બોલ્યા શેઠાણીરે.
વેવાણુ તમે નવ જાણીયાંરે, મેહેતા બ્રાહ્મણને અમે વાણિઆરે.
વેપાર કાપડનો કીજેરે, ધન મેહેતાજીનાં લીજેરે.
વેપાર કાપડનો ઘેર કોઠીરે, ઓથ નરસૈઆંની મોટીરે.
અમે આવ્યાં મોસાળુ કરવારે, ઠાલી છાબ સુનૈયે ભરવાને.
મેહેતાજીએ વસ્ત્ર મંગાવ્યારે, અમે લખ્યા પ્રમાણે લાવ્યાંરે.
એમ કહીને બેઠાં શેઠાણીરે, સહુ નાગરી શ્વાસે ભરાણીરે.
તેડયા શ્રીરંગ મેહેતા વેવાઇરે, ભાવે ભેટયા તે શ્રીજદુરાઇરે.
ત્યારે વિસ્મે થયા સહુ નાગરરે, છાબ ભરી તે કરૂણા સાગરરે.
મેહેતાને કહે વનમાળીરે, કરો પહેરામણી સંભાળીરે.

કડવું ૧૪ મું.

મેહેને તેડાવી દીકરી, આ જુઓરે છાબ સુનૈયે ભરી.
પેહરાવો સહુ નાત નાગરી, આવો સમય નહિ આવે ફરી.
કુંકાવટી કરમાંહે ધરી,સાસુપાસે વહુ સાંચરી.
હાસ્ય કરી ગરવે ઉચરી, બાઇજી વસ્ત્ર આપો વહેંચી કરી.

વૈષ્ણવ કહીને દેતાં ગાળ, એ મોસાળું શુ કરશે કપાળ.
જુઓ કમાઇ ડોસા દુર્બળ તણી, જીવે છે ગુણ હરીના ભણી.
જો લખ્યાથી આશા હેય ઘણી, તો માગી લેજો બાઇ પેહરામણી.
સાંભળી કુવર વહુની વાણી, તેડયાં સાસુએ ગોર ગોરાણી.
પુજ્યા પાય કરમા પિગાણી, આઠ વસ્ત્ર પેહરાવ્યા આણી.
પછે નાગરની ભીડ ઘણી ભાળી, પીછોડીની પલવટ વાળી.
છાબ પાસે બેઠા વનમાળી, છોડે ગાંઠ આપે વસ્ત્ર ટાળી.
મેહેતાજી કહે લો દીકરી, આ સસગાને આપો પામરી.
ઘડી જરકસી વાઘાની કરી, હેમ સાંકળી ઉપર ધરી.
તે વરના મુખ આગળ ધરે, નીચું જોઇને પાછા ફરે
પેહેરામણી મનગમતી કરો, રખે ડગનું પાછું ભરો
સજોડે તેડયાં જેઠ જેઠાણી, આઠે વસ્ત્ર ત્યા આપ્યાં આણી.
પ્રીતે પુજ્યા દિયર દેરાણી, ભુન્ટિયો તવ બોલ્યો વાણી
જ્યાં નરસૈયો ત્યાં નવનીધ, દીયરિયો બેઠો હઠ કીધ
પાંચ મહોર સુનાની લીધી, પછી પેહેરામણી ચાલતી કીધી.
નણદીયે પેહેરામણી અટકાવી, કુંવરબાઇ પિતા કને આવી
બે તોલાની રાખડી લાવી, દશ તોલા સુનું આપી સમજાવી.
આપ્યા સાસૂને સોળે શણગાર, પેહરાવી કીધો નમસ્કાર.
તવ કોપ્યાં વડસાસુ અપાર, સર્વ કુટુંબને કીધો તિરસ્કાર.

કડવું ૧૫ મું.

વડીરે વેવણ રિસાવ્યાં જાણી, લક્ષ્મીજી પાસે આવ્યાંજી.
ભારે ખિરોદક ખાધે મુકી, ડોસી તે તરત મનાવ્યાંજી.
જેજેકાર થયો મડપમાં, ગીત ગાયે સહુ રામાજી.

મોસાળું તે મેહેતાજીનું, બીજા તે સરવે ભામાજી.
પોતે પોતાના સગાં તેડાવ્યાં, જેની જ્યાં સગવડજી.
મનવાંચ્છીત પેહરામણી દેખી, માંડી તે તેડા તેડજી.
ઘેર ઘેર વાત કરે સહુ નાગર, મેહેતો કરે મામેરૂંજી
વિચાર કરતી અબળા ધાએ, મનગમતી સાડી પ્હેરૂંજી
ચાર વરણ સહુ ચરણે ચાલી, આવી મંડપમાં માહ્યજી.
પલવટ વાળી શ્રીવનમાળી, તતક્ષણ આવ્યા ત્યાયજી.
મેહેતાજી તાળ વજાડે, ગાય વેરાગી ગીતજી
શિખવે સાસુ કુંવર વહુને, પેહરામણીની રીતજી
શ્રીરંગધરને શામળ મહેતો, પામ્યા ધોળાં શેલાજી.
હેમજી ખેમજી મેહેતાજીને, દશેક બાંધે મેલ્યાંજી
રૂમાલા કોઇ પામરી પટકા, નામ ન જાએ ગણ્યાંજી.
કોને મુગટા કોને પીતાંબર, કોને સેલાં સણિઆજી.
અગીયાં દોરિયા અસાવળી કોને, સેલાં પટુ શાલજી
ગુછ પેચ પાઘડીઓ તોરા, દીસે ઝાક ઝમાળજી.
પાયજામા નીમા ને જામા, પીછોડી બાળાબંધજી,
વસ્ત્ર તણો વરસાદજ વરસ્યો, જ્યાં દોસી કરૂણાસિંધુજી.
ચુરમા ડગલા કોને કોરાં, વેડ વીટીએ છાપજી.
દુગદુગી માળા ને માદલિઆ, આપ્યા તે મોતી અમાપજી.
કોને કંદોરાને કોને દોરા, કોને સાંકળી સોહેજી.
કનક કડાને કોને પ્હોચી, દેખીને મન મોહેજી.
પહેરામણી પુરૂષોને પહોંચી, તેડયો અબળા સાથજી.
પીયળ કાડીને બાંધે મુકયાં, પટકુળ નાના ભાતજી.

ગંગાવહુને ગજિયાણી સાડી, સુંદર વહુને સાળુજી.
ગોરે અંગે સઘળું શોભે, માહે કાપડું કાળુજી.
છબિલિ વહુને છાયલ ભારે, ભાત તે રાતી ધોળીજી.
કોડવહુને કલવેર આપી, પ્રેમવહુને પટોળીજી.
રામકુંવરને કૃષ્ણકુંવરને, આપ્યા તે ભારે ધાટજી.
છેલવહુને છીંટજ આપી, નહાની વહુને નેટજી.
પાનવહુને પીતાંબર પહેરાવ્યાં, તાકે બચીબાઇજી.
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવરને દરિયાઇજી.
શ્યામકુંવરને સુનેરી સાળુ, સબરવહુ ઘરચોળુંજી.
લક્ષ્મીવહુને લાછાવહુને લાલવહુને પટોળુજી.
જશમાદે જશોદા જીવી, જમના જાનકીવહુજી.
ચરણા ચોળીને ઘરસાડી, પેહરીને ઉભા સહુજી.
માનબાઇને વેલવહુને, રંભાવતીને રૈયાંજી.
જુનાં કાઢીને નવા પહેરાવ્યાં, હેઠાં મુકી મુકી કૈયાંજી.
ત્રાબની પાસે ત્રબીલો બેઠો, જે જોઇએ તે આપેજી.
મસરૂ ગજિયાં ને ગજીયાંણી, ગજ ભરીને કાપેજી.
પાટ પીતાંબર અતલસ અંબર. ચોળેરા ને ચીરજી.
શોભે સુંદર ભાત નવરંગી, પૂતળિયોને કીરજી.
સાડી જરકસીની ઓઢણી, ચળકે સુંદર જોરજી.
કેસર છાંટયાં ધોળા સાળુ, ફરતી કસબી કોરજી.
ચંદ્રકળાને મોરવી શોભે, દરિયાઇમાં દોરજી.
અતલસ પાંચપટા આભૂષણ, સુનાં રૂપાંની મહોરજી.
કોને અકોટીને કોને ટોટિ, ગળુબંધ બહુ મુલજી.

કોને ભમરી કોને સેંથો, તરસટીઆં શીશ ફુલજી.
કોઇ મેહેતા પાસે માળા માગે, ઉભી રહી કરજોડીજી.
કેટલીએક પોતાનાં બાળક, મેહેતા આગળ ઓડેજી.

કડવું ૧૬ મું.

કોડ પ્હોંચ્યા કુંવરવહુના, ભાગ્યું ભવનું મ્હેણુંજી.
મનવાંચ્છીત પહેરામણી પામ્યાં, જેને જેવું લેણુંજી.
નાગરી નાત કુટુંબ પડોશી, ચાકર કોળી માળીજી.
પહેરામણી સહુકોને પહોંચી, વાચા પ્રભુએ પાળીજી.
સોળે શણગાર કુંવરબાઇને, આપી દીધું માનજી.
કનક પહાણ એ છાબમાં મુકયા, હરિ થયા અંતરધ્યાનજી.
સભા સઉકો વિસ્મય પામી, અલૌકિક શેઠ શેઠાણીજી.
મેહેતાને સહુ પાયે લાગે, ભકતી સાચી જાણીજી,
કુંવરબાઇની નણદી આવી, બડબડતી મુખ મોડેજી.
પેહેરામણી કાઇને નવ પહોંચી, વેવાઇને વખોડેજી.
પેહેરામણી પરનાતી પામ્યાં, ઘરના માણસ ગયાં ભુલીજી.
એક કડકો કાપડું નવ પામી, પુત્રી મારી ફુલફુલીજી.
મને આપ્યું તે લો ભાભી પાછું, રાખડી બંધામણજી.
નામ મેહેતો પણ ન હોય નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણજી.
કુંવરબાઇ પિતા કને આવી, તાત હવે શું થાશેજી.
આટલું ખરચતે મેણું રહ્યું તે, હવે કેમ જીવાશેજી.
વીસરી દીકરી નણદી કેરી, નાનીબાઇ તેનું નામજી.
છ મહિનાની છોકરડી, એક કાપડાનું કામજી.
મેહેતાજી કહે પુત્રી મારી, સમરો શ્રીગોપાળજી.

એક તાંતણો મુજથી ન પામો, એહા વજાડું તાળજી.
ફરી ધ્યાન ધર્યું માધવનું, ત્રીકમ રાખો ટેકજી.
પચરંગી ત્યા કાપડું સુંદર, આકાશથી પડયુ એકજી.
નણુદી સંતોષી કુંવરબાઈની, મેહેતાજી માગે વિદાયજી.
સહસ્ત્ર મહોર બે પહાણુ સુનાના, મુકયા તે છાબમાંયજી.

નાગર લોક સહુ પાયે લાગે, પ્રજા કરે વખાણુજી.
નાગરી નાતમાં મોટો નરસે, માથે સારંગપાણુજી.
ધન્ય મેહેતાજી તમ સમોવડ, આ કળજુગમાં ન હોયજી.
નાગરી નાતનો મહિમા રાખ્યો, ઉજળું કીધું સહુ કોયજી.
અમને તો વિશ્વાસ નોતો, મેહેતો કરે મામેરૂંજી.

સર્વની લજ્જા પ્રભુએ રાખી, મેણું ટળ્યું ભવ કેરૂંજી.
પછે મેહેતાજી વિદાય માગે, બોલે બેઉ કરજોડીજી.
કુંવરબાઇને ઘેર વળાવો, વેહેલ આણી છે જોડીજી.
પછે કુંવરબાઇ વેહેલે બેસી, જુનાગઢ તે જાયજી.
સહુકો વળાવી પાછા વળિયાં, ધન્ય ધન્ય વૈકુંઠરાયજી.
વીરક્ષેત્ર વડોદરૂં, ગુજરાત મધ્યે ગામજી.

ચાતુર્વંશી ગ્નાતી બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામજી.
સંવત સત્તર ઓગણુચાળો, આસો સુદ નવમી રવીવારજી.
પૂરણગ્રંથ થયો તે દિવસે, યથા બુદ્ધિ વિસ્તારજી.
પ્રીત કરી જે ગાય સાંભળે, દારિદ્ર તેનું જાયજી.
એવું જાણી ભક્તિ કરે તેને, સન્મુખ વૈકુંઠરાયજી.

૮૨

મેડીએ બેઠાં શુણોરે સારંગ ધેણુ, વહુવરનાં વચન શુણજો.
વહુવર માગે છે જળહળ મોડ, જો સંપત હોય તો આપો.
લંકારે ગઢ થકી સુનારે અણાવો, વેગથી મોડ ધડાવો.
હડમચગઢ થકી હીરારે અણાવો, વેગથી મોડ જડાવો
સીગડગઢ થકી મોતીરે અણાવો, વેગથી મોડ પ્રોવાડો
કોણેરે ધડીઓ ને કોણેરે જડીઓ, કોણેને મોર પોરવીઓ.
કયાં બેસી ધડીઓ ને કયા બેસી જડીઓ, કયા બેસી મોડ પોરવીઓ.
—ધડીઓ ને—જડીઓ—મોડ પોરવીઓ
આગલે બાર ધડીઓને પાછલે બાર જડીઓ પરસાળે મોડ પોરવીઓ.
એરે સુનીડાને પીરસોરે ખાડ, મોડ ધડેરે રૂડે ધાટ
એરે સુનીડારે પીરસોરે શુલી, મોડ ધડેરે જેમ ફુલી.
એરે સુનીડાને પીરસોરે દુધ કુર, મોડ લાવે ઉગતે સુર
મોડ પ્હેરી ને ધેણુ દેરાસરે ઉભાં, દેવતાને મન ગોઠયાં.
દેવતાને મન ગોઠયાં રે સારંગ ધેણુ, મોડ મ્હારી મોડાતીને મોહીએ.
મોડ પ્હેરીને ધેણુ આવે ને જાએ, સાસુજી રળીઆત થાએ.
સાસુજી રળીયાત થાએરે—સારગ ધેણુ, નણદીને હરખ ન માંય.

૮૩

હાથ કાંસકડી ને ખસવટે નાડા, માથું ગુથાવા ધેણુ ચાલ્યાં.
ધેણનું ત માથું કોઇ ગુંથી ન જાણે, ગુંથાવી ન જાણે.
ગુંથે મારા—ના રાણી,—ની રાણી ને—વહુ ઠકરાણી.
તેણે મારી ધેણુ શણગારી, પાટણ દેશનાં પટોયારે પાડયાં.
નાડાં ધાલ્યાં રે નડીઆદી, સુરત શેહેરની ટીલડી રે ચોડી
આંખ આંજી રે અણીઆળી.

૮૪

પહેરો રે લાડકડી ઘેણુ કાંચળી રે.
તમને ઇશ્વર પારવતીએ મોકલી રે, સીવણુ સીવણુ ઘુઘરીરે.
ઘેણુ હઇડે હસતી પુતળી રે, પ્હેરો રે લાડકડી ઘેણુ કાંચળી રે.
તમને—ભાઇ—વહુએ મોકલી રે—સીવણુ—ઘેણુ હઇડે.

૮૫

લીલડા ગજની કોથળી એની રે, ઘેણુનાં સાસુજીએ હરખે સીવાડીરે.
ઘેણુના રે સસરાજીએ ભરતે ભરાવી રે.
ઘેણુનારે નણદીએ ઘુઘરી મુકાવીરે.
ઘેણુના રે સ્વાજીએ રૂપૈએ ભરાવી રે
ઓસીસે મુકી ઘેણુ પાંગતે જુએ રે, કોથળી ન જડે ને ડસકે રૂવે રે.
કોથળી કોથળી શું કરો ગોરાં રે, કોથળી જાશે ત્યારે પહેરશો દોરારે.
કોથળી કોથળી શું કરો બાળાં રે, કોથળી જાશે ત્યારે પ્હેરશો માળારે.
અહિંથી ને કોથળી—ફુળીએ જાશે રે, ત્યારે મોસાળાની ત્રેવડ થાશે.
કોથળી માંહે હતો એકજ અડધોરે, કોથળી લઈ ગઇ એની—માંડઘોરે.

૮૬

હાથ ઝારી ને ખભે ધાટડી રે, ઘેણુ જુએ એના સસરાજીની વાટડીરે.
કાંએરે ઘેણુના સસરાજી નાસંતા ફરેરે.
તમારે દામ ખરચ્યા તે વિના નહિ ચાલેરે. હાથ ઝારીને ખભે.
ઘેણુ જુએ એના દિયરની વાટડીરે.
કાંએ રે ઘેણુના દિયર નાસંતા ફરો રે.

તમારે બુસેટ તે માર્યા વિના નહિ ચાલે રે. હાથ ઝારીને ખભે
ઘેણુ જુએ એનાં નણુંદની વાટડી રે.
કાંએરે ઘેણુનાં નણુદી નાસંતાં ફરો રે.
તમારે રાખડી તે બાંધ્યા વિના નહિ ચાલે રે. હાથ ઝારીને ખભે.
ઘેણુ જુએ એના સ્વામીજીની વાટડીરે.
કાંએરે ઘેણુના સ્વામીજી નાસતા ફરોરે.
તમારે કર્માંતર કીધા તે વિના નહિ ચાલેરે. હાથ ઝારીને ખભે.

૮૭

સુનાના ટાચકડા ને હીરલાની દોરી, હું તમને પૂછું મારી મોડાંતીરે ગોરી,
તમારાંરે સાસુએ શી શી સાધર પૂરી.
ઉન્હાં ઉન્હાં ખાજાં ઉતરતી જલેબી, લીલવાનું શાક ને માંહે ઝાઝા મરી.
તેરે ખાઇને ઘેણુ ઓરડે સુતાં, રાતના ચાર પહોર ધસમસ ઉંઘ્યાં.
સાસુના જાયા સુતેલા કે જાગો, પાનનાં બીડલાં તે વાળી વાળી આપો.
સુનાના ટાચકડા ને હીરલાની દોરી, હું તમને પૂછું મારી મોડાંતીરે ગોરી
તમારી માડીએ શીશી સાધર પૂરી.
બાર વર્ષનો બાવટો ને તેર વર્ષનું તેલરે તાંદળજાની ભાજી એરંડીએ વધારી.
તેરે ખાંઇને ઘેણુ ઓરડે સુતાં.
રાતના ચાર પહોર જરા નવ ઉંઘ્યાં.

રાખડી વખત.

૮૮

કુંકુંના છડારે દેવાડીએ, ઘેનુ મોતીના ચોક પૂરાવીએરે.
સેવના પાટ મંડાવીએ રે ઘેનુ લીલડે નેત્ર ઓછાડીએ રે.
ઘીનાં દીવા અજવાળીએ રે ઘેણુ નાળીએરે અરઘ દેવાડી એ રે.

૮૯

લંકાગઢ વહાણુ પૂરાવીએ, ત્યાંથી સુનારે અણાવો.
તેની ઘડાવોરે રાખડી, ઘેણુને જમણુલે હાથ.
હુડમચગઢ વહાણુ પૂરાવીએ, ત્યાંથી હીરારે અણાવો.
તેની જડાવો રે રાખડી, ઘેણુને જમણુલે હાથ.
સીગડગઢ વહાણુ પૂરાવીએ, ત્યાંથી મોતીરે અણાવો.
તેની પ્રોવાડોરે રાખડી, ઘેણુને જમણુલે હાથ.
[૧]—વ્હેલ મોકલાવીએ, ત્યાંથીરે—[૨] બહેન તેડાવો.
તેની પાસે રાખડી બંધાવીએ, ઘેણુને જમણુલે હાથ.

---

૧. મહોલાનું નામ ૨. ઘેણુની નણંદનું નામ.

ખોળો ભરતી વખત.

રતિવહુનું મોસાળું.

૫૦

રતિવહુને તે પૂછે રાણી રૂક્ષ્મણી, તમે શા વિનારે વહુઅર અનમન્યાં.
સાસુજી આગળ કહેતાં લાજું, મને ફેર ઉલટ આવે ઘણાં.
ત્રિભુવનના રે જયાં નાથ બેઠા છે, ત્યાંને આવ્યાં સુંદરી.
રળિયાત થઇ એક વાત કહું, તમે સાંભળો વૈકુંઠના ધણી.
આપણી રતિવહુનાં રે સીમંત આવ્યાં, આપણે રે ઘેર સોહેળા.
રૂડાં સુનાં અણાવો ને ઘાટ ઘડાવો, વહુઅરને રે પહેરાવીએ.
એક સોનીનો બેટો ને ગોખે રે બેઠો, ભલા તે ઘાટ ઘડાવીએ.
ઘડજે ઘડજે રે ચુડી ને ઘડજે રે કાંકણી, ઘડજે મોડાતી હાથે રાખડી.
વરવહુ કેરા ઉલટ ઘડજે, મુગટ માથાની દામણી.
ઘડજે રે દોરાને ઘડજે કંદોરા, ઘડજે પ્રદ્યુમન હાથે બેરખા.
એક જોશીનો બેટો ને પાટે રે બેઠો, રૂડાં તે મુહૂર્ત પૂછાવીએ.
છઠ સાતેમ ને રવિ ઉગતે સુર, મુહૂર્ત આપ્યાં રે ઉતાવળાં.
એક સુનાનો ખડિયો ને રૂપાની લેખણુ, બળીભદ્ર લખે રે કંકોતરી.
પ્રથમે લખજો રે ગણપતિ બહુ ગુણવંતા, સુદ્ધબુદ્ધ જમણે પધારજો.
લખજો આદિત રાંદેલ સુરજ ચંદ્રમા, ગોરગોરાણી પધારજો.
લખજો ઇંદ્રઇંદ્રાણી ને રૂદ્રરૂદ્રાણી, બ્રહ્માસાવિત્રી પધારજો.
બેનુના કાકા રે લખજો ને મામા રે લખજો, ઘણું લખજો રે
બેનુના વીરા રે.

ઘેણુની કાકી રે લખજો ને મામી રે લખજો, ઘણું લખજો રે
ઘેણુની ભાભી રે.

લખજો બાળપણુના મિત્ર સુદામા, ભાવે ભૂધરજીને ભેટવા.
એક હંસલાની કોટે કંકોતરી બાંધી, ઘેણુને તે મહિયર કાગળ મોકલ્યા.
વાવલીઆ રે વાયા ને મેહુલા ધડુકયા, કાસદીઆ રે પાછા વળ્યા.
ઘેણુને મહિયર તે આગળ નદી ઝાઝેરી, તે માટે કોઇ નહિ આવીએ.
એક હસ્તી તેડાવો ને નદીઓ સોસાવો, ધનરસ માડી જાયો આવશે.
ઘેણુને મહિયર તે આગળ ડુંગર ઝાઝેરા, તે માટે કોઇ નહિ આવીએ.
એક ભમર તેડાવો ને ડુંગર કોરાવો, ધનરસ માડી જાયો આવશે.
ઘેણુના કાકારે આવ્યા ને મામા રે આવ્યા, એક ના આવ્યા રે વીરા
લોભીયા.

મારા લોભી રે વીરા લોભ ન કરીએ, અવસરે આવી ઉભા રહીએ.
ઘેણુની કાકી રે આવ્યાં ને મામી રે આવ્યાં, એક ના આવ્યાં રે ભાભી
લોભીઆં.

મારી લોભેણુ ભાભી લોભ ન કરીએ, અવસરે આવી ઉભાં રહીએ.
સ્વામી તમારા સગાનું સઉ કોઇ આવ્યું, મારા સગાનું કોઇ ન આવીયું.
ઓરડીએ ઉભાં ઘેણુનાં સાસુજી બોલ્યાં, મહિયરની તે શી આશ રે.
તમારી કેડ પ્રમાણે રૂડાં પટોળાં વણાવું, કહો તો ઘડાવું ઘમર ઘુઘરી.

ઉથલો.

ગંગારે જમના ગોદાવરી, અણાવો રે ત્રિવેણીનાં નીર, ઘેણુ નવાડીએ.
ખાંડની ખેડ ઉકાળીએ, ઘેણુને નમણે રે સોહાસેણુ ચાર. ઘેણુ.
નાહીને ઉઠયાં રે રતીવહુ, પહેર્યાં પહેર્યાં રે જાદરનાં ચીર, ઘેણુ નાહી ઉઠીયાં.

૯૧

સસરા લીલડા ગજ પધરાવે, મૃગનયની મંદિરમાં પધારે.
સાસુ ઘાટ અનોપમ લાવે, રતી વહુઅરનેરે પહેરાવે.
રતીરૂપ રંભાની રે તોલે, દેખી પ્રદ્યુમનનાં રે મન ડોલે.
હળવે ડગ ભરજો રે રાણી, તમારા સસરા છે સારંગપાણી.
કહેશે વહુઅર કયાં કરમાણી, વાડકડો તે ચંદને ભરીઓ.
મૃગનયનીરે આગળ ધરીઓ,, મૃગનયનીને ચંદન ન ભાળે.
ગયો અવસર ફરીએ ન આવે, ધેણુની તેડાવો સુભદ્રા નણુદી.
તેની પાસે રાખડી બંધાવો, રાખડલી બંધામણુ લાખ.
આપે રતીવહુ કેરો બાપ, દિયર ખોળે આવીને રે બેઠા.
બેણને બુસેટ મારીને ઉઠયા, બુસેટીઓતે આજ કમાય.
આપે રતીવહુ કેરાંરે માય, ધેણુની તેડાવો વડીરે જેઠાણી.
વડી વહુઅર હોય વડા ચાર, કરે ખોળા કેરારે આચાર.

૯૨

છોકરો જન્મે ત્યારે ગાવાનાં ગીત.

પ્રેમાનંદ પાટની પાયારે, માતા દેવકીએ શ્રી કૃષ્ણુ જાયારે.
હવે જસોદાજી હાજર થાઓરે, ગોળ સુઠી ઝાંઝણુજીને પાઓરે.
ગોળસુંઠીમાં ગોળ છે મીઠાં રે, ઝાંઝણુ જન્મ્યાને અચરત દીઠાંરે.
તને ઝભલું સીવાડું કે આંડણુ રે, તું તો વસુદેવનું કુળ માંડણુરે.
તને ઝભલુ સીવાડું કે ટોપીરે, તુંતો નંદજીને મન ગોપીરે.

૯૩

નંદજીને બારણે રાયણ પાકી, સૌ છોકરાંએ સુખડી માંગી.
કીકાજીરે બાળાજી નાધડીઆ નંદ ગોવાળજી, તું બોલરે બાળુડાજી—
તને સુખડી અપાવું હસી.
ખજુર ખારેક ને કોપરાં, જશોદા બોલાવે આવો છોકરાં, કીકાજીરે.
કીકો આવ્યો ઘર ધોળીએ, ને——નાઠા કાં ખોળીએ, કીકાજીરે.
કીકાને પછેડે દાળિયા,——બોલાવેરે આવોરે નિશાળીઆ, કીકાજીરે
કીકાને પછેડે ધાણી, નંદજી બોલાવેરે આવો મારા દાણી, કીકાજીરે
કીકો બેઠો ચંદન ઘસે, બોખે દાતે——હસે, કીકાજીરે.

૯૪

કીકા નવસેં નવાણું નદી ડોળીરે, પુરૂષોત્તમ કાઢવા ખોળીરે.
કીકા હાંહારે તારા દુર્લભ દીઠા મ્હોંડાંરે.
કીકા અડદાળી રોટલી કાળીરે, કીકો આવ્યો ત્યારે મા ઓશિયાળી ટાળીરે.
કીકા અડદાળી રોટલી નાતીરે, કીકો આવ્યો ત્યારે મા થઈ માતીરે,
કીકા અડદાળી રોટલી ને તેલરે, કીકો આવ્યો ત્યારે બાપની વાધી બેલરે.
કીકા ફોઇનો ફદિો ફાવ્યો રે, કીકા ભલે ભત્રીજો તું આવ્યો રે.
કીકા કોથળીના બંધ કાપો રે, કીકા ફોઇ માગે તે આપો રે.

૯૫

માતા જસોદાએ શ્રી કૃષ્ણ જાયા, ગોકુળમાં રે સૌને આનંદ પાયા.
ઢરૂં ઢાંકું ફરૂં ઢાંકું કરૂંરે જતન, હું રાંકને ઘેર લાધ્યુ રતન.
નાકની દાંડી તે નંદજીના સરખી, નખ થકી બાઇ જુઓને નરખી.
ઉંઆં ઉંઆં કરે લઉઓ આંગળાં ધાવે, ચૌદ ભુવન મુખમાં દેખાડે.
આંગલાં સીવાડીને આવ્યાં રે ગોપી, તેરે લાવ્યા અખોત્રનની રે ટોપી.
જુઓ જોશીરે મારા કૃષ્ણના જન્મ, કેવા હશે મારા પ્રાણજીવન.
ભાટબદીજન જે જે રે બોલે, આજ મારે ઘેર હાથી રે ડોલે.
કહે રે કહાના કયા તારા તાત, આંગળીએ દેખાડયા નંદજી રે બાપ.
કહે રે કહાના કહી તારી માતા, જમણાં દેખાડયાં જસોદા રે માતા.

છઠ્ઠીને દિવસે.

[જનમરાસ.]

૯૬

હરિ અવતાર શુણો રસભાવે. હરિ અવતાર શુણે ફળ હોય.
પુત્ર કલત્ર ધન બહુ રિદ્ધ હોય, જન્મ જન્મતણાં મટે રે પાપ.
માઘ માસે રે છઠ્ઠ સાતેમ આવી, દેમહે ચોથું રે નહાણું રે નાહી.
કંસની માડી વધાવવાને આવી, થાળ ભરી સંગ મોતીડાં લાવી.
ઉપર શ્રીફળ બીજોરાં રે લાવી.
સંક્રાંત સાતેમ ને સોમવાર, દેમહે મોહિનીનો અવતાર.
દેમહે સુતાં ને સાણું રે દેખે, પ્રથમ ઉઠી વસુદેવને સોંપે.

સાંભળો રે વસુદેવ વાત અકળિત, આપણે રે ઉદર વસિયા રે વિઠ્ઠલ.
રૂપ નારાયણ ચતુર્ભુજ દીઠાં, શામળીઆ રે હરિશંકર દીઠા.
શંખ ચક્ર ગદા લટકતાં રે, જેવા કોટિ સૂરજ દીઠડાં રે
ઉભી રે દેમહે ઝંખે ઝંખાએ, એ રે સાણુ કાંઇ આળ પંપાળ.
એરે સાણુ જો કંસાસુર જાણે, તોરે આપણાં ગોત્ર ક્ષય આણે.
કંસને રે ઘેર હવા રે અસોજી, કંસને રે ઘેર નાદ વસેજી.
કંસને રે ઘેર આંબેલી બ્યાસી, કંસને રે ઘેર સીકાં રે ત્રુટાં.
કંસને રે ઘેર ગોરસ ફુટાં, કસનેરે ઘેર ભાગ્યાં રે ભાણું.
કંસને રે ઘેર પડયાં રે ભંગાણુ, કંસને રે ઘેર ધારણ ધસીયાં.
કંસને રે ઘેર મોભ રે ખસીયા
તોરણ સ્તંભ મરડાઇ ગયા રે, ચળીયું રે કંસનુ બેસણું રે.
દુધડાં પીને ધરણ ઢળ્યોરે.
ઉભોરે થઇને સેજેરે સુતો, કંસેરે મનરખ જોશી તેડાવ્યા
જોજોરે જોશ ને કહેજોરે સાર, ચાર ખાડીને તલ જવ મંગાવો.
ઘીના ઘડા ગળતારે નોધાવો, ગોત્રજ માડીની પૂજા કરાવો.
નવે રે ગ્રહનાં દાન અપાવો." વળતીરે કંસની કલત્ર બોલી.
દેમહેરે તુને કેટલોરે માસ, રત્નકમળ કેરા દોહલાંરે,
રાયનાં વિઘ્નને વાળજોરે, પાચમો માસ મારે ઉદરરે.
બેનડ બનીયડ બેઠાંરે વાટે, સાભળોરે બેનડ એટલીરે વાત.
જાયુંરે લઇને વીયાયુંરે આપો, બ્હેનના જાયાને રક્ષા કરી રાખો.
જાયું ન આપે કોઇ પેટનુરે, એરે જાયાનેરે એહવું રે.
છઠ્ઠેને ગર્ભ હુતો ગોકુળ આવી, બ્રહ્માને વિષ્ણુ મહેશ્વરે વાહી.
સાતમેરે ગર્ભે હુંતો મથુરામાં રહી, હાંહાંરે દાનવે વાત ઉતારી.
આઠમો ગર્ભ કયાં ગાળશું રે.

ચુથુરે આઠમો ગર્ભ ક્યાં ગાળે, આઠમો ગર્ભ કંસાસુર મારે.
અષ્ટમી રોહીણી ને બુધવાર, પુત્ર જાયોરે સો લાખેણોરે.
ઓરે આવો વસુદેવ ભરથાર, વિનતિ મારી એક વિચારો.
એક દિવસ હું તો ગોકુળ ગઇ વિચારે દીધીને લીધીરે સહી.
જાયુંરે લઇને વિયાયુંરે આપું, બ્હેનના જાયાને રક્ષા કરી સ્થાપું.
સાંભળી વસુદેવ બોલીયા વાણુ, તમેરે કહ્યુ તે મારે પ્રમાણુ.
પેહેલેરે પાવલે પુન્ય રક્ષાજો, અંગુષ્ટ રાખે આદ રક્ષાજો.
પળવેરે ત્રિકમ દેવ રક્ષાજો, નળે નરોત્તમ દેવ રક્ષાજો.
જાંગે જનાર્દન દેવ રક્ષાજો, કેડે કૃષ્ણાર્જુન દેવ રક્ષાજો
પેટે પંચાયતન દેવ રક્ષાજો, દુટીએ દામોદર દેવ રક્ષાજો.
હૈડે હરિહર દેવ રક્ષાજો, ગળે ગદાધર દેવ રક્ષાજો.
હાથે તે હરજી દેવ રક્ષાજો, નખે નારાયણુ દેવ રક્ષાજો.
આગળે અર્જુન દેવ રક્ષાજો, પ્હોચે પુરૂષોત્તમ દેવ રક્ષાજો.
કોણીએ કેશવ દેવ રક્ષાજો, ખભે ક્ષીરસાગર દેવ રક્ષાજો.
ગળે ગદાધર દેવ રક્ષાજો, દાંતે દયાકર દેવ રક્ષાજો.
જીભલડીએ જદુકુળ દેવ રક્ષાજો. નાકે તે નરસિંહ દેવ રક્ષાજો.
કાને કોદંડધર દેવ રક્ષાજો, આંખે અમર દેવ રક્ષાજો.
ભ્રમરે ભૂધર દેવ રક્ષાજો, માથે મધુસૂદન દેવ રક્ષાજો
બ્રહ્માંડે ભોળાનાથ દેવ રક્ષાજો, પૂઠે પચાનન દેવ રક્ષાજો.
તળેને ઉપર દીધીરે રક્ષા

એટલી રક્ષા દઇ રાખજો રે, બાળ બળોતીયામારે વિંટાળ્યો.
લઇ વસુદેવના હાથમાં સોંપ્યો.

હળવે હળવે ચાલજો રે, ન પડે કંસાસુરને જાણુ રે.

લોહ ગડાગડ ગડીઆં કમાડ.
ભાગી રે ભોગળ લોહની રે, લોહ જડાજડ જડીયાં કમાડ.
કાળો રે મેઘ અંધારી રે રાત, માથે રે ગરૂવો જે જગતનો નાથ.
શેશનાગે શિરછત્ર ધર્યું રે.
જમનાના પાણીમાં પડીયું બિંબ, ઉઠયા રે વસુદેવ ખેપારે ખેપ.
કીધી પ્રદક્ષિણા સાત સંકેત, ચક્ષુએ દીઠી દમાઈ મારે
કહે તું રે દાનવી કે પશુહાણ, કહે તું રે બાળક લેવા આવી.
કહે તુ રે કહાનનું આયુષ્ લાવી.
નહિ હું દાનવી નહિ પશુહાણ, નહિ હું રે બાળક લેવા આવી.
હું તો રે કહાનનું આયુષ લાવી
હું છું જમના વડી નદી રે.
હરિ પોરાવ્યા આંબલીઆની ડાળ, વસુદેવ જુએ છે પાણીનો માર્ગ.
એટલે જમના થયા રે એ ભાગ, ઉઠો જશોમતિ લો રે ત્રિભંગી.
દીવડીઆ અજવાળે સોરંગી, ગોખે ઘીઅના દીવા મૂકાવો.
તોરણ બાંધોની જાદવ માય, પાગતે લખજો મંગળ રાય.
છઠ્ઠી લખો સુર મોહી રહે રે.
પ્રચ્છવી આણવી સહજ વિઆઈ, સાંભળો લાખેણો વિજળી જાય.
પુત્રને મૂકીને બાળકી સાહી, લોહ ગડાગડ ગડીઆ કમાડ.
લોહ જડાજડ જડીયાં કમાડ.
ભીડી રે ભોગળ લોહની રે, બાળી રે બૂમજ પાડતી આવી.
ઉઠો કંસાસુર ખેપા રે ખેપ.
ચાલો ખડ્ગ લઇ, બ્હેન વિઆઇ.
બ્હેનની બાળીનો ઝાલ્યો રે પગ, વીરા રે પાથરૂં પાલવ ખોળા.

એક ભાણેજી રહેવારે દીજે, વીરારે ઘડપણ પાળવા
હાથેથી છૂટી ગઇ વિજળીરે, મને શાને મારે બાપલારે.
તારોરે વેરી ગોકુળમારે.
એરે ગાય ને જે સાંભળે રાસ, તેનો રહેજો વૈકુંઠેરે વાસ.
તેની નારાયણ પૂરે રે આશ.

હાલરડાં.

૯૭

હરિ હાલોરે કહાન હાલો, નંદનો લાલોરે વિશ્વનો વ્હાલો
તે પોઢયો પારણે હરિ, હાલોરે.
એને પારણે જડીયા ખાપરે, નંદજી બાપ ઝુલાવે પારણું હરિ.
એને પારણે જડીયા હીરા, બળીભદ્ર વીરા ઝુલાવે પારણું. હરિ.
એને પારણે હીરની દોરીરે, સુભદ્રા ઝુલાવે પારણું. હરિ.
એને પારણે ઝાઝાં મોતીરે, વ્રીજની ગોપી ઝુલાવે પારણું હરિ.
હાલરૂં ગાઉં ને હરિ નવ સુએ, સુખે ન પોઢે ગોવાળો કાનજી. હરિ.

૯૮

નાધડીઆ તુજને ઝોળી, બાળુડા તુજને ઝોળી.
વધામણીની વિગત ઘણી, આણોરે ભાનને પીગાંણી. નાધડીઆ.
આણોની ખારેકને કોપરા, તેડોરે નાધડીઆં છોકરાં. નાધડીઆ.
ચીરપટોળાંની વાળોરે ઘડી, તેડોરે નાધડીઆંની ટોળી. નાધડીઆ.
ઝોળીમાં સુવાડે મહિયારી, નાળીએર મુકીને લે માંડી નાધડીઆ.
મહિયારીને આપો દામ, કુંવરનું શ્રી કૃષ્ણજ નામ. નાધડીઆ.

વિવાહ મળે ત્યારે ગાવાનાં ગીત. (પહેલાં કુંકુંના છડા ગાવા.)

૯૯

આજ મારે ઘેર રામ રમેરે,
રામ રમે તે તો સૌને ગમેરે, સૌને ગમે ત્યાં તો દીવા બળેરે.
દીવડા બળે ત્યાં તો રત્ન ખરેરે, અણચિંત્યો આવ્યોરે મારે ઘેર સોહેળોરે.
વાજતે ગાજતે આવ્યો મારે ઘેર સોહેળોરે
નવલા વહેવાઇએ મોકલ્યો મારે ઘેર સોહેળોરે.
પાદશાહી પાથરણાં તે કોણુ રાએ મોકલ્યાંરે.
પાદશાહી પાથરણા તે પાદશાહે મોકલ્યાંરે.
જાદરના ગલીચા તે કોણુ રાએ મોકલ્યા રે.
ચીરના ચદરવા તે ડોસીએ મોકલ્યારે.
એણીની કુખે જીઆવર જાયા પનોતીએ

૧૦૦

રંગરસ ઘોઘેથી ઉતરીઓરે, રંગરસ મોઘોરે વેચાયરે.
રંગરસ પાવલાનો પાશેરરે, રગરસ અડધાનો અચ્છેરરે.
રંગરસ રૂપૈયાનો શેરરે, રંગરસ આવ્યો અમારે ઘેરરે.
જેવો રંગ—પાઘડીએરે, તેવો રંગ રાખજો તમે—વહેવાઇરે.
જેવો રંગ—વહુની સુંદડીએરે, તેવો રંગ રાખજો તમે—વહેવાણુરે.
આગળ હતા લોક ને લોકાઇ, હવે થયાં સગાં ને વહેવાઇરે.

૧૦૧

અમીરસ ભરી રે તળાવડી, મોતીડે બાંધી છે પાળ
ત્યાંને મારા જીઆવર ઝીલતા—વહેવાઇને લાગી છે રાડ.
શું રે મોહ્યા પગની પાનીએ, શું રે મોહ્યા હીંડવાની ચાલ.
શું રે મોહ્યા રે કંઇ નયણે, શુ રે મોહ્યા મુખનાં તંબોળ.
નથી મોહ્યા પગની પાનીએ, નથી મોહ્યા હીંડવાની ચાલ,
નથી મોહ્યારે કંઇ નૈયણે, નથી મોહ્યા મુખના તંબોળ.
પુત્ર મોહ્યારે—તણા, તેની અમને લાગી છે રાડ,
જાયા મોહ્યારે—વહુ તણા, તેની અમને લાગીરે રાડ,

૨-યાદવની આરતી.

૧૦૨

સુખડે રચ્યાં રે કમાડ, શ્રીખંડે ધોળ્યા ઓરડા રે
આદિતને જમવાનો વાર, રાંદેલ રાધે રાંધણાં રે.
બાસેઠ દીધારે વધાર, ચોંસેઠ રાંધ્યાં રાંધણાં રે.
ઉઠો સ્વામીરે ભોજન કરો, હું રે ઉતાવળીરે.
આદિતને ચડી છે રીસ, રાંદેલ માર્યા સોટીએરે.
લીધાં રે આંડણુ લીધા ટોપીએરે.
લીધારે રામૈયાકેડે પુત્ર, રાંદેલ ચાલ્યાં રૂસણેરે.
દિયર મનાવવાને જાય, ભાભીરે કેવાં રૂસણાં રે,
તમ વિના સુના રે અવાસ, રામૈયા સુનાં પારણાં રે,
અણુતોલ્યાં સુના રે વેચાય, ભાભી રે ઘર આપણાં રે.

અણમુલ્યા હીરા રે વેચાય, ભાભી રે ઘર આપણાં રે.
(પછી ઘરનાનું નામ દરેકમાં કહેવું.)

૧૦૩

પાને ફૂલે ભરાવી છે છાબ, તો અગર ચદને ભર્યાં દાબડા રે.
જગાડો રે વહુ—વહુના કંથ, તો રાણી રાદેલને કરે આરતિ રે.
આરતિ અવસરે હોય રે, રન્યાદેવ પહેલડા પહોરની રે.
પાને ફૂલે ભરાવી છે છાબ, તો અગર ચંદને ભર્યાં દાબડા રે.
જગાડો રે વહુ—વહુના કંથ, તો રાણી રાંદેલને કરે આરતિ રે.
આરતિ અવસરે હોય રે, રન્યાદેવ બીજલાં પહોરની રે.
ત્રીજા પહોરની, ચોથા પહોરની, ઇત્યાદિ.

૧૦૪

મારે આંગણે કુઇ રે ખણાવું, ઘુંગણુ સમાણાં પાણી રે. રન્યાદેવ.
ઘાટડીઆળાં નહાવા રે બેઠા, આદિતની ઘરનાર રે. રન્યાદેવ.
ઓઇ રંગ તોઇ રંગ લાલ કસુંબો, મથુરામાં મોંઘેરો વેચાયરે. રન્યાદેવ.
કેળાં કાતળીઆં ને આંબા પાતળીઆ, ખડબુચાં છોલાએ રે. રન્યાદેવ.

૧૦૫

પહેલો રે પોઠી કુંકાએ ભરીયો, જઇ રાણી રાંદેલ આગળ ધરીયો.
માવડીઓ ભાંગોની મેણુલાં.
હું વણજારી દાસ તમારી, નવ લાખ પોઠી એકલડી હંકારૂં. માવડીઓ.

બીજો રે પોઠી શ્રીફળે ભરીયો, જઇ રાણી રંદેલ આગળ ધરીયો.
માવડીઓ.
ત્રીજો રે પોઠી ખારેક ભરીયો, જઇ રાણી રંદેલ આગળ ધરીઓ.
માવડીઓ.
ચોથો રે પોઠી ફોફળે ભરીયો, જઇ રાણી રાંદેલ આગળ ધરીઓ.
માવડીઓ.
વેચી ન જાણું સાટી ન જાણું, નવ લાખ પોઠી એકલડી હું કારૂં.
માવડીઓ.
મેણુલાં રાણી રાદેલ ભાગે, મનના મનોરથ મૂળરાજા પૂરે. માવડીઓ.

૧૦૬

મારી આંગળી ધાસી, રાંદેલપૂજા કરંતલાં રે.
અંબોડારે લચીઆ, રાંદેલ પાય પડંતલાં રે.
હું તો જાઉં રે કાશી, ત્યાંરે જઇને તપ કરૂં રે.
માગું ધણીયનાં રાજ, અખંડ હેવાતન ઘાટડી રે.
મારી આંગળી ધાસી, રાંદેલ પૂજા કરંતલાં રે.
અંબોડારે લચીયા, રાંદેલ પાય પડંતલાં રે.
હું તો જાઉં રે ગોદાવરી, ત્યાંરે જઇને તપ કરૂં રે.
માગું સસરાનાં રાજ, સાસુના ઘાટ સોહામણાં રે.

૧૦૭

લીલાં પીળાં ફુલડીઆં બે ચાર, લીધો ને રથ રળીઆમણો રે.
ઉઠો રાંદેલ કરો શણગાર, આદિત સરખા રથ ચડયા રે.

રથ રાખી પૂછે રે વાત, સ્વામી અમને નગર દેખાડજો રે.
નાગર ભલા પણ દૂર, કાશીમાં વિશ્વનાથ દેવ ભલા રે.
લીલાં પીળાં ફુલડીઆં એ ચાર, લીલો ને રથ રળીઆમણોરે.
ઉઠો—વહુ કરો શણગાર,—સરખા રથ ચડયા રે.
રથ રાખ્યા પૂછેરે વાત સ્વામી અમને નગર દેખાડજોરે.
નગર ભલાં પણ દુર, સુરતમાં મોળેશ્વર દેવ ભલારે.

૧૦૮

તાપીની તરીએ તરીએ વાવ્યાં રન્યા દેવ.
ઉગ્યો છે ચોળ મજીઠ રન્યા દેવ.
તેવી રંગાવો ચુંદડી રન્યા દેવ.
ચુંદડીને ચારે છેડે પૂતળી રન્યા દેવ.
ઓઢોની રાણી રાદેલ ચુદડી રન્યા દેવ
હું કેમ ઓઢીશ એકલી રન્યા દેવ.
મારે ને સાવિત્રીબાઇને વાંધા રન્યા દેવ.
તાપીની તરીએ તરીએ વાવ્યાં રન્યા દેવ.
ઉગ્યો છે ચોળ મજીઠ રન્યા દેવ.
તેની રંગાવો ચુંદડી રન્યા દેવ
ચુંદડીની ચારે છેડે પૂતળી રન્યાદેવ.
ઓઢોની—વહુ ચુંદડી રન્યા દેવ.
હું કેમ ઓઢીશ એકલી રન્યા દેવ.
મારે ને—બ્હેનને વાંધા રન્યા દેવ.

૧૦૯

પાને ફૂલે ભરી છાબડી અગરની દાબડીરે.
મેરે માડયા છે જાગ રાંદેલ મારે ગોરાણી રે.
આદિત રાંદેલને મોકલો હું ખડી રે ઉતાવળી રે
એસણુ આપીશ પાટ ઓરાડીશ ધાટડી.
ભોજન સેવ ને બાટ ઉપર વડાં વેડમી રે.
મુખવાસ પાન પચાસ પડો ભરી એલચી રે.
પાન ફૂલે ભરી છાબડી અગરની દાબડીરે
——એ માંડયાં છે જાગ—બ્હેન મ્હારે ગોરાણીરે.
——જમાઇ બ્હેનને મોકલો, હું ખડી રે ઉતાવળીરે.
ઇત્યાદિ—

પ્રકરણ ૧૦ મું.

ગરબા સંગ્રહ.

વસંતતિલકા.

૧૧૦

જો હોંસ હોય ઉરમાં ભગિની તમોને,
ગાવા ગીતો વિવિધ તો શુભ લાભ હો ને,
રૂડી રૂતુ શરદમાં ગરબા રસાળા,
ગાઓ સુકંઠથી તમે મળી સર્વ બાળા.

માતાના ગરબા.

૧૧૧

આદ્યનો નગર કોટમાં વાસજો, જવાળામુખી તે અંબા જાગતી જો.
માને બ્રહ્માએ સેવી તે માને વિષ્ણુએ જો, સદાશિવે સેવી તે જવાળા
માતજો, જવાળા
માના કુંડળતણો મહિમા ઘણો જો, બ્રહ્માવાણી વખાણે વેદ જો.
જવાળા
માના વદન તણી શોભા ઘણી જો, જાણે શરદ પુનેમ કેરો ચંદ્રજો.
જવાળા.
મા અંદો અંદો અંબા જાણે જો, અંબા રમે તે રંગભેર રાસ જો.
જવાળા.
માને સોનાનું છત્ર શિર છાજતું જો, માને ઘંટે ચોર્યાસી નાદજો.
જવાળા.
માને નૈવેદ મુકયાં તે નાનાં ભાતનાં જો, માને મદના પ્યાલા હાથજો.
જવાળા.
મા આદ્ય અંતર તું ઇશ્વરી જો, સદા પ્રાગ તમારો દાસ જો.
જવાળા.

૧૧૨

રૂડાં ગરબે રમે તે માના અંબિકા જો, પાયે વાગે તે ઘુઘરીના
ધમકા જો. રૂડાં.
ગરબો જોવાને દેવ ઋષિ આવીઆ જો, સાથે બ્રહ્મા સાવિત્રીને
લાવીઆ જો. રૂડાં.
આવી નવકુળ નાગની નાગણી જો, ગરબે ન રમે તે નાર અભા-
ગણી જો. રૂડાં.

રૂડી વાગે તે વેણામૃદંગમાં જો, ભેરી તાલ તંબુરે રસ રંગમાં જો.
રૂડાં.
માય છત્રીસ રાગની રાગણી જો, ફરે નોરતાં તે ચોસેટ જોગણી જો.
રૂડાં.
મા ચંડમુંડને તમે મારીઆ જો, શરણે આવ્યા તેને ઉગારીઆ
જો. રૂડાં.
નરભેરામના સ્વામીના સંગમાં જો, અમે છઇએં માતાજીના રંગમાં
જો. રૂડાં.

૧૧૩

માતા આરાસુરી ગરબે રમે જો, ફરે ફુદડી તે દેવ સૌને ગમે જો.
માતા.
માએ ગરબો માંડયો છે અતિ ધુમમાં જો, સૌ સખીઓ રમે છે
આનંદમાં જો.
માએ પહેરી છે સાડી સોહામણી જો, માને કોટે તે માળા મોતી-
ની ઘણી જો. માતા.
માના ઝાંઝર તણો ઝમકાર છે જો, માના કુંડળ તણો ચળકાટ છે
જો. માતા.
સાથે કાળકા ને બહુચરા બે બેનડી જો, ગરબે રમે તે અંબા
અલબેલડી જો. માતા.
માના સ્વરૂપની શોભા શી કહુ જો, માના ગુણનો તે પાર હું શું
લહું જો. માતા.

અરબો જોવાને દેવ સૌ આવીઆ જો, માનું સ્વરૂપ જોઇને ઘરણે
ઢળ્યા જો. માતા.
જે કોઇ વિનતિ તે માત અંબાની કરે જો, તેના જનમ જનમ
નાં પાતિક ટળે જો. માતા.

૧૧૪

ધન્ય ધન્યરે આરાસુરી માત તારા પરતાને,
મહિમા તારો શું વખાણું, મુખે કહ્યો નવ જાયરે;
દર્શન કરતાં અંબા તારું, ભવ દુઃખ સઘળાં જાય. તારા.
જુગ જુગમાં તું વ્યાપી રહીને, પાર ના પામે કોય રે,
ભક્ત તારાનાં દુઃખડાં ભાગે, પ્રેમ કટાક્ષે જોય. તારા.
મા સુંદર રૂપ સોહામણું, લલાટે ચંદ્ર પ્રકાશ રે;
દેવ તારા દર્શનને તરસે, કૈલાસ તારો વાસ તારા.
મા સૃષ્ટિ સઘળી શરણે ત્હારે, જગદંબા કહેવાય,
કોમળ કાંતિ શી કહું તારી, નામે પાતિક જાય. તારા.
મા કરજોડીને વિનતી કરૂં છું, શરણે રાખો માતરે;
પામર પશુ હું કાંઇ નવ જાણું, ગુનો કરજો માફ. તારા.

૧૧૫

અંબા જોયાના કોડરે, નિરખું મોરી માંડી.
બાળી બહુચરા જોયાં નિહાળીરે, નિરખું મોરી માંડી.
અંબા ને બહુચરા બે બેનડીઓ, બિરાજે છે ગોખરે.
મારૂં મન મોહ્યું.

મા સોળે શણુગાર સજીને બેઠાં, પ્હેર્યાં ચર્ણાં ચોળી ને
સાડીરે. નિરખું.
મા દેશ દેશના સૌ લોકજ આવે, કોઇ હીંડે બેસે ઘોડાગાડીરે.
મારૂં.
મા અદ્દભુત લીલા શી કહું તારી, મા સંગ આવે .દહાડી
દહાડીરે; નિરખું.
ભાદરવા સુદે પાટે રે બેઠાં, માને મહોલે ઝુલે છે હાથીરે. મારૂં.
મા ઘેલો ગાડો થઇ પાલવે વળગ્યો, મા રખે મેલતાં કહાડીરે.
નિરખું.

૧૧૬

આરાસુરી અદ્ભુત માત, તખત પર અંબા બિરાજે.
માને પહેરણ ચુંદડી ઘાટ, તખત પર અંબા બિરાજે.
ચાચર લ્હારાની શોભા છે સારી, ફરતી ધર્મશાળા છાજે. તખ્ત.
લોક ભેળા થઇ વિનતિ કરે મા, ડુંગરમાં શબ્દ ગાજે. તખત.
કોઈ કહે આઈ અને કોઇ કહે માઇ, તાથેઇ તાથેઇ નાચે. તખત.
સેવા કરવામાં સૌ છે તત્પર, થાળ કરી મન રાચે. તખત.
કોઇ કનકને કોઇ કંચોળાં, લાવે છે ભેટને કાજે. તખત.
શુદ્ધ મને ભજે ભાવથકી જે, દર્શનથી દુઃખ ભાંજે. તખત.
સેવકના પૂરો મનમાં મનોરથ, બીન દેખે દીલ દાઝે. તખત.

૧૧૭

અંબે માત વિનતિ કરૂં હું તમારી, પૂરોની આશ અમારી. અંબે માત.
ત્રિશુળધારી દિનદયાળી, ભક્ત જનોને તારનારિ,
ઇંદ્રાદિક સનકાદિ વસે છે, સત્તા વખાણું હું તારી અંબે માત.
આરાસુરવાળી બહુચર બાળી, પાવાની બલિહારી;
ગુજરાત માંહે ધામ અલૌકિક, દર્શનમાં સુખકારી. અબે માત.
અપંગનાં તેં દુ:ખ નિવાર્યાં, અકળ કળા છે તારી,
આ સંસારમાં હું છું પામર, અરજ મારી લે સ્વીકારી. અબે માત.
અનાથની તેં વાહારે આવીને, સાહ્ય કીધી ઘણી સારી.
ભક્તની ખામી કેમ વિસારે, તું છે પ્રાણ આધારી અંબે માત.
ચંડમુંડ જેવા દૈત્ય મારીને, પ્રાક્રમ કીધાં તેં ભારી;
બુડતાનાં તેં પ્રાણ ઉગાર્યાં, હું રંકને લે ઉગારી. અંબે માત.
અનેક દુઃખ દેવતાનાં તેં દળિયાં, દૈત્ય દળને વિદારી,
ગરીબનીવાજ દયા કરી મુજને, પૂરોની આશ અમારી. અંબે માત.
માત દયાળી કહું વારી વારી, કરજે સાહ્ય અમારી;
વિના આશરો તારો નથી એકે આરો, ભક્તની બુજ જાણનારી.
અંબે માત.
સૃષ્ટિમાં પરમ દૈવત શક્તિ, અનેક નામ ધરનારી,
સ્તુતિ કરે છે ઈંદિરા આદિ, ચરણ કમળ પરવારી. અંબે માત

૧૧૮

અલબેલી અંબે માતરે, જગ જશ વરતાએ.
જુગ જુગમાં વિખ્યાતરે, મહિમા વખણાએ.

મહિષાસુર મારી ભાર ઉતારી, હાંરે માએ ખાસો ઘડયો એ ઘાટરે.
જગ જશ.
ચંડમુંડ વિડારી પ્રાક્રમ ભારી, હાંરે માએ સાધુપીડાની શુણી વાતરે.
જગ જશ.
મધુકીટ હણીઓ તરણા તુલ્ય ગણીઓ, હાંરે માએ રુષિના
ટાળ્યા ઉચાટ રે જગ જશ.
રકતબીજ તાડણ દૈત્યસંહારણ, હાંરે માએ જુકિત કરી
ભલી ભાત રે. જગ જશ.
દેવનાં દીલ ઠારી કીર્તિ ઘણી સારી, હારે માએ દૈત્યનો વાળ્યો
દાટ રે. જગ જશ,
અનેક દુખીઆ કર્યાં છે સુખીઆ, હારે મા સેવક જન રળિયાત.
જગ જશ.

૧૧૯

કૃપા કરીને મા જકતજતુની, વિનતિ સુણજો મારી. હાંરે વિનતી.
આરાસુરી તું અંબે નિરખની, કરૂણાદષ્ટિ પસારી. હારે કરૂણા.
બહુચરબાળી ચુમાળવાળી, માગું સહાય તમારી. હાંરે માગુ.
પાવાવાળી છો મહાકાળી, વસો છો જંગલ ઝાડી. હાંરે વસાછો.
તુળજામાતા છો સુખદાતા, દક્ષિણમાં વસનારી. હાંરે દક્ષિણમાં
તુજ વિણ મનના કોડ પૂરે કોણ, રકને લેજો ઉદ્ધારી. હાંરે રંકને.
જેવો તેવો પણ દાસ છું તારો, પૂરોની આશ અમારી. હાંરે પુરોની.

૧૨૦

ધન્ય ધન્ય આરાસુરી, ધન્ય કીર્તિ ત્હારી;
ધન્ય કીર્તિ ત્હારી, માત દેવી અંબા ન્યારી. ધન્ય ધન્ય.
દુનિયા તારે દરશને આવે. મેહેર મજી ત્હારી,
ઘટઘટમાં તું વ્યાપી રહી છે, ધન્ય શક્તિ ત્હારી. ધન્ય ધન્ય.
અકળ સ્વરૂપ અંબા ત્હારૂં, ન રહે ચિત્તમાં ઉતારી;
સૂરજ સરખા મોહી રહ્યા છે, જે ત્રિશુળધારી. ધન્ય ધન્ય.
શુંભ નિશુંભ હણ્યા માજી, ક્રોધ દીલમા ધારી;
અગાધ લીલા માત ત્હારી, કેમ શકું વિસ્તારી. ધન્ય ધન્ય.
અલબેલી અંબા આદ્ય શક્તિ, શંકરની નારી,
એક વાર ઇચ્છા મારી, દરશનની ત્હારી. ધન્ય ધન્ય.
મહિમા માતા શું વખાણું, કોમળ કાંતિ ત્હારી.
ચરણ કમળમાં રાખ અંબે, વ્હારે ચઢજે મ્હારી ધન્ય ધન્ય.

૧૨૧

ઉનાઇ માતારે અવીચળ છે.
હારે મા શ્રીગુરૂ ગણપતિ શારદા, હારે ચરણે નમાવું શીશરે.
હારે કીરપા કરો જગદીશરે, ઉનાઇ માતા રે અવિચલ છે.
હારે મા રામ તે ચંદ્રજીના યજ્ઞમાં, હાંરે મળ્યા રૂષિ સહસ્ત્ર દેવરે.
ઉનાઇ.
હાંરે તેને ઉષ્ણોદક માંગ્યાં સ્નાનમાં, હાંરે પ્રકટયાં તત્ખેવરે. ઉનાઇ.
હારે માનો પ્રવાહ ચાલ્યો તે લ્હેકતો, હાંરે ફોડયાં સાત પાતાળરે. ઉનાઇ.

હારે માની જવાળા તે ગગને ગાજી રહી, હારે મેરૂ ઝાંખે નિરધારરે.
ઉનાઇ.
હાંરે માને ચીર તે ચુંદડીના ચદ્રવા, પ્હેરણુ દક્ષીણુનાં ચીરરે. ઉનાઇ.
હારે માને પાંચ પટાનો ઘાઘરો, સાલુડે કસબી છે કોર રે ઉનાઇ.
હારે માને લીલડા ગજની કાંચળી, હારે ડોકે જગમોતીનો હારરે. ઉનાઇ.
હારે માને અબીલ ગુલાલના છાંટણાં, સિંદુરે વરસ્યા છે મેઘરે. ઉનાઇ.
હાંરે માએ ચૈતર માસ પ્રકાશિઆ, મળ્યાં અતીતનાં ઝુંડરે. ઉનાઇ.
હારે તેને જટાવિભૂતિ બિરાજતી, હાંરે એવાં પુરૂષ પાવનરે. ઉનાઇ.
હાંરે માનો ગરબો ગાએ ને જે કોઇ સાંભળે, હાંરે તેનો વૈકુંઠ
વાસરે. ઉનાઈ.
હારે તેતો ચાર પદારથ પામશે, હારે પુરો મનડાંની આશરે. ઉનાઇ

૧૨૨

અલબેલીરે અંબે માત, જોવાને જઇએ.
વરદાઇ બહુચર માત, જોવાને જઇએ.
સપ્તસીંગીરે સાચી માત, જોવને જઇએ.
પાવાવાળીરે કાળી માત જોવાને જઇએ.
જોવારે જઇએ ને સુખીયા થઇએ, આરાસુરમાં રહીએરે,
આપ આપના મનની વાતો, અંબા આગળ કહીએ. જોવાને.
આરાસુરમાં અંબા બિરાજે, પાવાગઢમાં કાળીરે;
દાક્ષણુમાં તુળજા ભવાની, ચુંમાળ બહુચરબાળી. જોવાને.
માને પારે હવનજ થાય, ને ચીર ચુંદડી હોમાયરે;
બ્રાહ્મણુ સઘળાં વેદ ભણે ત્યાં, માનુની મંગળ ગાય. જોવાને.

મા આંધળાંને આંખજ આપો, પાંગળાને આપો પાયરે;
નિરધનીયાને ધનજ આપો, વાંઝીયાને પારણા બંધાવો. જોવાને.
કરજોડીને કરૂં વિનતિ, શિવાનંદ તારો દાસરે,
કૈલાસ જેને વાસજ આપો, અંબા ને પરતાપ. જોવાને

———

૧૨૩

તાર માતા તાર, તાર ત્રિભુવનરાણી, તુ મારી દીનદયાળ.
મેં ત્હારી સેવા ન જાણી, અંબાને દરબાર, મોગરો મોહી રહયો રે
ફુલ ફુટયાં દરબાર, હાર ગુંથાઇ રહયોરે, કયા ભાઇ વેડે ફુલ કઇ
વહુ હાર ગુંથેરે.
તે મારી અંબાને કાજ દેખીને જગ મોહ્યારે. તાર માતા.
તુળજાને દરબાર મોગરો મોહી રહયો રે, ફુલ ફુટયાંરે દરબાર.
હાર ગુંથાઇ રહયો રે કયા વેડે ફુલ, કઈ વહુ હાર ગુંથે રે.
તાર માતા.

બહુચરાને દરબાર મોગરો મોહી રહયો રે, ફુલ ફુટયાં રે દરબાર;
હાર ગુંથાઇ રહયો રે, કયા ભાઇ વેડે ફુલ, કઈ વહુ હાર ગુંથે રે.
તાર માતા.
કાળકાને દરબાર મોગરો મોહી રહયોરે, ફુલ ફુટયાંરે દરબાર.
હાર ગુંથાઈ રહયોરે, કયા ભાઇ વેડે ફુલ, કઇ વહુ હાર ગુંથેરે;
તે મારી કાળકાને કાજ, દેખીને જગ મોહ્યારે.

———

૧૨૪

આજ મારી આઠેમ રંગ ભરીરે, મારે રમવા સરખી રાત.
હું તને વિનવું અંબીકારે. મારે ગરબે રમવા આવ.
હું કેમ આવીશ એકલીરે, મારી સાથે સહિયરનો સાથ,
પહેરોની ચીરને ચુંદડી રે, માતા હોડો કસુંબા ઘાટ.
આંખડી આંજો અણીઆળડીરે, માતા ટીલડી ચોડો લેલાટ.
કેડે પટોળડી ખસમસેરે, માને ઝાંઝરનો ઝમકાર.
પાંચ પટ્ટાનો માને ઘાઘરોરે, માને સાળુડે કસબી કોર,
લીલડા ગજની કાંચળીરે, માને ડોકે તે નવસેરો હાર.
આછી તે પીએળ ક્રમ ક્રમેરે, માનાં મોતીડાં તપે લેલાટ.

૧૨૫

કીરપા કરજો અંબા આજ મને કીરપા કરજો અંબા.
બારે બત્રીસી રસોઇ કરૂં મા, ભોજન ભાવે જમવા. આજ મને.
ચોંસેઠ જોગણી ટોળે મળીરે મા, આવજો ગરબે રમવા. આજ મને.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, શુંભ નિશુંભને દમવા. આજ મને.

૧૨૬

અંબાજીને ગાય જે કોઇ અંબાજીને ગાય.
તેનેરે આંગણે નિત્ય દિવાળી, આનદ ઓચ્છવ થાય. જે કોઇ.
સેવક જનોની દયા જાણીરે મા, હાથમાં ત્રિશુળ સાહ્ય. જે કોઇ.
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, અવિચલ ચરણે સોહાય. જે કોઇ.

૧૨૭

બેડો બાઇ બુડતો તારોરે, અંબે આઈ પાર ઉતારોરે.
આ ખેપે હું તો ઘણું કમાયો, ભર્યો અનર્ગળ માલ,
મધ્ય દરીયા વચ્ચે તોફાન લાગ્યું, શારે થશે હવે હાલ. બેડો.
ખલાસીઓ તો ખડબડ કરેછે, મહા જુલમ મનમાય,
માલધણી વીમાસી રહયો છે, ડોલ્યું દરીયામાંય બેડો.
મધ્ય દરીયા વચ્ચે ડોલ્યું માતાજી, વહાણુને નથી વીશ્રામ,
એક નામનો આશરો તારો, કરો સેવકનાં કામ. બેડો.
ઉંચું જોઉં તો આભ માતાજી, નીચું જોઉં તો નીર,
બાળા શકિત મારી બુમ સાંભળને, સાજું રાખોને શરીર. બેડો.
કુવાયરાની લ્હેરો લાગીને, મોજાં તણી શી વાત,
અપશુકનીઆ વેળા આવી છે, ધાઓ ધાઓ અંબે માત. બેડો.
હાથેથી હવે નેજા છુટયાં, શઢ પણ ડંડા તોડ,
અંત સમાની વેળા થઇ છે, હવે મોટે ભાલે છે મોડ. બેડો
ડુંગરીએ તો દવ લગાડેલો, પુર્ણ કીધેલાં પાપ,
એક પહોરથી સ્તુતિ કરૂં છુ, આવોને આપો આપ. બેડો.
અડધું વહાણુ મેં અર્પણુ કીધું, સાક્ષી ઉંચો આભ,
આ અવસરે આરાસુરી આવો, નથી ખાવો મારે લાભ. બેડો.
જગત જનેતા સ્તુતિ સુણી થયાં, વાઘ ઉપર અસ્વાર,
ઝાઝ ઉપર જઇ ત્રીશુળ ઝાપટયું, તાર્યું તે જળ મોઝાર. બેડો.
વંહેવારીઓ તે અચરજ પામ્યો, આવ્યું મનમાં વ્હાલ,
કરજોડી રાવો ભકત ભણેછે, અરપી દીધો બધો માલ. બેડો.

છુટક ગરબા.

૧૨૮

આજને આવ્યારે હરિ દાવમાં.
હારે ભોળા ભાવમારે ભોળા ભાવમાં,
તે ભૂધરને ભેટીએજીરે. આજ.
દાવ પડે ત્યારે લાજ ઘટે,
હારે ત્યારે સાથરે તે શીદને આળોટીએ જીરે. આજ.
મ્હારારે મનમાં એવું આવે છે,
હારે એવા વ્હાલમાં તે લાલને લપેટીએ જીરે. આજ.
દાસ રાજેના સ્વામી તમે રે મળ્યા છો,
હારે ત્યારે દોહ્યલા તે દિન શીદ ગાળીએ જીરે. આજ.

૧૨૯

આવોની લાલ વરણાગીઆ,
હારે ઘેર આવોની શ્યામ સવાદીયા જીરે. આવો.
હારે કહાના આવો તો શીખવું ચાતુરી,
હારે આપણે રમીએ તે રંગભેર રાતડી જીરે. આવો.
હારે જઇએ જમુનાજીના ઘાટમાં,
હારે પેલા દુર્જન લોક દેખે વાટમાં જીરે. આવો.
હારે એવા દાસ રાજેના સ્વામી રાંકડા,
હારે હું તો મોહી રહી મૂછના આંકડા જીરે. આવો.

૧૩૦

આવોની નંદજીના લડકા.
હાંરે હું તો પ્રેમે પાઉં દૂધના વાડકા જીરે. આવોની.
હાંરે મ્હારા મનમાં તે ઘણી હોંસ છે,
હાંરે મ્હારા ઘરમાં તે મોળી છાસ છે જીરે. આવોની,
હાંરે તુજ માટે ગોરસ મુકયું શીકલે,
હાંરે વ્હાલા ચતુરાઇ મારી પાસે શીખ લે જીરે. આવોની.
હારે એક વાત કહું'રે તારા કાનમાં,
હાંરે હું તો મોહી રહી ત્હારી સાનમાં જીરે. આવોની.
હાંરે અલ્યા દાસ રાજેના સ્વામી માહરા,
હારે ગોપી ગાય છે તે ગુણ હરિ તાહરા જીરે. આવોની.

૧૩૧

આજની ઘડીરે રળિયામણી,
હાંરે મારા વ્હાલાજી આવ્યાની વધામણી જીરે. આજની.
હારે સોહાસેણ પૂરોની સાથિઆ,
હાંરે ઘેર મલપતા આવે હરિ હાથીઆ જીરે. આવોની.
હાંરે સોહાસેણ ચાર તેડાવીએ,
હાંરે મ્હારા વ્હાલાજીને મોતીડે વધાવીએ જીરે. આવોની.
હારે સોહાસેણ મળજો જે ઘડી,
હાંરે મારા પ્રભુજી પધારે તે ઘડી જીરે. આવોની.
હાંરે અલ્યા દાસ રાજેના સ્વામી ફાંકડા,
હાંરે હું તો મોહી રહી મૂછના આંકડા જીરે. આવોની.

૧૩૨

મોહી રહી મોહી રહી મોહી રહી હાંરે
નંદજીના કુંવરને મોહી રહી.
એનું મુખડું હું તો જોઇ રહી રે. નંદજી.
શ્યામ સ્વરૂપ એનું મધુરૂં મુખ છે,
ગેડલી હાથમાં સોહી રહી રે. નંદજી.
જળ જમુનામાં નહાવારે પેઠાં,
કદમે બેઠા વસ્ત્ર લઇ લઇ રે. નંદજી,
વૃંદાવનની કુંજ ગલીમાં
રાસ રમે વ્હાલો થેઇ થેઇ રે. નંદજી.
મીરા કહે પ્રભુ ગિરિધર નાગર.
ચરણ કમળ ચિત્ત હું રહી રે. નંદજી.

૧૩૩

બાજે બાજે બાજેરે તેરે બંગલેમેં ઘુઘરૂ બાજે.
રૂમઝુમ રૂમઝુમ નેપુર બાજે,
ઘુમઘુમ ઘુઘરૂ બાજેરે. તેરે.
બીંદ્રાબીનકી કુંજ ગલનમે,
રાધા કૃષ્ણ બિરાજેરે. તેરે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણ કમળ ચિત્ત રાજેરે. તેરે.

૧૩૪

બગીયાં બગીયાં બગીયાંદે, મેરા બાલમ બિરાજે સારી બગીયાં.
મોર મુકુટને કાને કુંડળ, પીળા વાઘાને લાલ તગીયારે. મેરે.
બીદ્રાબનકી કુંજ ગલનમે, સોળસેં ગોપીને વ્હાલે ઠગીયાંરે. મેરે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, લાલ રંગીલા રંગીયાંરે. મેરે.

૧૩૫

ક્હાના મોરી ગાગરીયાં ભર દે, ભર દે, હો શિર પર ધરદે; રે.
ક્હાના.
મેં જલ જમુના જાતી ભરનકું, ગાગરીયાં શીર પર ધરદે રે.
ક્હાના.
તુમ મત જાનો લાલા ઓર એકલી, સાથે સાહેલી મેરા સંગ છે રે.
ક્હાના.
તુમ મત જાનો લાલા ઓર કુંઆરી, મેરા સામળીઓ વર છે રે.
ક્હાના.
તુમ મત જાનો લાલા ઓર આ ગામકું, બીસરામે મેરા ઘર છેરે.
ક્હાના.
આગે જાઉં તો ફૂટે મેરી ગગરી, પાસે જાઉં તો ભીંજે સબરીરે.
ક્હાના.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ ચિત્ત ધર દેરે. ક્હાના.

૧૩૪

નહિં દઉં નહિં દઉં નહિં દઉં રે, કહાના આજે તમને દાણ નહિ દઉં,
તારો જુલમ તે હું કેમ સહું રે. કહાના.
આવડો જુલમ આ શો કરે છે, મારી પૂંઠે પૂંઠે ફરે છેરે. કહાના.
લાખ ટકાનું ગોરસ મારૂં, વેપાર કરીને ખોટ કેમ સહુ રે કહાના.
પાધરે મારગ જાઓ પાતળીઆ, ઝાઝુ કરશો તો કંસને કહું રે કહાના.
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, ચરણકમળ ચિત્ત હું રહું રે કહાના

૧૩૫

શ્યામ રંગ સમીપે ન જાવું, મ્હારે આજથકી શ્યામ રંગ સમીપે ન જાવું.
જેમાં કાળાસ તે સહુ એક સરખું. સરવમાં કપટ હશે આહવું. મારે.
કસ્તુરીની બીદી કપાળે દઈ નહિં, કાજળ ન આંખમાં અંજાવુ. મારે.
કોકીલાનો શબ્દ સુણું નહીં, કાગ વાણી શકુનમાં ન લાવું. મારે
નીલાંબર કાળી કચુકી ના પહેરૂં, જમનાના નીરમાં ન ન્હાવું. મારે.
મરકટ મણીને મેઘ દષ્ટે ના જોવા, જાંબુ વંત્યાક ના ખાવું. મારે.
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો, પણ મન કહે જે પલક ના નીભાવું. મારે

૧૩૬

મોહનજી માણેક હારીઆ હારીઆ હારીઆં હારીઆંરે. મોહનજી.
આછી તે પોળી ને ઘીમાં ઝબોળી, માહીં મીઠ'ઇઆં બનાઇઆંરે.
મોહનજી.
દુધ પૌત્રા ને રાયતી કેરી માહી, ગુવારીઆં વધારીઆં. મોહનજી.
સુરણ પુરણ આદા ચીરી માંહી, લીંબુકી ખટાંઇઆરે મોહનજી.
પાનનાં બીડાં ને લવિંગ એલાયચી, રાધે પ્યારીકી બલીહારીઆંરે.
મોહનજી.
વૃંદાવનની કુંજ ગલીમે, મોહને બંશી બજાઈઆંરે. મોહનજી.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ફુલડે સેજ બીછાઇઆંરે, મોહનજી.

૧૩૭

ઓધવજીના હારીઆં.

કાનુડો તો કામણગારો, કાનુડો તો કામણગારો,
કાનુડો તો કામણગારો રે, ઓ બ્હેની આતો.
કાનુડો તો કામણગારો રે.
રંગે રાતો, મદમાતો, વાંસળીમાં ગીત ગાનો,
નયને શું કરે વાતોરે. ઓ બ્હેની.
જમુનાજી ગઇ પાણી, વ્રેહપીડા ભરી આણી,
ઘેલી થઇ હું આવી શાણી રે. ઓ બ્હેની.
તેં કહ્યું તે મેં ન માન્યું, આજે મારી જાતે નાણ્યું,
આવડું મેં ન્હોતું જાણ્યું રે. ઓ બ્હેની.
બ્હેની તારે પાયે લાગું, વ્હાલા વિના ઘેલું લાગ્યું,
દયાનો પ્રીતમ માગુંરે. ઓ બ્હેની.

૧૩૮

શ્યામને સમજાવી કહેજો, શ્યામને સમજાવી કહેજો.
શ્યામને સમજાવી કહેજોરે, ઓધવજી એટલું,
શ્યામને સમજાવી કહેજો રે
વ્રીજની નારી ઘણું વલખે, મનડું મળવાને તરસે,
મોહનજી આવજો કાંઇ મસે રે ઓધવજી.
અક્રુરજી અહિં આવ્યા, કપટે હરિને સમજાવ્યા,
અમારાં કાંઇ ન ફાવ્યાં રે. ઓધવજી.
કુબજા તો જાતે કપટી, વ્હાલાને લીધો લપટી,
ગોકુળમાંથી ગયારે છટકીરે. ઓધવજી.
રંગીલો તે રગમાં ભીન્યો, ગોપીઓનો સાથ સુનો,
ઓધવજી અમારો શો છે ગુનો રે. ઓધવજી.
શરદ સમે રાસ રમ્યા, ભેળા બેસી ભોજન જમ્યા.
મથુરાના લોકો હવે ગમ્યા રે. ઓધવજી.
મળે તો મીઠાના સ્વામી, હૈયામાં રહ્યા રમી,
પાયે લાગું નમી નમી રે.

૧૩૯

વ્હાલાને મનાવી લાવો, વ્હાલાને મનાવી લાવો,
વ્હાલાને મનાવી લાવો રે, ઓધવજી મ્હારા,
વ્હાલાને મનાવી લાવો રે.
ગોકુળીડું તો સુનું લાગે, નંદજીનું ઘર લાગે,
તેમાં કાંઇ ન સારૂં લાગેરે. ઓધવજી.

જમનાજી તીરે જાય, તરસ્યા ગોવાળિઆ થાય,
જુવે છે તમારી વાટરે.
જશોદાને માત કહાવો, નંદજીને તાત કહાવો,
ઘડપણે રઝળાવી શું જાઓરે. ઓધવજી.
દશરથે દેહ ત્યાગી, નંદઘેર ન જોયું ઝાંખી,
ગોપીઓ રઝળતી રાખી રે. ઓધવજી.
ઘરથી ન જાણ્યો આવો, ધુતારાનો કાવો દાવો.
કપટી કાનુડો કહાવો રે ઓધવજી.
ગોકુળથી ગયા ન્હાસી, ઘરમાં રાખી કુબ્જા દાસી,
મથુરાના થયા વાસી રે. ઓધવજી.
મળો તો મીઠાના સ્વામી, જીવન અંતરજામી,
તમને શિખામણ શાની રે. ઓધવજી.

૧૪૦

ભજો સૌ ગંગાધરને ભજો સૌ ગંગાધરને,
ભજો સૌ ગંગાધરને રે, ભોળો ઇશ છે,
ભજો સૌ ગંગાધરને રે.

ડાકડમરૂને માળા, કંઠે છે સર્પ કાળા.
અર્ધાંગે હિમાચળ બાળા રે ભોળો.
સર્વાંગે ભસ્મ બિરાજે, જટામાં જાન્હવી છાજે,
ભૂતપ્રેત આગળ ગાજે રે. ભોળો.
બીલપત્ર એને વ્હાલી, રૂદ્રાક્ષ કંઠે ડાલી,
જગદંબા એને વ્હાલી રે. ભોળો.

ત્રિલોકનો એ છે જોગી, અંબા એ માન્યો ભોગી,
પાર ન પામે કોઇ શોધી રે. ભોળા.

૧૪૧

પેલા નંદજીના કુંવરે ઘેલાં કીધાં જો, વ્હાલે લીધા અમારા પ્રાણ જો.
નંદજી.
વ્હાલો ગોકુળ મૂકીને મથુરાં ગયો જો, વ્હાલે કુબજા સું બાંધી
પ્રીતજો. નંદજી.
વ્હાલા ગોકુળની શેરી સોહામણી જો, ત્યાં તો નિત્ય નિત્ય નવલા
રંગજો. નંદજી.
વ્હાલે રાસ રમાડીને તેડીયાં જો, વ્હાલે તેડીને તરછોડીઆં જો. નંદજી.
મેહેતા નરસંઆનો સ્વામી ભલે મળ્યો જો, વ્હાલે ફરીને રમાડ્યાં
રાસજો. નંદજી.

૧૪૨

જમના કાંઠે ઉભો તે સુંદર શામળો જો, મીઠી મોરલીમાં મધુરી
વેણુ વગાડતોજો. જમના.
ગોપી જમના નહાવાને નિસર્યાં જો, નહાવાં નિસર્યાં ને અંગનાં
આભરણ વિસર્યાં જો. જમના.
ગોપી આકુળ વ્યાકુળ થાય ઘણી જો, આપણાં અંગના આભરણ
કહોની સખી ક્યાં હશે જો. જમના.
વ્હાલે વનમાં વગાડી ઝીણી વાંસળી જો, વાગી વાંસળીને કોરી
મારી પાંસળી જો. જમના.

મેહેતા નરસૈઆના સ્વામીને વિનવું જો, આપો ચુંદડી અમારી પાચે
પડું જો. જમના.

૧૪૩

ગરજીરે તમને જાણ્યા હો ગિરિધારી, મતલબીઆ છો મોહન
મોરારી. ગરજીરે.
મનેરે માયા લાગી છે તમારી, મારે મન ઝાઝી છે મોરારી,
વ્હાલેરે મને શા માટે વિસારી. ગરજીરે.
પહેલીરે મને ખબર આવી પડતી, એની સાથે પ્રીત નહિ કરતી,
વ્હાલારે મને મૂકી ગયા રડતી ગરજીરે
મેં તો રે જાણ્યું ઉજળું તે દુધ હશે, તેને રે બ્હાને વાડી મ્હને છાસે,
રહીતી હું તો તમારે વિશ્વાસે. ગરજીરે.
જશોદાના કહાન તમે કાળા, કાળારે બહુ આંખતણા ચાળા,
તે પર હું તો મોહી છું નંદલાલા. ગરજીરે.
હવેરે હરજી ઘણું થયું ગિરધારી, ક્ષમા કરો ચુક થઇ મારી,
ચઈને રહી છું દાસી તમારી. ગરજીરે
પ્રીતમના સ્વામી મને મળીયા, દુખરે મારાં જનમનાં ટળીયાં,
ગોપીરે સૌ આનંદથી મળીયાં. ગરજીરે.

૧૪૪

કંથ રે મારા કદણુ થયા કરમે, ઘાયલ થઇ છું ચિત્ત ન ઠરે ઘરમે.
કંથરે.
વ્હાલારે મારાં મથુરાના વાસી, વ્હાલીરે કીધી કંસતણી દાસી,
કીધીરે કહાના કુબજા પટરાણી. કંથરે.

ગોકુળીઆમાં સુનું બહુ લાગે, કટારી તો પ્રેમતણી વાગે,
ઘેર આવો જશોદાના જાયા. કંથરે.
રાતદિન રોતાં સખી જાએ, વિયોગનું દુખ ન સહેવાયે,
લાવો કોઇ સમજાવી વ્રજરાએ. કંથરે.
ગોપીકાના સુખ સાગર આવ્યા, થાળ ભરી મોતીડે વધાવ્યા,
હાવે થઇ છે આનંદની હેલી. કંથરે.

૧૪૫

ગોવાળીયાના હારીયાં.

લગારેક નંદના છોરારે, આવો મ્હારી ગાવડી દોહવારે.
મ્હારી ગાવડી તુજને હળીરે તુજને દોહવા દે,
હેલવણીનો ટકો પૈસો થાય તે પહેલો લે લગારેક.
આવડો મોઘો શું થયોરે, શોધ્યું ગોકુળ ગામ;
આજતો મારે જો પડયું, વ્હાલા તુજ સરીખું કામ. લગારેક.
ઘરનાં છોકરાં રોતા મુકીને, તુજને ખાવા આલું,
કંઠ તણો કંઇ હાર લઇન, કહાનજી કોટે ઘાલું લગારેક.
મનનું હેત તો મન જણાવે, મ્હોંએ કહે શું થાએ.
નરસઇઆંના સ્વામી વિના, મારૂં જીવ્યુ અનરથ થાએ. લગારેક.

૧૪૬

ચાલ્યો જારે ગોવાળિઆ, તું અમશું ના કર મોહ.
કીકી ત્હારી કામણગારી, કાળી ત્હારી વેણ,
મોરલીમાં મોહ પમાડી, શીદ નચાવે નેણ. ચાલ્યો.

વનમાં આવી વેણુ વગાડે, કરે મધુરી વાત.
મારગમાંથી રહે વેગળોરે, જાણશે તારો તાત. ચાલ્યો.
પાધરી વાટે જાઓ પાતળિયા, શીદને ખોટી થાઓ.
પરનારીનો પાલવડો તમે, ઘેલો દીસે શું સાહો. ચાલ્યો.
જો મ્હારૂં મહી લુટશો તો મુખની ખાશો ગાળ,
ભાલણ પ્રભુ રઘુનાથજીરે, તમે શાને બોલો આળ. ચાલ્યો.

૧૪૭

જા જા જૂઠડી નારીરે, પૂછું પરણી કે કુંવારીરે,
જૂઠી જૂઠડી શું કરોરે, સંભાળોની આપ,
મારગ વચ્ચે રોકે તેને, એ હોય મા ને બાપ.
શું પૂછો નંદના છૈયા રે, અમો ગોકુળની મૈયારે.
કૃષ્ણ કહેછે કામની રે, સાંભળી લે સહી,
પૂછ ત્હારાં માબાપને, જે વેચવા મોકલી મહિ. જા જા.
મથુરામાં જનમ્યો ને, નંદજીનો બાળ,
મારગ વચ્ચે રોકીને તું શીદ કરે છે આળ. શું પુછો.
કૃષ્ણ કહે છે કામનીરે, મહિયારીરે માતી,
મહી વેચીને પાછી ફરતી રંગે છે ગાતી. જા જા.
સાસુ અમારી ખીજશેરે, પરણ્યો પુછે પેર,
નરસૈઆના સ્વામી અમને, જાવા દો ને ઘેર. શું પુછો.

૧૪૮

ધુતારી ઘુમટાવાળીરે, આંજ્યા વિણ આંખડી કાળીરે,
ઉંચીને અલબેલીરે, પાતળી પરિધાન,

જોબનીયાનું જોર ઘણું, હું ઉતારૂં અભિમાન.
નાનપણામાં નામજ કહાડયું લોક કરે વખાણ,
મ્હોં માગે ને આંખડી લાજે, માહોમાંહે શું દાણ.
ચાલ્યો જા પાધરી વાટેરે, સાંખું નંદરાયના માટે.
આ ગોકુળમાં ઘણી વસે છે, મોટી જાત આહીર.
વ્હેવારની વાટે લજ્જા શાની, છે વડકણાની રીત. ધુતારી.
પાધરી વાટે તે લડેરે, જેને હોય એ બાપ,
એ શું દાણ લખાવી લાવ્યા, કંસરાયની છાપ. ચાલ્યો.
છાપ તો ત્હારો બાપ કરે છે, રાંકડો ભીખુભાન,
અમો કુંવર નંદરાયના ગણું કંસને તૃણસમાન. ધુતારી.
સમજી બોલો શામળારે, લોક સાથે શાં લાડ,
ભીખ મગીને જીવવું, માનો પરમેશ્વરનો પાડ ચાલ્યો.
ગોપી ગાળ દ્યો અદકેરી, છે જોરાવરીનો પોરો,
ભીખ માગ્યાની પેર કહું, તું કાન ધરની ઓરો. ધુતારી.
કાન ધર્યાનું કામ શું છે. સમજ્યા મનની વાત,
એવો કો દેખતી નથી, જે અટકાવી શકે હાથ. ચાલ્યો.
આવે રાણી ઈંદ્રાણી તો, જાય મુકીને માન,
તારૂં સર્વસ્વ લઉં સુંદરી, તો નામ મ્હારૂં કહાન. ધુતારી.
છ વર્ષનો છોકરોરે, ચોરીને પીતો છાસ,
સર્વસ્વ આપું શામળા તું, આવ મારી પાસ. ચાલ્યો.
તું મદમાતિ મદિયારી, હું નિકટ ન્હાનું બાળ,
બાળપણું તુજને દેખાડું, થાવા દે સંધ્યાકાળ. ધુતારી.
વિવાદ કરતાં દિવસ વિત્યો, અબળા આકળી થાય,
પ્રેમાનંદ પ્રભુ જાવા દ્યોને ગોપી લાગી પાય. ચાલ્યો.

૧૪૯

કાળા કહાનજીરે મારી ચુંદડીના ચોર,
મીઠા મોરલીવાળારે, મ્હારી ચુંદડીના ચોર.
લાખ ટકાની ચુંદડી ને, નવરંગો છે રંગ,
કાળી થાશે કામણગારી જો અડકશે તારૂં અંગ. કાળા.
ચુંદડી ચોરી વ્હાલો ચડ્યો કદમની ડાળ,
અમે ઉભાં જમનાજીમા કર જોડી પ્રાજનાર. કાળા.
નંદના લાલા ના કર ચાળા, કાનજી ગોવાળા,
મધરાતે મથુરાંથી આવ્યા લઇને ઉચાળા. કાળા.
લગ્ન લઈ નથી પરણાવ્યોરે નથી ખરચ્યાં દામ,
રામકૃષ્ણ પ્રભુ પાતળા મારા ભવનાં સીધ્યાં કામ. કાળા.

૧૫૦

સલુણી રાધે પ્યારીરે તું તો મેરો કહ્યો માન.
તુંજને તેડે શામળોરે કુંજગલનની માંહ્ય,
સરખે સરખી મળી સુંદરી પ્યારી તુંજ સમોવડ ત્યાંય સલુણી.
સૌ વ્હાલી છે શ્યામને પ્યારા અદકો તુજ સું નેહ,
સુનો ફરે છે શામળો જાણે પ્રાણ વિનાનો દેહ. સલુણી.
સખીયો સૌ વિનવેરે ચાલો અમારી સાથ,
ભાલણ પ્રભુ રઘુનાથજી તો માને તમારો પાડ. સલુણી.

૧૫૧

સુંદર શામળારે અમે હાર્યાં ને જીત્યો તું.
દિવાકર અસ્તાચલ પ્હોંચ્યા પડી પ્રભુજી સાંજ,
પરણ્યા પિયુને ઉત્તર દેવો કેમ રહીએ વનમાંય. સુંદર
સાસુડી સાપેણ નણુદી નગેણુ જેઠ જેવો જમ,
સૂરજ સરખો સ્વામી તેને ઉત્તર દઇશું કેમ. સુંદર.
કાલ લેતો તે આજ લેને અમને અસુર થાય,
ગૃસ્થાધર્મની મોટી મેડી ઘેર દોવી છે ગાય. સુંદર.
દાણુ તમારૂં અમે લઇશું તમે આપીને જાઓ,
પ્રેમાનંદ પરમેશ્વર કહે ગોપી આકળાં શાને થાઓ સુંદર.

૧૫૨

મહિયારીનાં હારિયાં.

પ્રથમે સમરૂ શ્રી ગણપતિ દેવા, તમે છો ગરીબનીવાજરે,
ઉંચાં રે નીચાં દેવળ ચણાવું, ત્યા ત્હારી મૂર્તી પધરાવું પ્રથમે.
તેલ મોગરેલ તમને નિત્યે ચડાવુ, દુર્વાએ કરૂં તારા સેવારે,
મીસરીરે ભોગ તને નિત્યે ધરાવું, મોદિક ધરાવું તને લેવારે. પ્રથમે.
જમણા હાથમાં ફરસી ધરાવું, ઉંદર વાહન ચડવારે,
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, સિંદુરે કરૂં તારી સેવારે. પ્રથમે

૧૫૩

મલપતીરે મહિયારીરે આવી, માથે મહિની ગોળીરે,
મહિ લો મહિ લો ગિરધરધારી, ભણે તે ભામની ભોળીરે. મલપતી.

ઘરમાંથી ગોવિંદજીરે આવ્યા, ગોરસ નાંખ્યા ઢોળીરે,
ચાલ્યો જાની કુંવર કને ।, મહી મારૂં ઢોળાશેરે. મલપતી.
લાખનોરે લેંઘો ને લાખનોરે સાળુ, સવા લાખની ચોળીરે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, રાધારંગમાં રોળીરે. મલપતી.

૧૫૪

લાડેકવાયા તને લાડ ન કરીયે, ઢળશે મહિની મટકીરે,
મહિયારી મહિ વેચવા ચાલી, માથે મહિની મટકીરે. લાડેક.
વૃંદાવનને મારગ જાતાં, ગોરસ નાખ્યા પટકીરે,
કહાનુડે કંઇ વનમાં ઘેરી, ગોરસ પીધાં ગટકીરે. લાડેક.
કઠણુ રાજ છે કંસજ રાયનું, ચોરે ચડશો ચટકી રે,
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, સામળી સુરતપર છટકીરે. લાડેક.

૧૫૫

છેડલો રે મુક છબીલા કહું છું. તુટશે મોહનમાળારે,
દેખાઇતા રે હરિ ન્હાના સરખા, કયાથી શીખ્યા આવડા ચાળારે.
છેડલો.
હરી તમે છો ન્હાના હું છું મોટી, લોક તે કરશે હાંસી રે,
પઇસો હોય તો લોની વેચાતી, થઇ રહું તમારી દાસી રે, છેડલો.
અમે વહુઆરૂ મ્હોટાંરે ઘરનાં, દીઠડે મારગ જાવું રે,
નાથ વિના બીજો નર નથી નીરખ્યો, કહો તેવા સમ ખાઉંરે છેડલો.
ચીર ફાડીને જેમ કકડા રે કરીએ, ધડ ઉપર જેમ લીંટીરે,
નરસૈયાના સ્વામીની સંગે રમતાં, હાથની ઉતારી આપી વીટીરે. છેડલો.

૧૫૬

હાથ ચક્ર ત્રિશુળ બિરાજે, અલેક જગાવે નગરીમેં,
શ્રીકૃષ્ણકે દર્શન કરને, આયે સદાશિવ ગોકુળમેં. હાથ.
જટા મુગટપર વ્હેતી ગંગા, ચંદરમા શિર ઊપર હે,
ગલે રૂંઢકી માળા બિરાજે, રૂપ ભયાનક અદકા હે. હાથ.
શેષનાગ તબ રહા લપટકર, આલમ ભાગે દુર દુર હે,
કોન મુલકસે આયા જોગી, દેખો ગોકુલ અંદર હે. હાથ.
અલીગલીમે અલેક જગાકર, આયે નંદ કે આંગનમેં,
માત જશોદા બેઠી મ્હેલમેં, અવાજ સુની આ કાનોમેં. હાથ.
અવાજ સુનકર આઈ જશોદા, આન ખડી દરવાજેમેં,
જબ જોગીકા સ્વરૂપ દેખા, બીચાર કરતી હે દીલમેં. હાથ.
થાળી ભરકર કંચન લાઇ, લો બાવાજી ઝોળીમેં,
શિવજી કહેતે હમ નહિ લેતે, લે જાઓ માઇ અપને ઘરમેં, હાથ.
ચાર ખુંટકા સોનારૂપા ભર્યા હે માઇ મેરી ઝોળીમેં,
હીરા કંચન પાટ પીતાંબર, જો ચહીએ સો હે ઘરમેં. હાથ.
દુર દેશકા મેં હું જોગી, રહેનેવાલા કાશીમેં,
તેરે બાળકકી સુરત દેખને, આયા ગોકુલ નગરી મેં, હાથ.
જલદી લાવ માઇ તેરા બાલકકું, દરશન કર જાઉં કાશીમેં,
શ્રીકૃષ્ણકે દરશન કરને આયા હું મેં ગોકુલમેં. હાથ.
કહેત જશોદા સુનો બાવાજી, એ બાતાં નહિ હોનેકી,
મેરા બાલક કલકું જનમ્યા, ખબર નહી ઇનકે તનકી. હાથ.
કાળા પીળા સ્વરૂપ તુમેરા, સુરત જેસી બાઘોકી.
મેરા બાલક ડર કર મર જાએ, નજર લગે કોઇ રાંડોકી. હાથ.

ઇન ગોકુલમેં બહોત હે બાલક, જો સુરત દેખો ઉનકી,
મેરા બાલક બહોત હય છોટા, ઘરમેસેં નહીં લાનેકી હાથ.
થાળી ભરકર કંચન લાઇ, ઉપર ભિક્ષા મોતનકી.
લેના હોય તો લો બાવાજી, મેં બાલક નહી લાનેકી. હાથ.
કહત સદાશિવ સુનો જશોદા, એ બાલક નહિ બીનેકા.
તીન લોકકું યહી ડરાવે, એ દાતા તીન ભોવનકા. હાથ.
ચંદા સુરજ નવ લાખ તારા, ધ્યાન ધરે તેરા બાલકકા,
સુરવર મુનિવર નારદ શારદ, સબ સમરન કરે ઉનકા. હાથ.
ઘેલી જશોદા ભૂલી ફીરતહે, એ બાલક નહિ બીનેકા;
એસા બાલક તેને જન્મ્યા, કામ સુધારા કોઇ એકકા. હાથ.
જલદી લાવ માઇ તેરા બાલકકું, કયોં છુપાયા હે ઘરમે,
હઠ કર જોગી ખડા રહાને, બેઠ ગયા દરવાજેમેં. હાથ.
અપને દીલમેં સમજી જશોદા, લે આઇ શ્રી કૃષ્ણકું,
મીલી દોનોકી નજરો નજરી, શિશ નમાયા શંકરકું. હાથ.

૧૫૭

ઇસ જોગીઅનકી દષ્ટિ પરી હે, કહાન હમારો રોવેરી;
ઘરઘર ઢુંઢત માત જશોદા, દૂધ ન પીવે નહિ સોવેરી. ઇસ જોગી.
એ જોગીકું ઢુંઢત નીકસી, બ્રીજમે ફેરી ડારેરી,
લટકત લટકત શંકર આયે, અલખ જ્યો અલખ પોકારેરી. ઇસ જોગી.
જોગી માગત બ્રીજરાનીપે, રાઇ લોન કર લીનોરે,
ચાર ફેર લાલનકે ઉપર, શિર ઉપર કર દીનોરી. ઇસ જોગી.
રોગદોષ સબ ગયો બાલકકો, મગન ભયે નંદલાલારે,
નંદ રાનિ તબ મુદત ભયીહે, દીની મોતનકી માલારે. ઇસ જોગી.

તુમ તો જોગી પરમ મનોહર, બ્રીજમે વાસો કીજેરી,
જબ મેરો સુત રોવન લાગે, તબ આહી દર્શન દીજેરી ઈસ જોગી.
કહોરી જોગી નામ તુમેરો, તુમકું બેદ બખાનેરી,
બુદ્દે બાબુ નામ હમારો, સુરશ્યામ મોહે જાનેરી. ઇસ જોગી.

— —

૧૫૮

ગલીઅનનાં હારિયાં.

આવત મોરી ગલીઅનમેં ગિરધાની, મેં છુપી હું લાજકી મારી.
આવત.
કસુંબલ પાઘ કેસરીયા વાઘો, ઉપર હાર હજારી,
શિર મોતીઅનકો તોરો બિરાજે, પેચનકી છબન્યાની. આવત.
મોર મુકુટ પીતાંબર સોહાએ, કુંડલકી છબન્યારી,
ગળે મોતિઅનકી માળા બિરાજે, હીરાકી બલીહારી આવત.
જમનાકે તટ પર ધેન ચરાવે, મોરલી અધર પર ધારી,
જબ બંસીકી ટેલ સુણી સખીં, આન મીલે બ્રીજનારી. આવત.
આ બ્રીંદાબનકી કુંજગલનમે, આન મીલે રાધે પ્યારી,
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, તુમ જીતે હમ હારી. આવત.

૧૫૯

કેસે ભરૂં જલ પાણી મૈયા મે કેસે ભરૂં જલ પાણી,
કાળો કહાનુડો થઇ બેઠો દાણી. મૈયા.
મારગ રોકયો છે નંદજીને છૈએ, મટુકી લુંટે છે અમારી,
કંસરાયને મન ન આણે, જાત મેં એની જાણી. મૈયા.

પીળાં પીતાંબર પહેરણુ એને, ગેડી ધરે કરમાંહે,
રૂમઝુમ રૂમઝુમ નેપૂર બાજે, પાઘડી બાંધે છે તાણી. મૈયા.
નાકમાં મોતી અમુલખ લળકે, કાનમા કુંડળ ચળકે,
તટ જમના પર ધેન ચરાવે, મધુરી લાગે છે એની વાણી. મૈયા.
શ્રીંદ્રાબનકી કુંજગલનમે, ઘેરી ગોવાલણુ નારી,
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, રાસ રમે વનમાળી. મૈયા.

૧૬૦

સુદામાકું દેખત શ્યામ હસેરે, દેખત શ્યામ હસેરે, સુદામા
ટુંકી શી ધોતી ને દુબળાં કાયા, ચાલન પાઉં ઘસેરે,
ટુંટી શી લકડી કરમે ગ્રહીહે, ભુજમે ગઠડી ભાસેરે. સુદામા.
આવો સખા અપને બાલપનેકી, બાત ભુલી કયોં જશેરે,
હમારીરે ભાભીને કયા કયા પઠાયા, પ્રેમસહિત એ દીસેરે. સુદામા.
ગઠડી ખોલી તો જરજરી કપડાં, તાંદુલ નીકસત લગેરે,
ચણેકી ભાજી બટાનેકી રોટી, ચાવન દંત પીશેરે. સુદામા.
અપને મિત્રકી એસી હાલત દેખી, શ્રીહરિ શોચ કરેરે,
ચાવલકી મુઠી સમાન રિદ્ધિ સિદ્ધિ, ભકતકો દુખ હરેરે. સુદામા.
એક ભરી ઔર દુસરીબી લીની, તીસરી મુઠી ભરેરે,
રૂખમણીજીએ બાહે ગ્રહી, કયા હમકુંબી પરહરેરે. સુદામા.
સુદામાકી સેવા પરસ્પર કીની, વસ્ત્ર આભૂષણુ ધરેરે,
દેખી અલંકાર મગ્ન ભયો મન, ગરીબકી આશ ઠરેરે. સુદામા.
ચીદાએ કીએ જબ જેશે કે તેસે, મનકી મનમાં રહેરે,
નિરાશપનેમે પંથ ખુટે નહિ, કાળો કપટી કહેરે. સુદામા.

મહા કષ્ટ પુરી સુદામાજી પહોંચે, દેખી ચકિત ભએરે,
કોન એ નગરી કહાં ગઇ છપની, કોન એ અવાસનએરે. સુદામા.
દેખત નગરી આયે દ્વાર અપને, ફૂલડે બધાએ લીએરે,
મુકુંદ મોરારિકો ગુન ગાવત, રંકકું રાજ દીએરે સુદામાં.

૧૬૧

રાખોની લજ્જા હમારી, હાંરે શ્યામ રાખોની લજ્જા હમારી.
ભીમ અર્જુન નીકુળ સહદેવ, યુધિષ્ટિર કછુ ના સરીરે,
દુષ્ટ દુ:સાશન ચીર ગ્રહે છે, દેખત સભા સારી. હાંરે શ્યામ.
મથુરાંથી હરિ દોડયા આવ્યા, વસ્ત્રની લાગી ઝડીરે,
મીરા કહે પ્રભુ ગિરિધર નાગર, તેરે નામસે તરીરે. હાંરે શ્યાંમ.

૧૬૨

ઓ મોરલી તું બોત ગુમાને ભરી, બોત ગુમાને ભરી,
ઓ મોરલી તું બોત ગુમાને ભરીરે.
તું વાંસ તણો કટકો, શ્યામે અધર ધરીરે. ઓ મોરલી.
શોર કરે છે તું ઘોર ગગનમાં, ચમકત ડરીરે ડરીરે. ઓ મોરલી.
એરે વાંસલડીએ મન હરી લીધું. તનકી શુદ્ધ નજરીરે. ઓ મોરલી.
બીંદ્રાબનકી કુંજગલીમે, નટવર વેષ ધરીરે. ઓ મોરલી.
રામકૃષ્ણ પ્રભુ છેલછબીલો, દર્શન દોને હરિરે. ઓ મોરલી.

૧૬૩

નાથ તમે તુળસીને પત્રે તોળાયા, એવાં ગુણ ગોવિંદના ગવાયા. નાથ તમે.

ઓડાણે બહુ ગામ સમરીયા, ને ઓલડીએ બંધાયા,
મહેર કરી મહારાજ પધાર્યા, ડાકોરમાં દર્શાયા. નાથ તમે.
પાછળ ગુગળી શોધવા આવ્યા, અધવચથી અટકાવ્યા,
વ્હાલામાં વ્હાલો આપ બિરાજે, સાન કરી સતાયા. નાથ તમે.
સુના બરોબર મૂલ કરાવ્યું, વાલ સવાએ તોળાયા,
બ્રાહ્મણને ભિક્ષાવ્રત દીધું, દાસને વશ કહેવાયા. નાથ તમે.
ગુજરાત મધે રચી દ્વારકા, વેદપુરાણે વંચાયા,
મીરાં કહે પ્રભુ ગિરધર નાગર, ચારે જુગમાં ગવાયા. નાથ તમે.

૧૬૪

ભોળા શંભુ ભક્તકો દુ:ખ હરોરે, ભક્તકો દુ:ખ હરોરે, ભોળા શંભુ.
અંતરજામી અનેક ગુણગામી, મનકી આશ પૂરોરે,
કૈલાસપતિ કરુણા કરકે, સેવકકી સાર કરોરે. ભોળા શંભુ.
સદાશિવ શંભુનાથ દિગંબર, તાકો ધ્યાન ધરોરે,
ઉમિયાપતિ તું આદ્ય નિરંતર, સ્મરતાં પાપ ઝરોરે. ભોળા શંભુ.
ભસ્મધારી દર્શન સુખકારી, વિનતિ ચિત્ત ધરોરે.
અનુગ્રહ કરો હો સાંબ સદાશિવ, ભવકો ફેરો હરોરે. ભોળા શંભુ.
દીનાનાથ દયાળ દામોદર, માગે નારી નરોરે,
કુબુદ્ધિકો નાશ કરો જાણી દાસ, તા પર પ્રેમ ઠરો રે. ભોળા શંભુ.

૧૬૫

નાથ કેસે ગજકો બંધ છુડાયો, મોહે એહી અંચબો પાયો. નાથ.
ગંજ ઓર ગ્રાહ લડે જલભીતર, લડત લડત ગજ હાર્યો,

તીલભર સુંઢ રહી જલ ઉપર તબ હરી નામ પુકાર્યો. નાથ.
છાંડ પાવડી પ્યાદા દોડે, ગરૂડકું વેગે બોલાયો,
જલ ડુબતે ગજરાજ ઉધાર્યો, વૈકુંઠ ધામ પોંહચાયો. નાથ.
જલત અગનમેં પ્રલ્હાદ બચાયો, અંગ તાપ નહી આયો,
સ્થંભ ફાડ હીરણ્યાકસ માર્યો, નરસિંહ રૂપ ધરાયો. નાથ.
ભીલડીકે બોર સુદામાકે તાંદુલ, રૂચી રૂચી ભોગ લગાયો,
દુર્યોધનકા મેવા ત્યાગકે. શાક વિદુર ઘર પાયો. નાથ.
કૌરવ પાંડવ યુદ્ધ ભયો હે, કૌરવ માર હટાયો,
ભરી સભામેં લજ્જા રખકે, દ્રૌપદીકો ચીર પુરાયો. નાથ.

ગોકુળીઆનાં હારીયાં.

૧૬૬

લજ્જા લોપીને કહુંછું કહાન રે, ગોકુળ નહિં રહું રે.
મને સાથે લો ભગવાન રે, ગોકુળ નહિં રહું રે.
હરિ તમ વિના લાગે રાન, ગોકુળ નહિં રહું રે.
હરિ તમ વિના ઘડી નવ ચાલે, પાપી વિરહાએ તન દાઝે રે. ગોકુળ.
મને ન ગમે તે ગોકુળ ગામ રે, રાન સરખું ભાસે ધામ રે. ગોકુળ.
શણગાર કોને સારૂ ધરીએ રે, તમ વિના વિયોગે મરીએ રે. ગોકુળ.
અક્રૂરજી હાં શાને આવ્યા રે, મને શત્રુ સરીખા ભાવ્યા રે. ગોકુળ.
નિરાશ થઇને સુતી રે, ઘેર આવી તો જાણે લૂંટી રે. ગોકુળ.
મથુરાં છે કામણગારી રે, વશ કરશે તે તત્ક્ષણ નારી રે. ગોકુળ.
સુંદર વર ચતુર કહાવો રે, તમથું સ્નેહ તણો છે દાવો રે. ગોકુળ.

અમે સગાં રે કુટુંબથી ટળી રે, હરિ ઓળખીએ આંગળીએરે. ગો.
અહીઆં કોને સારૂ મૂકોછોરે, નાગર થઇને કાં ચૂકોછો રે. ગોકુળ.
વળી વળી કહું ઘેર આવો રે, રૂદે ઉપર રથ ચલાવો રે. ગોકુળ.
કીધા નંદ જશોદાએ મોટા રે, તે માટે થયા છો ખોટા રે. ગોકુળ.
નયને શીદ ભરો છો નીર રે, કપટી છો હળધરના વીર રે. ગોકુળ.
હરી બોલ્યા તે વચન શુભાવ્યાંરે, સમ ખાઇને સહુ સમજાવ્યાંરે ગો૦
હરિએ પ્રેમકટાક્ષે જોયાં રે, રૂદે ભીડીને નયણાં લોહ્યાં રે. ગોકુળ.
ઉભા રહો હરિ ચાંદલો કીજે રે, વાસી શ્રીફળ ફોફળ દીજે રે. ગોકુળ.
હરિ હાથે દધિ વધરાવું રે, તિલક કરી મોતીડે વધાવુ રે. ગોકુળ.
કાગળીઆં સંભારીને લખજો રે, વાંચી તતક્ષણ દુ:ખ વિસરજોરે. ગો.
તમે વ્હેલા તે વળજો નાથ રે, મારી જીબ્યા એ કેમ કહુ જાઓરે. ગો.
હરિ હેતે પાછું ફરી જુઓ રે, વ્હેલા આવીને દુઃખડાં ખુઓરે. ગો.
પ્રભુ હરિકેશવ આરાધું રે, સૈયા ફૂલડીએ બિછાવું રે. ગોકુળ.

૧૬૭

પાય લાગીને કહુંછું કહાન રે, હસીને બોલોની.
રાધા મૂકી મનાવે માન, હસીને બોલોની.
તમે કેમ રીસાયા મહારાજરે, પરઆં શું રમ્યાછો આજરે. હસીને.
તમેપ્રીત અમારી સાથ તોડીરે, નટવર બીજી સંગાથે જોડીરે. હસીને.
હરિ હેત હવે ઓછું કીધું, બીજી નારને તમે સુખ દીધું રે. હસીને.
મ્હારી સરખી તો હશે હજારરે, રાધા પ્રાણતણાછો આધાર રે. હસીને.
હરિ સમજ્યા તે મન મોઝારરે, અમે પરણ્યા નથી બીજી નાર રે.
રાધા રાણી.

હું તો કહું છું સાચી વાત રે, રાધારાણી રે.
પ્યારી તું છે હૈયાકેરો હાર રે, સાચી વાત માનો નિરધાર રે. રાધા.
હું તો આવ્યો છું ગૌ ચારીરે, મને થાક ચડયો છે નારી રે. રાધા.
તેથી મુખ મારૂં ઉતરીયુંરે, દેખી વાંકું તમને પડીયુંરે. રાધા.
હવે વ્હેમ હૈયામાંથી કહાડોરે, હાસ્ય વિનોદની બાજી માંડોરે. રાધા.

૧૬૮

સખી ચાલોની આપણે જઇએ, જશોદાને કહેવાને,
તારો પુત્ર આવે અમ ઘેરરે, મહિડાં પીવાને,
છાનો આવીને ગોરસ ફોડેરે, સાથે સખાઓને તેડે. જશોદા.
અમે જળ ભરીએ જમના ઘાટેરે, સામો આવી કાદવડા છાંટેરે. જશોદા.
બાઇ શીખ કાનુડાને દેજોરે, એને સમજાવી કાંઇ કેહેજો. જશોદા.
અમે ગોવાળણી રાંક જાતરે, તમે વિચારો જશોદા માત. જશોદા.
આવાં દુ:ખ તે કયાં લગી સહીશુંરે, ઝાઝું કરશે તો કંસને કહીશું. જશોદા.

બંસરીનાં હારીઆં.

૧૬૯

બંસરી બજાઇ આજ રંગસે મોરારી.
મોરલી બજાઈ આજ રંગસે મોરારી.
રંગસે મોરારી આજ રંગસે મોરારી. મોરલી.
જીવજંતુ પક્ષી મોહે મોહે ઘેન સારી,
ગોકુળકી ગોવાળણુ મોહી મોહી બીજનારી. બંસરી.

જમનાજીકી ઉલટ ભઇ ધુમકી બીહારી,
બેદ પઠત ભૂલ ગયે બ્રહ્મા બ્રહ્મચારી, બંસરી.
નૃત્ય કરત નારદ ભૂલે શંકરકે નારી,
ઈંદ્રસભા ભૂલ ગયે શુદ્ધ સબ બીસારી, બંસરી.
બંસરીકે ટેલ સુનત ભૂલ ગયે સારી,
તુલસીદાસ બંસી બાજે તીન લોક નારી, બંસરી.

૧૭૦

નહિં રે જાવા દઉં રે તમને નહિં રે જાવા દઉ રે.
રસીયા મહારાજ તમને નહિં રે જાવા દઉં રે.
નાના નાનાજી તમને નહિં રે જાવા દઉં રે.
અરજ તો હમેરી કહાન, મરજ તો તુમેરી શ્યામ,
ગરજ તો ઘણેરી જેમ રાખો તેમ રહું રે. રસીયા.
ધરણી તો ધરત ધ્યાન તરણી તરત તાન,
હરણાહરણી પડી શરણુ શ્યામ કેમ સહું રે. રસીયા.
કહતહે ગુમાનીદાસ સુનીએ ગોપાળલાલ,
અરસ્પરસ દરશન કરી પ્રસન્નમાં રહું રે. રસીયા.

૧૭૧

દેદેરી દાણુ અમશું આજ રાધે પ્યારી.
આજ રાધે પ્યારી બીખુભાનકી દુલારી. દેદેરી.
બ્રજકે હમ દાણી ભયે દાણુ લેંગે ભારી,
બાત છોડ દાણુ ધરો સુકન સુનેગી કારી. દેદેરી.

નાના નહી દેંગે તોસે દાણુ નંદલાલા,
નહીં દેંગે નંદલાલા છોડ બાળ ચાળા, નાના.

દૂધ પીકે ચલે જાઓ બોલો બચન કાલા,
હમ તોસે નહીં બોલેંગે ચલે જા છોગાળા. નાના.

બોલ મત બાતા એસી જાની બ્રાજનારી,
ઘેર ઘેર નહિં છોડેંગે, દેંગે તોસે ગારી. દેદેરી.

ઘર હમારે આવોગે તો, દેંગે મહિ પ્યાલા,
અહીઆં કછુ નહિ મોલે, કયા કરે મત બાલા. નાના.

એસી એસી બાત બોલે કયું ડરાવે નારી,
દાણુ નહિ દેંગે તો તું બોલ મુખસેં હારી. દેદેરી.

કયા કરૂં મેં તુમસે બાલા, બોલો બચન કાલા,
બાત છોડ ઘેર ચલો, દઉંગી મોતનમાલા. નાના.

કયા કરૂં મેં મોતનમાલા, હમ મહિકે બીહારી,
તેરી મુખકી ચંદનીમે બાતકું બીસારી. દેદેરી.

લાજ નહિ નંદલાલા હજુ બ્રોજમે બાલા,
દાન દઉંગી બીદ્રાબીનમેં જીનકા હે હવાલા. નાના.

એસી બાત સુનાઈ પ્રભુ કુંજકે બીહારી,
સુંદર મુખસે હસકે ચાલી, નેન કટારી મારી. દેદેરી.

જુગલ કિશોર મીલકે ચલે આય કુંજગલનમેં.
લીલા દેખી મુદિત ભયે, પુરણુ આશ મીલનમે. દેદેરી.

૧૭૨

નહિરે દાણુ દઉંરે તમને નહિરે દાણુ દઉંરે,
રસીયા બાલમ તમને નહિરે દાણુ દઉં રે.
કહેવું હોય તો કહેજે તારી જશોમતિ માતને,
અમે બીખુભાનની બેટી કંસરાયને કહુંરે રસીયા.
રોકયો પનઘટ કહાનુડે કેટલું દુઃખ સહુંરે,
તમે જાત આહીરની કોડી એક ના દઉંરે. રસીયા.
તું આહીર નંદનો છેયો જે કરે તે સહુંરે,
વંદ્રાવનમાં રાસ રચ્યો છે, ચરણુ કમળમાં રહુંરે. રસીયા.

૧૭૩

નમો નમસ્કાર તેરી પાવડીકું દેવા.
પાવડીકું દેવા રામ કરત તેરી સેવા. નમો
છત્ર ચમર ઓર સીગાસન ધર લીયો સુત આગે,
કેકૈકો બચન સુનત બીસમ બાણુ લાગે. નમો.
સુમિત્રાના સુત સંગ ચલે રહે આગી.
કેકૈકી કુખ પ્રગટ બોત લાજ લાગી. નમો.
ધિક પડયો એ કેકૈ જેણે બીકટ મન કીધો,
તાત છોડી વૈકુંઠ પધાર્યા તરત જીવ લીધો. નમો.
ધિક પડયો એ રાજ પાટ ધિક અજોધ્યા તેરી,
રામ ગયા પછી રાજ કરવું ધિક પડયો મત મેરી. નમો.
ધરણી ખોલી સેજ વિરમા નેણુ ભરી ન સોઉંરે,
જેમ જેમ રામ પંથ પધારે તેમ તેમ મુખ જોઉંરે. નમો.

મેં બી જોગી રામ બીના અરૂ બાન કીનો,
તુળસીદાસ રામબો જોગી ભરત જોગ લીનો. નમો.

નંદલાલના હારીઆં.

૧૭૪

નંદતલાલ કનૈયારે બન ધેન ચરાવે.
હાથસે લાકડીયાં ને પાંઉસે પાવડીયાં,
હાંરે લાલા નટવર બેસ દેખૈયાંરે. બન.
સુર બ્રહ્માદિક પાર ન પામે,
હારે લાલા નીત નીત નીગમ પડૈયારે. બન.
મે બીરે જાતિ ચલી તો બીંદ્રાબીન,
હાંરે લાલા મોહન બેત સુનૈયાંરે. બન.
સુરદાસ પ્રભુ તુમારે મીલનકું,
હારે લાલા ચારત નંદકી ગૈઆંરે. બન.

૧૭૫

બીંદ્રાબનકો દાણીરે ગોરસ દાણ માગે.
બીંદ્રાબીનકો દાણીરે કહાનો દાણ માગે
મહિ મેરો સારો લૂંટ લીયોરે.
હાંરે મારી શીરકી મટુકી ફોડીરે. ગોરસ,
આ બીંદ્રાબીનકી કુંજગલનમેં,
હારે લાલા પાલવ સાહ્યો મ્હારો તાણીરે. ગોરસ.

સુરદાસ પ્રભુ તુમારે મીલનકું,
હાંરે લાલા બાત કછુ એ ના જાણીરે. ગોરસ.

૧૭૬

કહાન કરત બરજોરીરે તમે સુનીઓ લોકો.
સાસુ નણંદકી હે નહિ ચોરી,
હાંરે લાલા દિયર કરત ઠીગા ઠોરીરે. તમે.
ઠુમક ઠુમક કહાન કરતહે,
હાંરે મ્હારી મોતનમાળા તોડીરે. તમે.
સુરદાસ પ્રભુ તુમારે મીલનકુ,
હાંરે લાલા લાજ રાખોની હમેરીરે. તમે.

૧૭૭

ઘડુલો તે અમારો ચડાવોરે હો નંદજીના છૈયા,
મારો ઘડુલો અતિશે ભારી,
હાંરે લાલા ન ચડાવો તો દઉં ગારીરે. હો નંદ.
જળ ભરવાને હુંરે આવી છુ,
હાંરે લાલા ગોકુળીઆમાં રહુંછુંરે હો નંદ.
ઘેર તે ન્હાનાં બાળક રડશે,
હાંરે લાલા સાસુડી મારી લડશેરે. હો નંદ.
નરસૈઆનો સ્વામી ભલેરે મળ્યો છે,
હાંરે મારો ઘડુલો શિરપર ધર્યોછેરે. હો નંદ.

૧૭૮

ચીર તે અમારાં આપોરે હરિ પાવલે લાગું.
અબળા માણસ અમે લાજેરે મરીએ,
હાંરે લાલા કરજોડી માન માગુંરે. હરિ.
કદમે બેસીને શું નેણુ નચાવો,
હાંરે લાલા અબળાને શું તરસાવોરે. હરિ.
સાંજ સમેની વેળારે થઇ છે,
હાંરે લાલા ગાવડી દોવાની રહીછેરે. હરિ.
નરસૈઆનો સ્વામી હું માન માગું,
હારે લાલા જે જોઇએ તે આપુંરે. હરિ.

૧૭૯

જમુનાજીને કાંઠેરે વ્હાલો વેણુ વજાડે.
અબીલ ગુલાલની ધુમ મચી છે,
હાંરે લાલા ટેલ સુણી અમે આવ્યારે. વ્હાલો.
પ્રેમ કટારી વ્હાલેરે મારી.
હાંરે લાલા પીયુડાની નવ રહું વારીરે. વ્હાલો.
લાજ મરયાદા સર્વેરે મૂકી,
હાંરે લાલા ઘરનો ધંધો સઉ ચૂકીરે. વ્હાલો.
ત્રિલોકમાં કો પાર ન પામે,
હાંરે લાલા ચિત્તડું હર્યું ઘનશ્યામેરે. વ્હાલો.
નરસૈઆના સ્વામીની વિન્તિ કરીએ,
હાંરે લાલા બ્હાવરાં થઇને ફરીએરે. વ્હાલો.

દીવાળીનાં હારીયાં.

૧૮૦

મ્હારે દીવાળી થઇ આજ હરિમુખ જોવાને.
મ્હારાં સર્યાંરે સેવકનાં કાજ ભવદુ:ખ ખોવાને.
આજ દિવાળી મેં અજવાળી હરિ જોયા નિહાળીરે,
વદનકમળપર વારી જાઉં વિઠલા આંખડી થાય ટાઢી. હરિ.
રાધા નાચે કૃષ્ણ વજાડે ગોપિકા ગાય ગીતરે,
સતભામા રીસાવી રહ્યાં તે ગોકુળ ગામની રીત. હરિ.
રત્નજડિત સુનાની થાળી માંહી મૂક્યું કપૂરરે,
આરતિ કરૂંરે પ્રાણજીવનને રવી ઉગમતે સૂર. હરિ.
સુના કેરા સૂરજ ઉગ્યા મોતીડા વરસ્યા મેઘરે,
જન વિઠ્ઠલ પ્રભુ પાતળા મ્હને હરિ ભજ્યાની ટેવ. હરિ.

૧૮૧

બલીહારીરે મોહનલાલ, ત્હારા લટકાને.
બલીહારીરે સુંદરશ્યામ, ત્હારા લટકાને
લટકે ગોકુળ ગાય ચરાવી, લટકે પનવટ વાળીરે,
લટકે જળ જમુના જંપલાવી, લટકે નાથ્યો કાળી. ત્હારા.
લટકે ગિરિ ગોવર્ધન તોળ્યો, લટકે વાયો વંશરે,
લટકે દળદાવાનળ પીધો, લટકે માર્યો કંસ. ત્હારા.
લટકે રઘુકુળ રૂપ ધરીને, સાહેર બાંધી પાજરે,
રામે રાવણ રણમાં રોળ્યો, વિભીષણને આપ્યું રાજ. ત્હારા.

લટકો ત્હારો લાખ ટકાનો, ચટકાનું નહિ મૂલરે,
રામકૃષ્ણ પ્રભુ ચતુરશિરોમણિ જોબનીયું ભરપૂર. ત્હારા.

૧૮૨

આવે આવેરે નંદનો લાલ માખણ ખાવાને,
મીઠી લાગેરે તમારી ચાલ, નહિ દઉં જાવાને.
મને અતિ આવે છે વ્હાલ, નહિ દઉં જાવારે.
પુરૂષોતમ પ્રાણ આધાર, નહિ દઉં જાવાને
કનકકચોળે માખણ ભરીઆં, સાકર ભેળું અપારરે.
પ્રસન્ન થઇ આરોગો મ્હારા વ્હાલા, દીન ગોપીના નાથ. માખણ
પુરણ પુણ્યે હું તમને પામી, હવે નહી મુકું ખ્યાલરે,
આંગણે ઉભી વાટડી જોઉં, કયારે આવે નંદનો લાલ. માખણ.
તું તો અમને આળ ચડાવે, નહિ આવું તુજ દ્વારરે,
જૂઠું બોલે ને નેણ નચાવે, તું છે ધુતારી નાર. માખણ.
દીનદયાલ દયાનિધિ કેશવ, એવું બોલો મોરારરે,
રામકૃષ્ણ પ્રભુ એમ કરી કહે છે, ઉતરો ભવપાર. માખણ.

૧૮૩

મ્હારે ઘેલા થયારે ગોવિંદ, કહોરે બાઇ કેમ કરીએ,
એના નિત્ય નિત્ય નવલા છંદ, કહોરે બાઈ કેમ કરીએ.
વાંકા નયણા વાંકી ભ્રગુટી, વાંકી ચાલ અપારરે.
શેરડિએથી સાદ સાંભળી, જઇને બીડું દ્વાર. કહોરે.
માણસને શું મોહેડેરે કહીએ, કંઇ ન સમજે પેરરે,

સરોવરીએ શું પાણી સૂકાં, પીવા આવે ઘેર. કહોરે.
લાલ પાઘને લાલ ફેંટો વાગો લાલ ગુલાલરે,
રામકૃષ્ણ પ્રભુ છેલ છબીલો, અચ્છો બન્યો નંદલાલ. કહોરે.

બેડું.

૧૮૪

બેડે મ્હારે ભાર ઘણો ઓ રાજ, ઘડે મ્હારે ભાર ઘણો.
બાતાં કયું કરીએ દીનાનાથ, બેડે મ્હારે ભાર ઘણો.
લટકેરે આવું ને લટકેરે જાવું, લટકામાં સમજાવું,
ઘડીએક કાનજી વિલંબ કરોતો, બેડું ઉતારીને આવું. બેડે.
કોરીરે સાડી ને જરદ કીનાગી, વચ્ચે સુનેરી તાર,
ચંચળ નાર ખડી રહી આઘે, રાય ચંપેકો હાર. બેડે.
કનકકંચોળે કેસર ઘોળું, હાથમે સુનેકી ઝારી,
જશોદાના કહાનજીને પૂજવા ચાલી, સાથે સકળ બીજનાર. બેડે.
શેરી ભલી પણ સાંકડીરે, નગર ભલાં પણ દૂર,
નરસૈઆના સ્વામીની સંગે રમતાં, જોબનીયું ભરપૂર. બેડે.

૧૮૫

મારગ તમે શાને રોકો હો સ્યામ, શેરી તમે શાને રોકો.
મ્હારે જવું છે મથુરાં ગામ, મારગ તમે શાને રોકો.
મ્હારેરે જવું છે મહિ વેચવાને, અસુર અમને થાય,
સખીઓ મ્હારી જતી રહેશે, હું કેમ રહીશ વનમાંહિ. મારગ.

તું ગોવાળીયો ગોકુલનોરે, નંદજીનો કુમાર,
આટલો જુલમ શાને કરે છે, બ્હીનો નથી લગાર. મારગ.
રાજ અહિં છે કંસનુંરે, તું તે કેવો કહેવાય,
દાણી થઇને મારગ રોકે, એ દુ:ખ કેમ સહેવાય મારગ.
બીંદ્રાબનકી કુંજગલનમાં, કૃષ્ણ ચરાવે ઢોર,
નરસૈઆના સ્વામીને વિનવી કહું છું, ભવનાં બંધન છોડ. મારગ.

૧૮૬

મ્હારો છેલ લંગરવો કહાન, અંજન કયું કરિયું રે.
માતા જશોદાએ આંખડી આંજી, ટપકું કીધું ગાલ. અંજન.
હરિ શામળીસી સુરત, મધુરીસી મુરત, છેલછબીલો સ્યામ. અંજન.
રાધા ગોરી ને હરિ શામળો, શોભિત બીજ લેવાન. અંજન.
ઝાડ કદમનાં થડ પર બેસી, મોરલીમેં ગાવે ગાન. અંજન.
મોરલીનાં ગાને ઘેલાં કીધાં, સાંભળ્યાં મધુરાં ગાન. અંજન.
હાથમાં લાકડીઆં ને પાઉમે પાવડીઆં શિર પર વાંકે બાલ. અંજન
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, દીપો મે પ્રાણદાન. અંજન.

૧૮૭

પાલવ મૂકો મોહનલાલ, અસુર આજ થયું છે.
ચીર તેં અમારાં ફાટશે વ્હાલા, છલકાશે મહિનું માટ. અસુર.
મારગ વચમાં રોકી ન રહીએ, દેખે દુરીજન લોક. અસુર.
પીયુડો તે મારી પૂઠ ન મૂકે, નણંદીનો છે સંતાપ. અસુર.

આસુડી ઘેર ખીજશે, મ્હારી, રોશે તે ન્હાનાં બાળ. અસુર.
આજે કહાના જાવા દીઓની, આવી મળજો કાલ. અસુર.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણુકમળમાં રાખ. અસુર.

૧૮૮

માઇ બ્રીજબાસી કહાન હો, તેણે મ્હારી ગાગર ઢોળી હો.
હરિ નંદાનંદજીકા છૈયા હો, તેણે મ્હારી ગાગર ઢોળી હો.
હરિ જશોમતીકા કનૈયા હો, તેણે મ્હારી ગાગર ઢોળી હો.
હરિ બળીભદ્રજીકા ભૈયા હો તેણે મ્હારી ગાગર ઢોળી હો.
ગાગર ઢોળી મેરી ઐયા મરોરી હો, મોતનકી લટ રૂમઝુમ તોરી. માઇ.
જીને જીને ગજરે ને બડે બડે નેણ હો, બીદ્રાબનમેં કર ગ્રહ્યો સેન માઇ.
દાસ મીરાંબાઇ કહે ગિરિધરલાલ હો, ચરણુકમળ માંહે ચિત્ત રાખ. માઇ.

૧૮૯

મોતીડા વેરાશે ગીરધરલાલરે, જમુનાને આરે.
સોના તે કેરો મ્હારો ઘાટ ઘડુલો વ્હાલા, ઉંઢણી રત્ન જડાવરે.
જમુનાને.
જશોદાના જીવન કાંઠડે ઉભા વ્હાલા, કેમ કરી ભરીએ આછાં નીરરે.
જમુનાને.
લથડતી તો ગોપી આવી ગોકુલમાં ઘેરી વ્હાલા, એટલે ઉગ્યો તે સૂર્ય ભાનરે જમુનાને.
મ્હેલો મ્હેલો કહાન મારો પાલવ ફાટે વ્હાલા, દેખે પેલા દુરીજન લોકરે. જમુનાને.
રઘુનાથના સ્વામી શ્રી રઘુરાજ વ્હાલા, રાખો અમારી લાજરે.
જમુનાને.

૧૯૦

થનક થનક તા થઇરે, નાચે નાચે નંદનો નાધડીયો.
તાલબંધ તાળી વાગે ધુધરૂ ધમકે,
હાંરે લાલ મોરલી બજાવે લઇ લઇરે. નાચે નાચે.
નારદ નૃત્ય કરંતા રે આગે,
હાંરે ત્યાં તો સૂરજ રહ્યા છે મોહી મોહી રે. નાચે નાચે.
વૃંદાવનની કુંજ ગલનમેં,
હાંરે ત્યાં તો સાથ રાધાને લઈ લઇરે. નાચે નાચે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર.
ત્યાં તો કૃષ્ણજીએ મોરલી બજાઇરે. નાચે નાચે.

૧૯૧

ઝાંઝરીયું રૂમઝુમ વાગે, નેપુરીયું ઠમ ઠમ વાગે.
ચોખા ચરણ ચડાવું રે વિઠ્ઠલ વાંકા બોલો કેમ. રૂમ.
મેઘ વરણ છો સ્યામ સુંદરવર, વિજળી ચમકે ચમ. રૂમ.
પાછું ફરીને જુઓ સાહેબા, મ્હારા રે ગળાના સમ. રૂમ.

૧૯૨

હોળી.

આહીરે સુંદર શામળો, સોહે રાધાવર વલ્લભો,
ઝલ્લ રહયો નેહરો નેણાં ભોળી રે,

કામણગારો કાનુડો ભોળી રે.
તેણે મને કામણ કીધા ભોળી રે.
ચિત્તડલાં ચોરીને લીધાં ભોળી રે.
હાથડેના લાગે ધધા ભોળી રે
ફેકટ તે નાંખી મુને ફંદા ભોળી રે.
જમનાજીને કાંઠડે ભોળી રે.
ઉભો શ્રી નંદજીનો નંદા ભોળી રે.
ઉભલો વજાડે વંસા ભોળી રે.
મોરલીમાં હારી ગયા હંસા ભોળીરે. આહીરે.
લંકામાં રાવણ રોળીયો ભોળી રે.
મથુરામાં માર્યો કંસા ભોળી રે
શરદપૂનેમની રાતડી ભોળી રે.
ઉગીઓ પુનમ કેરો ચંદા ભોળીરે.
ચંદા શ્રી બાલમુકુંદા ભોળી રે. આહીરે.

૧૯૩

મટુકીના હારીઆં.

મુકો મનમોહન મટુકી, હાંરે મારૂં મહી છલકાય,
ભીંજે મ્હારી નવ રંગ ચુંદડી, હાંરે કહાના લાગું ત્હારે પાય. મુકો.
કહાનજી ચરાવે ગાવડી રે, ઉભો જમુનાને તીર,
ગોપી સૌ ટોળે મળી, હાંરે વચે હળધર વીર. મુકો.
પાલવ મુકોની પાતળા રે, કહાના અળગારે રહો,
દાણ મસે નવ દુભીયેં, હાંરે બીજું જે જોઇયે તે કહો. મુકો.

તું છે ગાયનો ગોવાળીયો રે, હું છઉં બીજની રે નાર,
ચળગા જૂમી ના કરો, હાંરે તુટે નવસેરો હાર મુકો.
સાસુ અમારી ખીજશે રે, નણંદી દેશે મુને ગાળ,
પરણ્યો કંથ નિહાળશે, હાંરે જુઠા મુકે મુને આળ. મુકો.
નરસિંહ મહેતાની વિનતિરે, સુણો ચતુર સુજાણ,
ગોરસ કેરૂં શું ગજું, હાંરે સોંપ્યાં તનમન પ્રાણ, મુકો.

૧૯૪

બીન દરશન ભઇ બ્હાવરી, હારે સૈયાં તોરેરે કાજ બીન.
ઉભી ઉભી જોઉ વાટડીરે, બાલમ ઘેર આવ,
પ્રીત લાગીરે પ્યારા લાલસું, હાંરે સૈયાં મત તરસાવ. બીન.
અગરચંદનની ઓરડીરે, હીરા રત્નજડાવ,
તાળાં કુંચીરે પ્રેમનાં, હાંરે સૈયાં ખોલન હાર. બીન.
મોર મુકુટ પર મોરલી રે, કુંડળ ઝળકે કાન,
વનમાં વગાડે વ્હાલો વાંસળી, હાંરે સામા મળીયાંછે કહાન. બીન.
નરસિંહ મેહેતાનો સ્વામી મળ્યોરે, પ્રભુ પ્રાણના આધાર,
જન વિઠ્ઠલ પ્રભુ પાતળા, હાંરે ઉતારોની ભવ પાર. બીન.

ગાગેરીયાનાં હારીઆં.

૧૯૫

ગાગેરીઆં મત ઢોળો કનૈયા, મેંતો દઉંગી ગાળી,
હાંરે મેંતો દઉંગી ગાળી, ગાંગેરીઆં.

તટ જમના પર ધેન ચરાવે, ઓડી કામળીયાં કાળી, હાંરે ઓડી.
જળ જમુનાકા શીતળ પાણી, ભર લાઇ રાધે પ્યારી. હાંરે ભર.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ ચિત્ત ધારી હાંરે ચરણ,

૧૯૬

તલપ તલપ મેરો જીવડો તલપે, કોઇ દીન રામ મીલાવે,
હાંરે કોઇ દીન કૃષ્ણ મીલાવે.
અંજન મંજન ભૂખે મોહન, અન્ન કછુએ ના ભાવે. હાંરે અન્ન.
સેજ સજન બીન સુનોરે મોહન, નયને નિંદ્રા ન આવે. હાંરે નયને.
દાસ મીરાં ને લાલ ગિરિધર, રાગ છત્રીસો ગાવે. હાંરે રાગ.

૧૯૭

નંદકુંવર તારૂં નામ સાંભળી, સાસ ભર્યાં અમે આવ્યાં, હાંરે સાસ.
દોણી લઇ ને દોવારે બેઠાં વાછરડાં ધવડાવ્યાં. હાંરે વાછરડાં.
પ્રેમે પય પાણીમાં રેડયાં, સકરમાં ઘી તાવ્યાં. હાંરે સકર.
પીએરીઆંને પડતાં મૂક્યાં, સાસરીઆંને સતાવ્યાં. હાંરે સાસરીઆં.
દાસ મીરાં ને લાલ ગિરિધર, ચરણકમળ ચિત્ત ભાવ્યાં. હાંરે ચરણ.

૧૯૮

વાંસળીનાં હારીઆં.

ધુતારા ધરણીધર ત્હારી વાંસળીરે લોલ,
વાંસળીએ કાંઇ ઘેલાં કીધાં ગામજો. ધુતારા.
સખી ન્હાતાં ધોતાં દોતાં વલોવતાં નિસર્યાંરે લોલ,

રળતાં પડતાં રડતાં મૂક્યાં બાળજો. ધુતારા.
સખી સાસુસસરો જેઠજેઠાણી નવ લજ્યારે લોલ,
કુંથજીને ચડતી મૂકી રીસ જો. ધુતારા.
સખી મધરાતે મોહનજી બેઠા કદમે ચડીરે લોલ.
ગોપીજનનાં હરીઆં છે કાંઇ ચીર જો. ધુતારા.
સખી અવળાં વસ્ત્ર અવળાં આભરણ પહેરીયાંરે લોલ,
કાન તણાં કાંઇ કેડે ધાલ્યાં કોટે જો. ધુતારા.
સખી શ્રી કૃષ્ણ પ્રભુ ભલે પધાર્યા શેરીએરે લોલ,
ગોપીજનની પૂરી છે કાંઇ આશ જો. ધુતારા.

૧૫૯

મીઠી ને વાગેરે વનમાં વાંસળીરે લોલ,
સાંભળતાં વ્યાકુળ થઇ વ્રજની નાર જો. મીઠી.
પાણીડાંને મસેરે વ્હેની જોવાં નિસરીરે લોલ,
બેડું મૂક્યું સરોવરની પાળ જો, ઇંઢણી વળગાડી આંબાડાળ જો.
નીરને ભૂલીરે હરિને શોધતારે લોલ.
ન દેખું કાંઇ નંદજીનો લાલ જો. મીઠી.
સખી એ માણસ તો હળવે શું આવે નહિરે લોલ,
અમે કરતાં જપતપ તીર્થ દાન જો. મીઠી.
સફળ થયો જન્મારો સખી એક સેજમાંરે લોલ,
આંખડલીએ કીધી મુજને સાનજો. મીઠી.
સખી જોતાંને જોતાંરે મળીયાં કુંજમાંરે લોલ,
રામકૃષ્ણ પ્રભુ સોંપ્યા તમને પ્રાણ જો. મીઠી.

૨૦૦

કોને કાંકરી મોસે મ્હારીરે, જદુપતિ જળ ભરવા દો.
સાવ સુનેકી ઝારી અમારી, રત્નજડિત રઢીઆળીરે. જદુપતિ.
સાસુ બુરી મારી નણંદ હઠીલી, દિયર દે છે મોસે ગાળીરે. જદુપતિ.
ચીર લેકે કદમ ચઢી બેઠે, મેં હું જળમેં ઉઘાડીરે. જદુપતિ.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, તુમ જીતે હમ હારીરે જદુપતિ.

૨૦૧

જાદવજી જોતા જાઓરે, એકવાર અમ સામુંરે,
કરગરતાં કંઇ કરૂણા કીજે, વારે વારે શું વાઓરે. એકવાર.
અમેરે તમારાં ને તમેરે અમારાં, શું મ્હારા સમ ખાઓરે. એકવાર.
શાંતિદાસનારે સ્વામી રસિક શિરોમણુ, પ્રીતે પાલવડો સાઓરે.એકવાર.

૨૦૨

વારોરે જશોદા ત્હારા દાણીને, મ્હારે ઘેર શાને આવે છે.
શેરીએ રહીને સાદ કરે છે, દુરીજન લોક બળેછે રે. મ્હારે ઘેર.
સાસુનું સાલ મ્હારી નણંદ હઠીલી, દિયરીઓ દમેછે રે. મ્હારે ઘેર.
તટ જમનાપર ધેન ચરાવે, મોરલીમાં મનડા હરેછે રે. મ્હારે ઘેર.
શાંતિદાસનારે સ્વામી રસિક શિરોમણુ, અણચીંતવ્યો મળેછે રે મ્હારેઘેર.

૨૦૩

કહોરે ગોકુળ કેમ રહીએરે, વ્હાલો મ્હારો દાણ માગે છે.
શીકાં તોડે ને ગોરસ ફોડે, દધિના દાણ શીદ લેછે રે. વ્હાલો.

અમે વહુઆરૂ લાજેરે ભરીઆં, આડો આવીને ઊભો રહેછે રે. વ્હાલો.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, દુરીજન લોક હસેછે રે. વ્હાલો.

૨૦૪

પ્રભાતિઆં.

નંદકો નંદોર પ્યારો, ભોર ભયે આયો.
ભોર ભયે આયો પ્યારો, ભોર ભયે આયો. નંદકો.
છબીમે સીનગાર કીનો, દીપક જમાએ લીનો,
સેજડી સમાર રહી, ભોજન ન ભાયો. નંદકો.
રજનીકો અંત આયો, ચકવાચકવીકું પાયો,
દુતીઅનકું હાર દીનો, ગાંઠકો ગુમાયો. નંદકો.
આસકી ભયી નિરાસ ઉદાસમે ભયો પ્રભાત,
નંદદાસ કહે પ્રભુ રેન કાંહ ગુમાવ્યો. નંદકો.

૨૦૫

જગાડે જશોદા મૈયા, નંદના કુંવર જાગો,
નંદના કુંવર જાગો હરિ, અમને વ્હાલા લાગો. જગાડે.
રવિ ભાનું સૂર્ય ઉગ્યો અંધકર ભાગ્યો,
વલોણાનો ઘોર વાગ્યો, આળસ મૂકો આઘો. જગાડે.
પાંચ વસ્ત્ર અંગે સોહીએ, પ્રેમનો છે વાગો,
ઘરઘરની ભામિની જાગી, ઠમકાર વાગ્યો. જગાડે.
વ્હાલો કીધો ખોળે લીધો, તેડી લીધો આઘો,
નરસૈઆનો સ્વામી મળ્યો, ભવનો ફેરો ભાગ્યો. જગાડે.

૨૦૬

ઉઠીએ ગોકુલબાસી, નંદરાય ઉઠાડે. ઉઠીયે.
પ્રભાત કેરો સમય ભયો, ગોવાળ ઉભા દ્વારે,
તેરી મૈયા મહિ વલોવે, ઘેન દોવી. છે ત્હારે. ઉઠીયે.
નેણુ ચોળો આળસ મોડો, દુધ પીયો પ્યારે,
શણુગાર સબ પહેરી લીયો, ગોપી ગીત ગાવે. ઉઠીયે.
સુરદાસ કહે મેં હુવા, દાસ રામકૃષ્ણુજીકે,
કર જોડીને વિનતિ કરૂં, આપ મહેર કીજે. ઉઠીયે.

૨૦૭

જાગીયે બ્રીજલાલ કુંવર નંદકે દુલારે,
નંદકે દુલારે હરિ નંદકે દુલારે.
મથુરામેં જનમ લીયો ગોકુળ સીધારે,
પુતનાકો પ્રાણુ લીયો, કંસકુ વિડારે, જાગીયે.
જમુનાજીમેં ગેંડ પડી ગોપાળલાલ હારે,
કાળીનાગકું નાથ દીયો, ભયે કૃષ્ણુ ભયે, કારે. જાગીયે.
જબસેં હરિ ગજ છોડાયો, દ્વારકાંસેં આયે,
સુરદાસ પ્રભુ મદન મોહન જદુપતિકે દ્વારે. જાગીયે.

૨૦૮

જય જય શ્રી રામકૃષ્ણ ગોકુળ ગોવાળા,
ગોકુળ ગોવાળા વળી નંદજીના લાલા. જય.
શંખ ચક્ર ગદાધારી કાને કુંડળવાળા,
જમુનાજીમેં નાગ નાથ્યો જશોદાજીના કાલા. જય.
મોર મુગટ માથે બીરાજે ઝાંઝરના ઝમકારા,
લટકાળી એની ચાલ કહીયે, પગ પદમવાળા. જય.
બીંદ્રાબનમે ધેન ચરાવે, કંઠે તુળસીકી માળા.
બલીહારી તારી શી કહું, મુખે મોરલીવાળા. જય.

૨૦૯

જાગીયે ગોપાલ લાલ, પછી બન બોલે.
રવી ભયો ઉદેભાન, પછી સબ તુષ્ટમાન;
ભ્રમર કરે ગુંજ ગાન, કમળ નેન ખોલે. જાગીયે.
શશી કમળ શીતળ ભઇ, ચકવી પીયા મીલન ગઇ;
અતિ સુગંધ પવન મદન, દ્રુમ પાન ડોલે. જાગીયે.
સુરદાસ કહે ભયો પ્રભાત, પનીઆરી જલ ભરન જાત.
ભ્રમર કરત સુદર નાદ, ઝમકાર બોલે. જાગીયે.

૨૧૦

પ્રાણુ જીવન પ્રાત ભયો, જાગીયે બલ જાઉં રે.
માતા જશોદા ધેન દોવે મેરે કહાનકું પીલાવું રે. પ્રાણુ.
ઘી ખાંડ દુધ ભાત મેરે લાલકું ખીલાવું રે. પ્રાણુ.
શ્યામ સુંદર મદન મોહન મેરે લાલકું લડાવું રે. પ્રાણુ.

૨૧૧

આજ કામ કલ કામ પરસું કામ કરના,
પહેલે દિન બહોત કામ કામહીમેં મરના. આજ કામ.
ઉઠત કામ બેઠત કામ ફીરત કામ કરના,
સોઇ શ્રી રામ નામ એક દો ઓચરના. આજ કામ.
તજો કામ ભજો રામ સંસાર સબ તજના,
સુર કહે પ્રભુ મદન મોહન કૃષ્ણકું સમરના. આજ કામ.

૨૧૨

ગળે ભુજંગ ભસ્મ અંગ શંકર અનુરાગી,
શંકર અનુરાગી પ્યારે શંકર અનુરાગી. ગળે.
શીશ જટા વાઘાંબર ગળે રૂંઢ માળા,
ફીરત નગન રેહત મગન ગૌરિ સંગ બાળા. ગળે.
ચિતા ભસ્મ અંગ રંગ કરમે ગ્રહી માળા,
તુંહી આદિ તુંહી અંત જગકે રખવાળા. ગળે.
નીલકંઠ ગંગાધર આપ સીલધારી,
ભ્રગુનંદન લંબોદર સાહેબા તુમારી. ગળે.
હસી વસી કરત ભેદ ચારો દશ દિશા,
અબતો પાર ઉતારો નાથ, કહત ગૌરીદાસા. ગળે.

૨૧૩

ચાંદલીઓ આપોરે મા મને ચદાંલીઓ આપો,
નક્ષત્ર ચુંટીને મા મારે ગજુવે ઘાલો.
રોએ ને રાતડીઓ થઇને ચાંદા સામું જુએ,
માતારે જશોદાજી હરિનાં આંસુડાં લુએ.
ખાજાંને લાડુરે તે તુંને ખાવાને આપું.
આકાશી ચાંદલીઓ વસે તે ક્યાંથીરે આલું.
ચણા ને ચારોળીરે તે તારે ગજુએ ઘાલુ,
બાળક તો સઉને હશે પણ તુંથી સૌ હારૂં,
સુના થાળીમાં પાણી ઘાલીને ચાંદલીઓ આપ્યો,
ચૌદ લોકના નાથ પ્રભુજીને રોતોરે રાખ્યો.

૨૧૪

ગૌને હેળાવેરે ગોપાં ગૌને હેળાવે,
ઓ કહાનુડાજી ઓ કહાનુડાજી કહીને બોલાવે.
આજ મારી ગાયે દૂધ થોડેરૂં દીધું,
ધુતારા નંદજીના પુત્રે દોહીને પીધું.
સાંભળરે સુલક્ષણી નારી વાતલડી મારી,
જેવી તુ ધુતારી તેવી ગાવડલી તારી
મીઠાં મીઠાં વચન શુણી ગોપી આનંદ પામી,
ભક્તાવત્સલ ભૂધરા મેહેતા નરસઇઆના સ્વામી.

૨૧૫

ભોળીરે ભરવાડેણુ હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ત્ર ગોપીના વ્હાલાને મટુકીમાં ઘાલી.
શેરીએ શેરીએ સાદ કરે કોઇ લોરે મોરારી,
ચૌદ લોકના નાથને વેચે આહીરની નારી.,
મટુકી ઉતારીરે માંહે મોરલી વાગી,
વ્રીજની સહુ નારી જોઇને હસવા રે લાગી.
બ્રહ્માદિક ઈંદ્રાદિક બેઠા કૌતક ભાખે,
સોળ સહસ્ત્ર ગોપીના વ્હાલાને મટુકીમાં દેખે.
ભરવાડીના ભાએગે પ્રકટયા અંતરઆમી,
ભકતવત્સલ ભૂધરા મેહેતા નરસૈઆના સ્વામી.

૨૧૬

જાગોરે જશોદાજીના જીવન આળસડાં મરડી,
પક્ષીડાં તો શબ્દ કરેછે રજની રહી થોડી.
દેરાણી જેઠાણી મારી નણુદી જાગે,
પાડોશણના ઘરમાં ઘમઘમ વલોણું વાગે.
ક્ષણું એક રહો તો આવું તમારી પાસે,
પાલવ ગ્રહયો તે મારા ગોપીના નાથે.
આળસડાં મરડો તો ચીર લઉં તાણી,
સરખીને સમાણી સહીયર જાય છે પાણી.
આજની રજની રે રંગ કહયો નવ જાય,
સાંભળ સખી રે ઉલટ અંગે ના માય.

૨૧૭

ધન્ય રે ધન્ય મહા પુન્ય જશોદા, તણું, પુત્ર ભાવે પરિબ્રહ્મ રાજે,
નંદનો નંદ આનંદ થઇ અવતર્યો. શેષ બળિભદ્ર સંગે બિરાજે.
અમર આહીર અર્ધાંગ ગોપાંગના, વૃક્ષવેલી સરવ રૂષિ રાણી,
ભક્તિ તે રાધિકા મુક્તિ જશોમતિ, વૃજ વૈકુંઠ તે વેદ વાણી.
નિગમ વસુદેવજી ગાય ગોપી રૂચા, દેવકી બ્રહ્મ વિવાદ કાવે,
બ્રહ્મા કર લાકડી વેણું મહાદેવજી, પંચવદને કરી ગાન ગાવે.
ઇદ્ર અર્જુન અહંકાર દુર્યોધન, દેવતા સર્વ અવતાર લીધો,
ધર્મ તે રાય યુધિષ્ઠિર જાણજો, દાસનો દાસ નરસિંહને કીધો.

૨૧૮

પાછલી રાતના નાથ પાછા ફર્યા, શું કરૂં રે સખી હું ન જાગી,
હરખતાં નિરખતાં નિદ્રા આવી ગઇ, બોલ દીધો વ્હાલે બીરદ પાળી.
કૃષ્ણજી કયાં હશે શોકય હવે સુણશે, પ્રથમ જઇને હવે પાય લાગું;
ઉઠ આળસ તજી હરિ નથી ગયા હજી, બહાર ઉભા હશે હેત જોવા,
નરસઇઓનાં સ્વામીને આ ભવે વશ કરી, ઘેર જાવું હવે ઘેન દોવા.

૨૧૯

મને મેલરે સુંદરી પ્રાત હવો હવે, ગૌધેન ચારવા અસુર થાએ,
રાત રમતાં રહી પાછલી ખટઘડી, માહરી માત તો વ્હેલી જાગે.
સાદ કરશે મને સેજમાં શોધશે, હું રે આવ્યો તારી પાસ છાનો,
રીસે ભરાઇને નંદજીને પૂછશે, પાય લાગી કહું કંઇક માનો.
નરસઇઆના સ્વામીને ત્રિપદ પામીને, નિકટ નેણે પ્હોર ચાર લીધા.

૨૨૦

આજની રાતની વારતા શું કહું, સ્વપ્નમાં શામળા સંગ પરણી,
ચોરીમાં પરવરી પાસ બેઠા હરિ. બાઇ મારા કરમની કોણ કરણી.
ચાર વેદો કરી જાય મંગળ ફરી, નરહરિએ મારો હાથ ઝાલ્યો,
ઘૃત તણા દીપ મંડપ રહ્યો ઝગમગી, માંડવે નંદ આનંદ પામ્યો.
કનક આભ્રણ ધરી કુમકુમ કેશર ભરી, જશોમતિ સાસુને પાય લાગી,
નરસઇઆના સ્વામીએ એક કૌતક કહ્યું, એટલે ઝડપ ઝબકીને જાગી.

૨૨૧

મેલ પીતાંબરા અંબર માહરૂં સૂરજ ઉગે ત્યારે સઇ ન રહીએ,
અમ ઘેર સાસુડી નણુદ રીસાળવી, કંથ પૂછે તેને શુ રે કહીએ.
તું તારે મંદિરે પ્રેમશું પોઢીયો, માહરે મંદિરે દૂર જાવુ,
કંઠથી બાહુડી કહાડ કમળાપતિ, ક્ષણુ એક રહી તારી પાસ આવું.
ધેન દોવી ઘેર વાછરૂં ટળવળે, મહિરે વલોવવું આજ મારે,
લોકની લાજ લોપી લક્ષ્મીવરા, કોણ આવશે તારે ઘેર કાલે.
કંઠેથી કુસુમના હાર કરમાઇ ગયા, દીપક જ્યોત તે ક્ષીણુ થાએ,
પક્ષીડાં શબ્દ કરે અતિ સુંદરા, આંગણે રાગ પંચમ ગાએ.
રાત સઘળી હું તો તુંજ સંગે રમી રહી, ઉજાગરે કહું શીશ નામી,
નરસૈઆના સ્વામી ભલે મળ્યા, વ્રેહની વેદના દુર વામી.

૨૨૨

ઉઠ ઉતાવળો ચાલને વિઠલા, ગોવિંદ ગાયને વચ્છ ધાવે,
જાગની જાદવા જનુની જશોદા વદે,'કહાન કહાં ઘણી તને નિદ્રા આવે.
દંતધાવન કરો આળસ પરહરો, રજની મીટીરે ગઇ પો'ર ફાટયું,
કુર ને કરમળો શે ન શીરાવતો, દહીરે દામોદર થાય ખાટું.
બારણા બહાર બળીભદ્રજી ઉભલા, તેરે વ્હાલા તારી વાટ જોએ,
નરસઇઆના સ્વામીનું મુખડુ દીઠડે, માતાનું મનડું અતિરે મોહેરે.

૨૨૩

કામ છેજી કામ છેજી જાવા દે ગુમાની કહાન મારે ઘેર કામ છેજી,
આત ગોકુલ ઇત મથુરાં નગરી, વચમાં ગોકુળીયું ગામ છેજી.
આણી તીરે ગંગાને પેલી તીરે જમુના, કાળીનાગ નાથ્યો વ્હાલો શ્યામ છેજી.
ઘર પછવાડી મારે કદળીનું વન છે, બારણે ચંપાનું ઝાડ છેજી, જાવાદે.
ગરજ હોય તો મારૂં ઘર પૂછી આવજો, રાધેશ્વરી મારૂં નામ છેજી. જાવાદે.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, ચરણકમળ ચિત્ત દામ છેજી. જાવાદે.

૨૨૪

ક્યાં જાઉરે વેરણ રાત મળી.
રાત અંધારી વ્હાલા વાદળ કાળું, સમી સાંજની મારી આંખ મળી.
પગ તણીરે મારી પીડીરે પાકી, દુઃખના ડગલાં ભરીરે ભરી. ક્યાં.
મોર મુગટ પીતાંબરવાળો કાને કુંડળ મણીરે મણી. ક્યાં.

ઝરમર ઝરમર મેહુલોરે વરસે ચમક ચમક થાય વિજળડી. ક્યાં.
ચોરા જોયારે વ્હાલા ચૌટાંરે જોયાં શોધી વળી કુંજ ગલીરે ગલી. ક્યાં.
નરસૈઆના સ્વામી મારે મંદિર પધાર્યા પાયે લાગું હું તો વળીરે વળી. ક્યાં.

૨૨૫

સ્થિર રહે ચાંદલામા કરીશ વ્હાણું મારે પ્રાણજીવન ઘેર આવ્યારે.
પ્રાણજીવન ઘેર આવ્યા મારે જગજીવન ઘેર આવ્યારે.
રસીઆ સાથે રજની રમતાં મનડામાં ઘણું ભાવ્યારે,
ચાંદો વીટયો ચંદરણીને સરોવર વીટયું વેળુરે.
ગોવિંદ વીંટયો ગોવાલણીએ જેમ હંસાગમની હેલીરે,
પપૈયા પિયુ પિયુ કરી બોલે કોયલ મધુરૂં વાંચ્છેરે.
કુકડીઆ હું વારૂં તુજને રખે તું વણ પ્રકાશેરે,
પૂર્વ જનમ મેં અતી તપ કીધાં તો સુંદર વર પામીરે.
ધન્ય ધન્ય આજની રજની મારે સહજ પધાર્યા સ્વામીરે.
સાર સોહીએ શેરડીએ ને લ્હેરમ લ્હેર તું રંગારે,
ભલે મળ્યો નરસૈઆનો સ્વામી ગોપીજન ગોવિંદારે.

૨૨૬

પ્રભાતના પહોરમાં દીઠા ઠાકોરમાં, ઠીક ઠાકોરને મન મોહ્યું,
ધન્ય ઘડી આજની મેહેર મહારાજની, સેજમાં શામળે સામું જોયું.
નરહરી નરખીઆ પ્રેમસું પરખીઆ, ગોમતી ગંગમાં અંગ ધોયું,
રણછોડ રાયને જગત જોવા જાય છે, પલક એકમાં પાપ ખોયું.
વેદની વાત છે સમુદર સાથ છે, નાગને નેતરે નીર વલોયું,
સ્વામી પ્રચ્છારામના નવે ખંડે નામના, નરહરિ નરખીને દુઃખ ખોયું.

૨૨૭

ઉઠની આરાસુરી જાગો જગદીશ્વરી, ભાસ્કરી શક્તિ પ્રકટ થઇને ઉભી,
આળસ મરડીને શૈયા કર વેગળી, રાત્રિ સ્વરૂપને શીઘ્ર તજની.
ભાનુ મંડળ થકી ચંદ્ર મંડળ થકી, આવીને રહી છું તું મૃત્યુ લોકે,
વેદ છે તુજ થકી શાસ્ત્ર છે રૂપિ થકી, ધન્ય વેદેશ્વરી વેદેવાણી.
પંચમહાભુતથી શક્તિ કર તુજ તણી, એહમાં રાખજે લાજ મારી,
શક્તિ નવનિધિ તણી છે લાલ વસ્ત્રરૂપી, તાહરે દ્વાર આવીને ઉભી.
કર જોડી કરગરે સ્તુતિ કરે તુજ તણી, દર્શન અંબિકા આપ વ્હેલી
કૃપાકટાક્ષ તુજતણી કરની માયા મુજ ભણી, અંબીકા તું મારી માત સાચી.
આધિહર વ્યાધિહર હરત્રણ હારિણી, આપની તુજ ચરણ મુને દાસ જાણી
આ સ્તુતિ જે કોઇ ગાય ને સાંભળે, અ તે તે પ્રાણી અંબાને ખોળે—ઉઠની.

૨૨૮

સુરજ ઉગે ને સાધન સાધે,
હાંરે તારૂં ભજન કરે ભજનીરે,
હો રસીયાજી ક્યાંને રમ્યા રજનીરે. હો રસીયાજી.
આજનું સૂખડું કહોરે મને પ્રભુજી,
સઉ મળીને પુછે સજનીરે. હો રસીયાજી.
મોરમુગટ ને કાનેરે કુંડળ,
વળી ચાલ ચાલે ગજનીરે. હો રસીયાજી.
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
તારૂં લંપટપણું તજનીરે. હો રસીયાજી.

૨૨૯

જળ કમળ છાંડી જાઓરે બાળક, સ્વામી અમારો જાગશે,
જાગશે તને મારશે મને બાળ હત્યા લાગશે.
કહેરે બાળક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવીઓ,
નિશ્ચે તારો કાળજ ખુટયો, અહિંઆં તે શીદને આવીઓ.
નથી નાગેણુ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવીઓ,
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનુ શીશ હારીઓ.
રંગે રૂડો રૂપે પૂરો, દીસતો કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જન્મ્યા, તેમાં તુ અળખામણો.
મારી માતાએ બે જન્મ્યા, તેમાં હું નટવર નાધડો,
જગાડ તારા નાગને મારૂં નામ કૃષ્ણ કહાનડો.
લાખ ટકાનો મારો હારજ આપુ, આપુંરે તુજને દોરીઓ,
એટલું મારા નાથથી છાનું, આપું તુજને ચોરીઓ.
શું કરૂં નાગેણુ હાર તારો, શું કરૂં તારો દોરીઓ,
શાને કાજે નાગેણુ તારે, કરવી ઘરમાં ચોરીઓ.
ચરણુ ચાપી પૂંછ મરડી, નાગેણે નાગ જગાડીઓ,
ઉઠોની બળવંત કોઇ, બા ણે બાળક આવીઓ,
બેઉ બળીયા બાથે મળીયા, કૃષ્ણે કાળી નાગ નાથીઓ,
સહસ્ત્ર ફેણુા ફુંકવે જેમ, ગગને ગાજે હાથીઓ.
નાગેણુ સઉ વિલાપ કરે જે, નાગને બહુ દુ.ખ આપશે,
મથુરાં નગરીમાં લઇ જશે, પછી નાગનું શીશ કાપશે.
બેઉ કર જોડી વિનવે સ્વામી, મૂકો અમારા કંથને,
અમે અપરાધી કાંઇ ન સમજયાં, ન ઓળખ્યા ભગવંતને.

થાળ ભરી સગ મોતીએ, શ્રી કૃષ્ણને વધાવીઆ,
નરસૈંઆના સ્વામીની પાસેથી, નાગેણે નાગ છોડાવીઆ.

પારણું.

૨૩૦

માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પુરૂષોત્તમ આનંદભેર,
હરખી નરખીને ગોપીજન જાએ વારણે, અતિ આનંદ શ્રી નંદાજીને ઘેર,
માતા.
હરિના મુખડાંપર વારૂ કોટિક ચંદ્રમા, પંકજલોચન સુંદર વિશાળ કપાળ,
દીપક જ્યોતિ સરખી દીસે સુંદર નાસિકા, કોમળ અધર અરૂણ છે
રૂડાં રાતા ચોળ, માતા.
નવધસ્યામકાંતિ ભ્રગુટી છે વાંકડી, ખીલટીઆળા ભાળ ઉપર ઝુમે કેશ,
હસતા દંતુડી દીસે છે બેઉ હીરાકણી, જોતાં લાજે કોટિક મદનમોહન
વેષ, માતા.
સિંહનખ જડેલું સુવર્ણ શોભે સાગનું, નાજુક આભ્રણ સઘળાં કંચન
મોતીહાર,
ચરણ અંગુઠો ધાવે હરજી બેહુ હાથે ગ્રહી, કોઇ બોલાવે તો કરે
કીલકીલા કાર, માતા.
લાલ લલાટે કીધો કુમકુમકેરો ચાંદલો, શોભે જડીત્ર જાણે મુકતામણિની
માળ,
જનની જુગતે આંજે અણીઆળી બેઉ આંખડી, સુંદર કાજળ કેરૂં
ટપકું કીધું ગાલ, માતા.

સવે સોનાનું જડીત્ર મણિમય પારણું, ઝુલાવે રૂમઝુમ વાજે ઘુઘરીનો
ધમકાર,
માતા વિધવિધ વચને હરિગુણ ગાય હાલરાં, ખેંચે ફુમતીઆળી રેશમ
દોરી સાર, માતા.
મારા કહાનાની સમાણી કન્યા લાવશું, મારા લાલને પરણાવીશ
મહોટે ઘેર,
મારો જાયો વરરાજા થઇ ઘોડે બેસશે, મારો કહાનો કરશે સદા
લીલાલ્હેર, માતા.
જેનો શેષ શંકર સરખા પાર પામે નહિ, નેતિ નેતિ કહે છે નિગમ
વારંવાર,
તેને નંદરાણી હુલરાવી ગાએ હાલરાં, નથી નથી એના ભાગ્યતણો
કાંઇ પાર, માતા.
ધન્ય વ્રજવાસી ગોપીજન નંદ જશોમતિ, ધન્ય ધન્ય વૃંદાવન
હરિ કેરો ત્યાં છે વાસ,
સદા જુગલ કિશોરે ત્યાં લીલા કરી, બલીહારી કહે છે દયારામદાસ,
માતા.

૨૩૧

માતા જશોદા બોલાવે જમવા લાલને, ચાલો લાડકડા પુરૂષોત્તમ લાગું પાય,
તેમ તેમ રીસાવી રંગ રસીયોજી આવે નહિ, પાછળ દોડે તેમ
નટવર નાસી જાય. માતા. ૧
કાળા કેમ સંતાપે મુજને ઘરમાં કામ છે, વાટ જુએ છે કહાના બેસી રહ્યા
બળવીર,

તુજને શિખામણ દઉં છું તે કેમ નથી લાગતી, શા માટે શામળીઆ
ભરો નેત્રમાં નીર. માતા. ૨
આવા ઢગ ધુતારા જે કોઇ તુજમા જાણશે, ત્યારે પરણ્યાની શી
થાશે હરજી પેર,
કોઇ કન્યા નહિ આપે કહાના કહું છું તુજને, રાખો ડહાપણ ચાલો
રાડ તજીને ઘેર. માતા. ૩
હવે નહી મારૂં મારા સમ મુજને છે બાપના, હું તો હારી તુજથી
જીત્યો તું જુગદીશ,
શું કરૂં લાડેકવાયો એકનોએક છે નંદને, તેથી સાંખી રહીછું બાકી
ચડે છે રીશ. માતા, ૪
જેમ તેમ સમજાવી લઇ ચાલ્યાં સુંદરશ્યામને, કટિએ બેસાડીને
ચુંબન કીધું ગાલ.
સુખડાં હરખી નરખી રંગમાં રીઝયાં ઘણું, લાવી મુખડા આગળ
મૂકી કનકની થાળ. માતા. ૫
માંહે પકવાનો પીરસ્યાં છે ભલી ભલી ભાતનાં, ખાજાં જલેબી
ઘેબર બરફી બુરાં સાર,
માંહે સુતરફેણી આણી અતિશે ઉજળી, પુરણપોળી સકરપારા શીરો
સાર, માતા. ૬
એવા મીઠાઇ લાવ્યાં છે માત જશોમતિ, રીસ ઉતારી પ્રીતે જમોની
મારા બાળ,
અતિ આનંદે જમાડે સુંદરશ્યામને, ગોપી રીઝવી રીઝવી રમાડે નંદ-
લાલ, માતા.
રીઝવી રમીને જમ્યા છે હરિ બળદેવજી, માતા જશોદાનો આનંદ ના માય,

ફરખે જમાડી પોરાડે પ્રભુને પારણે, ઉભો દાસ હરિભદ્ર ઢોળે પ્રભુને
વાય, માતા.

(સીતાના મહીના)

૨૩૨

સખી આવીઓ કાર્તિક માસ, કે કંથ સીધાવીઆ,
જે માસ મૂકી ટહાડ, શીઆળો ભર આવીઓ.
મને મૂકી ગયા નિરધાર, પીયુરે મારા પરવર્યા,
જેવા જમડા વેરણુ હોય, જીવડો મારો જાય છે
સખી માગસરીએ મદ જાય, બાળાપણુ દોહ્યલું,
જેના રામ ગયા પરદેશ દહાડા લેવા દોહ્યલા.
સખી સુની દીસે સુંદર સેજ, સુના દીસે ઓરડા,
જેના પ્રભુ ગયા પરદેશ, તેને શેના સોયલાં?
સખી પોષ માસે પરિબ્રહ્મ, મને બહુ સાંભરે,
સીતા એકલડાં વનમાહ્ય, ઝુરી ઝુરી શુ કરે?
હરિ વિના વાણું ન વાય , રહેવાય નહી એકલુ,
કોઇ આવે ને કોઇ જાય, સંદેશો મોકલું.
સખી આવીઓ માઘ માસ, સજ્જન મુને સાંભરે,
એ ૠતુએ હિમાળો વાય, દેહી મારી થરથરે
સખી પોતાના દીલડાની વાત, કોની પાસે બોલીએ,
જેના રામ ગયા પરદેશ, અન્તર શું ન ખોલીએ.
સખી ફાગણુ મહીને ફુલ, દીસે રળિયામણાં,

જેના રામ ગયા પરદેશ, પુછો કોણ કામનાં?
સખી પીપળે આવીઆં પાન, હજીએ ન અવીઆ
એમ વહી ગયા પાંચ માસ, છઠો ચૈત્ર આવીઓ.
સખી ચૈત્રે ચિંતા માંહે, સુકાઇને સગાવર્યા.
ના આવીઓ કાગળ એક, હરિના હાથનો.
સખી ઉનાળે લુ વાય અગ્નિ બહુ બાળે
ન આવીઓ કલ્યાગરો કંથ, હૈયામાં ખરખરે.
સખી વૈશાખે વનમાંય, હીંડોળે ઝુલતા,
આવી પાકી આંબા ડાળ, સદા ઘણું ચાખતા
રીસાવી ગયા મારા રામ, નયનારે રહ્યા ચોળતાં
આવી પાકી આંમા શાખ, વીખડા જેમ ઘોળતાં.
સખી જેઠ માસે જળમાય, સજોડે ઝીલતાં,
જેના રામ ગયા પરદેશ, સહીઅર શુ ખેલતાં
સખી નાહી ધોઇ નીરધાર, અબોડો વાળીએ,
જેના રામ ગયા પરદેશ, કાજળ કેમ સારીએ.
સખી આવીઓ આષાઢ માસ, પપૈયા પીયુ કરે,
ઝીણા ઝરમર વરસે મેહ, આભેથી ઉતરે.
સખી ઘોર અંધારી રાત, ચમકતી દામની,
જેના રામ ગયા વનવાસ, સેજે કોણ કામની ?
સખી આવીઓ શ્રાવણ માસ, શ્રાવણ વરસે સરવડે,
સીતા ભીંજે નવરંગ ચીર, નયનેથી આંસુ ઝરે.
સખી ભાદરવે ભરથાર, વીના કેમ જીવીએ,
આવી નવી કરસણ ડાળ, નનાંરે કેમ ચાખીએ.

સખા પ્રેમ રસની પ્રીત, પળે તો પાળીએ,
એવા નગુરાં માણસની પ્રીત, ટળે તો ટાળીએ.
સખી આવીઓ આસો માસ, દીસે રળીઆમણો,
ઘેર પધાર્યા શ્રી જગદીશ, દિવસ સોહામણો
પુરમાં વરત્યો જય જયકાર, અજોધ્યામાં આવીઆ,
સતી સીતાના પૂર્યા કોડ, મોતીડે વધાવીઆ.

પંદર તિથિ.

૨૩૩

સખી પડવે તે પંથે ચલ્યારે, મહાવનના મારગે ઝાલ્યારે,
સાથે સીતાને લક્ષ્મણ બાળા, રઘુપતિ રામ હ્રદેમાં રહેજોરે.
સખી બીજે મઢીમાં બીરાજેરે, પાસે નદીઓ તણાં નીર ગાજેરે,
રામ મ્હેલી ગયા રૂડું રાજ—રઘુપતિ.
સખી ત્રીજે તે વનની ઝાડીરે, દશ ફળ મંગાવે છે દહાડીરે,
સારી શોભે સીતાજીની વાડી—રઘુપતિ.
સખી ચોથે કેવડીઓ મ્હેકેરે, ફાલ્યો ફુલ્યો મોગરો મ્હેકેરે,
એવી લીલી લતાઓ લ્હેકે—રઘુપતિ.
સખી પાચમે પોપટ પાળ્યોરે, પાંખ લીલી ને કાંઠલો કાળોરે,
રામ નામ ભણંતો ભાળ્યો—રઘુપતિ.
સખી છઠે છેતરવાને આવ્યોરે, કુડો કપટી રાવણ સાથે લાવ્યોરે,
એ મુખનો મૃગ બનાવ્યો—રઘુપતિ.
સખી સાતેમે શ્રીહરિ સમર્યારે, વાડી ભેળી ઉરાડયા ભમરારે,
ડાળ સાહી ઉખેડયા ડમરા—રઘુપતિ.

સખી આઠમે એને નિહાળ્યોરે, ધનુષ્ય ધારીને મૃગલો માર્યોરે,
મૃગ મરતી વખતે પોકાર્યો —રઘુપતિ.
સખી નોમે તે નાખ્યું તીરરે, જઇ વાગ્યું તે મૃગને શીરરે,
ધાજો ધાજો લક્ષ્મણ વીર —રઘુપતિ.
સખી દસેમે કહે લક્ષ્મણનેરે, ભેશી વીરો બોલાવે છે તમનેરે,
આડી આણ દેતા જાઓ અમને —રઘુપતિ.
સખી એકાદશી ઉપવાસીરે, લંપટ લેવાનો લાગ તપાસીરે,
રાવણ સીતાને લેઇ ગયો નાશી —રઘુપતિ
સખી બારસે હનુમંત બળીઓરે, ઠેકી સમુદ્રને પાર ઉતરીઓરે,
જઇને જોગમાયાને મળીઓ.—રઘુપતિ
સખી તેરસે ત્રંબાળુ ભાગેરે, હાક હનુમંતકેરી વાગેરે,
લ્હાય લંકાગઢમા લાગે —રઘુપતિ
સખી ચૌદસે ચિત્ત વિચારીરે, ફોજ વાંદરાની રચી સારીરે,
રામે રાવણને નાખ્યો મારી —રઘુપતિ.
સખી પૂનેમે પ્રભુજી પધાર્યારે, થાળ ભરી મોતીડે વધાવ્યારે,
માતા કૌશલ્યાને મન ભાવ્યા.—રઘુપતિ.

સાત વાર

૨૩૪

સોમવારે રે શિવશક્તિ પૂજુ પ્રીતથી.
અંતરમાંરે ધ્યાન ધરૂં એક ચિત્તથી,
મંગળવારે રે મંગળ પદ પ્રભુ આપજો,
મુજ વૃત્તિને રે આપ ચરણમાં સ્થાપજો,

બુધવારે રે બુદ્ધિબળ મુજમાં નથી,
આશા તૃષ્ણાથીરે, મન ન છૂટે મમતથી,
ગુરૂવારે રે સદ્ગુરૂ સાહ્ય કરો પ્રભુ,
સચરાચરરે સર્વ વ્યાપક છો હે વિભુ
શુક્રવારે રે શુદ્ધ ભાવે ભજું તેહને,
અષ્ટ સિદ્ધિરે અણિમા સહ વંદે જેહને;
શનિવારે રે સત્વ તણી વૃદ્ધિ ના થાતી,
કરૂણા કરોરે મુજ બુદ્ધિ નિર્મળ અતિ
રવિવારે રે રજ તમથી નિવૃત્ત કરો,
રૂમિયાપતિરે મુજ વિનતિ શ્રવણે ધરો.
સપ્ત વારેરે સાધન સંપત્તિ યાચતી,
મનમોદથીરે હરિગુણ ગાઇને રાચતી.

પ્રકરણ ૧૧ મું.

પાકવિધિ.

ગીતિ.

લઘુ વયની આ જેણે, વિવિધ પ્રકારની રસોઇ નવ કીધી,
તેની સુગમતા માટે, પ્રકટ કરી છે પ્રીતે પાકવિધિ.
એકાકી જન જે ને, વળી વિદેશ વિષે વિચરનારી,
તેના મનની શંકા, છે આ પાકવિધિ સઉ હરનારી.

કંસાર કરવાની રીત.

જેટલો કંસાર હોય તેથી દોઢું પાણી મૂકી અધરણ કરવું. તેમાં કંસાર ઓરવો-પાણી સોસવાઇ જાય એટલે તેમાં ખાંડ નાખી હલાવી ને અંગારે મૂકવો અને ઘી શેર ૦। લેખે નાંખવું.

ગોળનો કંસાર કરવો હોય તો અધરણ ખખળે એટલે તેમાં ગોળ નાખી તે ગોળ મળી જાય પછી કંસાર ઓરી પાણી સોસ વાઇ જાય એટલે તેને અંગારે મૂકવો.

કંસાર ઓરતાં પહેલાં થોડા તેલનું માણ કંસારને દેવું.

કંસાર શેર એકે સવાશેરી ખાંડને ગોળ શેર ૧ લેખે નાખવો ને મસાલામાં બદામ, ચારોળી, દરાખ, એળચી સુમાર પ્રમાણે નાંખવાં.

કંસાર શેર એકે માણુસ ૨।। લેખે અને લ્હેંચી સાથે માણુસ ૪ લેખે મૂકવો. ને લ્હેંચી શેર ૧ નાં માણુસ ત્રણ લેખે મૂકવી ને કંસાર દૂધ હોય તો માણુસ દીઠ દૂધ શેર ૧।। મૂકવું. કંસાર ઘી હોય તો ઘી શેર ૦।। માણુસ દીઠ અને કંસાર લ્હેંચીના જમણમાં માણુસ દીઠ ઘી શેર ૦।। ગણવુ.

ઓરમું કરવાની રીત

કંસારને ઘીમાં સાંતળવો ને ગુલાબી રંગ થાય એટલે તેમાં પાણી નાખવું. તેમાં કંસારનો દાણો મ્હોટો હોય તો પાણી અઢી ગણું અને દાણો ઝીણો કંસારના જેવોજ હોય તો બમણું નાખવું તે પાણી સોસવાઇ જાય પછી તેમા ખાંડ તથા ઉપર પ્રમાણે મસાલો નાખી હલાવીને અંગારે મૂકવું.

કંસાર શેર એકે ઘી શેર રૂવા અથવા શેર દોઢ અને તેટલીજ ખાંડ નાખવી.

ઓરમું શેર એકના માણુસ પાંચ લેખે મૂકવું.

પૂરી શેર એકે માણુસ ત્રણ લેખે મૂકવી. શેરની પૂરીમાં માણુ પઇસા ત્રણ ભાર નાખવું ને પૂરી તળવામાં શેર એકે ઘી શેર અડધો જોઇએ.

મીઠો ભાત કરવાની રીત.

ચોખ્ખા અધરણમા ઓરી ચોખા બફાએથી ઓસાવી નાખવા પછી તેમાં ખાંડ તથા કેશર વાટી તેનું પાણી નાખી હલાવવું ને ઘીમાં તજ લવિંગ વઘારી તે તથા મસાલો નાખવો અને હલાવી અંગારે મૂકવો.

મીઠો ભાત અને દૂધનું જમણ હોય તો શેર એક ચોખાએ અઢી માણુસ લેખે ગણી મૂકવો ને માણુસ દીઠ દૂધ શેર ૧॥ ગણવું.

મીઠા ભાતમાં ઘી શેર ૦॥ લેખે અને ખાડ શેર સવા લેખે નાખવી, બીજું જમણ પાછળ કરવો હોય તો શેરે પાંચ માણુસ ગણવાં. એકલો કરવો હોય તો કસાર પ્રમાણે ગણવો.

શીરો કરવાની રીત

રવો ઘીમાં શેકવો. બરાબર શેકાયા પછી ખાંડ પાણીમાં મેળવીને તે પાણી શીરામાં રેડી દેવું. પાણી સોસાયા પછી બદામ વગેરે મસાલો નાખી અંગારે મૂકવો.

શીરાનો રવો શેર હોય તો શેરે સવા અથવા દોઢ શેર ઘી તથા શેરે દોઢ શેર પાણી અને ખાંડ શેરે સવા અથવા દોઢ શેર, શેરનાં પાંચ માણુસ ગણવાં.

પૂરીમાં શેરના ત્રણ માણુસ ગણવાં. લોટમાં રવો ભેળવવો હોય તો શેરે ૦। શેર.

થુલી કરવાની રીત.

થુલી કંસાર કરતાં ઝીણી રાખવી. અધરણ થાય ને સ્હેજ તેલથી મ્હોઇને થુલી ઓરી દેવી. પાણી સોસાયા પછી ઘી અંદર નાંખી અંગારે મૂકવી જેટલી થુલી હોય તેટલું પાણી મૂકવું.

કંસાર, ઓરમું, શીરો, તથા થુલી એ સર્વનો રવો તથા પાણી ભરવાને વાડકાનું પ્રમાણ રાખવું, ગળપણ ઉપરથી લેવું શેરમાં ૨॥ માણસ ગણવાં.

બીરંજ કરવાની રીત.

ચોખા શેર એક અને ચણાની દાળ નવટાંક એકઠાં કરી ઘીમાં સાંતળવાં. પછી દોઢશેર પાણી નાંખવું. પાણી સોસાયા પછી ખાંડ નાંખવી અને કેસર બદામ વગેરે મસાલો નાંખવો અને અંગારે મૂકવો. મોળો કરવો હોય તો ખાંડ નાંખવી નહી. શેરે ઘી શેર ૦॥ અથવા ૦॥। તથા ખાંડ ૧॥ અથવા ૧। શેર. શેરમાં પાચ માણસ ગણવાં.

લીલવાની ખીચડી કરવાની રીત

લીલવાને ઘીમાં ધીમે તાપે સાંતળી બફાવવા દેવા. બદામ વગેરે બધો મસાલો સાંતળી નાંખવો. પછી ચોખાને ઘીમાં સાંતળી લીલવા અંદર નાંખીને આશરે દોઢું પાણી નાખવું અને બધો મસાલો પણ અંદર નાખી દેવો. પાણી સોસાયા પછી અંગારે મૂકવી.

ચોખા શેર. એક લીલવા શેર ૧।, ઘી શેર પોણો અથવા શેર કેશર તથા મસાલો સુમાર પ્રમાણે નાખવો. માણસ એક દીઠ પોણોશેર, ખીચડી ગણવી. ગળપણ અંદર રાખવું નહી.

કરડની ખીચડી કરવાની રીત.

કરડને મીઠા પાણીમાં ત્રણ ચાર કલાક પલાળી રાખવી. ખીચડી ઓરતી વખત દાળ નાખવી

શેર કરડમાં દાળ શેર અડધો અને પાણી બમણું નાખવું. બફાવવા આવે એટલે સારી રીતે ઘુંટીને ખાવા જેવી થાય એટલે ઉતારી લેવી. માણસ દીઠ પોણો શેર ખીચડી ગણવી.

બાજરીની ખીચડી કરવાની રીત

બાજરીને છડાવી, ઝડકાવી નાખી શેર બાજરીમાં દાળ શેર અડધો નાખવા અને પાણી દોઢું નાખીને ઉપર પ્રમાણે કરવી.

એક પતેલીમાં દાળભાત કરવાની રીત.

દાળ ચોખાને જૂદાં ધોઇ પતેલીમાં પાતરાનો આડો પડદો મૂકી એક બાજુએ દાળ ને એક બાજુએ ચોખા નાખવાં અને અંદર ધીરે હાથે પાણી રેડી ચૂલે મુકવા. તાપ ધીમો રાખવો બહુ તાપ કરવાથી એકઠાં થઇ જાય છે. મીઠું નાખવું હોય તો દાળની બાજુમાં નાંખવુ.

ચણાની દાળની ગળવેડમી કરવાની રીત.

અધરણ થાય ને ચણાની દાળ ઓરવી. તેને સારી રીતે ગળી જવા દેવી અને પાણી બળ્યા પછી અંદર ખાંડ નાંખવી ખાંડનું પાણી સોસાયા પછી ઉતારી લેવી. ટાઢી પડે એટલે ચારણી ઉંધી નાંખી દાળને ચાળી નાંખવી અને પછી તેના લુઆ વાળવા ને રોટલી જરા હળકી વણીને તેની અંદર ગોળદાળનો લુઓ મુકી રોટલીને વાળી દઇ અટામણમાં બોળી પાતળી વણવી.

શેર એક દાળ અને સવાશેર અથવા દોઢ શેર ખાંડ. શેર ૧ દાળમાં ૨॥ માણસ ગણુવા. શેર ૧ બે લોટ શેર અડધો ઝીણો ચાળેલો બાધવો તુએરની દાળની કરવી હોય તો તેને ચાળવી નહી. બાકી બધી રીત ઉપર પ્રમાણે.

ઘારી કરવી હોય તો ઘઉંના લોટમા સારૂં માણુ નાખી બાધવો.

ગોળની કરવી હોય તો શેર દાળે શેર ૧ ગોળ નાંખવો.

કોપરાની ઘારી કરવાની રીત.

છીલમાં ખાંડ ભેળી ઘી મી આંચે ચૂલાપર મકવી ખાંડનું પાણી સોસાય ને લુઆ વળતી છીલ થાય પછી માવો મોળો ~~નાખી હલા~~ વીને ઉતારી લેવુ છીલ રાતી થવા દેવી નહી અને ઉપર પ્રમાણે ઘારી વણવી

ખમણુ શેર એક, ખાંડ શેર સવા, માવો પાસેર. શેર એક ખમણુમા માણસ ૨ઢી ગણુવા ઘારી જોડે ખીર કરવી હોય તો શેરે ૩ માણુસ ગણવાં અને ખાંડ ઓછી નાખવી.

લાડુ કરવાની રીત.

લોટમાં સારૂં માણ નાંખી કઠણુ લોટના મુઠીઆં વાળી ગુલાબી રગના તળવાં અને તેને ખાંડીને ચાળી નાંખી ઘી તથા ખાંડ નાખી લાડુ વાળવા ઘી ઉનું કરીને નાખવું પણુ બહુ આકરૂં કરવું નહી શેર લોટે ઘી શેર પોણો ને ખાડ શેર ૦॥। શેરનાં બે માણુસ ગણુવાં.

ભાખરાનો લાડુ કરવો હોય તો ભાખરો શેકી ખાંડી નાખવો અને ઉપર લખ્યા પ્રમાણે કરવો. ગોળનો કરવો હોય તો ગોળ દોડ પાશેર લેખે નાંખવો મઠો કરવો હોય તો માણસ દીઠ દુધ શેર ૧॥ ગણુવું.

ચોસલાંનો લાડુ કરવો હોય તો થાળીમાં થાબડી ચોસલાં પાડવાં.

ખીર કરવાની રીત.

ચોખા પલાળી મૂકવા. દૂધ સારૂં ઉનું થાય ને અંદર ચોખા નાખવા અને ધીમે તાપે બફાવવા દેવા. ચોખા બફાયા પછી ઘુંટીને એકરસ કરવા અને ઉતારવા જેવા થાય ત્યારે અંદર ખાંડ નાંખી ર્‍હેજવાર થાય ને ઉતારી લેવા અંદર એલચી નાંખવી. માણુસ દીઠ બસેરૂં દૂધ ગણવું અને ચોખા મણે અઢીશેર લેખે નાંખવા અને ખાંડ મણે આઠશેર લેખે નાંખવી.

પૂરીમાં શેરે અઢી માણુસ ગણવાં.

ખીર લ્હેંચી કરવાં હોય તો તેમાં ચોખા મણે ત્રણ શેર લેખે નાખવા અને ખીરને વધારે ધાડી કરીને ઉતારવી. ખાંડ અંદર નાખવી નહી. વગર અજીઠી કરવી હોય તો સ્હેજ ઘીથી ચોખા મ્હોઇને નાખવા.

લ્હેંચીમાં શેરે અઢી માણુસ ગણવાં અને બુરૂ માણુસ દીઠ શેર અડધો ગણવું અને એલચી બુરામાં નાખવી. સેવની ખીર કરવી હોય તો મણ દૂધમાં બશેર સેવ નાખવી ને નરમ ઉતારી લેવી. ખાંડ મણે ૭ શેર નાખવી.

ધારી જોડે ખીર કરવી હોય તો ખાંડ મણે ૭ શેરી નાખવી અને માણુસ દીઠ દૂધ શેર દોઢ ગણવું.

ગળવાણું કરવાની રીત.

દૂધ ઉકળ્યા પછી ટાઢા દૂધમાં ઘીમાં સાંતળેલો લોટ મેળવી અંદર નાખીને ઉકાળવું. થોડીવાર ઉકળે ને ઉતારી લેવું અને એલચી નાંખવી.

દુધ શેર પાંચમાં લોટ ૦| શેર લેખે નાખવો.

માણુસ દીઠ દોઢ શેરૂં દુધ ગણવું અને ખાંડ વજનસર નાખવી. પુરીમાં શેરમાં બે માણુસ ગણવાં.

બાસુદી.

માણુસ દીઠ ચારશેર દુધની બાસુદી ગણવી. બુરૂ મણ દુધની બાસુદીમાં ર॥ શેર નાખવું.

પૂરીમાં શેરનાં ત્રણ માણુસ ગણવાં.

શ્રીખંડ.

માણુસ દીઠ બસેરૂં દુધ ગણવું. ખાંડ મણે સોળશેર લેખે નાખવી. પૂરીમા શેરના ત્રણ માણુસ ગણવાં.

મલાઈ.

માણુસ દીઠ પોણોશેર ગણવી અને બુરૂ પાશેર.

પૂરીમાં શેરના ત્રણ માણુસ ગણવાં.

બરફી.

માણુસ દીઠ શેર બોજ ગણવો પેંડા વગેરે એજ પ્રમાણે ગણવું.

પૂરીમાં શેરે ત્રણ માણુસ ગણવાં. મઠાનું દુધ માણુસ દીઠ શેર દોઢ.

લાખણુસાહી લાડુ કરવાની રીત.

લોટ ચણાનો શેર ૧ માં માણુ ઘીનું ૭ પૈસા ભાર નાંખવું ને પાણીથી લોટ બાંધી ઝારેથી પેણીમા ગાંઠીઆ પાડવા, ગુલાબી રંગના થાય એટલે કાહાડી લેવા પછી તેને ખાંડી ભૂકો તૈયાર કરવો. શેર લોટે ખાંડ શેર ૩, ઘી પાસેર તથા તળવાનું ઘી શેર અડધો. ત્રણ

શેર ખાંડને દોઢ શેર પાણી ઉનું કરવું પાણી ખખળે એટલે તેમાં બે પૈસા ભાર દૂધ નાખવું પછી ઉપર મેલ આવે તે કાઢી નાખવો. ચાસણી ત્રણ તારી થય એટલે લાડુના ભૂકામાં અડધી નાખવી અને અડધી જરા વધારે આકરી કરી નાખી દેનીને પછી લાડુ વાળવા. દરાખ, ચારોળી તથા એલચી નાખવાં હોય તો અંદર નાખવાં. શેરમા પાંચ માણસ જમે અને સાથે જો દહીથરાં હોય તો શેરે સાત માણસ જમે

દહીથરાં કરવાની રીત.

ઘઉંનો લોટ શેર ૧ માં પંદર પૈસા ભાર રવો, અડધો શેર ને નવટાંક મોટો ઘીનું માણ દેઢ પાસેર ખમતું પાણી નાખી લોટને ઘસોટીઆ લાડુની માફક ધીરે હાથે ગુણવો ને પછી દહીથરાં વાળવાં ને ઘીમાં તળી કાહાડવા શેરે બે માણસ જમે

જલેબી કરવાની રીત

મેદાનો લોટ શેર ૧ ઘીનું માણ ૭ પૈસા ભાર દહી અડધા પૈસા ભાર પાણી સારૂં ઉનું કરીને લોટમા નાખવું ખીરૂં જાડા શીખડ જેવુ કરવું. જલેબી કરવી હોય તેને આગલે દીવસે આથી મૂકવું. આથ્યા પછી ચોવીસ કલાકે જલેબી પાડની ટાહાડ હોય તો છત્રીસ કલાકે પાડવી ખીરાને ખાંડવાળો હાથ લાગે નહિ તે તપાસવું. ખાંડ શેર અઢી લેવીને તેને લાડુની ,રીત પ્રમાણે ધોવી અને બે તારી ચાસણી કરી મૂકવી અને જલેબી ઉતરે તેવી ચાસણીમાં નાખી તેને ઝારાથી અંદર દબાવી રાખવી અને બીજો ઘાણ ઉતરે એટલે કાહડી લઇને ચોડા કરી થાળામાં મકતાં જવુ. શેરમાં પાંચ માણસ જમે.

ખાજલી કરવાની રીત.

લોટ મેંદાનો શેર અડધો ને નવટાંક તથા રવો દોઢ પાશેર મળી શેર ૧, મોણનું ઘી શેર ૦। નાખી, કણેક પૂરીના લોટ જેવી બાંધવી ને પછી તેને ઢીમચાપર મૂકી મોગરીથી ખાંડી સેવના લોટ જેવી ઢીલી કરવી અને તે કણેકને પાટલા ઉપર પાથરી દેવી હથેલી ભર જાડી પાથરવી પછી માજરવેલ ચોખાનો લોટ શેરે પોણો લઈ ઘીથી બાંધી દળ જેવો નરમ કરી પાટલાપરની કણેકપર સરખે ભાગે પાથરી દેવો ને પછી કણેકને બેવડી કરવી અને સાટો બહાર ન નીકળે માટે ચોવડી કરવી ને કણેકને લાંબી કરી પાછી પાટલાપર મૂકવી. સાટો બહાર નીકળી ન જાય તેની સંભાળ રાખવી તવેથાએ કણેકના કટકા પાડવાને હાથેથી દબાવીને લુઆ કરી ખાજલી વણવી લુઓ કરતાં સાટો બહાર નીકળી ન જાય તે ખુબ તપાસવું. વણ્યા પછી આગળીથી કાણા પાડવાને ધીમે તાપે ઉકળતા ઘીમાં તળવી. શેરમાં પાંચ માણસ જમે.

ઘેવર કરવાની રીત.

મેંદો શેર ૧ પાણી ઉનું કરીને પુરી જેવો લોટ બાંધવો ને તપેલામાં લઈ બે બે પૈસાભાર પાણી નાખતા જઇ જાડા શીખંડ જેવો રાખવો તેની અંદર ઘી શેર દોઢ આંગળી દાજતું તથા પાણી ઉનું કરી નાખવું ને ખીરાંને ખુબ એકમેક કરી દેવું ને જાડી કડી જેવું કરવું પછી ઘેવરના વાડકા હોય તેમાં ઘી નાખી કડછી વતી ઝીણી ધારે ખીરૂં રેડવું. બરાબર વચ્ચેજ રેડયા કરવું ને બે-બાં તૈયાર થયેથી લાકડાના સોયાથી કાડી લેવાં ને ટાડાં પડયાં પછી

ચાસણી પાવા. શેર લોટે પાંચશેર ખાંડ લઇ ઉપર લખ્યા પ્રમાણે ધોવી ને જલેબીના જેવી ચાસણી રાખવી ને કથરોટમાં ભરવી. ગુલાબજળ તથા એલચી ચાસણીમાં નાખવાં. કથરોટપર ચાર આંગળ પોળાં પાટીઆં મૂકવાં ખોખાંને ચાસણીમાં દાબીને બોળવાં ને તવેથેવતી પાટીઆપર ચોડા કરવા. દસ લગી ચોડા કરવા તથા ચાસણી કડછીમાં લઇ ઘેવરના ચોડાપર રેડયા કરવી તે બધી ચાસણી પી જવા આવે ને ખોખા નરમ થવા આવે કે ઉપાડી લઇ કથરોટમાં મૂકી દેવાં. કથરોટમાં નીતરી રહે ને પાછા પાટીઆપર મૂકવાં ને થાળામાં નીતરેલી ચાસણી હોય તેને પેણીમાં નાંખીને સ્હેજ લીંબુ નાંખી ઘુંટવી ને તે ચાસણી પાતળા મઠા જેવી રાખવી ને કડછીથી ઘેવરનાં ખોખાંની ધારને પાવી. ખોખાં ઉપર પણ એ ચાસણી પાથરી દેવી પછી ચારોળી, પસ્તાં તથા ગુલાબનાં ફુલ તરત પાથરી દઇને ચોડા કરવા. ચાર ચારની ચોડ કરી કથરોટમા મૂકી દેવાં. ઘેવર સકત ચચલાં લાગે તો ઉપર સ્હેજ ભીનો કકડો ઢાંકવો ને બીજે દહાડે ખાવામાં લેવાં. શેર ૧ માં ૭ માણસ જમે

ફરસીપુરી કરવાની રીત.

ઘઉનો લોટ શેર ૧. રવો, મેંદો તથા માણુ દહીંથરાં પ્રમાણે પોણા પૈસાભાર મીઠું. પોણા પૈસાભાર મરીના તાંદળા. પોણા પૈસાભાર જીરૂં. પોણા પૈસાભાર હળધ. એ બધું નાખી લોટ બાંધી પુરી વણીને ઘીમાં તળવી. શેર ૧ માં ત્રણ :માણસ જમે.

ખડબુચાં

માણસ દીઠ બશેર ગણવાં અને ખાંડ શેર અડધો.

પૂરીમાં શેરનાં બે માણસ ગણવાં.

રસપૂરી

માણુસ દીઠ કેરી શેર ચાર ગણવી.

પૂરીમાં શેરે અઢી માણુસ ગણવાં. લ્હેંચીમાં પણ શેરનાં અઢી માણુસ ગણવાં.

મુરબ્બો કરવાની રીત.

કાચી કેરીને છોલી કકડા કરી પાણીમાં બાફી કહાડી લેવા. પછી પાતેલીમા થોડું પાણી નાખી, અંદર ખાંડ નાખી, ચાસણી કરવા મૂકવી, તેમાં થોડું દુધ છાંટવું અને મેલ ઉપર આવે તે કહાડી નાખવો. અને ત્રણ તાર નીકળે એવી ચાસણી કરી તેમાં કેરીનો કકડા નાખવા અને પાણી છુટે તે બળ્યા પછી ઉતારી લેવો. ને એલચી નાખવી સુરબ્બાની કેરી શેર એક તથા ખાંડ શેર દોઢ લેખે ગણવી પૂરીમા શેરે બે માણુસ ગણવાં. સરફ્રજનનો મુરબ્બો પણ એજ રીતે થાય છે. સફ્રરજન બાફવાં નહી.

ખાંડ કેરી કરવી હોયતો તેની ચાસણી નરમ રાખવી. મુરબ્બામાં શેરે ત્રણ માણુસ ગણવા

ગોળકેરીમા શેર કેરીમાં સવાશેર ગોળ નાખવો.

કેળાં લ્હેંચી.

માણુસ દીઠ કેળા નંગ સાત તથા બુરૂં ૦। શેર. લ્હેંચીમાં શેરનાં ત્રણ માણુસ ગણવાં.

બોળેલી રોટલી.

ઝીણા ચાળેલા લોટની ઉપસેલી રોટલી કરી ઉની ઉની ઘીમાં નાખી ચોડા કરવા. અને ચોડા ઉપર પાછું સારી રીતે ઘી ચોપડવું. શેરનાં અઢીમાણુસ ગણવાં. માણુસ દીઠ બુરૂં પાશેર. શેર લોટે ઘી શેર૧.

પરસુદીની સેવ કરવાની રીત.

ઘઉં ધોઇ ગાંસડી બાંધી થોડીવાર તડકે મૂકી દળાવવા અને લોટને ઝીણો ચાળી દૂધે બાંધવો અને સારી રીતે મસળી સેવ વણીને તડકે સૂકવવી.

સેવ ઓસાવવી હોય ત્યારે અધરણ ખખળાવી અંદર સ્હેજ ઘી નાંખી ઓરવી અને બફાય એટલે ચાળણીમાં સ્હેજ ઘી ચોપડી તેમાં ઓસાવવી.

ઢોકળાં કરવાની રાત.

અડદની દાળ શેર ૫, ચોખાની કણકી શેર ૧, જુવાર નાંખવી હોય તો કણકીથી અડધી નાંખવી. લોટ કરકરો દળાવવો

એ સર્વ દળાવી જમણ કરવું હોય તેને આગલે દહાડે આથવું

તેલનું માણ મૂંઠી વળતું નાંખવું તથા હળધ મીઠું અને હીંગ વજનસર નાંખવા આદું મરચાં શેરે ૦ા શેર નાંખવા તાપના દિવસ ન હોય તો ઉનું પાણી નાંખી ખુબ ફીણવું અને થાળીમાં પથરાય એવું નરમ રાખવું.

બીજે દિવસે થાળી ઉતરે એવડાં પાતેલામા પાણી નાખી ચૂલે મૂકવું અને અંદર ઇંટ ગોઠવવી. પછી થાળીમાં ખીરૂં પાથરી ઇંટ ઉપર થાળી ગોઠવી પાતેલા પર ઢાંકવું

બફાઇ પાણી સોસાય ત્યારે થાળી કહાડા લેવી અને ઢોકળાંના કકડા પાડવા. તેલમાં હીંગ મરચાં નાંખી ઢોકળાંને માટે વઘાર તૈયાર કરવો. શેર ૧ નાં પાંચ માણુસ ગણવાં.

ખમણઢોકળી કરવાની રીત.

ચણાની દાળ તથા ચોખા સરખે વજને સવારના પલાળી સાંજે વાટી નાંખી આથી મૂકવું. અંદર થોડી કોપરાની છીલ તથા આદું મરચાં હીંગ મીઠું વજનસર નાખવું. પછી થાળીમાં થાબડી દેવું. પાતેલીમા પાણી ખખળતુ કરી પાતેલી ઉપર થાળી ઉંધી પાડી દેવી. થાળી બરાબર બેસતી ના આવતી હોય તો પાતેલાપર કકડો બાંધી ઉપર મુજબ કરવી. બફાઇને કોરી પડે એટલે ઢોકળાંની પેઠેમ કકડા પાડવા. અંદર માણ નાખવું નહી, ઉપરથી તેલ લેવુ શેર દાળે પાંચ માણસ ગણવાં. કકડાને પાતેલીમા વધારી અંદર ગોળ આમલીનુ પાણી નાખવું. એ રીતેપણ થાય છે.

ઘઉંમેથીનાં મુઠીઆં કરવાની રીત.

ઘઉના લોટમાં સારૂં ઘીનું માણ નાખવું, મેથી આખી તેલમા સાંતળી શેર લોટે નવટાંક નાખવી તથા હીંગ, આદું, મરચાં, હળદ, મીઠું વજન પ્રમાણે નાખી હાથેથી બાધી મૂઠીઆં વાળવાં અને પાતેલીમા તેલ મૂકીને ટાહાડે વધારે મૂકવા ને ઉપર ઢાકવું તાપ ધીમો રાખવો. ખીલીને સારા ગુલાબી રંગનાં થાય ને ઉતારવાં.

કચોરી કરવાની રીત.

કચોરી કરવી હોય તેની આગલી રાત્રે મગની દાળ અથવા અડદની દાળ પલાળી મુકવી. બીજે દીવસે દાળને વાટી તેમાં છીણેલું કોપરૂં, લીલાં મરચાં, આદું તથા કોથમીર અને હળધ, મીઠું વજન ન સર નાંખી એ પુરણને ઘી અથવા તેલમાં સાંતળવું. પુરી વણવા

માટે ઘઉંનો લોટ અથવા રવો તથા મેદાનો લોટ સરખે ભાગે લઈ વજનસર માણ નાંખી બાધવો. પુરી વણી તેમાં પુરણ ભરી ઘી અથવા તેલમાં તળવી

લીલવાના ઘુઘરા કરવાની રીત

પોપચાં સાથે લીલવાને દુધપાણીમાં કરીએ તેવી રીતે કરવા. પાણી જરા વધારે મૂકવું અને તેલ ઓછુ મૂકવું. બફાવવા આવે ને અંદર પાશેર દુધ નાખવું તે બધું સોસાયા પછી તે પોપચાં સાથેના લીલવાને છુંદી નાંખવા અને તે છુદામાં આદું, મરચાં નાંખી હીંગનો વઘાર કરવો પછી તેના ઘુઘરા ભરવા અને તેલમાં તળવા. ઘુઘરાના લોટમાં માણ સારી રીતે દેવુ. ચોળી વગેરેના ઘુઘરા પણ એજ રીતે કરવા.

ગોળ આમલીવાળાં શાક કરવાની રીત.

બટાટા બાફી છોલીને કકડા કરી તેલનો વઘાર કરી વઘારવા અને તેમા ગોળ આમલી તથા ચણાનો લોટ એકઠું મેળવી તે પાણી અંદર નાંખવું અને બરાબર હલાવ્યા કરવું પછી ઢાકી દેવું અને લોટ બફાય ત્યારે ઉતારી લેવું. હળધ મીઠું વજનસર નાંખવું.

પાપડીનું ઉંધિયું કરવાની રીત.

પાપડી વીણીને સળેલી કહાડી નાંખવી. પછી અંદર તેલ, આદું, મરચાં તથા કોથમીર જાડાં વાટીને એ મસાલો તથા મીઠું પાપડીમાં ભેળવવાં બટાટા, ચીભડાં તથા રવૈયાં વેંગણ ચીરીને અંદર મસાલો ભરવો અને રતાળુ, કંદ તથા સકરીયાનાં કકડા કરીને ઉપલો મસા-

સો મેળવવો પછી બધુ એકઠું કરી પાતેલામાં ભરવું અને આગળ પડતું તેલ નાંખવું અને ઢાંકવું ને ધીમે તાપે બફાવવા દેવું.

થોડીવારે તળે ઉપર કર્યા કરવું અને બફાયા પછી ઉતારી લેવું. ઉપરથી જોઇતું તેલ લેવું.

માટલામાં કરવું હોય તો પાપડી વગેરે માટલામાં ભરી કહલારથી માટલાનું મ્હોં બંધ કરી ઉંધું મૂકી આગળ પાછળ છાણાં ગોઠવી સળગાવીને બાફવું. માણુસ દીઠ મસાલા સાથે શેર ૧ાા ગણવું.

નરમ શાક.

ચાર પાંચ જાતના શાક તથા ચણાની દાળ એ સર્વને એકઠું કરી નરમ શાક કરવું આદું મરચાં તથા ગરમ મસાલો વજનસર નાખવા તથા ઘઉંના લોટમા થોડો ચણાનો લોટ ભેળવી માણુ તથા મસાલો નાખી ભજીઆં કરવાં અને તે નરમ શાકમાં નાંખવાં અંદર થોડી આમલી નાખવી શેરમાં ત્રણ માણુસ ગણવાં.

રગડ.

રગડ કરવું હોય તો સુરણ અને ચણાની દાળ જોડે બાફી છાશ ઉકળવા આવે ને નાંખવું મસાલો કઢી પ્રમાણે, શેરના ચાર માણુસ ગણવાં. રગડમાં જે ચીજ નાંખવી હોય તે શેરે પાશેર લેખે ગણવી. ભાજી અને ચણાની દાળ અથવા બટાટા અને ચણાની દાળ પણ નખાય છે.

રવૈયાં વેંગણ કરવાની રીત.

રવૈયાં વેંગણને ચીરી દાબડા કરવા અને અંદર આદું, મરચાં કોથમીર, કોપરૂં તથા ચણાનો લોટ એ સર્વ એકઠું કરી થોડું તેલ

તથા મીઠું વજનસર નાંખી વેંગણમાં ભરવું. ઉપર સ્હેજ સંચોરો ભભરાવવો. અને ટાઢે વધારે ચૂલે મૂકવાં. લાલ ચામડી થાય ને હોલે મૂકવાં.

કારેલાં, કંટોલાં, ચીભડાં, બટાટા વગેરેનાં રવૈયાં પણ એજ પ્રમાણે કરવાં. સુકો મસાલો ભરવો હોય તો. ધાણા, જીરૂં, હળદ તથા મીઠું એકઠાં કરી ભરવું તેલ જો સારી રીતે મૂક્યું હોય તો પાણી છાટવાની જરૂર પડતી નથી

શાકની ગણત્રી કરવાની રીત.

જમણમાં શાકમા શેરે ત્રણ માણસ ગણવાં. કારેલા વગેરે છૂટા શાકમા શેરે ચાર માણસ ગણવા

નરમ દાળમાં શેરનાં પાંચ માણસ ગણવા.

ઘાડી દાળમા શેરે દશ માણસ ગણવાં.

ચોખામા શેરે પાચ માણસ ગણવાં.

પાપડી તથા ચોળીમા શેરે એક માણસ ગણવું.

સુકા કંઠોળમાં શેરે ચાર માણસ ગણવાં.

રાયતામા પાચ માણસે દોઢ શેર બટાટા તથા દોઢ શેર દહી

ભડત વગેરે બીજાં રાયતાંમાં શેરે ચાર માણસ ગણવાં અને શેરે અચ્છેર દહી.

રતાળુકંદનાં ભજીઆમાં શેરે ચાર માણસ ગણવાં.

કેળાંનાં ભજીયાંમાં માણસ દીઠ ત્રણ કેળાં ગણવાં.

ભાજીનાં ભજીયાંમાં માણુ સદીઠ પણી બે ગણવી.

કેરીના ભજીયાંમાં શેરે એક માણસ ગણવું.

વાટ કરવાની રીત.

દહી વલોવીને છાશ કરવી અને થોડી રાઇ પીણી અંદર નાખવી. કેળાં છુંદીને નાખવાં. પુદનો અથવા કોથમીર અને સ્હેજ આદુ તથા ખાંડ એ સર્વ વજનસર નાખવું. થોડું મીઠું પણ નાખવું અને અંદર હીંગનો વઘાર ઘીમાં કરીને અંદર નાખવો.

કેરીનું પનુ તથા બધી જાતની કઢી.

કાચી કેરીને બાફવી અને પછી મીઠા પાણીમાં ચોળી નાખી ખાંડ નાખી ગાળી લેવુ અને અંદર સ્હેજ મીઠું નાખવુ

ગોળ આમલીનું કરવું હોય તો આમલીના પાણીમાં ગોળ નાખી ગાળી લેવું. ઉકાળીને અંદર હીંગનો વઘાર કરવો.

ગોળ આમલીની કઢી કરવી હોય તો ગોળઆમલીના પાણીમાં વેસણ નાંખી ઉકાળવું અને અંદર હીંગ મેથી મરચાનો વઘાર કરવો.

મોગરીની કઢી કરવી હોયતો મોગરીને ઝીણી સમારી મીઠું નાખી ચોળી નાખવી અને અંદરથી પાણી નીચવી નાખવું અને કઢીમાં નાખવી એ કઢીમા હળઘ નાખવી નહી. મૂળાની પણ એજ રીતે કરવી. તેમાં હળઘ નાખવી.

ભીડાંની કઢીમાં ભીડાં ઘીમાં ધીમે તાપે બાફીને અંદર નાખવાં. ફુજેતાની કઢી કરવી હોય તો રસ કહાડેલા છાલ ગોટલા પાણીમાં ઘોઇ ગાળી લેવું ને અંદર છાશ અને વેસણ નાંખવું અને કડાનાં ફુલ ને સુંઠ નાખી ઉકાળવી.

બાટી કરવાની રીત

ઘઉંનો લોટ જાડો દળેલો લેવો અને અંદર સારૂં માણુ નાખી આદું મરચાં તથા હળધ મીઠું વજનસર નાંખી લોટ કઠણુ બાંધવો અને હાથેવતી પાતળી ભાખરી જેવી કરવી અને ખીચડીમાં થોડું પાણી રહે એટલે અંદર બેસી દેવી. સાદી ખીચડીમાં શેર ચોખા ને પાસેર દાળ. એજ રીતની બાટી પાપડી ચોળી વગેરે લીલા શાકમાં તથા નરમ દાળમાં નખાય છે ખાચડી માણસદીઠ ૦॥ શેર ગણુવી.

કેળાં નાખી નરમ દાળ કરવી હોય તો કેળા દાળ ઉકાળી રહ્યા પછી જમતી વખત નાખવાં. કેળાં છુંદી અંદર થોડું ઘી તથા ખાડ નાખીને નાખવા.

સાખીઆ પાકી કેરીનાં નાખવાં હોય તો તેને ઝીણું સમારી જમતી વખત નાખવાં. કાચી કેરી આમલી તથા કોકમ ખટાશને માટે નાખવું હોય તો ઉકળતી દાળમાં નાખવું વેગણુ, કારેલાં, કટોલાં, બટાટા વગેરે નાખવું હોય તો તે ચીજો ઉકાળનાં પહેલાં નાખવી કે સારી રીતે બફાઇ રહે.

પાપડી કરવાની રીત

તેલમાં પાણી નાખી સંચોરો વજનસર નાખવો અને હવાવી ને તેમાં પાપડી નાખો ચૂલે મૂકવી. કંદ અથવા સુરણુ બટાટા કંઇ નાખવું હોય તો એકવાર ઉછાળીને પછી નાખવું. થયા પછી આદું મરચા કોથમીર નાખવાં. ચોળી, વ્હાલોળ, ગુવારસીંગ પણુ એ રીતે કરવું. એ દુધ પાણી કહેવાય છે.

સણુંગ કરવાની રીત.

દીવેલવાળા વાલને રાખેવતી કોરા કરી રતના પલાળવા અને બરાબર પલળેલા લાગે તો સવારે કહાડી નાખવા; નહી તો સાંજે કહાડવા. ટોપલામાં કહાડી ઉપર સારી રોતે લુગડું ઢાંકી મૂકવું એટલે સણુગા ફુટશે. પછી પાણીમાં પલાળવા અને છોલવા. સાધારણ શાક વઘાર કરીને કરીએ તે રીતે કરવી નરમ સણુંગ કરવી હોય તો પાણી વધારે નાંખવું.

સણુંગ કરવી હોય તો તેને બે ત્રણ દીવસ આગળથી વાલ પલાળવા. મોગ વગેરે કઠોળ સણુગેલું કરવું હોય તે પણ એજ રીતે સણગાવવું. લીલી સણુંગ કરવી હોય તો આગલે દિવસે લીલવા મીઠા પાણીમાં પલાળી બીજે દિવસે છોલવા.

પાટોડી કરવાની રીત.

ચણાની દાળ દળાવવી. એક વાડકો લોટ અને બે વાડકા ખાટી છાસ નાખવી હળધ મીઠું તથા જીરું મરી નાખી હલાવી નાખવું. અને પછી ચૂલે મૂકવું. પાણી બળે ને લોટ બફાઇને ચીકણો થાય એટલે ઉતારી નાખો ગરમને ગરમ થાળીમાં પાતળી પાથરી દેવી. થોડીવાર પછી ઉખેડી વીટા વાળી દેવા અને તેલમા બોળીને પીરસવી. લોટને ચૂલે મૂકયા પછી હલાવ્યાં કરવો. ગાંઠા બાઝવા દેવા નહીં. એ લોટને વધારે જાડો થવા દઈ થાળીમાં થાબડી તેલનો વઘાર રેડી કકડા પાડવા એ રીતે પણ થાય છે.

પુડા કરવાની રીત.

અડદની દાળ દળાવવી અને તે લોટમાં હળધ, મીઠું, હીંગ, આદું, મરચાં નાખવાં. તાવીપર પથરાઇ એવું નરમ આથવું અને

બીજે દિવસે પુડા પાડવા તેલવતી તળવા અથવા ઉપરથી તેલ લેવું, ઘઉં ના લોટના કરવા હોય તો તે પણ આ પ્રમાણેજ કરવા પણ અંદર શેરે નવટાંક મેથી નાખવી શેરે અઢી માણસ ગણવાં.

ભજીઆં કરવાની રીત.

ચણાના લોટમા હળધ, મીઠું ધાણાજીરૂં તથા આદું મરચાં નાખવાં અને સારૂં માણુ દઇ પાણી નાખવું અને થોડો સચોરો પણ નાખવો.

જે વસ્તુનાં ભજીઆં કરવાં હોય તેના કકડા બોળીને તેલ ધુમાડા નીકળતું થાય ત્યારે ભજીઆં પાડવા.

પાતરાં કરવાની રીત.

ચણાનો લોટ તથા થોડો ઘઉનો લોટ એકઠાં કરી ભજીઆં પ્રમાણે મસાલો નાંખી ખીરૂં કરવું અને પાનરાં ચોપડી વીટા વાળવા.

બફેલાં કરવાં હોય તો કાકડી તુરીઆંમાં અથવા પાતેલામાં પાણી નાખી અંદર ઘાસ મૂકી તે ઉપર પાતરાંના વીટા મુકવા અને બફાય ત્યારે કહાડી લઇ કકડા કરવા અને તેલમાં બોળી પીરસવાં. તળેલાં કરવાં હોય તો કકડા કરી પેણીમાં તળવાં.

દહિંવડાં અથવા ભજીઆં કરવાની રીત.

અડદના લોટમાં સચોરા સિવાય ઉપર લખેલો સર્વ મસાલો નાખવો અને વડાં અથવા ભજીઆં પાડો તેને દશેક મીનીટ પાણીમાં રહેવા દઇને પછી દહીંમાં નાખવાં. આગલે દહાડે કરી મૂકીને બીજે દહાડે ઉપયોગમાં લેવાં. વડાં પાતરાં પર તેલ ચોપડીને કરવાં. ઘઉના

લોટનાં કરવાં હોય તો અંદર સહેજ મેથી નાખવી. આ રીતે ભજીઆં કરી કઢીમાં પણ નખાય છે.

ભરૂચી ભાજી વગેરેનાં મુઠીઆં કરવાની રીત.

ભાજીને ઝીણી સમારી ધોઇ નાંખવી અને અંદર થોડું મીઠું નાખી ચોળીને પાણી કહાડી નાખવું.

બે ભાગ ચણાનો લોટ અને એક ભાગ ઘઉંનો લોટ, ધાણા જીરૂં મીઠું વગેરે મસાલો નાખી સારૂં માણ દેવું અને ભાજી તથા લોટ એકઠાં મેળવી મુઠીઆં કરી પાતરાં પ્રમાણે બાફવાં અથવા તળવાં બાફીને પણ તળી શકાય છે મેથીની ભાજીના મુઠીઆં તથા દૂધીના મુઠીઆ પણ આ રીતે કરીને તળવાં. મોરસનાં મુઠીઆમાં મોરસ બાફી પાણી કહાડી નાખી ઉપર પ્રમાણે કરવાં અને મીઠું અડધે વજને નાખવું.

ચણાની સેવ કરવાની રીત.

ચણાના લોટમાં મીઠું હળધર તથા હીંગ અને સુકા મરચાંનો ભુકો નાખી લોટ બાધવો.

તેલની પેણી ઉપર ઝારો મુકી સેવ પાડવી.

ગલેફેલાં કારેલાં વગેરે કરવું હોય તો તેને ચણાના લોટમાં મેળવી તળવાં.

ભડત કરવાની રીત.

વેંગણને છાણાં સીંચી અંદર બાફવું. પછી છોલીને છુંદી નાખી વધારી આદું મરચાં કોથમીર મીઠું નાખવું.

પાપડ કરવાની રીત.

અડદનો લોટ શેર ૧, મીઠું ચાર પૈસાભાર, સંચોરો ચાર પૈસાભાર, મરી ધોળાં ૭ પૈસાભાર અને હીંગ પૈ ભાર. મગની દાળ નાખવી હોય તો શેરે ૦। શેર નાખવી.

ભુરાં કોળાની વડી કરવાની રીત.

કોળાને છીનીથી છીનવું. આદુ, મરચાં, હળધ, હીગ, મીઠું છીલના વજન પ્રમાણે નાખવું છીલમાંથી થોડું પાણી કહાડી નાખવું. અડદના લોટ વાળી કરવી હોય તો શેર છીલે પાશેરને સુમારે લેટ નાખવો ને મેથીની કરવી હોય તો થોડો મેથીનો ભૂકો નાખવો.

કરકરવડી કરવાની રીત.

ચોખા માજરવેલના અથવા જાડા ચોખાનો લોટ એક વાટકો ભરી લઇ તેમાં બે વાટકા પાણી નાખવું. મીઠું, હીગ અથવા આખું જીરૂં નાખી ખદખદાવી, લોટ કઠણ વડી પાડવા જેવો થાય ત્યારે વડી પાડવી.

ચોખાપાપડીની રીત.

ચોખાનો લોટ તથા પાણી ઉપર પ્રમાણે લઇ મીઠું તથા હીગ નાખી પાતળું ખીરૂ કરીને તેને થાળી અથવા ખાખરના પાતરાં ઉપર પાથરવું. થાળીમાં તેલ ચોપડી પાથરવી. પાતેલામાં પાણી ભરી માંહે કાંટ મૂકી પાણી ખળખળે ત્યારે થાળી અંદર મૂકવી. પાતરાં ઉપર કરી હોયતો પાતેલામાં ચાળણી ઉંધી મૂકી તે પર પાતરાં મૂકવાં. બફાય એટલે ઉખેડી તડકે સુકવવી. ચોખાના લોટની સેવ કરવી હોય તો

ચાણાની પ્રમાણે પાડવી. કોઠીમડાંની કાચરી કરવી હોય તો કોઠીમડાંની ફાડ કરી મીઠામાં આથી મુકી ત્રીજે દહાડે કહાડી સુકવવી.

દીવાળીમાં ખાવાનું કરવાની રીત.

લોટ ઘઉનો શેર ૧, ખાંડ શેર ૧ા અથવા ૧ાા, લોટને ઘીમાં શેકી ગુલાબી થાય એટલે ઉતારી ખાંડ ભેળવી માંહે થોડી એળચી નાખવી ઘઉનો લોટ ઝીણો ચાળી અથવા પરસુદીનો લોટ માણ નાખી બાંધવો. તેની પુરી વણી તેમા ઉપલો સાંજો ભરી ઘુઘરા કરવા કોપરાના કરવા હોય તો ધારો પ્રમાણે છીલ કરી ભરવા.

ખરખડીઆમા ઘઉનો લોટ ઝીણો ચાળી સારૂ માણ નાખી વણી તડકે સુકવી ઘી અથવા તેલમાં તળવાં.

થાપડામા ચણાનો લોટ સારો ચાળી, મીઠું હળધ, જીરૂ, મરી, અથવા મરચાંનો ભૂકો નાખી થોડું માણ દેવુ. પછી વણી સુકવીને તેલમાં તળવા.

મઠીઆં કરવાં હોય તો મઠનો લોટ ને મસાલો થાપડા પ્રમાણે નાખવો.

મેથીઆકેરી કરવાની રીત.

કેરી મણ એકમાં મીઠું શેર આઠ, મેથી શેર ત્રણ, મરચાં શેર ૨ અને હીંગ પાસેર એ સર્વ ખડાવી મસાલો તૈયાર કરવો અને હીંગ સીવાય બધો મસાલો એકઠો કરવો અને તેલ શેર ૨ ઉનું કરવું. આકરૂં થાય ને અંદર હીંગ ખાડેલી હોય તે નાખવી ને વઘાર તૈયાર થાય એટલે મસાલામા રેડી દેવો. વજન પ્રમાણે અંદર હળધ નાખવી ને ટહાડો પડે ને કેરીના દાબડા ભરવા બીજે ત્રીજે દીવસે કેરી ડુબે એટલું તેલ નાખવું.

રાયતીકેરી કરવાની રીત

કેરી દાબડા કરી તેમા મીઠું ભરી આથવી. ત્રીજે અથવા ચોથે દિવસે કહાડી ને ગોટલી કહાડી નાખી જરા સુકાતી કરવી અને પછી રાઇ દેવી બીજે ત્રીજે દીવસે સરસીઉ અથવા તેલ નાખવુ મણ કેરીએ પાચશેર રાઇ દેવી હળધ વજનસર નાખવી રાઇને ધોઇને ત્રણ દિવસ તડકે રાખવી પછી ભરડાવી છોડાં ઝડકાવીને ખડાવવી અને તેને પાણીમાં સારી રીતે પીણાવવી. પીણવામાં થોડુ સરસીઉ અથવા તેલ નાખવુ અને હળધ પણ પીણવામાજ નાખવી પછી કેરીમાં ભરવી. મીઠું મણે શેર ૭ લેખે ભરવું

ગોળીઆકેરી કરવાની રીત

કેરી છોલી દાબડા કરી મીઠુ ભરીને આથવી ત્રીજે દિવસે કહાડી તડકે થોડી સુકવવી પછી ગોળ રાઇ તથા હળધ પીણી દાબડા ભરવા. બીજે દિવસે અંદર સરસીઉં નાખવુ મણ કેરીએ ગોળ મણ એક તથા રાઈ શેર ત્રણ નાખવી રાયતી કેરી પ્રમાણે ભરવુ

પાકી કેરીનાં બફાણાં કરવાની રીત.

થોડી પાકવા આવેલી કેરીને પાણીમાં આખી બાફવી. પછી રાઇ પીણી અંદર વજનસર હળધ મીઠુ નાખી કેરીને રગદોળી દેવી પછી થોડુ સરસીઉ અથવા તેલ બીજે દિવસે નાખવું.

મેથંબો કરવાની રીત

કાચી કેરીને છોલીને કકડા કરવા અને તેને સહેજ બફાવા દઇ નિતારી લેવા અને પછી પાનેલીમા તેલ થોડુ મૂકી હીગ મરચા મેથીનો વઘાર કરી કેરીના કકડા અંદર નાખીને ગોળ અથવા ખાંડ શેર કેરી હોય તો શેર ૧ નાખવાં બરાબર પીગળી જાયને ઉતારી લેવું.

બોર તથા ગુંદાં.

એ બન્ને ચીજને ગોળીઆ કેરીની રીત પ્રમાણે મીઠામાં આથીને કરવી.

સંભારવાળાં ગુંદાં કરવાં હોય તો ઠળીઆ કહાડીને મેથીઆ કેરીનો મસાલો ભરવો ને તેલ નાખવું.

મરચાં આથવામાં મેથીઆ કેરી પ્રમાણે મસાલો કરવો પણ અંદર મરચા નાખવા નહી.

હીંગીઆ લીંબુ કરવાની રીત.

મેથી શિવાય બધો મસાલો મેથીઆ કેરીમા લખ્યા પ્રમાણે કરવો અને લીબુના દાખડા કરી સહેજ દીવેલ ચોળી મસાલો ભરવો. પછી અંદર થોડું તેલ ત્રીજે દિવસે નાખવુ.

મેથીઆ કેરીનો મસાલો પણ ભરવો હોય તો ભરાય છે.

બાફેલાં લીંબુ કરવાની રીત.

લીબુમાં મસાલો ભરી સ્હેજ પાણી નાખી ધીમે તાપે બાફવાં અને અડધા બફાય એટલે અંદર કારેલા બાફવા હોય તો નાખવા. કારેલાને સ્હોરીને દાખડા કરવા અને હાથેથી દાબીને પાણી નીકળે એટલું કહાડી નાંખવું અને ઉપલો મસાલા ભરી લીંબુ સાથે બાફવાં મૂકવાં.

રાઇવાળાં લીબુ કરવા હોય તો મીઠું ભરીને અધકચરાં બાફવા અને પછી પાણી હોય તો નીતારીને રાઇ દેવી અને ગળ્યા કરવાં હોય તો રાઇ જોડે થોડો ગોળ ફીણવો.

ખારીઆં કરવાની રીત.

ચીભડાંને બે ફાડ કરી મીઠામાં આથવાં. ત્રીજે અથવા ચોથે દિવસે કહાડી લઇ છાપરે ઘાસની પૂળી પાથરી ઉંધા નાખી સુકવવાં અને તે પાસું સુકાયા પછી ચત્તાં સુકવવા બરાબર સુકાયાં પછી કકડા કરી રાઇ દેવી. મણ ચીભડાંએ મીઠું શેર ૫ તથા રાઇ શેર ત્રણ નાખવી. બીજે ત્રીજે દિવસે સરસીઉં અથવા તેલ નાખવું.

બોળ અથાણું કરવાની રીત.

કેરીના દાબડામાં મીઠું ભરી અથવા આખી કેરીમાં મીઠું નાખી આથી મૂકવી એમા બીજું કાઇ નાખવુ નહી આદું હળધ તથા આંબાહળધ, આંબુઆં, ગુંદા, કેર વગેરે બોળ અથાવું હોય તેમાં મીઠું વજનસર નાખવું. અંદર ખટાસ નાખવી હોય તો લીંબુ અથવા કેરીનું પાણી નાખવુ કેરનું અથાણુ બીજી રીતે થાય છે તે નીચે પ્રમાણે —

કેરને દીવેલ તથા હળધ ફીણીને તેમાં ચોળી અંદર મીઠું વજનસર નાખવુ.

કોળાંપાક કરવાની રીત.

ભૂરાંકોળાંને છીણીવતો છીણી નાખવું ને છીલને નીચોવીને ઘીમાં ગુલાબી સાંતળવો શેર ૧ છીલે ઘી શેર ૦॥। અથવા ૧; ખાંડ ૦॥ અથવા ૦॥। શેર, મોળો માવો શેરે ૦। શેર, બદામ, એલચી વીગેરે મસાલો વજન પ્રમાણે નાખવુ ખાંડની ચાસણી ગાળી વગતો કરીને પછી માવો, બદામ, છીલ વીગેરે સાંતળીને માહે નાખીને થોડીવાર ચુલા ઉપર રહેવા દેવું. પછી થાળીમાં નાખી ઠરવા દેવું ત્યાર પછી કકડા પાડવા.

માવાને બદલે લોટ પણ સાંતળીને નંખાય છે.

ઘસોટીઓ લાડુ સેકવાની રીત.

ઘઉનો લોટ શેર એક, ઘી શેર પોણો, તેમા લોટ સેકવો અને બીજે દીવસે તેને ફીણી શેરે પોણોશેર ખાંડ નાખીને વાળવો.

ગોળપાપડી સેકવાની રીત.

ઘઉંનો લોટ સેકવો અને લાલ રંગનો થાય એટલે ખાંડ અથવા ગોળ નાખવાં. ઘી શેરે અચ્છેર તથા ખાડ શેરે પોણોશેર ગોળ શેરે અચ્છેર.

ચણાનો લાડુ સેકવાની રીત.

ચણાનો લોટ કરકરો દળાવીને સેકવો. બરાબર સેકાયા પછી ખાંડ નાખવી. ઘી શેર પોણો અને ખાંડ શેર એક. બદામ વગેરે મસાલો નાખવો મોગ વગેરેનો લાડુ એ રીતે સેકવો.

પોંખનો લાડુ કરવાની રીત.

પોંખ દળાવી સેકેલો કરવો હોય તો લોટ સહેજ સેકવો અને અંદર ખાંડ નાખો થાળીમાં પાથરી મસાલો નાખવો. અને ઠરે ત્યારે ચોસલાં પાડવાં.

લીલા પોંખનો કરવો હોય તો લોટમાં ઘી ખાંડ ભેળી ફીણીને લાડુ વાળવો

શેર લોટે ઘી શેર પોણો અને ખાંડ શેર એક.

કંદનો લાડુ કરવાની રીત.

રતાળુ કંદને માટી ચોપડી ભુમરેટમાં બાફી છોડાં કહાડી નાખી છુંદવો. અંદર મોઠું અને આદુ મરચા નાખો તેલમાં હીંગ નાખી વઘાર કરી લાડુ વાળવા.

કાંજી કરવાની રીત.

સાબુચોખાની કાજી કરવી હોય તો થોડું પાણી ગરમ કરી અંદર સાબુચોખા નાખવા. બફાઇને સારી રીતે ફુલે ત્યાર પછી દુધ નાખી હલાવવી અને અંદર શાકર અથવા ખાંડ નાખવી.

આરારૂટની કાંજી કરવી હોય તો આરારૂટને ટાઢા દુધમાં મેળવીને ઉકાળી અંદર શાકર અથવા ખાંડ નાખવી.

મેલીન્સફુડની કાંજીમાં બે ચમચા પાણીને ગરમ થવા દઇને અંદર એક ચમચો મેલીન્સફુડ નાખી હલાવવું અંદર ઉનુ દુધ નાખીને શાકર અથવા ખાંડ નાખવી.

ભાતની ધાણીની કાંજી કરવી હોય તો ધાણીને પાણીમાં બાફવી પછી ઝીણા કકડામાં લઇ છણી નાખવી. પાતળી કરવી હોય તો પાણીમાં છણવી. નીકર દૂધ નાખીને છણવી પછી બધા દૂધમાં મેળવીને ઉકાળવી. અંદર શાકર અથવા ખાંડ નાખવી.

મમરાની કાંજી પણ એ પ્રમાણેજ કરવી.

ફરાળની રીત.

સીંગોડાંની પુરી તથા રોટલી કરવી હોય તો થોડા સીંગોડાંનો લોટ પાણીમાં બાફી ખાચી કરવી અને તે બીજા લોટમાં મેળવી લોટ બાંધવો. લોટમાં સારૂં મીઠું નાખવું. રાજગરાની પણ એજ પ્રમાણે થાય છે.

આગળ ચણાના લોટની લખી છે તે પ્રમાણે પાટોડી સીંગોડાંના લોટની કરવી. અડદના લોટની પેઠે ઢોકળાં પણ થાય છે.

લાડુ પણ ઘઉના લોટનો થાય છે તે રીતે કરવો.

સીરો પણ એજ પ્રમાણે કરવો અને અંદર મસાલો નાખવો.

સુરણ બટાટાને બાફવાં અને પછી છુંદવા તેમાં કેળાં અને દહી વજનસર નાખવું થોડો સીગોડાનો લોટ માણ દઈને બેળવવો. આદું, જીરૂં, મીઠુ અંદર નાખવું. રાતના આથી સવારે ભજીઆ પાડવા.

બટાટાને બાફી છુદીને ચારણીથી ચાળી નાખવા અને અંદર ખાંડ નાખી ગરમ કરવા. લુઓ વળાય તેવો થાય ત્યારે ઉતારી તેની ગળવેડમી કરવી. બટાટાના છુંદાની સેવ પણ પડાય છે.

કોપરાંની ધારી પણ સીગોડાના લોટમા થય છે.

સીગનો લાડુ—સીગ સેકીને લાલ છોડાં કહાડીને ઝાડકી નાખી અને ખડાવી કુમળી ચાસણી કરીને સીગના ભૂકામાં નાખી લાડુ વાળવો અંદર સ્હેજ ઘી પણ નાખવુ. ચાસણી વગરના લાડુ કરવો હોય તો સીગના ભૂકામાં ખાડ ભેળી અંદર ઘી ઉનું કરીને લાડુ વળે એટલું નાખી લાડુ વાળવો શેરે ૦। શેર ખાડ નાખવી માલુમ દાઠ બધો ફગાળ મળી એજ દોઢશેર ગણવો

ખારેકની ખીર—ખારેક ખાડીને ઉકળતાં દૂધમા વજનસર નાખી થોડીવાર ઉકળવા દઈ વજનસર ખાંડ નાખી ઉતારી લેવી.

સીગોડાના લોટનું ગળવાણું પણ થાય છે.

રતાળુ કંદના પુડા, કંદને છીણીથી છીણવો અને તેમાં ખટાસ માટે વજનસર કેરી છીણવી, કેરી જો ન મળતી હોય તો દહી અથવા છાસ નાખી તેને સારી પેઠે ફીણી મીઠુ તથા જીરૂ વજનસર નાખી તાવી પર પાથરી ઘી અથવા તેલથી તળવાં.

ગરમ મસાલો કરવાની રીત.

તજ, મરી, લવેંગ, શાહજીરૂં તથા વરીઆળી એ દરેક વસ્તુ ૧ પૈની; નાગકેશર, તમાલ પત્ર અને બાદલ તથા દગડ ફુલ એ દરેક અરધા પૈસાના; ધાણા શેર ૦।, હીંગ ૦। તોલો, મરચાં શેર ૦।, કોપરૂં શેર ૦।, હળધરનાં ગાંઠીઆં નવટાંક, લસણુ શેર ૦।, કાંદા શેર ૩.

ઉપરની દરેક ચીજને થોડા તેલમાં બદામી રંગની સાતળી ખાંડી નાંખવી. કાંદાને ઝીણા જુદા સમારી તડકે સુકવવા સુકાયા પછી તેલમાં સાંતળી ખાંડવા. લસણુ કાંદા નાખ્યા વગર પણ થાય છે અને સાંતળ્યા વગરનો પણ થાય છે. ખાંડેલો મસાલો મજબુત ઢાંકણાંવાળાં વાસણુમાં ભરવો કે વાસ ઉડી જાય નહી. ૭ મહીના સુધી બગડતો નથી.

સમાપ્ત